અર્હં

# પ્રગટ પ્રભાવી પાર્શ્વનાથ

અથવા

# પાર્શ્વનાથના ચમત્કારો


લેખક અને પ્રકાશક.

મણીલાલ ન્યાલચંદ શાહ.

[illegible] કુમારિ અને [illegible] કાઠીયારાના કર્ત્તા.



વીર સં. ૨૪૪૯ સં. ૧૯૭૯ સને ૧૯૨૩

આવૃત્તિ ૧ લી પ્રત ૨૦૦૦.

આ જૈન વિદ્યાવિજય પ્રીન્ટીંગ પ્રેસમાં શા. વાડીલાલ નાથાલાલે છાપ્યું. રીચીરોડ પુલનીચે–અમદાવાદ. નં. ૧૧૬

કીમત રૂ. ૦–૮–૦.

મોહનલાલ મગનભાઈ ઝવેરી
હાથીવાડાની પોળ,



# ઝવેરી મોહોલાલ મગનભાઇનું જીવન ચરિત્ર.

સુપ્રસિદ્ધ અમદાવાદ શહેર નિવાસી ઓશવાલ વંશના આભૂષણ રૂપ એવા મગનભાઇ તેમના સુપુત્ર મોહલાલભાઇનો જન્મ સંવત ૧૯૦૬ ના અસાડ વદી ૩ ના રોજ થયો હતો. તેમની માતાનું નામ દેવકોરબાઈ હતું, બાલ્યાવસ્થામાં મોહોલાલભાઇએ ગુજરાતી અભ્યાસ પુરો કરી ઈંગ્લીશ અભ્યાસ ચાલું કર્યો હતો, પરન્તુ તેમને આંખનું દરદ હોવાથી તેની દવા ખાતર મુંબઈ જવાનું થવાથી પછી અભ્યાસ બંધ કરવો પડયો. દવા કેરાવી આવ્યા બાદ તેમણે શેઠ દલપતભાઇ ભગુભાઇને ત્યાં એક પ્રોફેસર પાસે ખાનગી બે વરસ અભ્યાસ કરી સારી રીતે જ્ઞાન, વ્યવહારમાં ઉપયોગી થાય તેવું સંપાદન કરી લીધું. પછી તેટલામાં વડોદરાના મલ્લાવરાવ ગાયકવાડને ત્યાં લગ્ન પ્રસંગ હોવાથી સંવત ૧૯૧૭ માં તેમને ઝવેરાત આપવાને ત્યાં જવું પડયું. ત્યાં તેમણે પીતાના નામથી રૂા. ૧૧૯૧૦૦૦ નું ઝવેરાત સરકારને વેચાણ આપ્યું હતું. પણ તેમાં કાંઇ લાભ ન થયો.

પછી તેઓ અમદાવાદ આવ્યા ત્યાં પીતાની સરાફની પેઢી તેમજ રૂ તથા અફીણના ધંધામાં નહી જોડાતાં સ્વતંત્ર તેમણે સંવત ૧૯૨૯ માં વીરમગામ પેઢી કાઢી રૂ નો ધંધો શરૂ કર્યો. તેમાં પણ નહી ફાવવાથી આઠ વરસ પછી એટલે સંવત ૧૯૩૭ માં તેઓ મુંબાઇ ગયા, ત્યાં ઝવેરાતની દલાલી તથા આડતનો ધંધો શરૂ કર્યો. અહીંયાં તેમણે પોતાના ધંધાને સારી રીતે ખીલવી આર્થીક ઉન્નત્તિ કરવા ઉપરાંત મુંબઇમાં 'જૈન એશોશીયેસન ઓફ

ઇન્ડીયા' નામની જૈન સંસ્થાના જોઇન્ટ ઓનરરી સેક્રેટરી તરીકે કામ કરતા હતા. એટલામાં તેમના સાથી જોઇન્ટ ઓનરરી સેક્રેટરી વીરચંદ ગાંધી વિલાયત ગયા, ત્યારે પોતે એકલા સ્વતંત્ર ઓનરરી સેક્રેટરી તરીકે નિમાયા હતા. લગભગ ૧૭ વરસ પર્યંત આ કામ તેમણે બજાવ્યું હતું.

અમદાવાદના વૈશ્નવ ધર્મગુરૂ ગોસ્વામીજી અને મોહોલાલભાઇને બચપણથી મિત્રાચારીનો સારો સંબંધ હતો અને તેને પરિણામે ગોસ્વામીજીનાં કેટલાંક કાર્યો મોહોલાલભાઇએ પ્રમાણિકપણે કરેલ હોવાથી તેમને પોતાની ગાદીના વંશ વારસો, આચાર્યો તેમજ વૈશ્નવ ધર્મના અનુયાયી સર્વ કોઇની જાહેરાત જાણ માટે તેમણે સર્ટીફીકેટ આપેલી છે. જેની નકલ નીચે મુજબ ઉતારવામાં આવી છે.

## ગોસ્વામીજી બાલકૃષ્ણલાલજી ઉર્ફે મનુ બાવાની સહી

અમદાવાદ.

"શ્રી વૈશ્નવ ધર્મ પાલનારા અમારા સેવકોને જણાવવામાં આવે છે કે ઝવેરી મોહોલાલ મગનભાઇ ગ્નાતે વીશા ઓશવાલ શ્રાવક જે અમદાવાદમાં અમારી નટવરલાલજી મહારાજના મંદીરની હવેલીની સામે રહે છે, તે માણસ સાથે અમારે વીશ વરસ થયાં બાલ્યાવસ્થાથી ઘણીજ મિત્રાચારીનો સંબંધ વર્ત્તે છે. ને તે પોતે ઘણાજ પ્રમાણીક અને ખાનદાન માણસ છે, ને અમારો તે માણસ ઉપર ઘણોજ ભરોસો તથા ચાહ છે, તેણે અમારાં ઘણાં કામ પ્રમાણિકપણે કર્યા છે. માટે અમો એવી ઇચ્છા રાખીએ છીએ કે જે માણસ તેમની સાથે કામકાજ પાડશે તો તે પ્રમાણિકપણે બજાવશે મિતિ સંવત ૧૯૦૭ ના ભાંદરવા વદી ૩ ને વાર શનેઉ."

\+ + + + + + +

મુંબાઈ તેમને ધંધામાં દેશપરદેશની અંગ્રેજી પેઢીઓ સાથે પણ કામ પાડી પોતાના ધંધાને સંવત ૧૯૪૦ માં તેમણે સારી રીતે ઉન્નતિએ પહોંચાડયો હતો. ( મેસર્સ એફ. ફ્રીસર કો. ) ના ઝવેરાતના વેપારમાં તેમણે સત્તર વરસ પર્યંત દલાલ તરીકે કામ કર્યું હતું. તેમજ ઈંગ્લાંડ, ફ્રાન્સ, બર્મીંગહામ, જીનોવા અને સ્ટુટ-ગાર્ટ વગેરે અનેક દૂર દેશાવરોની અંગ્રેજ પેઢીઓ સાથે પણ તે-મણે આડત વગેરેનું કામકાજ કર્યું હયું.

પાલીતાણા સ્ટેટ અને જૈનસંઘના તીર્થસંબંધીના કેશ વ-ખતે પણ મુંબઈ તરફના ડેપ્યુટેશનમાં સંઘ તરફથી નીમાઇને તેઓ પાલીતાણા ગયા હતા. મક્ષીજીના કેશમાં પણ પાંચ સાત વાર મક્ષી, ઉજ્જન અને ગ્વાલીયરના ડેપ્યુટેશનમાં પણ તેઓ ગયા હતા. તેમજ સમેતશીખરજીના કેશમાં પણ ડેપ્યુટેશનમાં સંઘ તર-ફથી તેઓશ્રી ચુંટાયા હતા.

સંવત ૧૯૫૬ ના ભયંકર દુષ્કાળ વખતે 'ધી ગુજરાત કે-ટલ પ્રીઝરવેશન કું.' લીમીટેડ સ્થાપી તેના ઓનરરી સેક્રેટરી તરીકે કામ કર્યું હતું, તે અરસામાં • બ્રિટન નામના એક સાહેબે ચામડા માટે કારખાનું કાઢી ઢોરોની કતલ શરૂ કરેલી તેમાંથી ઢોરોને બચાવવા મહાજન તરફથી પૈસાની મદદ મેળવી આશરે રૂ. ૧૪૦૦૦ એકઠા કરી ૨૪૨૩ ઢોર તેનાથી છોડવવામાં આવ્યાં હતાં. ત્યારપછી 'ધી હઠીસંગ લાઈફ ઈન્સ્યુરન્સ કું.' તેમણે કાઢી હતી.

વ્યવહારીક તેમજ ધાર્મીક કર્ત્તવ્યો સાથે તેમને મુસાફરીનો પણ સારો શોખ હતો, જેને લઇને તેમણે નિઝામ હૈદ્રાબાદની મુસાફરી લગભગ ૧૯ વખત અને દીલ્હી, આગ્રા, લખનૌ, જય-પુર, બનારસ, કલકત્તા વગેરે ઇતિહાસ પ્રસિદ્ધ શહેરોની દશથી

પંદર વખત મુસાફરી કરેલી છે. માઉન્ટ હીમાલય, સીમલા, અમૃતસર આદિની મુસાફરી તેમણે બેથી ત્રણ વખત કરેલી છે.

આબુનાં પવિત્ર જૈન દેરાસરોમાં અંગ્રેજો બુટ પહેરી જતા હતા, તે બંધ કરાવવા માટે મુંબાઈ તેમજ અમદાવાદ વગેરેના શહેરથોનું ડેપ્યુટેશન ગયેલું તેમાં પણ તેઓશ્રી ગયેલા હતા.

જુનાગઢના રહીશ મી. લાભશંકર લક્ષ્મીદાસના જીવદયા ઉપદેશના કામમાં મદદ કરવાને મુંબઈમાં તેનો ફેલાવો કરવાને તે તે સંબંધી કેટલીક ચોપડીઓ વગેરે છપાવાનું ફંડ એકત્ર કરવા વગેરેનું કામકાજ તેમણે સાત વરસ પર્યંત કર્યું હતું તે સમયે બીજાં પણ ધર્માદાનાં કેટલાંક કાર્યો ઓનરરી પણે તેમને બજાવવાનાં હોવાથી. આ જીવદયાનું કામ તેમણે વલસાડ નિવાસી ઝવેરી લલુભાઇ ગુલાબચંદને સોંપ્યું હતું, જે અદ્યાપિપર્યંત કામકાજ બજાવે છે. તે ઉપરાંત વળી ડાક્ટર દીનશાજી જીવાજી એદલ બહેરામે સ્થાપેલ ' જીવદયા પ્રબોધક નિતિ વર્ધક મંડલ ' તથા ' અશક્તાશ્રમ ' ના લાઈફ મેમ્બર થઇને મુંબાઇ શહેરમાં ઉપદેશ કરી પૈસા સંબંધી મદદ તે ખાતાઓને અપાવી હતી. તેમજ કુલોલવાળા શેઠ ગોરધનદાસ અમુલખના હાથે ચાલતાં 'જીવદયા' ના ફંડને પણ તેમણે મદદ અપાવી હતી. જેના પ્રતાપે દેવીઓને નામે અપાતા ભોગ તરીકે લગભગ ૪૦૦ પાડા અને સેંકડો બકરાઓના જાનનો બચાવ થયો હતો. તેમજ તે સમયે મોટી આદરજ, હાજીપરભોયણ, ટીંટોડા તથા પીરાના વગેરે સ્થાનકે જીવદયા પાળવાના નિયમો ઘડયા હતા જે હજી તલક પણ પળાતા આવેછે.

પોતાના ધંધાને અંગે તેમણે મોટાં મોટાં રાજ્યોની જેવાં કે ગ્વાલીયર, સિંધીયા સરકાર, ગાયકવાડ સરકાર, નિઝામ સરકાર

તેમજ બીજા પણ રાજા તથા નવાબોની મુલાકાતો થઈ હતી.

મુંબઇમાં પ્લેગના સમયમાં લોકોને મદદ કરવાને તેમણે આગેવાની ભર્યો ભાગ લીધો હતો. મોહોલાલભાઇને મુંબઇ ગવર્નરના ચીફ સેક્રેટરી ઓનરેબલ મી. ન્યુઝંટ, નવાબ ફીયાજ અલીખાન, નવાબ હાજી અલીખાન વગેરેએ સરટીફીકેટો આપેલાં છે.

પોતાના ધર્મમાં જ્ઞાનનો ફેલાવો કરવા માટે તેમણે 'માંડવગઢનો મંત્રી પેથડકુમાર' નામનું જૈન ઐતિહાસીક સાહીત્ય પ્રગટ કરાવી તેની એક હજાર પ્રતો પોતાના ખરચે બહાર પડાવી ગામો ગામ ભેટ તરીકે મોકલાવેલી છે. જે પુસ્તક સંવત ૧૯૭૦ માં પ્રગટ કરવામાં આવ્યું હતું,

રા. રા. ઝવેરી મોહોલાલભાઈની ઉમર લગભગ હાલ ૯૦ વરસની છે જેઓ લગભગ પાંચ વરસથી પોતાના ધંધા રોજગારથી નિવૃત થઇ ધાર્મીક કર્ત્તવ્યોમાં પોતાનો ટાઇમ વ્યતીત કરી શાંત જીવન ગુજારી દેવ ગુરૂ ધર્મની ભકિત કરે છે.

ઝવેરી મોહોલાલભાઇનાં ધર્મપત્ની સંવત ૧૯૭૪ના કારતક વદી ૭ ના રોજ ગુજરી ગયાં છે, તેમને 'ગંગા બેન નામે એક બેન છે,' તેમજ 'અમૃતલાલ' અને 'ભોગીલાલ' નામે બે પુત્ર છે જેઓ ઝવેરાતનો ધંધો કરે છે. હાલમાં મુંબઈમાં જેમની પેઢીઓ ચાલે છે. ધર્મપસાયેં આજે પુત્રને ત્યાં પણ પુત્ર પુત્રી આદિનો પરિવાર છે, તેમજ મોહોલાલભાઇને 'માણેક બેન' નામે પુત્રી કે જેમણે અંગ્રેજી કેળવણી લીધેલી છે તેમને અમદાવાદના હાલના નગર શેઠ કસ્તુરભાઇ સાથે પરણાવેલ છે, જેમણે પોતાના ધણી સાથે ઇંગ્લાંડ, ફ્રાન્સ અને જર્મની આદિ દેશોની મુસાફરી પણ કરી છે.

રા. રા. ઝવેરી મોહોલાલભાઇ સ્વભાવે શાંત અને ધર્મચુસ્ત, દેવ ગુરૂ અને ધર્મની ભક્તિ કરનાર શ્રાવક રુદ્ર ગૃહસ્થ છે. હાલમાં તેમણે 'દયા પ્રચારિણી મહા સભા' સ્થાપી તેના ઓનરરી સેક્રેટરી તરીકે જીવદયા સંબંધી કામકાજ તેઓ કરી રહ્યા છે. જ્ઞાતિ સેવાનાં, ધાર્મીક તીર્થ વગેરેની બાબતોમાં, તેમજ જીવદયા સંબંધીનાં ઘણાં કામો તેમણે કરેલાં છે, અને હાલ વૃદ્ધાવસ્થાના નિવૃત્તિ જીવનમાં પણ તેઓ કરી રહ્યા છે.

જૈનોમાં પ્રસિદ્ધ તેવીશમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથનાં ૧૦૮ તીર્થસ્થાનો, તેમજ ૧૦૮ નામ કેવી રીતે કેવા સંજોગોમાં પડયાં, તે સંબંધી ઐતિહાસીક શોધ ખોળ આજ કંઇ વરસોથી તેઓશ્રી કરી રહ્યા હતા. અને તેને પરિણામે પાર્શ્વનાથ સંબંધી કેટલીક ચમત્કારીક કથાઓ જૈન સાહિત્યમાંથી તેમજ દંતકથાઓ વગેરેથી તેમણે એકઠી કરેલી છે, તેમજ જૈનોનાં ઐતિહાસિક તીર્થ સ્થળો તે સંબંધી ટુંક હકીકત જે આજ કંઇ સમયથી એકઠી કરવા ભગીરથ પ્રયત્ન કરી રહ્યા હતા, તે મહેનતના ફલ રૂપ આ પુસ્તક 'પ્રગટ પ્રભાવી પ્રાર્શ્વનાથ' અથવા પાર્શ્વનાથના ચમત્કારો' બહાર પાડી જૈન સાહિત્યના ફેલાવામાં પોતાનો ફાળો પણ આપ્યો છે. ને જૈન સાહિત્યની તેમણે અપૂર્વ સેવા બજાવી છે. તેમના વડીલપુત્ર અમૃતલાલ અમદાવાદ પાંજરાપોળનો વહીવટ હાલમાં કરી રહ્યા છે.

સુપ્રસિદ્ધ અમદાવાદ શહેરમાં ડોસીવાડાની પોળમાં ઝવેરી મોહનલાલ મગનભાઇની હવેલી ગોસાઇજીના મંદીરની પાસે આવેલી છે,

લેખક
મણીલાલ ન્યાલચંદ શાહ
હાલ મું. અમદાવાદ

# મરહુમ ઝવેરી શંભુપ્રસાદ ઉર્ફે કેશવલાલનુ
# જીવન ચરીત્ર.

ઝવેરી મોહનલાલભાઇ મગનભાઇના ત્રીજા નાના પુત્ર, જેઓનું નામ શંભુપ્રસાદ ઉર્ફે કેશવલાલ હતું. તેમનો જન્મ ૧૯૩૭ ની સાલમાં થયેલો હતો તેઓને બાલ્યાવસ્થામાંથી જ સારા સંસ્કારો પડ્યા હતા અને તેઓ માતૃ પીતૃની ઉપર સારો પુજ્યભાવ રાખતા હતા; ને તેમને નાનપણથી વિદ્યાભ્યાસ ઉપર સારી કાળજી હતી, જેથી તેમણે અનુક્રમે મેટ્રીકની પરિક્ષા આપી ૧૮ વર્ષની ઉમ્મરે વિદ્યાભ્યાસ છોડી પોતાના વડીલોના હુકમથી ઝવેરાતના વ્યાપારમાં જોડાયા હતા પણ તેઓની મગજશક્તિ ઘણી સારી હતી તેમ બુદ્ધિશાળી હોવાને લઇને થોડા જ વખતમાં ઝવેરાતના વેપારમાં જાણકાર થઇ ગયા હતા ને તેઓ વેપાર રોજગાર સારો ચલાવતા હતા. ત્યાર બાદ તેઓ વિલાયત જવાને તૈયાર થયા હતા પણ નાની ઉંમરને લીધે તેમને તેમના કુટુંબ તરફથી જતાં અટકાવવામાં આવ્યા હતા. તેઓનાં લગ્ન સંવત ૧૯૫૨ ના ફાગણ સુદ ૩ ને દિવસે શેઠ દલપતભાઇ મગનભાઇની પુત્રી બાઇ સરસ્વતી, શેઠ દલપતભાઇ ભગુભાઇની ભાણેજ વેરે કરવામાં આવ્યાં હતાં. તે સરસ્વતીબાઇ ઘણાં ગુણવાન શીલવાન તેમ ધર્મ ઉપર દઢ સંસ્કારો હોવાને લઇને તપશ્ચર્યા વિગેરે ધર્મકાર્યો સારાં કરે છે; તેઓનો વિદ્યાભ્યાસ જીવવિચારથી લઇને કર્મગ્રંથ સંપૂર્ણ તથા મોટી સંઘયણી

ક્ષેત્રસમાસ, નવસાર, સારંચક સુધીનો કરેલો છે તેમ ભાઇ કેશવ-લાલને પણ ઘરની અંદર ધર્મના વાર્તાલાપના સારા સંસ્કારો હોવાને લઇને તેઓ પણ ધર્મની અંદર રૂચીવાન હતા તેમ સ્વભાવે ભદ્રીક અને દયાળુ હતા અને તેમનામાં પરોપકારની બુદ્ધિ ઘણી હતી; તેઓ દર વર્ષે સિદ્ધાચળજીની જાત્રાએ જતા હતા તેમ તેઓ સંમેતશીખરજીની જાત્રાએ ગયા ને ત્યાં શુદ્ધ ભક્તિભાવથી જાત્રા કરીને આવ્યા. ત્યાર બાદ તે મુંબાઇ ગયા ને ત્યાં ઝેરી તાવ લાગુ પડયો ને તે દસેક દિવસની બીમારી ભોગવી સંવત ૧૯૬૦ ના જેઠ સુદ ૧૫ ને દિવસે સ્વર્ગવાસ થયા જેથી તેમના કુટુંબ તથા સંબંધીઓમાં અતિશય દિલગીરી ફેલાઇ હતી.

પ્રથમ આ ગ્રંથ ઓછી કીમતે આપવા વિચાર હતો ને તે કીમત લઇ બીજો ગ્રંથ છપાવવા વિચાર રાખ્યો હતો પણ પાછળથી આ ગ્રંથનો દરેક ગામોમાં વિશેષ ફેલાવ ને લોકોને સારૂ જ્ઞાન થાય એવા હેતુથી ભેટ આપવા વિચાર રાખ્યો છે.

ઝવેરી મોહનલાલભાઇ મગનભાઇ ઝવેરી.

# પ્રસ્તાવના

જૈન શાસ્ત્રમાં પાર્શ્વનાથ ભગવાન પ્રગટ પ્રભાવવાળા અને પુરિસાદાની તરીકે દરેક તીર્થંકરોમાં તે સુપ્રસિદ્ધ છે. તેમનાં ૧૦૮ નામ તથા તીર્થ સ્થળો જૈનશાસ્ત્રમાં બતાવેલાં છે. દરેક નામો તથા તીર્થ સ્થળો તેમના જુદા જુદા ચમત્કારો વડે કરીને પ્રગટ થયાં છે. એવી રીતે તેમના ૧૦૮ ચમત્કારો તેમજ કથાઓની ખોટ પુરી કરે તેવો કોઈ ગ્રંથ હજી સુધી પ્રગટ થયો નથી. જેની કંઇક ખોટ આ ગ્રંથે પુરી પાડી છે. આ ગ્રંથમાં તેરમા સૈકામાં થયેલા જીનપ્રભસૂરિના રચેલા તીર્થ કલ્પમાંથી કેટલાક કલ્પ લેવામાં આવેલા છે. તેમજ બીજા સાહિત્યમાંથી પણ પાર્શ્વનાથનાં ચમત્કારીક દ્રષ્ટાન્તો શોધ ખોળ કરી લેવામાં આવેલાં છે, તથા ભરોસાપાત્ર દંતકથાઓને પણ સ્થાન આપવાની કાળજી રાખવામાં આવી છે.

આજ કંઇ વરસોથી મહેનત છતાં પાર્શ્વનાથ સંબંધી અમને પુરેપુરૂ સાહીત્ય પ્રાપ્ત થયું નથી. છતાં જેટલું મલ્યું તેમાં સુધારો વધારો કરી પ્રગટ કરવા કાળજી રાખવામાં આવેલી છે. તેમાં દૃષ્ટિ દોષથી અથવા તો બીજી કોઇપણ રીતે ઐતિહાસિક દૃષ્ટિથી બહાર લખાણુ હોય એવું જો વાંચકને સમજાય તો તે અમને

જણાવશે તો ફરી વખત તે બાબતમાં સુધારો કરવામાં આવશે, કારણ કે અમારી દૃષ્ટિ તો જૈન સાહિત્યની સેવા કરી માનવ ભવ સફલ કરવાની છે. જેથી સૂત્ર કથીતથી ઉલટુ લખાણું હોય ત્યાં તો અમે અમારી અજ્ઞતા જાહેર કરી 'મિથ્યા દુષ્કૃત' દઇએ છીએ.

પાર્શ્વનાથનાં એક હજાર ને આઠ નામ પણ શાસ્ત્રમાં છે. તેમાંથી અમને મલ્યાં તેટલાં લીધાં છે. અને તે કક્કાવલી પ્રમાણે પ્રગટ કર્યા છે. વળી ૧૦૮ ગામ (તીર્થ સ્થળ) સંબંધી સ્તવન જે સંવત ૧૬૬૭ માં શાંતિકુશલગણિનું રચેલું છે, તે પણ પ્રગટ કર્યું છે. તેમજ તેવો જ એક છંદ પણ મુકવામાં આવ્યો છે, પાર્શ્વનાથના ચમત્કાર સંબંધી જેટલી કથાઓ મલી તેટલી પ્રગટ કરી છે. કોઈ જાણકાર વધારે જાણતા હોય તે અમને સુચના કરશે, તો બીજી વખ્ત પ્રગટ કરવામાં આવશે છે.

આ પ્રસ્તુત અમુલ્ય સાહિત્યની શોધખોળ ઝવેરી મોહોલાલ મગનભાઇ પોતે ખંતથી કંઇ વરસોથી કરી રહ્યા હતા, અને આ સર્વ સાહિત્ય તેમનુંજ એકત્ર કરેલું હતું. તેમના આવા અનુપમ પ્રયાસ માટે જૈન સમાજ તેમનો આભારી થશે, જૈન સાહિત્યમાં રસ લઈ અને પ્રભુ ભક્તિનો ખ્યાલ કરી એક હાથે તેમણે બે કામ કર્યા છે, જૈન સાહિત્યની જમાના પર્યંત નહિ ભૂલાય તેવી સેવા

બજાવી બીજો પ્રભુ ભક્તિનો ઉત્તમ દાખલો બતાવી આપ્યો છે. ટુંકમાં તેમના એકત્ર કરેલા સાહિત્યને પુસ્તકની શૈલીમાં મુકી સુધારો વધારો કરી લેખકે તો લખવા માત્રનીજ કાળજી રાખી છે. પન્યાસ ગુલાબવિજય મહારાજ સાહેબે તીર્થ કલ્પનું ભાષાન્તર કરાવામાં મદદ કરી છે જેથી તેવણુનો તથા બીજા મદદ કરનારાઓનો અહીં આભાર માનવામાં આવે છે. ઈતિ

| | | |
|---|---|---|
| સંવત ૧૯૭૯ ના વૈશાખ<br>સુદી ૩ ગુરૂવાર<br>અક્ષય તૃતીયા | } | લેખક<br>મણીલાલ ન્યાલચંદ શાહ<br>હાલ મુ. અમદાવાદ |



# અનુક્રમણિકા.


| નામ | પાનુ | નામ | પાનુ |
|---|---|---|---|
| મંગલાચરણ | ૧ | ગાલિયા ,, | ૬૭ |
| મંદીરસ્વામીની આરતી | ૩ | ગિરૂઆ ,, | ૬૭ |
| ગોડીજીનું સ્તવન | ૩ | ધૃતકલોલ ,, | ૬૭ |
| પાર્શ્વનાથનો છંદ | ૭ | ઘીયા ,, | ૭૦ |
| પારસનાથનો ગરબો | ૧૧ | ચારૂપ ,, | ૭૦ |
| પાર્શ્વનાથજીનાં નામ | ૧૩ | ચિંતામણ ,, | ૭૩ |
| કેશરીયા પાર્શ્વનાથ | ૩૦ | ચેલણ ,, | ૭૫ |
| કલિકુંડ પાર્શ્વનાથ | ૩૩ | જગવલ્લભ પાર્શ્વનાથ | ૭૮ |
| કરહેડા પાર્શ્વનાથ | ૩૬ | જીરાવલા ,, | ૮૦ |
| કલ્યાણ પાર્શ્વના | ૩૮ | જગન્નાથપુરી ,, | ૮૧ |
| કાપેડા ,, | ૩૯ | જોટવા ,, | ૮૩ |
| કાશી ,, | ૪૨ | જશોધરા ,, | ૮૩ |
| કુંડળપુર ,, | ૪૮ | જગડીયા ,, | ૮૪ |
| કુર્કુટેશ્વર ,, | ૫૧ | ટાંકલા ,, | ૮૫ |
| કોકા ,, | ૫૩ | ડોહલા ,, | ૮૫ |
| કંકણ ,, | ૫૬ | ઢોસલા ,, | ૮૬ |
| કંબોઇ ,, | ૫૬ | ડોકરીયા ,, | ૮૭ |
| ખામણ ,, | ૫૬ | દાદા ,, | ૮૭ |
| ખોયામંડન ,, | ૫૭ | દોલતી ,, | ૮૮ |
| ગોડી ,, | ૫૭ | તીવરી ,, | ૮૮ |
| ગુપ્ત ,, | ૬૫ | નવનિધિ ,, | ૮૯ |
| ગંભિરા ,, | ૬૬ | નવખંડા ,, | ૮૯ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| નવલખા | ,, | ૯૦ | મહાદેવા | ,, | ૧૧૯ |
| નવસારી | ,, | ૯૧ | મનોરથ કલ્પદ્રુમ પાર્શ્વનાથ | | ૧૨૦ |
| નવફણા | ,, | ૯૧ | મક્ષીજી પાર્શ્વનાથ | | ૧૨૧ |
| નરોડા | ,, | ૯૩ | મનમોહન | ,, | ૧૨૨ |
| નવપલ્લવ | ,, | ૯૩ | મનરંજીત | ,, | ૧૨૨ |
| નાકોડા | ,, | ૯૪ | મુંડેવા | ,, | ૧૨૩ |
| નાગફણા | ,, | ૯૫ | મુહરી | ,, | ૧૨૪ |
| પલ્લવીયા | ,, | ૯૭ | મોઢેરા | ,, | ૧૨૫ |
| પોસલીયા | ,, | ૧૦૦ | મહીમાપુરા | ,, | ૧૨૬ |
| પરોલી | ,, | ૧૦૧ | ગાંવણુ | ,, | ૧૨૭ |
| પોસીના | ,, | ૧૦૧ | રૂદ્રવી | ,, | ૧૨૮ |
| પંચાસરા | ,, | ૧૦૨ | રાણેકપુર | ,, | ૧૨૯ |
| પુષ્કરાવર્ત | ,, | ૧૦૩ | લોઢણ | ,, | ૧૨૯ |
| ફલોધી | ,, | ૧૦૪ | લોટાણા | ,, | ૧૩૦ |
| અળેજા પાર્શ્વનાથ | | ૧૦૫ | લોદ્રવા | ,, | ૧૩૧ |
| બહી | ,, | ૧૦૫ | વહી | ,, | ૧૩૨ |
| બદ્રિકેદાર | ,, | ૧૦૬ | વરકાણા | ,, | ૧૩૨ |
| ભટેવા | ,, | ૧૦૬ | વહી | ,, | ૧૩૨ |
| ભાભા | ,, | ૧૧૦ | વાડી | ,, | ૧૩૩ |
| ભીડ ભંજન | ,, | ૧૧૦ | વિજયચિંતામણુ પાર્શ્વનાથ | | ૧૩૩ |
| ભીલડીયા | ,, | ૧૧૪ | સમેત શિખરજી. | | ૧૩૩ |
| ભદ્રેસર | ,, | ૧૧૭ | સમીના પાર્શ્વનાથ | | ૧૩૭ |
| મનરંજન | ,, | ૧૧૮ | સહસ્ત્ર ફણા | ,, | ૧૩૭ |
| મનવાંછિત | ,, | ૧૧૯ | સહસ્ત્ર કુટ | ,, | ૧૩૮ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| સપ્તફણા | ,, | ૧૩૯ | સેસલી | ,, | ૧૫૫ |
| સમેરીયા | ,, | ૧૩૯ | સેસફણા | ,, | ૧૫૫ |
| સાવલા | ,, | ૧૪૦ | સંખેશ્વર | ,, | ૧૫૬ |
| શામળા | ,, | ૧૪૦ | સ્થંભન | ,, | ૧૫૮ |
| સુધદંતી | ,, | ૧૪૨ | સ્વયંભુ | ,, | ૧૬૯ |
| સુરજમંડન | ,, | ૧૪૪ | અજાહરા | ,, | ૧૭૪ |
| સુલતાના | ,, | ૧૪૭ | અમીઝરા | ,, | ૧૮૦ |
| શેરીસરા | ,, | ૧૪૯ | અહીછત્રા | ,, | ૧૮૨ |
| સાંકળા | ,, | ૧૫૩ | અવંતી | ,, | ૧૯૦ |
| સોગઠીયા | ,, | ૧૫૪ | ઉપસર્ગહર | ,, | ૧૯૭ |
| સોમચિંતામણ પાર્શ્વનાથ | | ૧૫૪ | ઉમરવાડી | ,, | ૧૯૭ |
| સુખસાગર પાર્શ્વનાથ | | ૧૫૪ | અંતરીક્ષ | ,, | ૧૯૮ |
| | | | પાર્શ્વનાથ | | ૨૧૬ |



| તીર્થમાળા | પાનું | તીર્થમાળા | પાનું |
|---|---|---|---|
| ગરબો | ૨૨૮ | માતર | ૨૪૦ |
| મુંબઇ | ૨૨૯ | અમદાવાદ | ૨૪૫ |
| સુરત | ૨૩૦ | નરોડા | ૧૫૪ |
| જગડીયા | ૨૩૧ | મગોડી | ૨૫૪ |
| અશ્વાવબોધ તીર્થ | ૨૩૨ | ભોઇણીજી | ૨૫૫ |
| વડોદરા | ૨૩૪ | ધોળકા | ૨૬૦ |
| કાવી ગંધાર | ૨૩૫ | ઉપરીઆળા | ૨૬૩ |
| પરોલી | ૨૩૮ | વઢવાણ | ૨૬૩ |
| પારેલા | ૨૩૮ | શીહોર | ૨૬૪ |
| ખંભાત | ૨૩૯ | પાલીતાણા | ૨૬૫ |
| ખેડા | ૨૩૯ | સિદ્ધાચલજી | ૨૭૦ |


| | |
|---|---|
| તલાજાનો ડુંગર | ૨૭૪ |
| ગિરનારજીનો ડુંગર | ૨૭૬ |
| ગજપદ કુંડ | ૨૮૦ |
| ઘોઘા | ૨૮૧ |
| ભાવનગર | ૨૮૧ |
| મહુવા | ૨૮૨ |
| વળા | ૨૮૩ |
| માંગરોલ | ૨૮૪ |
| વેરાવળ | ૨૮૫ |
| પ્રભાસપાટણ | ૨૮૫ |
| દીવ | ૨૮૭ |
| ઉન્હા | ૨૮૮ |
| અજાહરા | ૨૮૮ |
| દેલવાડા | ૨૮૯ |
| રાજકોટ | ૨૯૦ |
| મુલી | ૨૯૦ |
| જામનગર | ૨૯૦ |
| વામનસ્થળી | ૨૯૨ |
| દ્વારિકા | ૨૯૩ |
| બરડાનો ડુંગર | ૨૯૪ |
| ભદ્રેસર (કચ્છ) | ૨૯૬ |
| માંડવી | ૨૯૬ |
| ભેડા | ૨૯૭ |
| સુથરી | ૨૯૭ |
| રાપર | ૨૯૯ |
| નારાયણપુર | ૨૯૯ |
| ભૂજ નગર | ૨૯૮ |
| મુંદરા | ૨૯૯ |
| ગુજરાત સેરીસા | ૨૯૯ |
| પાણસર | ૩૦૧ |
| વામજ | ૩૦૩ |
| વીશનગર | ૩૦૬ |
| વડનગર | ૩૦૭ |
| તારંગાજી | ૩૦૭ |
| મેસાણા | ૩૧૦ |
| પાટણ | ૩૧૦ |
| ચારૂપ | ૩૧૫ |
| મેત્રાણા | ૩૧૭ |
| સંખેશ્વર | ૩૧૭ |
| પાલનપુર | ૩૧૬ |
| ખરેરી (મારવાડ) | ૩૧૮ |
| આબુજી | ૩૧૯ |
| અચલગઢ | ૩૨૧ |
| કુંભારીયાજી | ૩૨૧ |
| સાદરી | ૩૨૩ |
| રાણકપુર | ૩૨૪ |
| ધાનેરાવ | ૩૨૫ |
| મુછાળા મહાવીર | ૩૨૬ |

| | | | |
|---|---|---|---|
| નાડુલાઇ | ૩૨૬ | ઓશીયા | ૩૩૯ |
| નાંડોલ | ૩૨૮ | નીંબાજ | ૩૪૦ |
| વરકાણા | ૩૨૯ | કોટડા | ૩૪૦ |
| ફલોધી | ૩૨૯ | વાંકલી | ૩૪૧ |
| પીંડવાડા | ૩૩૦ | મેડતારોડ | ૩૪૧ |
| પીપાડરોડ | ૩૨૦ | પોકરણ ફલોધી | ૩૪૨ |
| બાહ્મણવાડા | ૩૩૧ | તીવરી | ૩૪૨ |
| શાચોહી | ૩૩૧ | નાગોર | ૩૪૪ |
| કોરટા | ૩૩૨ | વીકાનેર | ૩૪૪ |
| ચિત્રકુટ | ૩૩૨ | જેસલમીર | ૩૪૫ |
| ડુંગરપુર | ૩૩૪ | સાચોર | ૩૪૭ |
| જીરાવલી | ૩૩૪ | નાકોડાજી | ૩૪૭ |
| કાપેડરા | ૩૩૪ | બાલોતરા | ૩૪૮ |
| નાના | ૩૩૫ | લોદ્રવાજી | ૩૪૮ |
| બેડા | ૩૩૫ | કુંહેડાજી | ૩૪૯ |
| લોટાણા | ૩૩૬ | પાંમેરા | ૩૪૯ |
| નાદીયા | ૩૩૬ | ઓશીયા નગરી | ૩૪૯ |
| સોજત | ૩૩૬ | અજમેર | ૩૫૦ |
| મારવાડ જંકસન | ૩૩૭ | ઉદયપુર | ૩૫૧ |
| પામેરા | ૩૩૭ | સમીનાજી | ૩૫૨ |
| પાલી | ૩૩૮ | કેશરીયાજી | ૩૫૨ |
| દાતરાઇ | ૩૩૮ | રાજગઢ | ૩૫૩ |
| જોધપુર | ૩૩૮ | સાંવરાજી | ૩૫૪ |
| પુષ્કરજી | ૩૩૯ | સામેરા | ૩૫૪ |

| | | | |
|---|---|---|---|
| વીંછીવાડ | ૩૫૪ | આગ્રા ( હિંદુસ્તાન ) | ૩૭૦ |
| પારાસલીતીર્થ | ૩૫૫ | મથુરાજી | ૩૭૧ |
| સાવલીયાજી તીર્થ | ૪૫૫ | અલવર | ૩૭૨ |
| સૈબલીયા (સેમેલીયા) | ૩૫૬ | દીલ્હી | ૩૭૨ |
| રતલામ | ૩૫૬ | હસ્તિનાપુર | ૩૭૩ |
| મક્ષીજી તીર્થ | ૩૫૭ | કંપિલાનગરી | ૩૭૪ |
| ઉજ્જન | ૩૫૭ | સોરીપુર | ૩૭૫ |
| ઇંદોર | ૩૫૮ | કાનપુર | ૩૭૬ |
| ધારનો કીલો | ૩૫૯ | લખનૌ | ૩૭૬ |
| માંડવગઢ | ૩૫૯ | રત્નપુરી | ૩૭૭ |
| કંટાલી | ૩૬૧ | અહિછત્રા | ૩૭૮ |
| અમજરા | ૩૬૧ | અયોધ્યા | ૩૭૯ |
| મોરવાડા | ૩૬૨ | ફૈજાબાદ | ૩૮૦ |
| ટેંટોઈ | ૩૬૨ | સાવત્થી તીર્થ | ૩૮૦ |
| પોસાલીયા | ૩૬૩ | કાશી તીર્થ | ૩૮૨ |
| પાવાગઢનો ડુંગર | ૩૬૩ | સીંહપુર | ૩૮૪ |
| દેલવાડા | ૩૬૫ | ચંદ્રાવતી | ૩૮૫ |
| પલાણા | ૩૬૫ | પ્રયાગ તીર્થ | ૩૮૬ |
| ઇડર | ૩૬૬ | કોશાંબી તીર્થ | ૩૮૭ |
| વડાલી | ૩૬૭ | ભદીલપુર તીર્થ | ૩૮૮ |
| અહમદનગર | ૩૬૮ | પાટલીપુત્ર | ૩૯૧ |
| પોસીના | ૩૬૯ | બિહાર (વિશાલાનગરી) | ૩૯૩ |
| જયપુર | ૩૬૯ | પાવાપુરી | ૩૯૪ |
| સાંગાનેર | ૩૭૦ | ગુણાયાજી | ૩૯૬ |

| | |
|---|---|
| રાજગ્રહી | ૩૯૭ |
| કુંડલપુર | ૪૦૦ |
| ક્ષત્રીકુંડ | ૪૦૧ |
| કાકંદી નગરી | ૪૦૩ |
| મિથિલા નગરી | ૪૦૩ |
| ગિરડી | ૪૦૫ |
| રિજુવાલુકા | ૪૦૫ |
| મધુવન | ૪૦૬ |
| પારસનાથ પહાડ | ૪૦૬ |
| ભાગલપુર | ૪૦૮ |
| ચંપાપુરી | ૪૦૮ |
| અજીમગંજ | ૪૧૦ |
| કલકત્તા | ૪૧૧ |
| નાગપુર | ૪૧૨ |
| ભદ્રાવતી | ૪૧૩ |
| આકોલા | ૪૧૩ |
| અંતરીક્ષજી | ૪૧૪ |
| બુરાનપુર | ૪૧૪ |
| પુના | ૪૧૫ |
| પાંચોરા | ૪૧૬ |
| સીરસાલા | ૪૧૬ |
| રામનગર ( પંજાબ ) | ૪૧૬ |
| હુશીયારપુર | ૪૧૭ |
| ભેરા | ૪૧૭ |
| કાંગડાનો કીલ્લો | ૪૧૮ |
| કાંગરાવેલી | ૪૧૯ |
| લુદીયાણા | ૪૧૯ |
| હાલાકુંડી ( સીંધ ) | ૪૨૦ |
| કરાંચી | ૪૨૧ |
| પ્રતાપગઢ | ૪૨૧ |
| મરૂકોટ તીર્થ | ૪૨૧ |
| હોન્નીપટ્ટન | ૪૨૨ |
| સંગમનેર | ૪૨૨ |
| નાશક | ૪૨૩ |
| નિઝામહૈદરાબાદ | ૪૨૩ |
| કુલપાકજી | ૪૨૩ |
| સેસલી | ૪૨૪ |
| ઇલોરા | ૪૨૫ |
| નગરકોટ | ૪૨૫ |
| રીંગણોદ | ૪૨૬ |
| તક્ષશીલા | ૫૨૭ |
| કુંડલપુર | ૪૩૦ |
| માહેંદ્ર પર્વત | ૪૩૦ |
| ત્રિકુટ ગિર | ૪૩૧ |
| પ્રતિષ્ઠાનપુર | ૪૩૧ |
| સોપારકપુર | ૪૩૨ |
| અષ્ટાપદ | ૪૩૨ |
| કોટીશિલ્લા | ૪૩૪ |

દંડકારણ્ય ૪૩૪
દેવાધિદેવ ૪૩૫
અઢીદ્વીપ ૪૩૫
માનુષ્યોત્તર પર્વત ૪૩૬
નંદીશ્વરદ્વીપ ૪૩૬
રૂચક અને કુંડલ ૪૩૭
ભુવનપતિ દેવલોક ૪૩૭
વ્યંતર દેવલોક ૪૩૯
જ્યોતિષી દેવલોક ૪૪૦
બાર દેવલોક ૪૪૦
નવ ગ્રૈવેયક ૪૪૨
પાંચ અનુત્તર વિમાન ૪૪૩
શાશ્વતાં મંદિર ૪૪૪
ચૌદ રાજલોક ૪૪૫
સિદ્ધ શિલા. ૪૪૬



॥ ॐ नमः ॥

ॐ ह्रीँ श्रीँ पार्श्वनाथाय नमः

# પ્રગટ પ્રભાવી પાર્શ્વનાથ

યાને

## પાર્શ્વનાથના ચમત્કારો.

मंगलस्तोत्र

मंगलं भगवान् वीरो, मंगलं गौतमः प्रभुः
मंगलं स्थुलिभद्राद्या, जैन धर्मोस्तु मंगलं. १

नाभेयाद्या जिनाःसर्वे, भरताद्याश्चक्रवर्त्तिनः
कुर्वन्तु मंगलंश्रियो, विष्णवः प्रतिविष्णवः २

नाभि सिद्धार्थभूपाद्या, जिनानां पितरस्तुये
पालिताखंड साम्राज्या, जनयंतु जयं मम. ३

मरुदेवी त्रिशलाद्या, विख्याता जिन मातरः
त्रिजगज्जनितानंदा, मंगलाय भवंतु मे. ४

पुंडरिक गौतमाद्या, प्रमुखा गणधारिणः
श्रुत केवली अन्योपि मंगलाय दिशंतुमे. ५

ब्राह्मी चंदनबालाद्या, महाशक्त्यो महत्तराः
अखंड शील लीलाद्या, यच्छन्तु मम मंगलं. ६

चक्रेश्वरी सिद्धायिका, मुख्य शासनदेवता
सम्यग्‌देव्या विघ्नहरा, रचयंतु जयश्रियं. ७

कपर्दि मातंगा मुख्या, यक्षा विख्यात विक्रमाः
जैन विघ्नहरा नित्यं, देया सुर मंगलानि मे. ८

---

यो मंगलाष्टकं सदा पटुभिरधिते
प्रातर्नरः सुकृत भावितचित्तवृत्तिः
शौभाग्य भाग्यकलितो धुत सर्वविघ्नो,
नित्यं समंगल मयं लभते जगत्याम्. ९

## શ્રી મંદીર સ્વામીની આરતી.

### ઓ ભવી પ્રાણીરે સેવો—એ દેશી.

આરતી કરીયેરે રંગે, શ્રી મંદીર પ્રભુની ઉમંગે;
પંચ દિપકનેરે પુરી, આરતી કરીયે ચોગતિ ચૂરી. આરતી. ૧
ભવ ભય ભાવીરે જાગો, પંચમી ગતિ પ્રભુ પાસે માગો;
ઈન્દ્રાદિકનીરે કરણી, વરણવતાં કેમ જાયે વરણી આરતી. ૨
સુરપતિ હરખેરે આવે, દેવ દેવી પરીવારને લાવે;
ઉલ્લસિત વદનેરે ઓારે, જગમાં નહિ પ્રભુ કો તુજ તોલે. આરતી. ૩
મહાવિદેહમાંરે વસીયા, રાણી રૂક્ષમણી કેરા રસીયા;
પુંડરગીરીમાંરે સોહે, પ્રભુ મુખ દેખી ભવિજન મોહે. આ. ૪
માતા સત્યકીરે જાયા, શ્રી શ્રેયાંસ ભૂપતિ કુલ આયા;
જય જય વરતેરે આજે, પ્રભુ ગુણ ગાવો મધુર અવાજે. આ. ૫
મનોહર નાટકરે કરીયે, તો ભવ નાટકમાં નવી ફરીયે;
ત્રિભુવન સ્વામીરે દીજે, અજરામરપદ કરૂણા કીજે. આ. ૬
તેમ તુમે પામોરે ભાવે, જન્મ મરણના ફેરા જાવે;
અંતરજામીરે વાહલા, રસીક ચંદ્ર શીવ સુખ રઢીયાલા; આ. ૭

---

## ગોડીપાર્શ્વનાથનું સ્તવન.

### દોહરો.

વદન અનોપમ ચંદલો, ગોડી મંડણ પાસ;
પ્રત્યક્ષ પરચા પુરે, સફલ મનોરથ ખાસ.

## ઢાલ.

શારદ નામ સોહામણો, મન આણી હો અતીહુડ રંગ;
પાસ તણો મહીમા કહુ, જસ કીર્તિ હો ગાજે ગંગ. ગોડી૦ ૧
પરચા પુરે ચિંતામણી હો, તું લીલ વિલાસ;
અંતરિક મોરે મન વસે, વરકાણો હો તું સોહે પાસ. ગોડી૦ ૨
અલવર રાવણ રાજીયો, જીરાવલો હો તું જાગે દેવ;
કલીજુગ પાસ સંખેશ્વરો, બલીહારી હો તેરી કીજે સેવ. ગોડી૦ ૩
ચોરવાડ મક્ષીજીયો, દેવપાટણ હો ડાકરીયો પાસ,
દાદો નવખંડ જાણીયે ફલોધી હો રાય રાણો દાસ; ગોડી૦ ૪
પંચાસરો સહી મંડલે, ભલે ભાવે હો નારંગો નામ;
નવપલ્લવ કોકો કહે, અજારે હો તું સોહે થામ; ગોડી૦ ૫
લોઢણ તીવરી જાણીયે; ઉથામણે હો મહીમા ભંડાર;
સીરોડી ત્રેવીસમો, કુકડેસર હો સેવક સાધાર. ગોડી૦ ૬
ભોયણ પાસ ત્રંબાવટી, નાકુડા તું હો ઘૃત કલોલ;
સહસફણોને સામલો, પાસ પરગટ હો તુ કુંકુમ રોલ. ગોડી૦ ૭
ચારૂપ આરાસણે, ગંગાણી હો વાંદુ નિશદિશ;
ભીન્નમાલ ઉજ્જેણીયે નીંબાજે હો જાણે જગદીશ; ગોડી૦ ૮
ભીડ ભંજન ભલે સાંભળો, કરહેડા હો નાગેંદ્રો જોય;
જેસલમેરે તું જયો, અમીઝરો હો મંડાવર હોય; ગોડી૦ ૯
સાદડી દેવસ્યો, કલિકુંડે હો સોજત પરિણામ;
પલ્લવિહારો આગરે, સારણ સમે હો ખેડ અભિરામ. ગોડી૦ ૧૦
કપડવણજ કોરટે, હમીરપરે હો પીપાડે વાસ;

સેસલીયે કાંસલીયે, મેડુસાણે હો મેડતે નિવાસ. ગોડી૦ ૧૧
તું ભરૂચ તું ઇડરે, બુહુાડે હો તુંહી જગડીયા ગામ;
તું દેલવાડે વડોદરે, ડુંગરપુર હો ગંધારે વખાણ; ગોડી૦ ૧૨
કડી આહેરે આબુએ, શત્રુંજય હો વાંદુ ગિરનાર;
વીજાપુરે રાધનપુરે, વડાલી હો સામેરા સાર. ગોડી૦ ૧૩
વીસલનગરે વ્હાલ હો, ડભોઇ હો બડો જીનરાજ;
વાડી ચેલણ પાસજી, વેરાવલ હો વડલી શીરતાજ. ગોડી૦ ૧૪
મુહરી પાસ ચેવલા, અહિચ્છત્તો હો આનંદો રાય;
નાગપુર ભીંઆપુરે, નાકલાઇ હો ભીલડીયે મન જાય. ગોડી૦૧૫
ગાડરીયે માંડવગઢે, તંજાવર હો પીરોજાબાદ;
કુંભલમેરે ગાજીયો, રાણપુરે હો સમર્યા દે સાદ. ગોડી૦ ૧૬
તું નાડોલે માંડીયો, સિદ્ધપુરે હો તું દીવ મોઝાર;
ચિત્રકુટે ચંદ્રાવતી, આશાઉલે હો વંશવાલે પાસ. ગોડી૦ ૧૭
મરહટ્ટ મથુરા જાણીયે, વાણારસી હો. તું પાસજીણંદ;
તું સમીયાણે સાંભલ્યો, તીમારે તુંઠો જીણચંદ. ગોડી૦ ૧૮
વીકાનેરે વાંકલા, અજમેરે હો ડોડીઆલો પાસ;
ઇંદ્રવાડે કંટાલીયે, બાંટે હો તું લીલવિલાસ. ગોડી૦ ૧૯
આગર મોરી આંતરે, જવાલી હો કરજ્યો ભાલ;
છિન્ન હોવે ખીલચીપુરે, બ્રહ્મેસર હો વાસે મન વાળ. ગોડી૦ ૨૦
સલખપુરે સીંધુ જ્યો, મુંજપુરે હો ઝોટીંગો પાસ;
અમદાવાદ મનોહરૂ, કંબોઇ હો તું પાલીપાસ. ગોડી૦ ૨૧
એકસો આઠે આગલે, નામે કરીહો થુણીયા જીનરાજ;

આરતિ ટલે અમેગીયા, આશા ફલી હો મનની આજ. ગોડી૦ ૨૨
પાસ પ્રભાવક પ્રગટ, મહિમા નિધિ હો તું દેવ દયાલ,
એક મને જ્યું આદરે, તો પામે હો લચ્છી વિલાસ. ગોડી. ૨૩
તું મેવાસી ઉજ્જલો, તેં માંડી હો પ્રભુ મોટી જાત;
ભવના ભાજે આમલા, તુંજ આગળ હો નાશે પાસ. ગોડી. ૨૪
ઓશવંશે તું વસે, રાણી વામા હો તાહરી માત;
અશ્વસેન કુલ ચંદલો, મુજ વ્હાલહો હો ત્રણ જગ વિખ્યાત. ગો. ૨૫
છત્રધરે ચામર ઢળે, ઠકુરાઇ હો ત્રિગડે જીનભાણ;
ભામંડલ તેજે તપે, વંચ્છે હો હરિસણ હિવાણ. ગોડી. ૨૬
ભૈરવ દૈત દેવાલીયો. જક્ષ જોગણ હો ડાકણ વિકાળ;
ભૂત ના માગે બાકુલા, તું સમરથ હો ગોડી રખવાલ. ગોડી.૨૭
તું મરૂધરનો બાદશાહ, એકલમલ હો તું ધીંગડ ધીંગ;
આર ન રાખે બારણો, તો સામા હો કોણ કરે સીંગ ૨૮
તરક સબર બીંજ મીંગેકર, ઝાલે હો તું લાલ કબાણ;
નીલડે ઘોડે તું ચઢે, ફોજામાંહો તું ફેર કેકાણ. ગોડી. ૨૯
નવ નવ રૂપે તું રમે, અરવડીયા હો તુંહીજ આધાર;
સંઘ તણી સાનિધ કરે, વોલાવો હો તું મલે સાર. ગોડી. ૩૦
અલખ નિરંજન તું જયો, અતુલી બલ હો તું ભૂતલભાણ;
શાંતિ કુશલ એમ વિનવે, તું સાહેબ હો ઠાકોર સુલતાન. ગોડી. ૩૧
તપ ગચ્છ નાયક ગુણનીલો, પાયે પ્રણમ્યા હો વિજયસેન સુરીશ;
સંવત સોલ અડસઠે, વિનવીયે હો ગોડી જગદીશ. ગોડી. ૩૨

## કલશ.

ત્રેવીસમા જીનરાજ જાણી, હૈયે આણી વાસના,
નર અમર નારી સેવ સારી, ગાઇએ ગુણ પાસના;
વિનયકુશલ ગુરૂ ચરણ સેવક, ગોડી નામે ગહ ગહે,
કલિકાલ માંહે પાસ પ્રગટ, સેવા કરતાં સુખ લહે. ગોડી. ૩૬

સંપૂર્ણમ્.

## પાર્શ્વનાથનો છંદ.

રાગ પ્રભાતી કડખો.

પાસ જીનરાજ સુણી આજ સંખેસરા,
પરમ પરમેસરા વિશ્વ વ્યાપ્યો;
ભીડ ભાગી જરા જાદવાની જઇ,
થીર થઈ સંખપુરી નામ થાપ્યો. પાસ૦ ૧
સાર કરી સારી મનોહારી મહારાજ તું,
માની મુજ વિનતિ મન માચી;
અવર દેવાતણી આશી કુણકામની,
સ્વામીની સેવના એક સાચી; પાસ૦ ૨
તુંહી અરિહંત ભગવંત ભવ તારણો,
વારણો દુઃખ ભય વિષમ વાટે;
તુંહી સુખ કારણો સારણો કાજ સો,

તુંહી મનોહારણો સાચ માટે; પાસ૦ ૩
અંતરીક અમીજરા પાસ પંચાસરા,
ભોયડા પાસ ભાભા ભટેવા;
વિજય ચિંતામણી સોમ ચિંતામણી,
સ્વામી શ્રી પાસ તણી કરીયે ચરણ સેવા. પાસ૦ ૪
ફલવધી પાસ મનમોહના મગસીયા,
તારસલક્ષા નમુ નાહી લોટા;
એક બલેચા પ્રભુ આસગુલ અરજીયા,
બંભણ થંભણ પાસ મોટા; પાસ૦ ૫
ગેબી ગોડી પ્રભુ નીલકંઠા નમુ;
હલધરા સામલા પાસ પ્યારા;
સુરસરા કંકણા પાસ દાદા વલી,
સુરજમંડન નમુ તરણ તારા; પાસ૦ ૬
જગત વલ્લભ કલિકુંડ ચિંતામણી,
લોઢણ સેરીસા સ્વામી નમીયે,
નાકોડા ઉન્હાવલા કલીયુગા રાવણા,
પોસીના પાસ નમી દુઃખ દમીયે; પાસ૦ ૭
સ્વામી માણેક નમુ નાથ સીરોડીયા,
નાકુંડા જોરવાડી જગેસા;
કાપડી દોલતી પ્રમશીયા મુજંપરા,
ગાડરીયા પ્રભુ ગુણ ગરેસા; પાસ૦ ૮

હુમીરપરે પાસ પ્રણમુ વલી નવલખા,
ભીડભંજન પ્રભુ ભીડ ભાગે,
દુઃખ ભંજન પ્રભુ ડોકરીયા નમુ,
પાસ જીરાઉલા જગત જાગે; પાસ૦ ૯

અવંતી ઉજ્જેણીયે સહુસફણી સાહેબા,
મહીમાવાદ્દે કોકો કડેરા;
નારંગા ચંચુચલા ચવલેસરા,
તીવરી ફલવિહાર નાગેંદ્ર નેડા. પાસ૦ ૧૦

પાસ કલ્યાણ ગંગાણી પ્રણમીયે,
પલ્લવિહાર નાગેંદ્ર નાથા;
કુર્કુટેસરા પાસ છત્રાઅહી,
કમઠ દેવે નમ્યા સહુ સાથા; પાસ૦ ૧૧

તીમરી ગોગા પ્રભુ દુધીયા વલ્લભા, ,
સંખલ ઘૃત કલ્લોલ બુઢા;
ધીંગડમલા પ્રભુ પાસ ઝોટીંગજી,
જાસ મહિમા નહી જગત ગુઢા; પાસ૦ ૧૨

ચોરવાડી જીનરાજ ઉંડામણી,
પાસ અજાહરા નેવનંગા;
કાપેડરા વજેબો પ્રભુ છેછલી,
સુખસાગર તણા કરીયે સંગા; પાસ૦ ૧૩

વીજુલા કરકંડુ મંડલીકાવલી,
મહુરીયા ફુલોધી અણીંદા,
અઉઆ કુલપાક કંસારીયા ઉંબરા ,
અણીયાલા પાસ પ્રણમુ આનંદા; પાસ૦ ૧૪

નવસારી નવપલ્લવા પાસજી,
શ્રીમાહાદેવ વરકાણુ વાસી;
પરોકલા ટાંકલા નવખંડા નમો,
ભવતણી જાય જેથી ઉદાસી; પાસ૦ ૧૫

મનવાંછિત પ્રભુ પાસજીને નમુ,
વલી નમું નાથ સા[illegible]ા નગીના;
દુઃખ દોહગ તજી સાધુ મારગ ભજી,
કરમના કેશરીથી ના બીહુના. પાસ૦ ૧૬

અશ્વસેન નંદ કુલચંદ પ્રભુ અલવરા,
બીંબડા પાસ કલ્યાણરાયા;
હોય કલ્યાણ જસ નામથી જય હુવે,
જનની વામાના જેહ જાયા; પાસ૦ ૧૭

એકસત અઠ પ્રભુ પાસ નામે થુણ્યો,
સુખ સંપત્તિ લહો સર્વ વાતે,
ઋદ્ધી જસ સંપદા સુખ શરીરે સદા,
નહી મણા માહરે કોઇ વાતે; પાસ૦ ૧૮

સાચ જાણી સ્તવ્યો મન્ન માહરે ગમ્યો,
પાસ રૂદયે રમ્યો પરમ પ્રીતે;
સમીહીત સીદ્ધી નવ નિધિ પામ્યો સો,
મુજ થકી જગતમાં કો ન જીતે; પાસ૦ ૧૯

કાજ સો સારજે શત્રુ સંહારજે,
પાસ સંખેસરા મોજ પાણી;
નિત્ય પ્રભાતે ઉઠી નમુ નાથજી,
તુજ વિના અવર કુણ કાજે ધ્યાણી; પાસ૦ ૨૦

સંવત અઢાર એકાસીયે ફાલ્ગુન માસેયે,
બીજ ઉજવલ પખ્ખે છંદ કરીયો;
ગોતમ ગુરૂ તણા વિજય ખુશાલને,
ઉત્તમે સંપદા સુખ વરીયો; પાસ૦ ૨૧

સમાપ્ત.

---

## પારસનાથનો રાસડો

### ગરબો

૧

પ્રભુ પારસનાથને વાંદીએરે લોલ,
એના નામથી તે નવનિધિ પામીયેરે લોલ
રૂડા રૂઢીયાળા પ્રભુજીને વાંદીયેરે; લોલ પ્રભુ.

સાખી.

પોસ દશમનું વ્રત કરી, પુજીને પરમેશ,
ભક્તિ કરીયે ભાવથી, આપ બને પરમેશ;

અજય રાજાના રોગ નિવાર્યા, નવકાર સુણાવીને નાગને તાર્યા
કમઠ જોગીના ગર્વ ઉતાર્યા, જય જય પાર્શ્વ પ્રભુ જીનરાયા;
અજાહરાને, થંભણા, પંચાસરારે લોલ,
નવપલ્લવ નારીંગા નવલખારે લોલ, પ્રભુ. ૨

સાખી.

સહસફણાને શામલા, પુરીસાદાણી પાસ
ભીડભંજન સંખેસરા, પ્રગટ પ્રભાવીનાથ.

જરા નિવારી જાદવ તણી, દુઃખ ટાળ્યાંરે
હરી હળધરની રાખી લાજ, કારજ સાર્યાંરે
સેવક જન સુખીયા કીધા, ભીડો ભાગીરે
મનમોહન સુંદર શ્યામ, માયા લાગીરે પ્રભુ. ૩

સાખી.

એકસો આઠ નામે કરી, સમરૂ પારસ નામ;
ભીડ ભાગે ભકતો તણી, ચીંતામણિ તુજ નામ

રૂડા રૂઢીયાળા દેવ (૨) પારસનાથને વાંદીયેરે લોલ
નિત્ય કરીયેજી સેવ (૨) મંગળમય પ્રભુને વાંદીયેરે લોલ પ્રભુ. ૪

# પાર્શ્વનાથજીનાં નામ.

| | નામ. | ઠેકાણું. |
|---|---|---|
| | ક | |
| ૧ | કેશરીયા પાર્શ્વનાથ | ભદ્રાવતી ( ભાંદક ) નાગપુર રેલવે વર્ધા થઇને. |
| ૨ | કલિકુંડ ,, | કલીકોટ પાસે તીર્થ છે. |
| ૩ | કલોલ ,, | કુચ્છ સુથરી ગામમાં છે |
| ૪ | કરહેડા ,, | કેશરીયા જતાં રસ્તામાં ચીતોડ અને ઉદયપુર વચ્ચે સ્ટેશન છે. |
| ૫ | કલ્પદ્રુમ ,, | મથુરા |
| ૬ | કરડા ,, | |
| ૭ | કલરા ,, | |
| ૮ | કાપેડા ,, | જોધપુર રાજ્યમાં કાપેડા ગામમાં |
| ૯ | કલ્યાણ ,, | વીશનગર તથા ઉદંરામાં |
| ૧૦ | કામીક ,, | ખંભાતમાં છે. |
| ૧૧ | કેલી ,, | |
| ૧૨ | કોકા ,, | પાટણમાં કોકાના પાડે છે. |

| | | |
|---|---|---|
| ૧૩ | કંકણુ પાર્શ્વનાથ | પાટણુ |
| ૧૪ | કંબોઇયા ,, | પાટણુ ધીયાનો પાડો |
| ૧૫ | કંસારી ,, | ખંભાત |
| ૧૬ | કુર્કુટેશ્વર ,, | રાજપુર નગરીની પાસે તથા વઢવાણુ |
| ૧૭ | કલિયુગા ,, | |
| ૧૮ | કડેરા ,, | |
| ૧૯ | કરકંડુ ,, | |
| ૨૦ | કુલપાક ,, | |
| | ખ | |
| ૨૧ | ખાંમણુા ,, | રતલામથી વીરા ગાઉ ભોયાવર |
| ૨૨ | ખોયા મંડન ,, | જયપુર પાસે પહાડ વચ્ચે ખોહ નામે ગામમાં |
| | ગ | |
| ૨૩ | ગલીયા પાર્શ્વનાથ | |
| ૨૪ | ગાલ્લીયા ,, | કાઠીયાવાડમાં માંડલ ગામે |
| ૨૫ | ગાડરીયા ,, | |

| | | | |
|---|---|---|---|
| ૨૬ | ગોગો | " | |
| ૨૭ | ગીરૂઆ | " | પંજાબ દેશમાં |
| ૨૮ | ગોઢીલ | " | |
| ૨૯ | ગોમેહ | " | |
| ૩૦ | ગોડી | " | મોરવાડા |
| ૩૧ | ગીરી | " | |
| ૩૨ | ગંગાણી | " | |
| ૩૩ | ગંભિરા | " | પાટણ જીલે ગાંભુમાં |
| ૩૪ | ગવાલસક્ | " | ગવાલસક્ ગામ |
| ૩૫ | ગુપ્ત | " | વિંધ્યાચલમાં હાલ નથી |
| | ઘ | | |
| ૩૬ | ઘૃત કલ્લોલ | " | કચ્છ દેશમાં સુથરી ગામ |
| ૩૭ | ઘીયા | " | ગુજરાત પાટણ |
| | ચ | | |
| ૩૮ | ચેલ્લણ પાર્શ્વનાથ | | મેંવાડમાં |

| | | |
|---|---|---|
| ૩૯ | ચારૂપ મંડન " | ચારૂપમાં પાટણ પાસે |
| ૪૦ | ચોરવાડી " | સોરઠમાં ચોરવાડ |
| ૪૧ | ચંપા " | પાટણમાં પંચાસરમાં દેવીના થાનક પાસે |
| ૪૨ | ચંદ્ર " | કચ્છમાં રાપર |
| ૪૩ | ચીંતામણિ " | કપડવણજ તથા કચ્છમાં રાયર |
| ૪૪ | ચંચુચલા " | |
| ૪૫ | ચલ્લેસરા " | |
| | છ | |
| ૪૬ | છાયા પાર્શ્વનાથ | |
| | જ | |
| ૪૭ | જગવલ્લભ પાર્શ્વનાથ | સુજાણગઢ મારવાડમાં |
| ૪૮ | જસોધરા " | ભરૂચમાં |
| ૪૯ | જાડેવા " | |
| ૫૦ | જીરાવલી " | જીરાવલીમાં. |
| ૫૧ | જીરાવલા " | જીલ્લે ગોલવાડ ધાનેરામાં, બેલોલમાં |

| | | |
|---|---|---|
| ૫૨ | જીરાણા ” | |
| ૫૩ | જોધાણા ” | |
| ૫૪ | જોટીંગા ” | |
| ૫૫ | ઝોટવા ” | ધીણોજ પાટણ પાસે |
| ૫૬ | ઝેરી ” | |
| ૫૭ | જીરા ” | પંજાબ જીરાગામમાં |
| ૫૮ | જોરવાડી ” | |
| | ટ | |
| ૫૯ | ટાંકલા પાર્શ્વનાથ | પાટણમાં |
| ૬૦ | ટંકણ ” | |
| ૬૧ | ટંબરૂ ” | |
| ૬૨ | ટીટોઇયા ” | |
| | ડ | |
| ૬૩ | ડોહલા પાર્શ્વનાથ | ઘોટાસકલા |
| ૬૪ | ડોકરીયા ” | દેવ પાટણ |

| | | |
|---|---|---|
| ૬૫ | ડોસલા ” | પ્રભાસપાટણમાં, ધોળકામાં |
| | દ | |
| ૬૬ | દવરા પાર્શ્વનાથ | કાઠીયાવાડમાં મુળી ગામે ઘણીક ચમત્કારીક વાતો સંભળાય છે. |
| ૬૭ | દાદા ” | વડોદરામાં |
| ૬૮ | દાત્રણી ” | |
| ૬૯ | દેવાધિદેવ ” | |
| ૭૦ | દોલતી ” | પાટણમાં |
| ૭૧ | દુધીયા ” | |
| | ત | |
| ૭૨ | ત્રીભુવનભાનુ ” | અહીછત્રામાં હાલ નથી |
| ૭૩ | તી ” | તીવરીમાં |
| ૭૪ | તારસલ્લા ” | |
| | ન | |
| ૭૫ | નવનિધિ ” | અજાગ્રહમાં હાલ નથી |
| ૭૬ | નવલખા | પાલીમાં, દીવમાં |

| | | | |
|---|---|---|---|
| ૭૭ | નવખંડા | ,, | ભાવનગર પાસે ઘોઘામાં |
| ૭૮ | નવસારી | ,, | નવસારીમાં |
| ૭૯ | નવપલ્લવ | ,, | માંગરોલમાં સોરઠ જીલે |
| ૮૦ | નીલવિલાસ | ,, | |
| ૮૧ | નલીન | ,, | |
| ૮૨ | નવ પલ્લીન | ,, | |
| ૮૩ | નવ ફણા | ,, | આબુ ઉપર જીન ચંદ્રસૂરી સ્થાપીત |
| ૮૪ | નાગ ફણા | ,, | દગાવાડીયા ગામમાં |
| ૮૫ | નાગ કુંડા | ,, | |
| ૮૬ | નાગીંદ્રા | ,, | |
| ૮૭ | નારીંગા | ,, | પાટણમાં |
| ૮૮ | નાકોડા | ,, | મારવાડમાં નાકોડા ગામમાં |
| ૮૯ | નાકુંડા | ,, | મારવાડમાં નાકુંડા |
| ૯૦ | નીલઝરા | ,, | |
| ૯૧ | નાગપુરા | ,, | નાગપુર |

| | | | |
|---|---|---|---|
| ૯૨ | નેવ નંગા | ” | |
| ૯૩ | નીલકંઠા | ” | |
| ૯૪ | નેડા | ” | |
| | પ | | |
| ૯૫ | પરોલી પાર્શ્વનાથ | | પરોલીમાં |
| ૯૬ | પારાસલી | ” | |
| ૯૭ | પલ્લવીયા | ” | પાલ્હણપુરમાં |
| ૯૮ | પલ્લાલ ચક્રવર્તી | ” | |
| ૯૯ | પોસીના | ” | પોસીનામાં |
| ૧૦૦ | પુષ્કરાવર્ત્ત | ” | હંડખાતમાં હાલ નથી |
| ૧૦૧ | પંચાસરા | ” | પાટણમાં |
| ૧૦૨ | પ્રશમીયા | ” | |
| ૧૦૩ | પોસલીયા | ” | એરણપુર પાસે |
| ૧૦૪ | પરૌકલ | ” | |
| | ફ | | |
| ૧૦૫ | ફલોધી | ” | મારવાડ જીલ્લે ફલોધી મેડતા પાસે |

| | | | |
|---|---|---|---|
| ૧૦૬ | ફ્લણીધરા | " | |
| ૧૦૭ | ફૂલવિહાર | " | |
| | બ | | |
| ૧૦૮ | બલેજા | " | બલેજામાં માંગરોલ પોરબંદર વચ્ચે |
| ૧૦૯ | બદ્દરીકેદાર | " | હીમાલયની તળેટી નજીક બદ્રીનારાયણનું અન્યમતિનું તીર્થ છે. |
| ૧૧૦ | બીલીપુરા | " | |
| ૧૧૧ | બદ્દરીલા | " | |
| ૧૧૨ | બાહડમેરા | " | |
| ૧૧૩ | બહી | " | મંદસોર |
| ૧૧૪ | બરમેશ્વર | " | |
| ૧૧૫ | બીંબડા | " | |
| | ભ | | |
| ૧૧૬ | ભટેવા પાર્શ્વનાથ | | ચાણસમામાં |
| ૧૧૭ | ભાભા | " | અમદાવાદમાં ડોસીવાડાની પોળમાં |
| ૧૧૮ | ભીલડીયા | " | ડીસાથી આઠ ગાઉ ભીલડી ગામમાં |

| | | | |
|---|---|---|---|
| ૧૧૯ | ભીડભંજન | ” | ખેડપુર ( ખેડામાં ) |
| ૧૨૦ | ભયહર | ” | |
| ૧૨૧ | ભુવડ | ” | |
| ૧૨૨ | ભીનમાલ | ” | ભીનમાલ શહેરમાં |
| ૧૨૩ | ભીલખોડા | ” | |
| ૧૨૪ | ભદ્રેસર | ” | |
| ૧૨૫ | ભોયણુ | ” | |
| ૧૨૬ | ભોયડા | ” | |
| | **મ** | | |
| ૧૨૭ | મનવંછિત પાર્શ્વનાથ | | ગામનેરમાં |
| ૧૨૮ | મનરંજીત | ” | |
| ૧૨૯ | મંત્રાધિરાજ | ” | |
| ૧૩૦ | મહિમા | ” | |
| ૧૩૧ | મનમોહન | ” | પાટણમાં |
| ૧૩૨ | મગસીયા | | |

| | | | |
|---|---|---|---|
| ૧૩૩ | મનોરથ કલ્પદ્રુમ | ” | ચીતોડ |
| ૧૩૪ | માંડવરા | ” | મુળીમા |
| ૧૩૫ | મનરંજન | ” | મહેસાણામાં |
| ૧૩૬ | મહીમાપુરા | ” | મુર્શીદાબાદ જગતશેઠના મકાન પાસે |
| ૧૩૭ | મક્ષીજી | ” | મક્ષીજીમાં ઉજ્જયની પાસે |
| ૧૩૮ | માણેક | ” | |
| ૧૩૯ | મહેમાવાદી | ” | |
| ૧૪૦ | માહાદેવા | ” | પાટણમાં |
| ૧૪૧ | મુચ્છાળા | ” | |
| ૧૪૨ | મુહરી | ” | કેશરીયાની નજીક ટીટોઇ ગામમાં |
| ૧૪૩ | મુડેવા | ” | વગડી ગામમાં મારવાડ |
| ૧૪૪ | મુક્તાગીરી | ” | |
| ૧૪૫ | મેરૂ | ” | |
| ૧૪૬ | મોહન | ” | |
| ૧૪૭ | મોઢેરા | ” | મોઢેરામાં |

| | | | |
|---|---|---|---|
| ૧૪૮ | મંડણુ | ” | |
| ૧૪૯ | મંડોવરા | ” | અયોધ્યામાં જુઓ કનકવિજયજી સ્તવનમાં |
| ૧૫૦ | મુલતાના | ” | મુલતાનમાં |
| ૧૫૧ | મુજપરા | ” | |
| ૧૫૨ | મંડલીક | ” | |
| | ર | | |
| ૧૫૩ | રાણુકપુરા | ” | |
| ૧૫૪ | રાવણુ | ” | અલવરમાં |
| ૧૫૫ | રૂદ્રવા | ” | અમરસાગર ગામમાં |
| | લ | | |
| ૧૫૬ | લોઢણુ પાર્શ્વનાથ | | ડભોઇમાં |
| ૧૫૭ | લોદ્રવા | ” | લોદ્રવા ગામ |
| ૧૫૮ | લોટાણુા | ” | લોટાણુામાં |
| | વ | | |
| ૧૫૯ | વરકાણુા | ” | રાણી સ્ટેશન પાસે વરકાણુા સંવત ૬૧૬ માં |

| | | |
|---|---|---|
| ૧૬૦ | વલી પા[illegible]થ | |
| ૧૬૧ | વહી ” | માલવામાં મંદસોરથી ચાર ગાઉ જીર્ણ ગામમાં |
| ૧૬૨ | વાડી ” | પાટણમાં |
| ૧૬૩ | વીઘ્નહરા ” | ઉદયપુરમાં છે |
| ૧૬૪ | વીશાવલ | |
| ૧૬૫ | વિજય ચિંતામણી પાર્શ્વનાથ | ખંભાતમાં |
| ૧૬૬ | વેલુ ” | ઉનેલમાં |
| ૧૬૭ | વજેષ્ણા ” | |
| ૧૬૮ | વિજુલા ” | |
| ૧૬૯ | વિશ્વગંજ ” | |
| | **સ** | |
| ૧૭૦ | સમીના પાર્શ્વનાથ | સમીના ગામે ઉદયપુરથી બે મૈલ |
| ૧૭૧ | સહસ્ત્રફણા ” | ગીરનાર ઉપર |
| ૧૭૨ | સહસ્ત્રકુટ ” | પાટણમાં |
| ૧૭૩ | સસફણા ” | ભદીલપુર ગયાજીથી સોળ ગાઉ |

| | | |
|---|---|---|
| ૧૭૪ | સમેરીયા ” | રતલામથી ચાર ગાઉ દૂર સેમેરીયા તથા વીગનોદ ગામમાં |
| ૧૭૫ | શામલા ” | સમેત શિખર |
| ૧૭૬ | સલુના ” | |
| ૧૭૭ | શ્રીફલ ” | |
| ૧૭૮ | શ્રીગુપ્ત ” | |
| ૧૭૯ | સીરોડીયા ” | સીરોડીમાં તા૦ શીરોહી |
| ૧૮૦ | સુધદંતી ” | સુધદંતી નગરમાં |
| ૧૮૧ | સ્ફુલીંગ ” | |
| ૧૮૨ | સુકોસરા ” | |
| ૧૮૩ | સુરજમંડન ” | સુરતમાં |
| ૧૮૪ | સુલતાના ” | સિદ્ધપુરમાં |
| ૧૮૫ | શુભ પાર્શ્વનાથ | |
| ૧૮૬ | સુખસાગર ” | અમદાવાદમાં ડોસીવાડાની પોળ |
| ૧૮૭ | સુખલાલ ” | |
| ૧૮૮ | શેરીસરા ” | કલોલ પાસે શેરીસા |

| | | |
|---|---|---|
| ૧૮૯ | સોગટીયા ” | નાડુલાઈમાં |
| ૧૯૦ | સાવલા ” | વઢવાણમાં |
| ૧૯૧ | સમીનાંગ ” | |
| ૧૯૨ | સુરસરા ” | |
| ૧૯૩ | સંખલપુર ” | |
| ૧૯૪ | સોમચીંતામણિ પાર્શ્વનાથ | ખંભાત |
| ૧૯૫ | સંખેશ્વર ” | જીલે રાધનપુર તાબે સંખેશ્વર |
| ૧૯૬ | શંકર ” | |
| ૧૯૭ | શંભુ ” | |
| ૧૯૮ | સાંકલા ” | પાટણમાં |
| ૧૯૯ | સોમનાથ ” | |
| ૨૦૦ | સોરઠ ” | વળામાં સોરઠ તાબે |
| ૨૦૧ | સ્થંભણ ” | ખંભાતમાં |
| ૨૦૨ | સેસલી ” | સેસલી ગામમાં |
| | હ | |
| ૨૦૩ | હરીકંખી પાર્શ્વનાથ | |

| | | |
|---|---|---|
| ૨૦૪ | હ્રીંકાર ” | |
| ૨૦૫ | હલધરા ” | |
| ૨૦૬ | અ | |
| ૨૦૭ | અમીજરા પાર્શ્વનાથ | ખેડામાં |
| ૨૦૮ | અજારા ” | સોરઠમાં વેરાવલ પાસે |
| ૨૦૯ | અલોકી ” | |
| ૨૧૦ | અજાહરા ” | દીવ બંદરે |
| ૨૧૧ | અબળા ” | |
| ૨૧૨ | આધાર ” | |
| ૨૧૩ | અંગુઠીયા ” | |
| ૨૧૪ | અંતરીક ” | વરાડ દેશમાં આકોલા પાસે |
| ૨૧૫ | અંબજા ” | |
| ૨૧૬ | અવંતી ” | ઉજ્જેનમાં |
| ૨૧૭ | ઓંકાર ” | |

| | | |
|---|---|---|
| ૨૧૮ | અહી છત્રા " | અહિછત્રા નગર કુરૂજંગમ દેશે |
| | ઇ | |
| ૨૧૯ | ઇસદપરા પાર્શ્વનાથ | |
| ૨૨૦ | ઇમંદપરા " | |
| | ઉ | |
| ૨૨૧ | ઉમરવાડી પાર્શ્વનાથ | સુરતમાં |
| ૨૨૨ | ઉપસર્ગહર " | કરહેટકમાં હાલ વેરાન થયું છે |
| ૨૨૩ | ઉન્હાવલા " | |

# પાર્શ્વનાથજીની ચમત્કારીક કથાઓ.

## કેશરીયા પાર્શ્વનાથ.

૧.

આકોલાના રહીશ શેઠ ચત્રુભુજ પુંજાભાઇને સંવત ૧૯૬૬ના માહા સુદી પાંચમને સોમવારે રાતના સ્વપ્નું આવ્યું જે 'જાણે પોતે ભાંદકની આસપાસ જંગલમાં રખડે છે, તેવામાં દશ હાથ લાંબો એક કાળો નાગ તેની પાછલ પડયો. ચત્રભુજ જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં નાગપણ તેની પાછળ પાછળ જતો. આખરે તે ફરી ફરીને થાકયો પણ નાગરાજે તેનો કેડો છોડયો નહી. છેવટે નાગને તેણે વિનંતિ કરી કે "હે નાગરાજ ! મેં તમારો કાંઈ અપરાધ કર્યો નથી છતાં તમે શા માટે મારી પાછલ પડયા છો ?"

"મય તુઝે કુચ્છ ચમત્કાર બતલાઉ તું પાંચસો રૂપૈયાકા ખરચા કર." નાગે મનુષ્ય ભાષામાં જણાવ્યું.

"આપ કહેતે હો વહ ઠીક હય લેકીન મય તો કંગાલ હાલતમેં હું. ચાકરી કરકે ઉદર પોષણ કરતા હું. પાંચસેં રૂપૈયા કહાંસે લાવું ?" તેણે જવાબ આપ્યો.

"કયા તું ઇતના રૂપૈયા નહી ખરચ શકતા હય." નાગે કહ્યું.

"મય સચ કહતા હું અભી મેરી પાસ કુચ્છ નહી હય'' તેણે કહ્યું.

"અચ્છા! તું તેરી પીછે દેખ!" નાગરાજે જણાવ્યું.

તે માણુસ નાગનાં આવાં વચન સાંભલીને મનમાં ઘણો મુંઝાયો કે જરૂર હું પાછલ જોઈશ એટલે નાગ મને કરડી ખાશે, છતાં પણ આખરે જ્યારે તેણે બીતાં બીતાં પાછલ જોયું તો આશ્ચર્ય ! તે ઉભો હતો ત્યાં જંગલ નહોતું પરન્તુ એક મોટું નગર હતું. તેમજ તેની સામે પશ્ચિમ મુખી દેહેરાસરમાં શ્રી પાર્શ્વનાથ સ્વામીની પીળા રંગની પ્રતિમા જોવામાં આવી. તરતજ તે તો ત્યાં ભગવંતની સ્તુતિ કરવા લાગ્યો.

નાગરાજ એ અરસામાં બોલ્યા. "દેખ યહ ભદ્રાવતી નગરી ઔર કેસરીયા પાર્શ્વનાથજીકા બડા તીર્થ હય સો અભી વિચ્છેદ હુવા હય. યહ તીર્થકા ઉદ્ધાર કરનેકા તું પ્રયત્ન કર!" નાગરાજ અદ્રશ્ય થતાંજ તરતજ તેની આંખ ઉઘડી ગઈ.

પ્રાતઃકાલે ઓશવાલ પૃથ્વીરાજ બખ્તાવર મલને સર્વ હકીકત નિવેદન કરી પછી માહાસુદી નવમીને દીવસે તે ચત્રભુજ ભદ્રાવતી ( ભાંદક ) રવાને થયા ત્યાં ભાંદકની આસપાસ આખુ જંગલ જોતાં જોતાં છેક સાંજના સાડા ચાર વાગે ભગવંતની પ્રતિમાનાં દર્શન થયાં. પછી સર:

કારમાં અરજી વગેરે કરી તે અને તેની આસપાસની જમીનનો કબજો મેલવ્યો.

જે ઠેકાણે ભગવાન પ્રગટ થયા તે મુખ્ય ગભારો કાયમ છે અને જયાં પબાસણ તુટી ગયુ હતું તે નવુ કરાવ્યું છે તેમજ બીજુ પણ રીપેર કામ કરાવીને તરતજ પુજા વગેરેનો બંદોબસ્ત કર્યો.

ભગવાનની પ્રતિમા સાડા છ ફુટ ફણા સહીત ઉચ્ચી લગભગ છે.

પૂજાનો બંદોબસ્ત કરી સાત મહીને તે તીર્થ ચાંદાના સંઘને સુપરત કર્યું. હાલમાં ત્યાં શ્રી સંઘ તરફથી દેરાસર બંધાઈ પ્રતિષ્ઠા પણ થઈ ગયેલ છે.

ભદ્રાવતી નગરીમાં આ પ્રતિમા ૨૩૦૦ તેવીસસો વરસ પહેલાની છે. આ જગ્યાયે ખોદકામ કરતાં બીજી પ્રતિમાઓ પણ નીકળે તેમ છે.

ઢીમા તાલુકે વાવ શ્રી કેશરીયા પાર્શ્વનાથનું દેરાસર સંવત ૧૮૨૫ માં સંઘવી સંખલમલનું બંધાવેલુંછે.

શેઠ ચત્રભુજ પુજાભાઈ પ્રથમ તેઓ અંતરીક્ષ પાર્શ્વનાથના કારખાનાના મુનિમ હતા, ને હાલમાં તેઓ ભાંદકનોને અંતરીકજીનો વહીવટ કરે છે.

શેઠ કીશનચંદજી હીરાલાલ વર્ધાવાલા પણ દેખરેખ ભાંદકજીની રાખે છે.

કેશરીયા પારસનાથજી પાસે બીજુ દેરાસર નાગપુર-વાલા શેઠ હીરાલાલજી કેશરીમલજી તરફથી પણ બંધાયું છે ત્યાં ધર્મશાલા વગેરેની જોગવાઈ સારી છે.

બેંગાલ નાગપુર રેલવેના વર્ધા સ્ટેશનથી ભાંદક તરફ બીજી નાની રેલવે જાય છે તેમાં ભાંદક સ્ટેશનથી લગભગ મેલ જેટલું દૂર થાય છે.

—⊰:⊱—

## કલિકુંડ પાર્શ્વનાથ.

૨

પાર્શ્વનાથ ભગવંતના સમયમાં અંગદેશનો ધણી ચંપાનગરીનો કરકંડુ નામે રાજા હતો તેની રાજ્યધાની ની નજીક કાદંબરી અટવીમાં કલી નામે પહાડ અને નીચે કુંડ નામે સરોવર હતું. તે અટવીમાં યુદ્ધ કરવામાં ચપલ એવો મહીધર નામે હાથી હતો. એકદા શ્રી પાર્શ્વનાથ ભગવંત છદ્મસ્થાવસ્થામાં વિચરતા છતા કુંડ સરોવર પાસે કાઉસગ્ગ મુદ્રાએ ધ્યાનમાં રહ્યા તેવારે તે પ્રભુને જોઈને ઇહાપોહ કરતાં હાથીને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. તો તેને જણાવ્યું કે “પૂર્વ ભવને વિષે તે હેમંદર નામે બ્રાહ્મણ હતો અને તણે એક સાધુ મહારાજની મશ્કરી કરી. જેથી નમી રાજાએ તેને બાંધ્યો.

એટલામાં સુપ્રતિષ્ટ નામના એક શ્રાવકે આવીને પૂછ્યું કે “ આને કેમ બાંધ્યો છે ” તે વારે રાજાએ જેવી વાત હતી તેવી કહી સંભળાવી. તે બ્રાહ્મણ વામન હતો લોકો દેથી તેની મશ્કરી કરતા જેથી તે મનમાં મોટા શરીરને પણ ઈચ્છતો.

પછી શ્રાવક હેમંદરને લઇને ગુરૂ પાસે ગયો. ગુરૂએ ધર્મોપદેશ આપીને તેને સમક્તિ પમાડયું, કાળાંતરે અનશન કરી નિયાણુ કરી આર્તધ્યાનથી હુ હાથીના ભવમાં આવ્યો છું. એવી રીતે જાતિસ્મરણ જ્ઞાનથી તેણે પોતાનો પાછલો ભવ જાણી પછી ભક્તિયે કરીને હાથીએ કમલો તલાવમાંથી લાવીને ભગવંતની પૂજા કરી. અનુક્રમે ત્યાંથી કાલ કરી ભગવંતની ભક્તિના પ્રભાવે તે હાથી વ્યંતર લોકમાં ( નિકાયમાં ) મહર્ધિક વ્યંતર થયો.

અહીં ભગવાન આવેલા જાણી અંગ દેશનો રાજા કરકંડુ પ્રભાતના વાંદવા આવ્યો, પણ ભગવાન ત્યાંથી વિહાર કરી ગયેલા હોવાથી રાજાને દર્શનનો લાભ થયો નહી. જેથી પોતાના આત્માની તે નિંદા કરવા લાગ્યો. “ધન્ય છે આ હાથીને કે જેણે ભગવાનની પુજા કરી. હુ તો ભાગ્યહીન છું કે જેથી મને તો ભગવાનનાં દર્શન પણ થયાં નહી.” તેના આવા આંતરિક પશ્ચાત્તાપથી ધરણેંદ્રના પ્રભાવે નવ હાથની પ્રતિમા પારસનાથની ત્યાં પ્રગટ થઇ જેથી રાજા ખુશી થયો પછી ભવ્ય દેરાસર બંધાવી ત્રિકાલ

જીનપુજન, નાટક વગેરે કરતો કાલ નિર્ગમન કરવા લાગ્યો તે કલિકુંડ તીર્થ તરીકે પ્રગટ થયું.

હાથીનો જીવ જે મહર્દ્ધિક વ્યંતર થયો છે તે રોજ ભગવંતની સેવા ભક્તિ કરનારા સંઘને સહાય કરવા લાગ્યો. તાવના જંત્ર તથા કલિકુંડ પાર્શ્વનાથના મંત્ર લોકોમાં પ્રકાશ કરવા લાગ્યો. નજીકના ગામડાના ગામડીયા લોકો, ગોકુળી તથા શહેરના લોકો કલિકુંડ તીર્થવાસી તરીકે ઓળખાવા લાગ્યા.

કલિકુંડ તીર્થ કલીકોટ પાસે છે.

પાટણમાં ઢંઢેરીવાડે શ્રી કલિકુંડ પાર્શ્વનાથની પ્રતિમા છે. જે માણસ હરવર્ષે એક હાર પ્રભુને ચડાવે તેને વીંછી કરડતા નહોતા.

અમદાવાદમાં હઠીભાઈની બહારલી વાડીયે ભમતીમાં કલીકુંડ પાર્શ્વનાથની કુંડ સહીત કાઉસગ્ગ ધ્યાને ઉભી મુર્ત્તિ છે.

અમદાબાદમાં ચોમુખજીની પોળમાં ચોમુખજીના દેરાસરમાં કલિકુંડ પાર્શ્વનાથની મોટી પ્રતિમા સંપ્રતિ રાજાના વખતની ભરાવેલી છે.

પાટણમાં કુમારપાલ રાજાએ કુમાર વિહાર બંધાવેલ છે જેમાં ચોમુખજીની ચાર પ્રતિમામાં એક કલિકુંડ પાર્શ્વનાથની મુર્ત્તિ છે.

# કરહેડા પાર્શ્વનાથ

૩

માંડવગઢના મંત્રી પેથડકુમાર તેમના પુત્ર ઝાંઝણ કુમારે તીર્થ યાત્રા કરવા જવાને માટે સંઘ કાઢયો. તેમાં ધર્મઘોષ વગેરે વીશ તો આચાર્ય હતા. સોંધન મંત્રી બે હજાર ઘોડેશ્વાર સહીત સંઘની રક્ષા કરતો હતો. માર્ગમાં યાત્રાઓ કરતાં કરતાં સંઘ અનુક્રમે વાસપુરા ચીતોડ આવ્યો. વાસપુરામાં ચોવીસ તીર્થંકરોની પ્રતિમાઓની સ્થાપના કરાવી, ચીતોડમાં અનેક દેરાસરોનાં દર્શન કરી સંઘ કરહેડા આવ્યો. ઉપસર્ગને હરવાવાલી શ્રી કરહેડા પાર્શ્વનાથની શ્યામ મુર્ત્તિનાં દર્શન કરી ત્યાં મોટો ઓચ્છવ કર્યો તે પછી આચાર્ય મહારાજે સંઘપતિને કહ્યું કે "જે સંઘપતી હોય તે સંઘ જયાં પડાવ નાખે તે ગામમાં દેરાસર ન હોય તો નવુ કરાવે અને જો તેટલી શક્તિ ના હોય તો જયાં તિલક થાય સ્વામી વાત્સલ્ય થાય તે જગાએ તો અવશ્ય પ્રાસાદ કરાવે." એવી રીતે ગુરૂ મહારાજની વાણી સાંભલીને ઝાંઝણ કુમાર તે ગામમાં દેરાસર કરાવા લાગ્યા. દીવસે જેટલુ કામ થતું તેટલું રાતના પડી જતું. બીજે દીવસે બીજી જગ્યાયે તૈયાર કીધુ તો તે પણ પડી ગયુ. એવી રીતે ત્રણ સ્થાનકો બદલ્યાં પણ દીવસના કામ કરે ને રાતના પડી જાય. વલી કરહેડા પા-

ર્શ્વનાથનું જીર્ણ પ્રાય: થયેલું મંદીર સુધરાવવાનું શરૂ કર્યું તો તે પણ ક્ષેત્રપાલ પાડી નાખવા લાગ્યો. એટલુંજ નહી પણ સંઘમાં રોગાદિક ઉપસર્ગ કરવા લાગ્યો તે વારે લોકો કહેવા લાગ્યા કે "આ કોઈ દેવતાનો ઉપદ્રવ છે તો તેને શાંત કરી પછી કામ આગલ ચલાવો."

તે પછી અનેક રીતે અધિષ્ઠાયક દેવોને શાંત કરી ઝાંઝણ કુમારે અરજ કરી કે "હે દેવ! તમે બીજી જગ્યા ન આપો તો ખેર! પણ આ જુનુ દેરાસર નવું કરવાની તો આજ્ઞા આપો?"

પ્રધાનની એવી નમ્ર વાણી સાંભળીને દેવતાએ પ્રસન્ન થઈને તેમનું વચન માન્ય રાખ્યું. પછી સાત માળે સહીત અનેક મંડપે કરીને યુક્ત એવો શીખરબંધ પ્રાસાદ કરાવ્યો. એવી રીતે કરહેડા પાર્શ્વનાથનું ચૈત્ય ઝાંઝણ કુમારે સુધરાવ્યું પછી ત્યાંથી સંઘ આહારપુર આવ્યો અનેક પ્રકારના ત્યાં ઓચ્છવ વગેરે કરી ત્યાંથી નાગડા ગામે આવ્યો. ત્યાં નવખંડા પાર્શ્વનાથની અનેક પ્રકારે ભક્તિ કરી ત્યાંથી જીરાવલી ગામે આવ્યો. ત્યાં જીરાવલા પાર્શ્વનાથની ભક્તિ કરીને અનુક્રમે સંઘ આબુજી આવ્યો. ત્યાંથી સંઘ તારંગા થઇ શત્રુંજય તીર્થની જાત્રા કરી અનુક્રમે પોતાને વતને આવ્યો.

મંત્રી પેથડ કુમારે ચોરાસી દેરાસરો બંધાવેલા છે. વલી છત્રીશ હજાર સોનૈયા જ્ઞાન ખાતે છત્રીશ હજાર સો-

નયા ગુરૂ ભક્તિ ખાતે અને લાખો સોનૈયા સ્વામી વાત્સલ્યમાં ખરચેલા છે.

મંત્રીશ્વરે પોતાના ધર્મદાયક ગુરૂના પ્રવેશ મહોત્સવ વખતે બહોત્તેર હજાર સોના મહોરોથી ગુરૂ ભક્તિ કરી હતી વિશેષ હકીકત જુઓ પેથડ કુમાર ચરિત્રમાં મંત્રીશ્વર પેથડ કુમારે છપ્પન મણ ઘડી સુવર્ણ આપી ગિરનાર પર્વતને શ્વેતાંબરનું તીર્થ બનાવ્યું છે.

## કલ્યાણ પાર્શ્વનાથ.

૪

વીશનગરના દેરાસરજીમાં તીર્થ રૂપ પ્રતિમા છે. તેના મેડા ઉપર સહસ્રફણા પાર્શ્વનાથ છે. બીજે માળે ગોડી પાર્શ્વનાથ છે ત્યાં સંવત ૧૮૬૫ ના ફાગણ માસમાં જીર્ણોદ્ધાર થયો હતો. વડોદરામાં મામાની પોળમાં કલ્યાણ પાર્શ્વનાથનું દેરાસર છે. પ્રતિમા શ્યામ સ્વરૂપ જાત્રા કરવા લાયક છે પેટલાદમાં કલ્યાણ પાર્શ્વનાથનું દેરાસર છે રાધનપુરમાં કલ્યાણ પાર્શ્વનાથનું મોટું દેરાસર છે પંન્યાસ પદમવિજયજી તથા રૂપ વિજયજી મહારાજે પેટલાદમાં કેટલીક વિદ્યાનું સાધન કર્યું હતું વીશનગરથી વડનગર બીજુ સ્ટેશન છે વડનગરનું બીજુ નામ શાસ્ત્રોમાં

આણુંદપુર પણ કથન કરેલું છે. ભરત મહારાજાના વખતમાં ત્યાં સુધી શત્રુંજયની તલાટી લંબાયેલી હતી. ત્યાં પણ દેરાસર જાત્રા કરવા લાયક છે નેમીનાથ ભગવંતની ચોરીની સ્થાપના ત્યાં આગળ છે ત્યાંથી તારંગાજીની રેલ જાય છે.

કલ્યાણ પાર્શ્વનાથનું આગલોદમાં સં. ૧૮૧૨ માં શ્રી સંઘ તરફથી દેરાસર બંધાવ્યું છે. આગલોદ વિજાપુરથી પાંચ ગાઉ થાય છે.

કલ્યાણી પાર્શ્વનાથનું દેરાસર ઉંદરામાં સંવત ૧૯૫૧ ની સાલમાં બંધાવેલું છે.

## કાપેડા પાર્શ્વનાથ.

૫

પ્રાચિન સમયમાં જોધપુર રાજ્યમાં કોઈ મોટા હોદ્દા ઉપર જેતારણ નામે શેઠ અધિકારી હતા. કોટયાધીશની ઋદ્ધિ તેમની પાસે હતી. અન્યદા રાજ્યના ગુન્હામાં આવવાથી રાજ્યના નોકરો તેમને બેડીઓ નાખીને અને બાંધીને લઇ જતા હતા. રસ્તામાં કાપેડા ગામે રાત પડી જવાથી રાજપુરૂષોએ ત્યાં મુકામ કર્યો. ત્યાં રાતના જેતારણ શેઠને કાલ ભેરવ દેવે સ્વપ્નુ આપ્યું કે "તારી સવામણની બેડીઓ તુટી જશે અને રાજા તારો સત્કાર

કરી તારી ઉપર પ્રસન્ન થઈ આબરૂ ઇજ્જતમાં વધારો કરે તો આ કરંડાના ઝાડ નીચે નીલવર્ણે શ્રી પાર્શ્વનાથજીની પ્રતિમા છે, તે ઘણી પ્રભાવવાળી અને ચમત્કારીક હોવાથી તું તેને પ્રગટ કરી મોટુ દેરાસર બંધાવી મોટા મહોત્સવ પૂર્વક સ્થાપન કરજે" એમ કહી ભૈરવ અદૃશ થઇ ગયો પછી પ્રભાતના જેતારણ શેઠને જોધપુર લઇ ગયા, રાજસભામાં ખુદ રાજાની સન્મુખ રજુ કરવામાં આવ્યા. આ વખતે જેતારણ સ્વપ્નુ ચીંતવવા લાગ્યા અને પાર્શ્વનાથનું હૃદયમાં ધ્યાન ધરવા લાગ્યા, ત્યાં રાજસભામાં સર્વના જોતાં છતાં તેમની બેડીઓ તુટી ગઇ. રાજા તેમજ સભા આશ્ચર્ય પામી પછી રાજાએ પણ તેનું સન્માન સત્કાર કરી ઘણા માન સહીત તેને વિદાય કર્યો.

પછી તેમણે કાપેડા ગામે આવી કરંડાના ઝાડ પાસેથી પ્રતિમાજી પ્રગટ કર્યાં ત્યાં મોટુ દેરાસર બંધાવી મોટા ઓચ્છવ પૂર્વક પ્રતિષ્ઠા કરી. સં. ૧૬૭૫ માં દેરાસર બંધાવતાં જમીનમાં ખોદ કામ કરતાં માંહે ધનથી ભરેલો સુવર્ણનો ચરૂ દેખાયો.

જક્ષે પણ સ્વપ્નામાં જેતારણને કહ્યું કે "આ ચરૂ ઉંધો કરીશ નહીં એટલે એમાંથી ધન કદાપિ ખુટશે નહી."

દેરાસરની નીચે ભોંયરામાં કાલભૈરવની પણ સ્થાપના કરી. દેરાસરનું કામ ચાલતુ હતું તેવામાં જેતારણ શેઠ

રાજ્ય સંબંધી કાર્ય પ્રસંગે જોધપુર ગયા તે વખતે તેના કુંટુંબમાંથી કોઈએ ચરૂને ધન કહાડવા માટે ઉઘો કર્યો. તે દીવસથી શેઠ પાસેથી ધન જતું રહ્યું. ને દેરાસર પણ અધુરૂ રહ્યું. એક ભોંયરૂ લાંબુ છગાઉ સુધીનું એ દેરાસરજીમાં છે ને ત્યાંથી બાજરગઢ પાસે ડુંગરામાં નીકલાય છે.

મારવાડમાં એક એવી કહેવત છે કે 'આ દેરાસરજીના શિખર ઉપર જે વરસે મોર બેસે તે વરસે દુકાળ પડે.'

આ દેરાસરજીના સ્થંભ એટલા તો મોટા છે કે જેથી જોનારને એમ લાગે કે આ દેરાસર કોઈ દેવ સાનિધ્યથી બંધાયુ હશે કાલ ભૈરવની આજે પણ બહુ માનતા ચાલે છે પાલીવાલા આ તીર્થ સાચવે છે.

કાપેડામાં પરઘર સહીત એક પ્રતિમાજી લીલવર્ણે ઘણાજ મનોહર છે દેરાસર ચાર મજલાનું શીખરબંધ પત્થરનું ચાર મુખવાળુ પણ પ્રતિમાજી એક છે.

શ્રી ફલોધી પાર્શ્વનાથના તીર્થની પાસે હીલાડ નામે ગામ છે તેની પાસે કાપેડા ગામ છે જે જોધપુર રાજ્યમાં આવેલું છે અહીંયાં કાપેડા પાર્શ્વનાથનું તીર્થ છે.

કાપેડા પાર્શ્વનાથને સ્વયંભુ પાર્શ્વનાથ પણ કહે છે. કાપેડા ગામ હોવાથી કાપેડા પાર્શ્વનાથ નામ પડયું છે. દંત કથા ઉપરથી.

# કાશી શ્રી પાર્શ્વનાથ જન્મભૂમિ.

## વાણારસી.

૧

ગંગા નદીના કિનારા ઉપર આ શહેર આવેલું છે. અહીંયાં પાર્શ્વનાથનાં ચાર કલ્યાણક થયાં છે. તેમજ બીજા ત્રણ તીર્થંકરોનાં પ્રત્યેકનાં ચાર ચાર મલીને બાર કલ્યાણકો થયાં છે એમ કુલે સોળ કલ્યાણકો અહીંયાં થયાં છે.

અહીં રામઘાટ ઉપર બાલચંદ્રજીના ગુરૂ કુશલાજીએ મહા પરિશ્રમે પાર્શ્વનાથજીનું દેરાસર બંધાવેલું છે જે કુશલાજીનું દેરાસર કહેવાય છે તેમજ બીજાં આઠ દેરાસર જુદાં જુદાં જાત્રા કરવા લાયક છે.

૧ ભીલુપુરમાં—ભગવાન પાર્શ્વનાથનાં ચ્યવન, જન્મ, દીક્ષા અને કેવલ એમ ચાર કલ્યાણક થયાં છે તેમનું દેરાસર છે ત્યાં દાદાનાં પગલાં છે.

૨ ભદેલીમાં—સાતમા સુપારસનાથનાં ચ્યવન, જન્મ, દીક્ષા અને કેવલ કલ્યાણક એમ ચાર કલ્યાણક થયાં છે, તેમનું ગંગાનદીને કીનારે રાજા વચ્છરાજનું બંધાવેલુ રમણીય દેરાસર છે.

૩ સીંહપુરીમાં—અગીયારમા શ્રેયાંસનાથનાં ચ્યવન,

જન્મ, દીક્ષા અને કેવલ એ ચાર કલ્યાણક સીંહ- પુરીમાં થયાં છે ધર્મશાલા, બાગ દેરાસર વગેરે સારૂ છે. કાળે કરીને આજે તે કાશીથી બે કોશ દૂર છે.

૪ ચંદ્રાવતીમાં—આઠમા ચંદ્રપ્રભુનાં ચ્યવન, જન્મ, દીક્ષા અને કેવલ કલ્યાણક એ ચાર કલ્યાણક ચંદ્રાવતીમાં થયાં છે. આજે તે કાશીથી લગભગ છકોશ દૂર અને સીંહપુરીથી લગભગ ચાર કોશ દૂર થાય છે ધર્મશાળા, દેરાસર, ગઢ વગેરે બંધા- વેલો છે. ચંદ્રાવતી ગંગાનદીને કીનારે જંગલમાં તીર્થ છે. રમણીય અને જંગલની કુદરતી ભૂમિથી ઘણુંજ રમણીય અને જોવા યોગ્ય છે. વસ્તી તેની આસપાસ થોડીક છે અને તે ઝુપડાં બાંધીને રહે છે પણ આપણા તીર્થથી લગાર દૂર છે.

સીંહપુરી પણ જંગલમાંજ તીર્થ છે.

એવી રીતે કાશીમાં આપણાં સોળ કલ્યાણક થયાં.

આ પ્રખ્યાત કાશી શહેરમાં ત્રેવીશમા તીર્થંકર પાર્શ્વનાથ આજથી લગભગ ૨૮૦૦ વર્ષ પહેલાં કાશી નરેશ અશ્વસેન રાજા અને તેમની રાણી વામાદેવી માતાની કુખે દશમા દેવલોકમાંથી પોતાનુ દેવ આઉષ્ય સંપૂર્ણ થવાથી ત્યાંથી ચવીને અહીંયાં મનુષ્યપણે ઉત્પન્ન થયા.

તે તીર્થંકર ભગવંતના અવતાર સ્વરૂપ હોવાથી અનંત શક્તિવાન અને જન્મથીજ ત્રણ જ્ઞાને કરીને સહીત ઉત્પન્ન થયાં. તે કાલને અનુસરીને સો વર્ષના મધ્યમ આયુષ્યે ભગવંત ઉત્પન્ન થયા. પછી તરૂણાવસ્થામાં તેમનાં લગ્ન થયાં કેટલાંક વરસ સંસારમાં રહીને ત્રીસ વરસની ઉમરે ભગવંતે દીક્ષા ગ્રહણ કરી. અર્થાત સંસાર ત્યાગ કરી સાધુપણુ અંગીકાર કર્યું. તીર્થંકરો જન્મથીજ વૈરાગ્યવંત, ત્રણ જ્ઞાને સહીત હોવાથી ભુત ભવિષ્ય અને વર્ત્તમાન સર્વ કંઈ જાણી શકે છે, દીક્ષાં વખતે તેમને ચોથુજ્ઞાન ઉત્પન્ન થાય છે તે પછી જ્યાં સુધી સકલ કર્મનો ક્ષય ન થાય ત્યાં સુધી તીર્થંકર ભગવંતો મોનપણે વિચરી હમેશાં ધ્યાનમાંજ લયલીન રહે છે. પણ ઉપદેશ વગેરે કરતા નથી કેવલજ્ઞાન ઉત્પન્ન થાય ત્યાર પછી તેઓ જગતને ઉપકાર કરી અનેક ભવ્ય જીવોને પ્રતિબોધ પમાડી પોતે તીર્થંકર નામ કર્મ ખપાવે છે.

ભગવંતને દીક્ષા લીધા પછી ચોરાસીમે દીવસે વાણારસી નગરીનાજ ઉદ્યાનમાં તેમને કેવલ જ્ઞાન ઉત્પન્ન થયું. ચોરાસી દીવસ ન્યુન સીત્તેર વર્ષ પર્યંત કેવલ જ્ઞાનપણે જગત ઉપર ઉપકાર કરી અનેક ભવ્ય જીવોને મોક્ષ નગર પ્રત્યે પહોચાડયા. પાર્શ્વનાથ ભગવાનનું આયુષ્ય સો વરસનું હતું. શરીરે નીલવર્ણ, સર્પ લંછન, અને નવ હાથની કાયાવાળા એવા મહાન્ સમર્થ તીર્થંકર હોય

છે. ચોસઠ ઇંદ્રો, દેવતાઓ અને સકલ મનુષ્યો એકઠા થાય તોપણ તીર્થંકરના બલના અનંતમા ભાગ સરખુ આખા ત્રણ લોકનું બળ પણ થતું નથી, એવા એ અનંત શક્તિવાન હોય છે. જે અનંત શબ્દનો અર્થ સમજે છે તે આ બાબત સહેલાઇથી સમજી શકે છે. એવા અનંત શક્તિવાન છતાં પ્રભુ પોતાનું બળ જગતને બતાવતા નથી. દીક્ષા લીધા પછી એક કંગાલ કે સમર્થ, મનુષ્ય કે દેવ તેના કરેલા ઉપસર્ગો પણ પોતે કર્મના નાશને અર્થે મધ્યસ્થ ભાવે સહન કરે છે કેમકે પોતાના જીવિતવ્યમાં પણ પોતે નિસ્પૃહ હોય છે જો મરણાંત ઉપસર્ગ થાય તો તે માટે પણ પોતે પ્રયત્ન કરતા નથી પણ તેમનું ગરીષ્ટ તીર્થંકર નામ કર્મ જે અક્ષયપણે હજી પડેલું છે તે ઇંદ્રાદિકને આસનકંપ વડે કરાને જાગૃત કરે છે કર્મની અથાગ શક્તિ હોય છે. તેની આગળ ઇંદ્ર ચંદ્ર કે ચક્રવર્ત્તી સર્વ કોઇ લાચાર છે. ખુદ તીર્થંકર ભગવંતોને પણ કર્મ ભોગવવાં પડે છે. કર્મનું સુક્ષ્મ સ્વરૂપ જે સમજે છે તે સહેલાઇથી સમજે છે. કર્મોના સ્વરૂપ માટે જુઓ કર્મ ગ્રંથ! અથવા તો સ્વતઃ ભાવીભાવને યોગે પણ ઉપયોગ આપવાથી ઇંદ્રાદિકોને ખબર પડે છે અને ભક્તિને અર્થે જટ દોડી આવી ઉપસર્ગનું નિવારણ કરે છે. પરન્તુ ભગવંત તો નિસ્પૃહજ રહે છે.

એવી રીતે પાર્શ્વનાથ ભગવાન સો વર્ષનું આયુષ્ય

પુર્ણ કરી સમેતશિખર ઉપર પોતાના તેત્રીસે શિષ્યોન સાથે પદ્માસને અનસન પુર્વક ધ્યાનમાં સ્થીતિકરી આયુષ્ય પુર્ણ થયે શરીરથી હમેશને માટે મુકત થઈ મુક્તિમાં ગયા. જ્યાં શરીર નથી જ્યાંથી ફરી આવવાપણુ નથી, જ્યાં દુઃખ નથી. અનંતાનંત કાલ જાય તોપણ સંસારમાં તેમને મુક્ત જીવોને શરીર ધારણ કરવાપણું રહેતું નથી. કેમકે આત્મા અને શરીરના સંબંધમાં મુખ્ય કારણ કર્મ છે. તે કર્મનો તેમણે સર્વથા નાશ કરવાથી બળેલા બીજની માફક પછી સંસારરૂપ અંકુરો ફુટતો નથી. મુક્તિમાં તેમને અનંતુ સુખ હોય છે જેનું સ્વરૂપ બીજાને એકદમ સમજતાં મુશ્કેલ જેવું લાગે છે, વિશેષ હકીકત માટે જુઓ જૈન સાહિત્ય.

તીર્થંકર ભગવંતને કેવલજ્ઞાન થયા પછી તે મુક્તિમાં જાય ત્યાંસુધી જઘન્યથી ( ઓછામાં ઓછા ) એક કરોડ દેવતાઓ તેમની સેવામાં સાથેજ રહે છે કે જેઓ ભગવંતના ખાસ શિષ્યો હોય છે ભગવંતની માફક પોતે પણ સંસારથી મુક્ત થઈ મુક્તિમાં જાય તે માટે શુદ્ધ મનથી તીર્થંકરની ભક્તિ કરે છે જેથી તીર્થંકરના વિતરાગપણાની અસર પોતાને થાય તો ત્યાંથી મનુષ્યમાં આવ્યા પછી પણ વૈરાગ્યવંત થયો થકો સંસારથી મુક્ત બની તે મુક્તિનો રાગી બની શકે.

એવી રીતે જે મનુષ્યો પણ ભગવંતનું આરાધન

કરે છે તેને તેની શ્રદ્ધાની કસોટી થતાં તરતજ ભગવંતના શિષ્ય દેવતાઓ તેની ઇચ્છા પુર્ણ કરે છે. અથવા તો પ્રાણી જો નિસ્પૃહ હોય તો તેના કર્મનો નાશ થઇ મુક્તિને માટે તે થાય છે. પાર્શ્વનાથનું (આદેય નામ) અધીક હોવાથી તેની ભક્તિ કરતાં પ્રાણીને તેજ ભવમાં તેનો પ્રગટ પ્રભાવ જણાય છે. અને યાવત હમેશ ભક્તિ કરવાથી સંસારમાં સુખવાળો થઇ સંસારને ટુંકો કરીને મુક્તિને ટુંક ભવમાં નજીક કરે છે. ભગવાનના પ્રભાવ માટે તેમના શિષ્ય દેવતાઓ જાગૃત હોય છે. તમારૂં મનોબળ, આત્મબળ, શ્રદ્ધા, ભક્તિ શુદ્ધપણે હોય તો આજે પણ પવિત્ર આત્માઓએ ચોકસ વીધિપુર્વક આરાધન કરી નજરે જોઇ લેવું.

પાર્શ્વનાથ અને મહાવીર સ્વામીને અઢીસો વરસનું અંતર છે ને મહાવીર સ્વામીને નિર્વાણ થયે આજે ૨૪૪૬ વરસ થયાં છે.

કાશીએ દેશને નામે ઓળખાતો, અને તેને બદલે પૂર્વે તે વાણારસી નગરી પણ કહેવાતી. આજે એ વાણારસીનું અપભ્રંશ બનારસ થઇ ગયું છે. અને તેનું બીજું નામ કાશી પણ કાયમ રહ્યું છે. તેજ કાશી તેવીશમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથની જન્મ ભૂમિ હતી. એજ પાર્શ્વનાથનાં ૧૦૮ નામ તેમના ચમત્કારો, દંતકથાઓ સહીત છે તેમજ ૧૦૦૮ નામ પણ શાસ્ત્રમાં કહેલાં છે.

તીર્થંકરોમાં તીર્થંકરપણાની ઋદ્ધિએ કરીને સર્વ તીર્થંકરો સમાન હોય છે. તેમજ દેહમુક્ત થયા પછી સિદ્ધાવસ્થામાં પણ સર્વે સરીખા હોય છે છતાં જગતમાં આ તીર્થંકર પુરીસાદાની હોવાથી તેમની ભક્તિ કરનાર પોતાનું ઇચ્છિત જલદી મેલવી શકે છે.

બાવીશમા નેમીનાથ પછી પાર્શ્વનાથનું અંતર ત્યાસીહજાર સાડી સાતસો વર્ષોનું છે તે બન્ને તીર્થંકરોના અંતરમાં છેલ્લા ( બારમા ) ચક્રવર્તી બ્રહ્મદત્ત સાતસો વરસના આયુષ્યવાલા ઉત્પન્ન થયા છે. જે સમસ્ત ભરતના અધિપતિ હતા પણ મરીને અહીંયાંથી સાતમી નરકમાં ગયા છે.

## કુંડલપુર પાર્શ્વનાથ

### ૭

પુર્વે કુંડલપુર નગરમાં કોઇ જૈનધર્મી રાજા હતો. તે રાજાને એક પુત્ર હતો જેની અવસ્થા લગભગ અઢાર વર્ષની હતી. તેનાં લગ્ન કરતી વખતે ચોરીમાં ફેરા ફરતાં વેરાનુબંધે કરીને ગુપ્તપણે કોઇ સર્પ દંશથી કુમાર તરતજ મુર્છા પામ્યો. જેથી ઉભય રાજ્ય કુટુંબ ઘણુંજ આક્રંદ કરવા લાગ્યું. છેવટે મરણ પામેલા કુમારને અગ્નિ-

દાહ દેવાને સ્મશાન ભૂમિમાં લઈ ચાલ્યા. તે વખતે કુંવરીએ કહ્યું કે "હું પણ મારા પતિ સાથે બળી મરીશ" તેથી તે પણ સ્મશાન ભૂમિમાં સાથે ગઇ ત્યાં ગયા પછી કુંવરીએ કહ્યું કે "હાલ કુમારને અગ્નિદાહ દેવો બંધ રાખો અને મને ત્રણ દિવસની મુદત આપો. તમે સર્વે પોતપોતાના સ્થાનકે જાવ. અને મને કોઈ ઉપદ્રવ ન કરે માટે થોડે થોડે છેટે પહેરો મુકી ઘો." કુંવરીનું વચન માન્ય રાખી તેને ફરતો પહેરો મુકી રાજા પ્રમુખ સર્વ લોક ગામમાં ગયા.

કુંવરીએ છાણુવેલુની પ્રતિમા બનાવી તેની સામે નવકારવાલી લઈ ત્રણ દિવસ રાત્રી સુધી પાર્શ્વનાથનો મંત્ર ગણતી સ્મરણ કરતી પાર્શ્વનાથનું ધ્યાન ધરતી બેઠી. ત્રીજી રાતના પાછલા ભાગમાં પાર્શ્વનાથ ભગવંતનો સેવક પારસ નામે યક્ષ દેવતા વ્યંતર લોકમાંથી મંત્રથી ખેંચાયો છતો એકદમ કન્યા આગળ પ્રગટ થયો તેણે પ્રગટ થઈ તરતજ વરદાન આપ્યું કે "શોભાગ્યવંતી થા! તારે આઠ દિકરા થશે."

કુંવરીએ કહ્યું. "દેવ! આપે મને વરદાન તો આપ્યું પણ આ ભવમાં તો હું રંડાણી છું. આપનું વરદાન હવે આવતા ભવમાં ફલશે આ ભવમાં તો નહી. કેમકે જેની સાથે મારો મેલાપ થયો છે તે તો મોતને આધીન થયો છે."

તોપણ દૃઢતાને તેણે કીધું કે "તારે અખંડ ચુડો ને આઠ દીકરા થશે." એમ કહી દેવે કુમાર ઉપર અમૃત છાંટયું. ને રાજકુમાર સજીવન થયો. દેવતા અદૃશ્ય થઇ ગયો. ત્યાર પછી કુમાર અને કુંવરી બન્ને ભગવંતની મુર્ત્તિ આગળ ધ્યાન ધરીને બેઠાં હતાં; તેવામાં સવારમાં રાજા વગેરે સર્વ કોઇ સ્મશાનમાં આવ્યા, ને કુમારને સજીવન થયેલો દીઠો. સર્વ કોઇ આશ્ચર્ય પામ્યા. પછી વાજતે ગાજતે નગરમાં પ્રવેશ કરવા માંડયો. ભગવંતને ઉપાડવાને ઘણા માણસોએ મહેનત કરી પણ ભગવંતની પ્રતિમાને કોઇ ઉપાડી શક્યું નહી. પછી કુંવરીએ હાથેથી પોતાના મસ્તકે સ્થાપી વાજતે ગાજતે નગરમાં પ્રવેશ કર્યો. મોટું દેરાસર કરાવી તે પ્રતિમાને પ્રતિષ્ઠા કરીને પધરાવી. તે વખતે શ્રાવક સમુદાય અધીક હોવાથી તેની સેવા પુજા સારી થતી.

હાલમાં ત્યાં બે ઘેર શ્વેતાંબરનાં છે ને ત્રણ ઘર બીજાં મળીને પાંચ ઘર સેવા ભક્તિનો લાભ લે છે.

રાજા શ્રીપાલ વીણા વગાડી કુંડલપુરની રાજકુંવરીને પરણ્યા હતા. જેથી કુંડલપુર પ્રથમ મોટુ શહેર હશે એમ અનુમાન થાય છે વળી ત્યાં ડુંગર ઉપર તે વખતનાં જુનાં દેરાસર છે. પણ હાલમાં ત્યાં એક દેરાસરજીમાં પદમાવતીની મુર્ત્તિ છે અને એક મહાવીર સ્વામીનાં પગલાંની દેરી છે. બીજા દેરાસરજીમાં પ્રતિમાજી છે. પણ

ખંડિત છે તેમાં રામ લક્ષ્મણ હનમાન વગેરેને સ્થાપેલા છે. અને એક દેરાસરમાં પાર્શ્વનાથની બે પ્રતિમાઓ ડુંગરમાં કોરી કાઢેલી છે. પણ ઉપર ચડવાનું ઘણું કઠણ છે ત્યાં દેરાસર છે તે શ્રીપાલ રાજાના વખતનાં છે.

—✻○✻—

## કુકુંટેશ્વર પાર્શ્વનાથ.

૮

પાર્શ્વનાથ ભગવાન છદ્મસ્થાવસ્થાએ વિચરતા વિચરતા રાજપુર નગરી સમીપે કાઉસગ્ગ મુદ્રાએ રહ્યા. તે વખતે રયવાડીથી પાછા ફરતાં ઈશ્વરરાજા એ રસ્તામાં પાર્શ્વનાથને કાઉસગ્ગ ધ્યાને રહેલા જોઈ ભગવંતની સ્તુતી કરવા માંડી. "હે ભગવંત ? હે અશ્વસેન રાજાના કુમાર ! હે પાર્શ્વનાથ ! હે જીનરાજ તમે જયવંતા વર્ત્તો !"

એ પ્રમાણે મનમાં તેમની સ્તુતી કરતા ઇશ્વર રાજા હાથી ઉપરથી ઉતરીને ભગવંતને નમન કરી સ્તુતી કરવા લાગ્યો. ભગવંતને જોતાં ઈહાપોહ કરતાં તેમને જાતિસ્મરણ જ્ઞાન થયું. ને તરતજ મુર્છા આવી, મંત્રી વગેરે રાજપુરૂષોએ અનેક ઉપચારો કરતાં જ્યારે રાજાની મુર્છા વળી, ત્યારે પ્રધાને પુછ્યું કે "હે સ્વામિન ! આપને કેમ મૂર્છા આવી ?"

રાજાએ કહ્યું કે "હે પ્રધાન ! મુર્ચ્છાનું કારણ સાંભળ ! હમણાં મને જાતિસ્મરણ જ્ઞાન થયું છે જેના પ્રભાવથી હું મારા પુર્વના ભવ જોઇ શકું છું, પુર્વભવમાં હું ચારૂદત્ત નામે મનુષ્ય હતો આખા શરીરે મને કોઢનો રોગ નીકળ્યો હતો. દુઃખથી કંટાળી હું ગંગા નદીમાં પડતું મુકતો હતો. તેવામાં કોઇ વરસી નામના મહાત્મા સાધુ પુરૂષે આવી મને બોધ પમાડયો અને પાંચ અનુવ્રત આપ્યાં. પછી ધર્મ ધ્યાનમાં જેનુ ચિત્ત છે એવો હું પાંચ અણુવ્રતને પાલતો ઈન્દ્રીયોનું દમન કરતો કષાયોને જીતતો કાલ નિર્ગમન કરતો હતો.

અન્યદા હું દેરાસરમાં જઈ પ્રભુને પ્રણામ કરતો હતો. તે અરસામાં પુષ્કળી નામના શ્રાવકે ગુણસાગર નામના મુનિને પુચ્છયું. "આ કોઢીયો દેરાસરમાં આવે છે તેનો દોષ ખરો કે નહી ?"

ત્યારે મુનિરાજે કહ્યું કે "આજેજ એ મરીને કુકડો થશે."

એ વાત મારા સાંભળવામાં આવવાથી મને ઘણો ખેદ થયો. પછી ગુરૂ મહારાજે મને કહ્યું કે "મહાનુભાવ ! તું ખેદ કર નહી ! કુકડાના ભવમાં પણ તું જાતિસ્મરણ જ્ઞાન પામશે, તેવારે તું અણસણ કરી ત્યાંથી આયુષ્ય પુર્ણ કરી રાજપુર નગરીમાં ઈશ્વર નામે રાજા થશે. ત્યાં પ્રભુને જોતાં તને જ્ઞાન થશે."

હું સંતોષ પામ્યો. પછી અનુક્રમે તે સર્વ મેં અનુભવ્યું ને હાલ ઇશ્વર નામે રાજા થયો પ્રભુને જોતાંજ મને જાતિસ્મરણ જ્ઞાન થયું છે, "

એવી રીતે મંત્રી આગળ ખુલાસો કરી ભગવંતને વંદન નમસ્કાર કરી પોતાને ઠેકાણે આવ્યો. અને ભગવાન્ પણ વિહાર કરી ગયા. તે જગ્યાએ રાજાએ મોટો પ્રાસાદ બંધાવી પાર્શ્વનાથના બિંબની સ્થાપના કરી તેમને કુકડાનું ચિન્હ કરાવ્યું. તે કુર્કુટેશ્વર તીર્થ પ્રસિદ્ધ થયું.

ઇશ્વર રાજા પણ અનુક્રમે સિદ્ધિ પદને વરસે.

જીનપ્રભસૂરિએ તિર્થકલ્પમાં કલિકુંડ અને કુરકુટેશ્વર એ બે તીર્થનું વર્ણન લખ્યું છે.

---

## કોકા પાર્શ્વનાથ.

૯

પાટણની ગાદીએ રાજા સિદ્ધરાજ રાજ્ય ચલાવી રહયો હતો, એક દિવસ હાથી ઉપર બેસી તે રયવાડીયે ફરવા જતા હતા ત્યાં માર્ગમાં મલીન વસ્ત્ર યુક્ત અભયદેવ સૂરિને જોતાં તેમની સ્તુતિ કરી તેમને ગીમતામાં ઉતાર્યા ને મલ્લધારીનું બિરૂદ આપ્યું. તેમની પાટે ગંધહસ્તી સમાન મલધારી હેમચંદ્રસૂરિ થયા. તે પ્રતિ દિવસ ચોમાસામાં ગીમટામાં જઈ વ્યાખ્યાન આપતા હતા.

એક દિવસ હેમચંદ્રસૂરિ ગીમતામાં વ્યાખ્યાન આપવા આવ્યા તે વખતે ત્યાં ગોઠીયો બળી બાકુલાની તૈયારી કરતા હોવાથી મલધારીને વ્યાખ્યાન વાંચવાની ના પાડી. અને જણાવ્યું કે " આ ઠેકાણે અમારે બલીબાકુલાનો માંડવો રચવો છે "

મલધારીયે જણાવ્યું કે, " ચોમાસામાં વખાણ બંધ રહે નહી, જેથી થોડીવાર સુધી વાંચીશ. " ગોઠીયોયે તે વાત પણ અંગીકાર કરી નહી, ને વખાણ વાંચવાની મના કરી, ગુરૂ નારાજ ચિત્તે પાછા ઉપાશ્રય આવ્યા.

એવી રીતે ગુરૂનું ચિત્ત ઉદાસ જાણીને સોનાર વંશના દેવનાયક શેઠે દેરાસર બંધાવવાને જગ્યા માગી પણ જગ્યા મળી શકી નહી. ત્યારે કોકા શેઠ પાસે જગ્યા માગી. ગોઠીયોની મના છતાં કોકા શેઠે રૂપૈયા આપવાથી જમીન આપી. પછી પરીવાર સહીત ગુરૂ કોકા શેઠના ઘેર આવવાથી શેઠે ઘણી ભક્તિ કરી. તેવારે કોકા શેઠે જણાવ્યું કે " ગોઠીયોની મના છતાં મેં તમને જમીન આપી છે પણ મારૂ નામ રહે તેમ કરજયો. " શ્રાવકો અને આચાર્યે તેમણે એ વાત કબુલ કરી, ગીમતામાં દેરાસર બંધાવ્યું, અને પાર્શ્વનાથની પ્રતિમા સ્થાપન કરી, કોકા પાર્શ્વનાથ નામ સ્થાપન થયું, અને ગીમતામાં તે પાડાનું નામ પણ કોકાનો પાડો એવું રાખી કોકાશેઠનું નામ કાયમ રાખ્યું.

એક વખતે માળવાના રાજાયે ભીમદેવને હરાવીને પાટણ ભાગ્યું ને પાર્શ્વનાથની પ્રતિમા ખંડિત કરી તેવારે સોનારકુલમાં ઉત્પન્ન થયેલા એવા રામદેવ અને આશાધન એ બન્ને શ્રાવકોએ તેનો ઉદ્ધાર કરવાનો આરંભ કર્યો. અને વિચાર કર્યો કે આરાસન પહાડમાં સ્ફટિક રત્નના ત્રણ કકડા છે જે રત્નનાં ભગવાન માટે બિંબ ભરાવશું. તો વિનાશ થશે નહી એમ ત્રણ બિંબ કરાવા ધાર્યું પણ તેમને સંતોષ થયો નહી, જેથી અભિગ્રહ કર્યો કે "પાર્શ્વનાથનાં બિંબ ન ભરાય ત્યાં સુધી ભોજન કરવું નહી." એવી રીતે ગુરૂએ પણ અભિગ્રહ લીધો અનુક્રમે આઠમો ઉપવાસ થયો તે વારે સ્વપ્નામાં એવું દેખાયું કે "દેરાસરની પાસે ફુલ તથા અક્ષત દેખાય ત્યાંથી આરાસનની ખાણના ત્રણ ટુકડા ખોદી કાઢીને તેનાં બિંબ ભરાવજો.'

પછી ત્યાંથી તેઓએ સ્ફટિકના ત્રણ ટુકડા કાઢીને તેનાં બિંબ ભરાવી સંવત ૧૨૬૨ ની સાલમાં દેવાનંદસૂરિ પાસે પ્રતિષ્ઠા કરાવી કોકા પાર્શ્વનાથ એવું પુર્વનું નામ કાયમ રાખ્યું.

રામદેવના પુત્રનું નામ ત્રિલોવન, તેના પુત્ર જાજા, જાજાના પુત્ર મલ ને મલના પુત્રનું નામ દેલન જેઓ પ્રતિ દિવસ કોકા પાર્શ્વનાથજીની સેવા ભક્તિ કરે છે. દેલનને કેશરીયા પાર્શ્વનાથના અધિષ્ઠાયકે સ્વપ્નુ આપ્યું કે "કેશ-

રીયા પાર્શ્વનાથને પુજવાથી જે ફલ મલે છે તેજફલ આ બિંબને પુજવાથી પણ મલશે " જેથી લોકો સંખેશ્વર પાર્શ્વનાથની માફક અધિકાધિક પૂજવા લાગ્યા. ને તેમને ફલ પણ મલવા લાગ્યું. સંખેશ્વર પારસનાથની પૂજાથી જે લાભ થાય તેવોજ લાભ કોકા પારસનાથને પૂજવાથી થાય છે.

## કંકણ પાર્શ્વનાથ.

૧૦

ફુલનો હાર ચઢાવવાથી વીંછી કરતા નથી. આતીર્થ પાટણમાં આવેલું છે.

## કંબોઇ પાર્શ્વનાથ.

કંબોઈ ગામે કંબોઈ પાર્શ્વનાથનું દેરાસર છે.

## ખામણા પાર્શ્વનાથ.

૧૧

રતલામથી વીશ ગાઉ ભોયાંવર ગામે ખામણા પાર્શ્વનાથજીનું દેરાસર છે. તે ઘણુ જુનુ અને ચમત્કારીક છે.

## ખોચામંડન પાર્શ્વનાથ.

૧૨

જયપુર પાસે પહાડમાં ખોહ નામે ગામ છે ત્યાં ખોહા મંડન પાર્શ્વનાથનું દેરાસર છે તેનું સ્તવન શ્રીમદ્ વલ્લભ વિજયજીએ કરેલું છે.

## ગોડી પાર્શ્વનાથ.

૧૩

પાટણ નગરમાં એક શ્રાવક અંજન શલાકા કરાવતો હતો તેની વિધિ શ્રી હેમચંદ્રસૂરિ કરાવતા હતા. તે વખતે ઘણી પ્રતિમાઓ ત્યાં અંજન શલાકા કરાવવાને લાવવામાં આવી હતી. પણ એમના બાલચંદ્ર નામના શિષ્યે મુહુર્ત્ત ચુકાવ્યું. તે અવસરે એક શ્રાવક ત્રણ પ્રતિમાઓ ભરાવી અંજન શલાકા કરાવવાને ત્યાં લાવ્યો. તે પ્રતિમાઓની અંજન શલાકા બરાબર મુહુર્ત્તે થઇ. જેથી તે મહા પ્રભાવિક થઈ. તે પ્રતિમાઓને શ્રાવકે એક ભોંયરામાં પધરાવી હતી. તેની નજીક એક મુસલમાનનું ઘર હતું. તે મુસલમાન ભોંયમાં ખોદીને તેમાંથી એક મુર્ત્તિને પોતાને ઘેર લઈ ગયો. ને પોતાના ઘરમાં ખાડો ખોદીને છુપાવી દીધી. ને રાતના રોજ તે ખાડા ઉપર સૂઇ રહે. એક દિવસે તે પ્રતિમાના અધિષ્ઠાયકે મુસલમાનને રાતે સ્વપ્નામાં કહ્યું કે "એ પ્રતિમા બહાર કાઢી મેઘાશાહ

શ્રાવક પાંચસે ટકા લઇને આવે તે વારે તું પાંચસો ટકા લઇ આ પ્રતિમા આપજે. નહીતર તને હું મારી નાખીશ," મુસલમાને ભયથી ખાડામાંથી પ્રતિમાજી કાઢીને એક ઠેકાણે મેઘાશાહને આપવાને રાખી. ને મેઘાશાહની રાહ જોવા લાગ્યો.

હવે પારકર (સિંધ) દેશમાં ખેંગાર પરમાર જાતનો રાજા રાજ્ય કરતો હતો તે દેશમાં ધન ધાન્યથી ભરપુર એવા મોટા મોટા વ્યવહારીયાઓ વસતા હતા. ત્યાં કાજલશાહ નામે મોટો વ્યવહારી હતો. તેની બેન મેઘાશાહને પરણાવી હતી. એક દિવસે મેઘાશાહને કાજલશાહે કહ્યું કે "તમે ગુજરાત દેસમાં મુસાફરી કરો." મેઘાશાહે હા પાડી; પછી બીજે દીવસે ઘણું ઉંટ અને દ્રવ્ય સાથે લઈને તેઓ ત્યાંથી સારા શુકને નીકળતાં અનુક્રમે પાટણ આવ્યા. ત્યાં ઉતારો કર્યો રાતના મેઘાશાહને સ્વપ્નુ આવ્યું "આ ગામમાં કોઈ મુસલમાન તમને પ્રતિમા આપશે તમે પાંચસો ટકા આંપી તે લઇ લેજો" પછી પ્રભાતના પાંચસો ટકા આપી તેની પાસેથી તે પ્રતિમા લઈ લીધી, હવે હમેશ તે પ્રતિમાની સેવા પુજા ભક્તિ કરે છે.

એક દિવસ પોતાના વતન જવા સારૂ રૂઈની ગાંસડીયોથી વીશે ઉંટ ભરીને રાધનપુરને રસ્તે ચાલ્યો, અનુક્રમે રાધનપુર આવ્યા. તેવારે ત્યાં પ્રથમ દાણ ચુકવ-

વાનો વખત આવ્યો તે વારે દાણ ચુકવનાર જે ઉંટ ઉપર પ્રતિમાજી છે તે ઉંટ ગણતરીમાં ભૂલી જાય. વારંવાર ગણ્યું છતાં ભૂલ નીકલે નહી. દાણ લેનારે પુચ્છયું કે "કેટલાં ઉંટ છે?"

"મારી સાથે વીશ ઉંટ છે." શેઠે કહ્યું.

વળી પાછાં ફરીને દાણ ચુકવનારે ગણી જોયાં તો ઓગણીશ થયાં. આ ચમત્કારથી તે અજબ થયો. પછી મેઘાશાહે કહ્યું કે "જે ઉંટમાં પાર્શ્વનાથની પ્રતિમા છે તેનો પ્રભાવ છે કે જેથી તમે તે ઉંટ ભૂલી જાઓ છો." શેઠનાં એ પ્રકારનાં વચન સાંભળી દાણ ચુકવનારે પ્રભુના દર્શન કરવાની ઇચ્છા જણાવી. પછી મેઘાશાહે પ્રતિમાજીને બહાર કાઢી તેને દર્શન કરાવ્યાં, દાણ ચુકવનાર દાણીએ પ્રતિમાજીનાં દર્શન કરી દાણ માફ કર્યું. ને પોતાને ઘેર ચાલ્યો ગયો, પછી મેઘાશાહ શેઠ પારકરમાં પોતાને નગરે આવ્યા ત્યારે પ્રથમથી કાજલશાહને વધામણી મોકલાવી. જેથી કાજલશાહ પોતાના બનેવીને વાજતે ગાજતે સામૈયુ કરી ઘેર લાવ્યા. પછી સંવત ૧૪૩૨ ના કાર્તિક માસમાં તે પ્રતિમાજી પધરાવ્યાં. કાજલશાહે કહ્યું કે "કેટલું ખરચ થયું છે તેનો હીસાબ આપો."

જ્યારે મેઘાશાહે જણાવ્યું કે "પાંચસો ટકા આ

પ્રતિમાજીના આપ્યાછે” વગેરે બધો હિસાબ કાજલશાહને આપી દીધો.

તે વારે કાજલશાહે કહ્યું કે એ “પ્રતિમાજીના પાંચશો ટકા શા કામના છે! વગેરે કહી મેઘાશાહને ઠપકો આપ્યો.”

હવે અહીં મેઘાશાહની વહુ ‘મોતીબાઈ’ અને તેમને ‘મઈયો’ અને ‘મહેરો’ એ નામે બે છોકરા હતા.

મેઘાશાહે ધરરાજજી નામના કોઈ પોતાના સંબંધીને બોલાવી પ્રતિમા તેમને સુપરત કીધી. તેમણે બાર વરસ સુધીં પુજા કીધી.

તે અરસામાં એક દિવસે રાતના યક્ષે સ્વપ્નુ આપ્યું કે “બે નાના બળદની વ્હેલ જોડી તેમાં પ્રતિમાજી પધરાવી બોડાથલ તરફ ચાલજે પણ પાછુ વળીને જોઇશ નહી.” એવું સ્વપ્ન જોઇ પછી પ્રભાતના પ્રતિમાજી વ્હેલમાં પધરાવી બોડાથલ તરફ ચાલ્યા, માર્ગમાં એક ઉજ્જડ ગામ આવ્યું. ત્યાં આગલ મેઘાશાહે પાછુ ફરીને જોયું કે તુરત વ્હેલ ચાલતી અટકી ગઈ. તેથી શેઠને ઘણોજ પશ્ચાતાપ થયો, એમ કરતાં રાત પડી અને પસ્તાવો કરતા નિંદ્રાવશ થયા અને સ્વપ્નુ આવ્યું કે “આ ગોડીપુર ગામ છે અહીંથી દક્ષિણ દિશાએ કુવો છે. પાસે પત્થરની ખાણ છે. માટે ત્યાં ગામ વસાવી દેરાસર બંધાવો ત્યાં નજીક ધોળો આકડો છે :તેની આગળ ચોખાનો

સાથીઓ વગેરે કરી તેનું પુજન કરજ્યો. એટલે ઘણુંજ ધન પ્રગટ થશે. શીરોહીથી સલાટ બોલાવજો" પછી શેઠ તુરત જાગૃત થયા. અને ધમ ધ્યાનથી બાકીની રાત વીતાવી.

પછી પ્રાતઃકાલથી શેઠે તે પ્રમાણે કરવા માંડ્યું. અનુક્રમે ત્યાં ગામ વસાવ્યું ભવ્યદેરાસર ગામની અંદર બંધાવવા માંડ્યું. તેમને ધન પણ ઘણુંજ મલ્યું. પોતાનાં સગાં સંબંધી તેમજ સર્વ લોકને ત્યાં વસાવ્યા અને એવી રીતે દેશાંતરમાં તેમની ઘણી કીર્તિ ફેલાણી તેમની કિર્ત્તિ સાંભલીને તેમના સગા કાજલશાહ પણ ત્યાં આવ્યા અને મેઘાશાહને કહેવા લાગ્યા કે. "તમે દેરાસર કરાવો તેમાં ખરચનો અર્ધભાગ હમારો ગણજો."

"મારી પાસે એ પ્રતિમાજીના પ્રભાવથી હમણાં ઘણુંજ ધન આવેલું છે. તમે તો પ્રતિમાજીના પાંચસો ટકા આપેલા તે પણ મારી પાસે માગતા હતા. અને કહેતા હતા કે આ પત્થરનો ટુકડો શું કામનો છે." મેઘાશાહે કાજલશાહને રોકડું પરખાવ્યું.

મેઘાશાહનાં આવાં તીખાં વચન સાંભળી કાજલશાહને બહુંજ રીસ ચડીને આર્ત્તરૌદ્ર ધ્યાનમાં પડયા, મેઘાશાહ પોતાનો બનેવી થાય તેને કેવી રીતે મારી નાંખવો એમ ચીંતવવા લાગ્યા. છેવટે નિર્ણય કીધો કે,

"મારી બીજી નાની છોકરીનાં લગ્ન કરૂં તે પ્રસંગે મેઘાશાહને તેડું; આખી ન્યાત જમાડું અને મેઘાશાહને ઝેર આપું." એમ નક્કી કરી પોતાને ઘેર આવ્યા. પછી જ્યારે પોતાની નાની છોકરીનાં લગ્ન આવ્યાં તે પ્રસંગે મેઘાશાહને પણ તેડુ કર્યું તેમાં મેઘાશાહે પોતાનું આખું કુટુંબ મોકલ્યું પણ પોતે ગયા નહી. જેથી કાજલશાહ પોતે તેડવાને ગયો તે વારે યક્ષે સ્વપ્નામાં જણાવ્યું જે. "તું તારે સાસરે જઈશ નહી. નહીતર ત્યાં તને દૂધમાં ઝેર આપી તને મારી નાંખશે. તેમ છતાં પણ જો જાય તો પાર્શ્વનાથજીની પ્રતિમાનું નવણ લઈ લેજે"

હવે સવારના કાજલશાહના અતિ આગ્રહથી જાણતાં છતાં પણ ભાવી ભાવના યોગે તેઓ કાજલશાહ સાથે ગયા, ત્યાં ઘરે આવ્યા. પછી કાજલશાહે પોતાનો વિચાર પોતાની સ્ત્રીને કહી સંભળાવ્યો. સ્ત્રીએ તેને ઘણોય સમજાવ્યો. પણ શેઠે માન્યું નહી. પછી જમવા સમયે દૂધમાં ઝેર નાખી બન્ને સાથે જમવા બેઠા. અને તે ઝેર સહીત દૂધ મેઘાશાહને કાજલશાહની વહુએ મુકયું. કાજલશાહે જણાવ્યું કે "મારે તો દૂધની બાધા છે."

હવે અહીં ભાણામાં દૂધ આવતાંજ જક્ષની વાત યાદ આવી. પણ પોતાને ભાણામાં આવ્યું તે એઠુ ન મુક-

વાનો તેને નિયમ હતો. જેથી ઝેરવાળુ દૂધ પણ પોતે પી ગયા. એટલે તરતજ ઝેર બધા શરીરે વ્યાપી ગયું પાર્શ્વનાથનું નવણ પણ સાથે લેવાનું ભુલી ગયા હતા. જેથી ઝેરની અસરથી મેઘાશાહે કાલ કર્યો, પછી શોક મુકી કાજલશાહે અધુરૂ દેરાસરનું કામકાજ સંપુર્ણ કરાવ્યું. દેરાસરમાં ભગવાનને પધરાવ્યા પછી જેવારે ધ્વજા ચઢાવવાનો વખત આવ્યો ત્યારે કાજલશાહે ધજા ચડાવી પણ પડી ગઈ એવી રીતે ત્રણ વખત ચડાવીને ત્રણે વખત પડી ગઈ કાજલશાહ ચીંતામાં પડયો.

રાતના જક્ષે મેઘાશાહના પુત્ર મેરાશાહને સ્વપ્નુ આપ્યું કે "તારા બાપને તારા મામા કાજલશાહે માર્યો છે તો તેને જશ કેમ લેવા દઉ, માટે મારૂ ચીંતવન કરતાં તું ધ્વજા ચઢાવજે" એમ કહી અદ્દશ થઈ ગયો. સંવત ૧૪૪૪ની સાલમાં પછી મેરાશાહે બીજે દીવસે ધ્વજા ચડાવી. તે ગોડીપુરનો ઠાકોર સોઢો છે તે પણ ભગવાનની ભક્તિ કરે છે. આ પ્રતિમા ત્યાં કેટલોક કાલ પુજાયા પછી પ્રતિમાજી અદશ થઇ ગઈ.

કેટલાક વરસ પછી કોઈને સ્વપ્નુ આપી મોરવાડામાં પ્રગટ થયાં. તે વખતે રૂપૈયા સવા લાખ લઈ જોરામલજી પટવાએ ખીજડીના ઝાડ ઉપર બેસીને પ્રતિમાજી ખોળામાં લઈ સર્વને દર્શન કરાવ્યાં હતાં તેનું ચીત્ર હાલ અમદા-

વાદમાં ડોસીવાડાની પોળમાં મંદીર સ્વામીના દેરાસરજીના ઓટલા ઉપર ભીંતે છે.

આહોર મારવાડમાં ગોડી પાર્શ્વનાથનું તીર્થ છે.

સાદડી પાસે ધાનેરામાં ગોડી પાર્શ્વનાથનું દેરાસર છે.

નાડલાઈમાં ટેકરી ઉપર ગોડી પાર્શ્વનાથજીનું દેરાસર છે.

વીકાનેર મારવાડમાં ગોડી પાર્શ્વનાથ અને ચીંતામણી પાર્શ્વનાથનાં બે મોટાં દેરાસર છે.

થરાદમાં ગોડી પાર્શ્વનાથનું દેરાસર છે.

રાધનપુરમાં પણ ગોડી પાર્શ્વનાથનું મોટું દેરાસર છે.

સુરતમાં નગરશેઠનું જે દેરાસર કહેવાય છે તે પ્રતિમા કે જે મારવાડામાં ગોડી પાર્શ્વનાથની પ્રતિમા સંવત ૧૮૯૨ માં પ્રગટ થયાં હતાં ત્યાં શેઠે યાત્રા કરવા સારૂ સંઘ કાઢયો. ભાવીની મરજીથી શેઠાણીને તે વખતે સુવાવડ હતી અને શેઠે ચોકસ મુહુર્ત્તે તો સંઘ કાઢયો. જેથી શેઠાણીને હૈયામાં બહુ વલોપાત થયો. "પૂર્વના પાપ કર્મના ઉદયથી મને સુવાવડ આવી અને ભગવંતના દર્શનમાં મને અંતરાય થયો" એમ બહુજ પશ્ચાત્તાપ કરતાં અધીષ્ઠાયકના પ્રભાવથી ત્યાં પ્રતિમાજી પ્રગટ થયાં અને શેઠાણીને દર્શન થયાં. શેઠાણીએ દર્શન કરી ભક્તિના ઉલ્લાસથી પોતાનો મૂલ્યવંત હાર ભગવંતને કંઠે

પહેરાવ્યો. તે હાર સાથેજ પાછાં પ્રતિમાજી પોતાના મૂળ સ્થાનકે મોરવાડામાં પ્રગટ થયાં. ત્યાં સંઘવી ડાહ્યાભાઈ સંઘ લઈને મોરવાડે આવ્યા અને ભગવંતનાં દર્શન કર્યાં. તે વખતે તેમણે પોતાનો હાર ઓળખ્યો અને વિચાર્યું કે " આ હાર મારો જણાય છે ને પ્રભુને કોણે પહેરાવ્યો હશે ! "

પછી અનુક્રમે ઘેર આવી તજવીજ કરી તો તેમને ખબર પડી કે પોતાની સ્ત્રીને પ્રગટ થઇ દર્શન દીધાં જેથી ભક્તિએ કરીને પોતાની સ્ત્રીએ પહેરાવ્યો હતો એમ ખબર પડી એ યાદ સ્મરણમાં રાખવાને શેઠે ત્યાં એક ભવ્ય દેરાસર બંધાવી ગોડી પાર્શ્વનાથની પ્રતિમા પ્રતિસ્થાપીત કરી.

સોજતમાં ગોડી પાર્શ્વનાથજીનું દેરાસર છે.

મોરવાડામાં ગોડીજીની વરંખડી કહેવાય છે.

## ગુપ્ત પાર્શ્વનાથ.

### ૧૪

વિંધ્યાચલમાં ગુપ્ત પાર્શ્વનાથનું પુર્વે જૈન તીર્થ હતું.

## ગંભિરા પાર્શ્વનાથ.

૧૫

પાટણુ તાબે ગાંભુ નામે ગામ છે ત્યાં ગંભિરા પાર્શ્વનાથનું દેરાસર છે. અહીંયાં ગંભિરા પાર્શ્વનાથની પ્રતિમા સફેદ પાષાણુની છે પૂર્વે ત્યાં તે પ્રતિમાજીની હથેલીમાંથી રોજ એક ચોખંડો રૂપૈયો સવારના નીકલતો તે વાત એક યતિના જાણુવામાં આવી જેથી પ્રથમતો તેણે તે વાત સાચી માની નહી. અને જો ખરીવાત હોય તો ખાતરી કરી આપવા કહ્યું. પછી જે વારે રાતના દેરાસર મંગલીક કરવાનો અવસર થયો તે વારે જતિએ ભગવંતની આજુ બાજુ વગેરે બધે તપાસ કરી દેરાસર પોતાને હાથે મંગલીક કરી બહાર ચોકી કરતો સુતો કે રાતના કોઈ ઉઘાડીને મુકી જાય નહી પછી પ્રભાતના જોયુ તો ભગવંતની હથેલીમાંથી રૂપૈયો નીકલ્યો, પછી જતિએ બારીક તપાસ કરી તો જણાયું કે ' ભગવાનના તિલકમાં ચમત્કાર છે ' પછી ગોઠીને સમજાવી તિલક બદલાવી નાખ્યું. ત્યારથી રૂપૈયો નીકલતો બંધ થઇ ગયો.

## માલ્લીયા પાર્શ્વનાથ.

૧૬

માંહલમાં પ્રતિમા ઘણુંજ ચમત્કારીક છે, પગાસણુ માલ્લીને આકારે છે.

## ગીરૂઆ પાર્શ્વનાથ.

૧૭

ગીરૂઆ પાર્શ્વનાથની પ્રતિમા શ્યામરંગે અતિ મનોહર સ્ફટીક રત્ન જેવી મહા તેજવંત સુંદર ચળકાટ-વંત રૂપાના માંડવામાં બેસાડેલ છે આ દેરાસર પંજાબ દેશમાં છે.

## ધૃત કલોલ પાર્શ્વનાથ.

૧૮

કચ્છ દેશમાં સુંથરી નામે ગામ છે ત્યાં ઉદેશી શાહ કરીને એક વણીક વસતો હતો. તેને સ્વપ્નું આવ્યું કે "આજથી પાંચમે દિવસે એક માલીના રેંટલા બાંધી તારા ગામની પુર્વ દિશાએ ખારીના કિનારા ઉપર તું જઈશ. ત્યારે ત્યાં દિવસ ઉગશે એટલામાં જે માણસ તને

મલે તેને રોટલાનું પોટકુ આપી તેની પાસેથી પોટકુ લઈ લેજે, અને તારે ઘેર આવજે."

અનુક્રમે પાંચમે દિવસે તેણે તે પ્રમાણે કીધું. પોતાનું રોટલાનું પોટલુ આપી તે માણસ પાસેથી પોટલું લઇ તે પોતાને ઘેર આવ્યો. પછી તે પોટલુ ઘેર લાવીને છોડી જોયું તો અંદરથી પાર્શ્વનાથની પ્રતિમા નીકલી. પરન્તુ તેનો મહીમા નહી જાણવાથી તેણે તે પ્રતિમાજીને રોટલા રાખવાના ગોખલામાં મુકી અને તેને માથે એક પાલીના રોટલા કરીને ગોખલામાં મુકયા. પછી રોટલા તેમાંથી વપરાય છતાં પણ રોટલા ખુટે નહી. પછી જતિ મહારાજને ખબર પડવાથી તે વણીકને પ્રતિબોધ આપીને પ્રતિમાજી અપાશ્રયે પધારાવ્યાં જેથી તે વણીકના પરિણામ સારા રહ્યા નહી. એટલે રાતના પ્રતિમા પાછા પોતાના સ્થાનકે ગોખલામાં આવીને હાજર થયાં. ફરી સંઘની મદદથી નાની છત્રી કરાવી તેમાં પ્રતિમાજી પધરાવ્યાં પ્રતિષ્ઠા કરતાં સંઘ જમાડવો જોઇએ, પણ પોતાની શક્તિ નહી હોવાથી ઘીનો બદોબસ્ત બની શકયો નહી. તેથી બહુ પશ્ચાતાપ કરવા લાગ્યો. તે વારે સંઘના માણસો એક દુકાનવાલા પાસેથી ઘીનું એક કુલ્લુ લાવ્યા. મેઘાશાહ આ હકીકત જાણીને હૃદયમાં પશ્ચાત્તાપ કરવા લાગ્યો. "અરે! મારી પાસે પૈસા હોત તો આ કુ-

કુલ્લાથી ઘી સંઘને પીરસત. હે ભગવંત તમે મારા ઘેર આવ્યા છતાં હું નિર્ધન રહ્યો." એવી રીતે અનેક પ્રકારે તે પશ્ચાત્તાપ કરવા લાગ્યો.

હવે અહીંયાં કુલ્લામાંથી ઘી ઘણું જ નીકલવા માંડયું. ઘીનું કુલ્લુ પાંચ મણનું છતાં પચ્ચીશ મણથી પણ વધારે નીકલ્યું. જેથી બધાંને વહેમ આવ્યો કે " આ શું ? પ્રતિમાજી છત્રીમાંથી કુલ્લામાં તો નથી આવ્યાં. " ?

જ્યારે કુલ્લામાં હાથ ઘાલી તપાસ કરી તો પ્રતિમાજી કુલ્લામાં હતાં જેથી કુલ્લાનું મોહ ફાપીને પ્રતિમાજી બહાર કાઢી મોટો ઓચ્છવ કરીને દેરાસરમાં પધરાવ્યાં. પછી દેરાસરજીને ફરીથી બીજો ઘુમ્મટ કરીને મોટુ દેરાસર કર્યું. ત્યારથી તે ઘૃત કલ્લોલ પાર્શ્વનાથ જગતમાં ગવાયા ત્યાં કારતકી પુનમ અને ચૈત્રીનો મોટો મેળો ભરાય છે તે વખતે ચાર પાંચ હજાર લગભગ માણસ એકઠુ થાય છે. આ પ્રતિમા સંબંધી એવી લોક વાયકા છે કે પ્રતિમાજી પારકરથી આવેલાં છે અહીં બીજા ભાઈઓએ પણ મદદ કરીને દેરાસરજીને મોટુ કીધું છે ત્યાં જાત્રાળુઓ માટે ધર્મશાળાઓ પણ બંધાવી છે. મોટુ માહાત્મ વધાર્યું છે.

## ઘીયા પાર્શ્વનાથ.

૧૯

પાટણમાં એક માણસને ઘીનો વેપાર હતો. તેણે ઘીમાં ઘણા પૈસા પેદા કીધા. તેને પાર્શ્વનાથની ઉપર આસ્થા હતી. હમેશાં તેમની સેવા પુજા કરતો જેથી તેણે પાટણમાં દેરાસર બંધાવી પાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી તેનું ઘીયા પાર્શ્વનાથ એવું નામ પ્રખ્યાત થયું.

—⁂—

## ચારૂપ મંડન પાર્શ્વનાથ.

૨૦

મુનિસુવ્રત સ્વામીના શાસનમાં પાંચ લાખ છીયાસી હજાર છઓને બાસઠ વર્ષ બાકી રહે છે ભરાવેલી શામલા પાર્શ્વનાથની પ્રતિમા તે પાટણથી ચાર ગાઉ ઉપર પાટણથી જતી ગાડીનું પ્રથમ ચારૂપ સ્ટેશન છે ત્યાંથી ૨૫ મીનિટમાં ચારૂપ ગામે જવાય છે ત્યાં ગામના સુંદર દેરાસરજીમાં સ્યામવર્ણે બિરાજમાન ફણા સહીત આશરે વાર જેટલી ઉંચી છે. ડાબી બાજુયે એક સહેદ આદિશ્વરની પ્રતિમા છે. શ્રીકાંત નગરનો ધનેશ શ્રાવક કે જેનાં વંહાણ સમુદ્રમાં જતાં હતાં.

તેનાં વહાણને વ્યંતર દેવે સ્થંભાવ્યાં, જેથી ધનેશે સેવા ભક્તિથી દેવને પ્રસન્ન કરી. તેની પાસેથી સમુદ્રમાંથી રત્નામવર્ણની ત્રણ પ્રતિમાઓ મેલવી. તેમાંથી એક ચારૂપ નગરમાં પધરાવી. બીજી શ્રી પટ્ટણનગરમાં આમલીના ઝાડ નીચે દેરાસર કરાવી અરિષ્ટ નેમીની ત્યાં પધરાવી. અને ત્રીજી પ્રતિમા કાંતિપુર નગરમાં પધરાવી. જેના પ્રભાવથી શાલીવાહનના વખતમાં નાગાર્જુન નામના મહા બુદ્ધિવાન જોગીએ તેના પ્રભાવથી રસસિદ્ધિ કરી ત્યાં સ્થંભન નગર વસ્યું. જ્યાં તે પ્રતિમા હાલમાં ખંભાતમાં બીરાજમાન છે પ્રતિમાના પાછલા ભાગમાં લેખ છે એમ પરંપરાથી સંભળાય છે.

આ ચોવીસીમાં મુનિસુવ્રત તીર્થંકર પછી બે હજાર બસોં બાવીશ વર્ષો ગયે છતે અષાઢ નામના એક ગૌડ દેશના રહેવાસીયે તે ત્રણ પ્રતિમાઓ ભરાવી હતી. તેમાંની તે ( ચારૂપની ) એક છે. બીજી થંભણપાર્શ્વનાથની આને લગતી હકીકત શ્રીવિજયાનંદસૂરિએ પોતાના તત્ત્વ નિર્ણય પ્રાસાદમાં પ્રસિદ્ધ કરેલી છે તેમજ પ્રભાવક ચરિત્ર અને પ્રવચન પરિક્ષામાં પણ કહેલી છે. તે ગામમાંનું જુનું પબાસણ કાઢતાં પરીકર ( પરઘર ) નીકળ્યા છે. તેમાં પણ લેખ છે પણ તે લેખ બરાબર વંચાતો નથી. તેમાં ચારૂપ નામે તીર્થ પાર્શ્વનાથ વગેરે છે.

પ્રવર્તક કાંતિ વિજયજી મહારાજે આબુના લેખોની નોંધ લીધી છે. તેમાં પણ ચારૂપ ગામે આદિશ્વરજી ભગવાનના દેરાસરજીનો મંડપ સુધરાવ્યો તેનો લેખ છે. તે આદેશ્વરજી ચારૂપ શ્યામલા પાર્શ્વનાથની ડાબી બાજુએજ વિદ્યમાન છે. હાલમાં પણ તે ગામમાં ખોદ કામ કરતાં વીશથી પચ્ચીસ હાથ ઉંડા પાયા નીકળે છે. જેથી જણાય છે કે પહેલાના વખતમાં આ શેર મોટું નગર હશે. તે ગામ તથા તેની આસપાસના રહેનાર તે પ્રતિમાજી ઉપર બહુ આસ્થા રાખે છે. ને તે પ્રતિમાજીના સોગન પણ ખાતા નથી. પ્લેગ મરકી આ ગામમાં કોઇ વખતે થઇ નથી. પ્રથમ આ પ્રતિમાને પાટણ લાવવા બહું મહેનત કરી. ગાડામાં પધરાવી ઘણા બળદ જોડયા પણ ગાડુ ચાલ્યુ નહી. તેથી સંવત ૧૯૩૭ માં તે દેરાસરજીનો જીર્ણોદ્ધાર કરી તે પ્રતિમાજી ત્યાં પધરાવી છે. દેરાસરની આસપાસ કોટ બંધાવ્યો છે. પાટણથી દરવર્ષે કાર્તિક વદી ૧ નો સંઘ જાય છે. પ્રતિમાજીની ફેણા તથા કાનનો ભાગ બીજી પ્રતિમાઓ કરતાં જુદા જ પ્રકારનો છે મહા તેજવાન છે ચિત્ત ઠરે તેવી જગ્યા છે.

—※—

# ચિંતામણી પાર્શ્વનાથ.

૬૧

કચ્છ દેશમાં રાપર ગામે એક કોલીના ખંડિરમાં ખોદ કામ કરતાં સ્ફટીક રત્નની પ્રતિમા નીકળી હતી. કોલીએ "કંઈક પુતળુ ધારીને વિચાર્યું કે ગામના શેઠને આપી દઈશુ" એમ ધારી રાતના પોતાના ઘરમાં રાખી પછી પ્રભાતના શેઠને આપવા આવ્યો તે વારે શેઠે પોતાના દેવને ઓળખીને ઘણાજ આદર સત્કારથી લીધી. અને તેને કાંઈક આપ્યું. તે વાતની જ્યારે લોકોને ખબર પડી ત્યારે તેમણે કોલીને ચડાવ્યો "કે તે ઘણીજ કીંમતિ ચીજ છે માટે તું પાછી લઈ લે" પછી કોલી શેઠ સાથે લડી જગડીને તે પ્રતિમા પાછી લઈ ગયો. ને પોતાને ઘેર એક જગ્યાએ સ્થાપન કરી, રાતના સુઈ ગયો તે વારે રાતના તેને મહા વેદના પ્રગટ થઈ ને ઘણીજ બીક લાગવા માંડી. જેથી ભય પામી સવારના તે પ્રતિમા પાછો શેઠને આપી ગયો. શેઠે ઘર દેરાસર બનાવી પ્રતિમાજી પધરાવી હમેશ તેની પૂજા કરવા લાગ્યો, પછી ગામમાં મોટુ દેરાસર બંધાવી તેમાં પ્રતિષ્ઠા પૂર્વક પધરાવી આ પ્રતિમાજીનો લેખ વગેરે દેરાસરજીમાં છે

સંપ્રતિ રાજાની ભરાવેલી ચિંતામણી પાર્શ્વનાથજીની પ્રતિમા તીર્થરૂપ છે. અહમદાવાદમાં અસારવા નામનું પરૂ છે.

હાલનાં બધાં પરાં પ્રથમ આશાપુરી નગરી હતી. તેનાં પછી તુટક તુટક પરાં બની ગયાં, પ્રથમ બધી વસ્તી આશાપુરી નગરીમાં હતી. અહીં રાજપુરનું દેરાસર લગભગ ૭૦૦ સાતસે વર્ષ પહેલાનું છે, પ્રથમ પરાઓમાં ચાર ચોમુખજીની પ્રતિમા શ્યામવર્ણની ચિંતામણી પાર્શ્વનાથની તેમાંથી એક રાજપુરમાં, બીજી ઝવેરીવાડે, વાઘેણ પોળમાં ચિંતામણી પાર્શ્વનાથની છે. ત્રીજી કાલુસંગથી પોળમાં અને ચોથી દેવસાને પાડે એ પ્રમાણે પધરાવવામાં આવેલી કહેવાય છે.

આગ્રામાં રોશન મહોલ્લામાં ચિંતામણી પાર્શ્વનાથજીનું દેરાસર છે. શ્રીમદ્ હીરવિજ્ય સુરિશ્વરે તેમની પ્રતિષ્ઠા કરેલી છે.

સાદરીમાં ભવ્ય દેરાસર બાવન જીનાલયનું છે.

ગુજરાતમાં વીજાપુરમાં ભાટવાડામાં ચિંતામણી પાર્શ્વનાથજીનું દેરાસર છે એ પ્રતિમા જુની વીજાપુર ગામે ભોંયરામાં હતી. તે શ્રાવકને સ્વપ્ન આપવાથી ત્યાંથા લાવીને અહી પધરાવવામાં આવી છે અહીંયાં ઘણીજ માનતા કરવામાં આવે છે.

પંજાબમાં રામનગરમાં ચિંતામણી પાર્શ્વનાથજીનું દેરાસર છે.

રાધનપુરમાં ચિંતામણી પાર્શ્વનાથજીનું જુનું દેરાસર છે.

બુરાનપુરમાં પણ ચિંતામણીજીનું દેરાસર છે.

પાદરા તાલુકે વણછરા ગામમાં ચિંતામણી પાર્શ્વનાથજીનું દેરાસર છે તે હંસરાજ અને વચ્છરાજ નામના બે ભાઈઓ હતા તેમણે બંધાવેલું છે પ્રતિમાજી લેપમય છે. ગામમાં જૈનોનું એક પણ ઘર નથી. તેનો વહીવટ પાદરા તાલુકે સાધુપર ગામના જૈનો કરે છે તે દેરાસરજીનો લાગો અનમ જીલ્લાના શ્રાવકો કયા ઓછકાલ આપે છે.

સોરઠ દેશમાં ચોરવાડ ગામમાં ચીંતામણી પાર્શ્વનાથજીનું દેરાસર છે.

## ચેલણ પાર્શ્વનાથ.

૨૨

વંકચુલ રાજ્યકુમારે આચાર્યના ઉપદેશથી ચર્મણ્વતી નદીને કિનારે અને પોતાની પલ્લીમાં એક પ્રાસાદ બંધાવ્યો જેમાં શ્રી વીર ભગવાનની મુર્તિ સ્થાપન કરી કાળે કરીને તે તીર્થ થયું. એ તીર્થની યાત્રા કરવા સારૂ એક શ્રેષ્ઠી પોતાની સ્ત્રી સાથે ત્યાં આવ્યો, ચર્મણ્વતી

નદી ઉતરવાને તેઓ વહાણમાં બેઠા, પછી દૂરથી પ્રાસાદ નું શીખર જોતાં તે શ્રેષ્ઠીની સ્ત્રીએ ચંદન આદિ ઉત્તમ દ્રવ્યો સોનાના કચોળામાં લઈને શીખરને વધાવા લાગી તે વખતે કચોલુ નદીમાં પડી ગયું. જે વખતે શ્રેષ્ઠીયે તેણીને કહ્યું કે આ કચોલુ રાજાનું છે તેમાં રત્નો જડેલાં છે તો હું રાજાને શું જવાબ આપીશ। જેથી તે કચોળુ કાઢવાને નદીમાં નાવિકોને ઉતાર્યા. એક નાવિકે કચોળુ લાવીને શેઠને આપ્યું તેજ રાતના નાવિકને સ્વપ્નુ આવ્યું. "સવારના નદીમાં તારે પુષ્પમાળા નાંખવી. જ્યાં માળા સ્થીર થાય. ત્યાં નીચે પાર્શ્વનાથજીની પ્રતીમા છે તે ત્યાંથી શોધી કાઢીને તે બીંબ વંકચુલને તારે આપવું."

પછી ખલાસીએ તપાસ કરી બિંબ કાઢીને વંકચુલને આપ્યું. તેણે ખલાસીને પુષ્કળ ધન આપ્યું. ને તે બીંબ વીરપ્રભુના પ્રાસાદની બહાર મંડપમાં પધરાવ્યું. પછી નવીન ચૈત્ય કરાવી તે પાર્શ્વનાથજીનું બીંબ લેવાને ઉપાડયું, પણ ઉપડયું નહી ઘણા માણસોએ ઉપાડયું પણ ઉપડયું નહી. ને તે ત્યાંજ રહ્યું. હાલમાં પણ તે ત્યાંજ છે તેવામાં વંકચુલને નાવિકે ખબર આપી કે બીજી એક પ્રતિમા અને સુવર્ણનો રથ તે સ્થાનકે છે.

તેવારે વંકચુલે સભામાં કહ્યુ કે આ બે બીંબ

વીશેની હકીકત સભામાં કોઇ જાણે છે. તેવારે એક વૃદ્ધ માણસે જણાવ્યું કે "પૂર્વે પ્રજાપાલ રાજા કોઈ રાજા સાથે યુદ્ધ કરવાને ગયા હતા. તે વખતે તેમની રાણી ચર્મણુવતી નદીમાં એક વહાણુમાં તે બે બીંબ અને સુવર્ણનો રથ તે સાથે તે બેઠેલી હતી. તેવામાં કોઇ દુર્જન માણસે આવીને કહ્યું કે "રાજા યુદ્ધમાં મરી ગયા છે" એવાં કટુક વચન સાંભળીને રાણીએ પ્રતિમાઓ તથા સુવર્ણના રથ સહીત વહાણુ નદીમાં ડુબાવી દીધું, પોતે જીનેશ્વરના ધ્યાનથી મૃત્યુ પામીને દેવતા થયાં હશે, નહીતર તેમના વગર આ મહિમા કોણુ કરે ? આ બન્ને બીંબમાંથી એક તો આપણે પધરાવ્યું ને બીજુ નદીમાં છે."

આ હકીકત સાંભળીને બીજુ બીંબ લેવાને અનેક પ્રયત્નો કર્યા, પણુ નીકળ્યું નહી, હજુ પણુ વરસમાં એક વાર દર્શન તે આપે છે.

શ્રી વીર ભગવંત કરતાં આ બીંબ પાર્શ્વનાથનું ઘણું નાનું હોવાથી ત્યાંના મેવાડી ભીલ વગેરે લોકોએ એ પ્રતિમાજીનું ચેલણુ પાર્શ્વનાથ એવું નામ રાખ્યું, તે પલ્લીને ઠેકાણે મોટુ શહેર વસેલું છે હજી પણુ જાત્રા કરવા અનેક સંઘો ત્યાં આવે છે.

# જગવલ્લભ પાર્શ્વનાથ.

## ૨૪

મારવાડમાં બીકાનેર તાબે સુજાણગઢ ફ્લોધી પાસે ગામ છે. જ્યાં ચારસે ઘર તેરાપંથીયોનાં છે તેમાં શેઠ પનેચંદજી સંઘવી તેરાપંથી હતા. પણ જતિને ત્યાં જતા આવતા તેથી મુર્ત્તિ ઉપર આસ્થા રાખતા. પછી યતિજીએ રૂપૈયા ૧૦૦) માં પાર્શ્વનાથજીની પ્રતિમા લેવરાવી. હમેશ તેનાં દર્શન કરતાં શેઠને ઘણી આસ્થા બેસી ગઈ. ને તે વખતે ત્રીસ હજારનો પોતાનો જીવ છતાં તેમના મોટાભાઈ જયરાજજીએ નિયમ કર્યો કે "હવેથી જેટલી પેંદાસ થાય તેમાંથી સેંકડે દશટકા ધર્મ માર્ગે વાપરવા." પછી પોતે સારા મુહુર્ત્તે દેરાસરજીના પાયો નાખ્યો ને કલકત્તે ગયા ત્યાં શણનો વ્યાપાર કર્યો તે વરસે આઠ લાખ પેંદા કર્યા બીજે વરસે સાત લાખ પેંદા કર્યા. કલકત્તામાં રાય બહાદુર બદ્રીદાસજીના બગિચાના દેરાસરજીના સરખુ તેના નમુના પ્રમાણે કરાવવાનું શરૂ કીધું. ચાર લાખ રૂપૈયા ખર્ચીને ભવ્ય દેરાસર તૈયાર કર્યું. તેની પ્રતિષ્ઠા સંવત ૧૯૭૨ ના માહા સુદી ૧૩ ના રોજે કરી. તે વખતે પાંત્રીસ હજારનો ખર્ચ થયો. ત્યાં પોતાનાજ ખરચે જૈનશ્વેતાંબર કોન્ફરન્સ ભરી. તે દેરાસરજીની પ્રતિષ્ઠા

વડોદરા વાળા શેઠ ગોકળદાસ દુર્લભરામે કરાવી, ત્યાં ખારો કુવો હતો તે પણ મીઠો થઈ ગયો. જતિજી પ્રમાણ વિજયજીના ઉપદેશથી તે પ્રતિમાજીનું જગવલ્લભ પાર્શ્વનાથ એવું નામ રાખ્યું. દરસાલ માહાસુદી ૧૩ તથા ભાદરવા સુદી ૧૩ ના રોજે મેળો ભરવાનું ને ઓચ્છવ કરવાનું નક્કી કર્યું.

કોલ્હાપુર લાઈનમાં હાથ કડંગડા સ્ટેશન ત્યાંથી પગ રસ્તે ગાઉ ઉપર એક ડુંગર છે તેમાં જગવલ્લભ પાર્શ્વનાથનું તીર્થ છે ત્યાં શ્વેતાંબર અને દીગંબરનાં જુદાં જુદાં મંદીર છે. ડુંગરને શ્વેતાંબરોએ પગથીઆં બંધાવ્યાં છે.' ત્યાં ચૈત્રી પુનેમનો મેળો ભરાય છે.

સુરતમાં જગવલ્લભ પાર્શ્વનાથની મોટી મુર્તિ નાનપરામાં મંદીર સ્વામીના દેરાસરજીના ભોંયરામાં છે, ત્યાં હમણાં થોડા વખતથી લેપ કરાવેલ છે.

અમદાવાદ જીલ્લે મોરઈયા ગામે જગવલ્લભ પાર્શ્વનાથનું દેરાસર છે.

પુનામાં જગવલ્લભ પાર્શ્વનાથની પ્રતિમા મોટા દેરાસરજીમાં છે તેમાં નીચે ભોંયરામાં ચિંતામણી પાર્શ્વનાથ છે અને ઉપરલા ભાગે સંખેશ્વર પાર્શ્વનાથ છે.

અમદાવાદ નીશાપોળમાં ભોંયરામાં જગવલ્લભ પાર્શ્વનાથની મોટી મુર્ત્તિ બીરાજમાન છે આગલ બાદ-

શાહુના ભયના વખતમાં એક મહોર સોનાની આપતા ત્યારે દર્શન કરાવતા હતાં.

---

## જીરાવલા પાર્શ્વનાથ.

૨૪

ખરવાડા અને જીરાંવલી ગામની વચ્ચે એક પાણીનો વહેરો છે તેમાંથી ઘણા વર્ષ ઉપર આ પ્રતિમાજી નીકલ્યાં હતાં, તે વખતે ખબર પડવાથી બન્ને ગામના લોકો લેવાને આવ્યા, ને તકરાર કરવા લાગ્યા, છેવટે નિર્ણય કરી આકાઢોકાની ગાલ્લી કરી તેમાં પ્રતિમાજી પધરાવ્યાં, ને નાના વાછરડાઓ જોડયા. પછી ગાલ્લી જીરાવલી ગામ તરફ વળી. જેથી જીરાવલી ગામમાં લાવીને ત્યાં પધરાવ્યાં. અત્યારે આ દેરાસર ભરજંગલમાં છે પણ તેનો ચમત્કાર જેવોને તેવોજ છે. હાલ પણ તે દેરાસરમાંથી કોઈ ચીજ લઈ શકતું નથી. ભાદરવા સુદી ૪ના રોજ આ દેરાસરજી ઉપર ધ્વજા ચઢાવે છે ને સુદી ૧ દરવર્ષે મેલો ભરાય છે તેમાં તમામ વર્ણના લોકો આવે છે.

## ' જગન્નાથપુરીમાં જીરાવલા પાર્શ્વનાથ '

૨૫

ઓરીસા ( ઓડીયા ) દેશના રાજાએ પૂર્વે અહીંયાં જીરાવલા પાર્શ્વનાથનું દેરાસર બંધાવેલુ અને તે જીરાવલા પાર્શ્વનાથના તીર્થ તરીકે પ્રગટ થયું હતું. પાછલથી બલાત્કારે શંકરાચાર્યે રાજાની મદદથી તેને પોતાના કબજામાં લઇ પાર્શ્વનાથજીનો પ્રતિમા ઉપર ભૈરવનું ચક્ર ગોઠવીને પછી તે શૈવ વૈષ્ણવ વગેરે સમગ્ર હીંદુઓના તીર્થ તરીકે તેને પ્રગટ કર્યું. ત્યાં સર્વ જાતના હીંદુઓ સાથે જમે છે, છતાં આભડછેટ ગણતા નથી, અને તેઓ તેને પવિત્ર સમજે છે. શંકરાચાર્યના વખતથી આ તીર્થ હિંદુઓના તીર્થ તરીકે પ્રવર્ત્યું, જે આજે જગન્નાથ પુરી તરીકે ઓળખાય છે, જ્યાં કલકત્તેથી રેલ તથા સ્ટીમરને રસ્તે જવાય છે.

મારવાડમાં સાહુરી ધાનેરા ત્યા ધાનેરા ગામમાં જાત્રા કરવા લાયક જીરાવલી પાર્શ્વનાથનું દેરાસર છે. રાણી સ્ટેસનથી ત્યાં જવાય છે.

નાડલીમાં પણ ચમત્કારીક દેરાસરજી ડુંગર ઉપર છે.

જીરાવલી ગામ શીરોહી ઈલાકામાં મઢોરથી સાત ગાઉ થાય છે, જીરાવલા પાર્શ્વનાથની શ્યામ મુર્ત્તિ મુલ-

નાયકની હતી તે ઘણા જુના વખતની હોવાથી શરીરનો કેટલોક ભાગ જીર્ણ થયો હતો. તે મુર્ત્તિ બાજુએ બેસાડી ત્યાં હાલ બીજી પ્રતિમા બેસાડેલ છે. જીરાવલાનું દેરાસર જીરાવલી ગામથી અડધો મેલ છેટે છે. તે બાવન જીનાલયનું ભવ્ય વિશાલ દેરાસર છે અર્થાત્ ભમતીમાં પણ મુર્ત્તિઓ બીરાજમાન છે એવી રીતે દેરાસર ઘણું વિશાલ છે પણ હાલ શ્રાવકનાં ઘરની ઘણી સામાન્ય સ્થીતિ છે.

જીરાવલા ગામ આબુજીની પાસે છે ત્યાં પણ જીરાવલા પાર્શ્વનાથની મુર્ત્તિ છે. દેરાસર સંપ્રતિ રાજાનું બંધાવેલું છે.

ડીસાથી થોડેક છેટે જીરાપલી નામે ગામ છે ત્યાં પણ જીરાવલા પાર્શ્વનાથજીનું દેરાસર છે. દરેક દેરાસરોમાં પ્રતિષ્ઠા વખતે જીરાવલા પાર્શ્વનાથનો મંત્ર આલેખાય છે.

નાંદોલ ગામમાં જીરાવલા પાર્શ્વનાથનું દેરાસર છે.

બલોલમાં જીરાવલા પાર્શ્વનાથનું દેરાસર ધાબાબંધી સં. ૧૮૪૧ ની સાલમાં સંઘે બંધાવેલું છે, સ્ટેશન મોઢાણા થઇને ત્રણ ગાઉ બલોલ જવાય છે.

## જોટવા પાર્શ્વનાથ.

૨૬

પાટણ પાસે ધીણોજ નામે ગામ તે રેલવેનું સ્ટેશન છે. ત્યાં ચોધરી શેરીમાં એક ઘુંમટવાળું જોટવા પાર્શ્વનાથનું દેરાસરજી છે, વેળુની પ્રતિમા છે, ફાગણ સુદી ૬ ની વરસ ગાંઠે મેળો ભરાય છે. દેરાસર ઘણું જુનું છે જેથી કોણે બંધાવ્યું છે તે જણાતું નથી. પણ અહીંયાં એક કહેવત ચાલે છે.

ધીણોજ ગામને ધનજી શેઠ, લાખ રૂપૈયા કણજી હેઠ;
તીર આઘા કે તીર પાછા, કરી લ્યો ઉપકી તલાસા.

અર્થ—ધીણોજ ગામમાં ધનજી શેઠના ઘર આગળ કણજીનું ઝાડ છે, ત્યાં તીર આઘા કે તીર પાછા લાખ રૂપૈયા જમીનમાં છે એવી કહેવત છે.

## જશોધરા પાર્શ્વનાથ.

૨૭

ભરૂચમાં જશોધરા પાર્શ્વનાથનું ભવ્ય દેરાસર છે તે તીર્થસ્થળ ગણાય છે. સીંહલદ્વીપના રાજાની કુંવરીએ સમળી વિહાર નામનું દેરાસર પૂર્વે ભરૂચમાં બંધાવેલું

હતું. જેમાં મુનિસુવ્રતસ્વામી વિરાજમાન હતા, કુમારપાલના વખતમાં ઉદયન મંત્રીના પુત્ર આમ્રભટે તેનો ઉદ્ધાર કરાવેલો હતો, જેને શકુનીવિહાર પણ કહે છે. પણ બાદશાહોના વખતમાં તે જગ્યાએ મસ્જીદ બંધાણી હોય એમ સંભળાય છે.

સુદર્શનાએ સમડી વિહાર બંધાવ્યો તેને પણ આજે મુનિસુવ્રતસ્વામી જેટલોજ લગભગ કાળ થયો છે એટલે આજે તેને અગીયાર લાખ અને સાઢીછયાસી હજાર વર્ષ જેટલો કાલ થયો હશે, આમ્રભટે તેનો ઉદ્ધાર કરાવ્યો તેવારે હેમચંદ્રાચાર્ય કુમારપાલ પણ ભરૂચમાં આવ્યા હતા. આમ્રભટને વ્યંતર દેવીએ ઉપસર્ગ કર્યો પણ આચાર્યમાહારાજે મંત્રના બળે કરીને દેવીને વશ કરી આમ્રભટને દેવીના ઉપસર્ગથી રહીત કર્યા.

## જગડીયા પાર્શ્વનાથ

## ૨૮

એમ સંભળાય છે કે પ્રથમ જગડીયાજી પાર્શ્વનાથનાં ૧૦૮ તીર્થસ્થાનોમાંનું એક તીર્થસ્થાન ગણાતું હતું. પહેલાં તે મોટુ નગર હતું. ૧૦૮ જાત્રા કરવા લાયક પાર્શ્વનાથના સ્થાનોમાં જગડીયાજી પણ કહ્યું છે એમ

વિજયસેન સુરિના શિષ્યે સ્તવન રચ્યુ તેમાં જણાવ્યું છે તે પછી આદિશ્વરજીની પ્રતિમા સં. ૧૬૨૧ માં નીકળી તે એક લાખ રૂપેયા ખર્ચીને મોટુ દેરાસર કરી તેમાં પધરાવી છે. હાલમાં મુખ્ય આદિશ્વરભગવાન મુલ નાયક તરીકે છે. ચમત્કારીક પ્રભાવવાળા છે તેમની એક બાજુએ પાર્શ્વનાથજીની પ્રતિમા છે.

## ટાંકલા પાર્શ્વનાથ.

૨૯

પાટણમાં ઢંક મેતાની પોળમાં (વાડામાં) ટાંકલા પાર્શ્વનાથજીનું દેરાસરજી છે, એ પ્રતિમાજી ઘરના ટાંકામાંથી મળેલી તેથી ટાંકલા પાર્શ્વનાથ નામ પડયું.

## ડોહલા પાર્શ્વનાથ.

૩૦

ઘોટા સકલામાં ડોહોલા પાર્શ્વનાથજીનું જુનું દેરાસર છે.

# ડોસલા પાર્શ્વનાથ.

## ૩૧

ધોલકામાં ભોંયરામાં પ્રતિમા ઘણીજ ચમત્કારીક છે. કલીકાલ સર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે તેમની આગળ મંત્ર વીદ્યાઓ સીદ્ધ કરી હતી. સુરતવાળાઓ ડોસલા પાર્શ્વનાથ જીને સુરત લઈ જવાના રૂપૈયા પાંચ હજાર આપવા માંડયા પણ ગામના સંઘ આપી નહી. ધોળકા આગળ વૈરાટ નગરી તરીકે પ્રસિદ્ધ હતું. વીરધવલ રાજાનું રાજ્ય અહીં ધોળકામાંજ હતું. તેમજ વસ્તુપાલ અને તેજપાલ વીરધવલ રાજાના મુખ્ય પ્રધાનો હતા. તેમણે આબુજી ઉપર નેમનાથ ભગવંતનું બહુજ કોતર કામ વાલું કીમતી દેરાસર બંધાવ્યું છે. અને તેમની સ્ત્રીઓએ ગોખલા ત્યાં આગળ બંધાવ્યા છે જે દેરાણી જેઠાણીના ગોખલા તરીકે ઓળખાય છે. તેમાં લાખો રૂપૈયા ખર્ચ થયો છે. ધોળકા હાલ નાનુ ગામ છે ને જૈનોની વસ્તી પણ તુટી ગઈ છે દશા વીશાના ભેદો વસ્તુપાલ તેજપાલના વખતમાં થયા તે સંબંધી વિશેષ હકીકત માટે જુઓ વસ્તુપાલ તેજપાલ ચરિત્ર ।

ધોળકામાં શ્રી નેમનાથજીની ચમત્કારી શ્યામ પ્રતિમા આશરે એક ગજ ઉંચી હતી. તે તલાજે પધરાવવા

માટે શેઠ દલપતભાઈ મગનભાઈ હઠીસીંગની ભાર્યા જમુ શેઠાણી રૂપિઆ પંદરસો આપીને ગઇ સાલમાં લઈ આવ્યાં, ધોળકામાં તેમનું દેરાસર કુમારપાલે બંધાવ્યું હતું.

પાલણપુર જીલ્લે ઘોટાસણલા ગામે ડાસલા પાર્શ્વ-નાથનું પુરાણું દેરાશર છે, દર વરસે કાર્તિક સુદી ૧૫ નો મેળો ભરાય છે.

## ડાકરીઆ પાર્શ્વનાથ.

૩૨

પ્રભાસ પાટણમાં ડાકરીયા પાર્શ્વનાથનું દેરાસર છે પ્ર-ભાસ પાટણને દેવપાટણ પણ કહે છે, પાર્શ્વનાથની પ્રતિમા શ્યામ વર્ણની તેના હાથમાં રૂપાની કોરી ચોડેલી છે. પ્રથમ રોજ એક કોરી હાથમાંથી નીકળતી હતી.

## દાદા પાર્શ્વનાથ.

૩૩

વડોદરામાં નરસીંહજીની પોળમાં દાદા પાર્શ્વનાથ-જીનું દેરૂ રાજા કુમારપાલે બંધાવ્યું હતું, તે દેરાસરજીનો

જીર્ણોદ્ધાર સં. ૧૯૭૩ માં લગભગ રૂ. એક લાખ ખરચીને કરવામાં આવ્યો છે. પાવાગઢમાં સંપ્રતિ રાજાની ભરાવેલી ભીડભંજન પાર્શ્વનાથજીની પ્રતિમા ત્યાં શ્રાવકોનાં ઘર નહી હોવાથી વડોદરે લાવીને દાદા પાર્શ્વનાથજીના દેરાસરમાં પધરાવી છે, વેળુની લેપમય મુત્તિ દાદા પાર્શ્વનાથની ઘણીજ ચમત્કારીક છે.

## દોલતી પાર્શ્વનાથ.

૩૪

પાટણમાં દોલતી પાર્શ્વનાથજીનું દેરાસર છે.

## તીવરી પાર્શ્વનાથ.

૩૫

ઓશીયાના રસ્તામાં તીવરી પારસનાથનું દેરાસર ઘણુંજ જુનું છે, પૂર્વે તે ઓશીયા નગરીની અંદર હતું ત્યાં આગળ ઘાંચીઓ ઘાણી પીલતા હતા દેરાસર ભોંયમાં દટાઇ ગયું છે, પગથીયાં ધુલથી ઢંકાઇ ગયાં છે દેરાસરમાં બે કાઉસગીયા જમીનમાંથી નીકળેલા છે, દેરાસરના ઘુમટો જીર્ણ થઇ ગયા છે. જીર્ણો-

દ્વારની જરૂર છે. સંવત ૧૧૬૭ માં વિજયસેન સુરિના શિષ્ય વિનય કુશલના સ્તવનમાં હકીકત જણાવી છે.

એક દેરાસરનાં દશથી પંદર પગથીયાં જમીનમાં દટાઇ ગયાં છે, તો તેનાં બિંબ જમીનમાં હોવાં જોઇએ.

## નવનિધિ પાર્શ્વનાથ.

૩૬

અજાગ્રહમાં નવનિધિ પાર્શ્વનાથનું તીર્થ હાલ જણાતું નથી.

## નવખંડા પાર્શ્વનાથ.

૩૭

ઘોઘા શહેરમાં નવખંડા પાર્શ્વનાથ છે, જેના જુદા જુદા નવ સાંધા જણાય છે. એ મુર્ત્તિ કોઇ મ્લેચ્છોએ ખંડીત કરી હતી. પણ પછી તેના અધિષ્ઠાયકે સ્વપ્ન આપ્યું કે "તેના નવખંડ એકઠા કરી રૂ ના પોલમા ભારી રાખી ( કોઇ લાબસીમાં કહે છે) તેને છ માસ પછી કાઢજો એટલે સાંધા મલી જઇ પ્રતિમાજી અખંડીત થશે." જેથી શ્રાવકોએ તે પ્રમાણે કર્યું પણ તેમને અધિરાઇ આવી કે સાંધા મલશે કે નહીં, જેથી છ માસ અગાઉ

તે મુર્ત્તિને જોઈ જેથી તેના સાંધા આજ પણ હજી જુદા જણાય છે તે ઉપરથી નવખંડા નામ પડયું છે.

આ નવખંડા પાર્શ્વનાથજીનું બીંબ વિક્રમ સંવત ૧૧૧૮ માં મહેંદ્રસૂરીના ઉપદેશથી ઘોઘા બંદરે શ્રીમાલી ન્યાતી નાણાવટીએ નવખંડા પાર્શ્વનાથનું બિંબ ભરાવ્યું છે.

ખંભાત શહેરમાં માણેકચોક પાસે અતિ પૂરાણી અદ્ભૂત પ્રતિમા છે તેમાં પણ સાંધા જુદા જુદા દેખાય છે તે નવખંડા પાર્શ્વનાથજી કહેવાય છે.

---

## નવલખા પાર્શ્વનાથ.

૩૮

પાલીના મોટા દેરાસરજીમાં મોટી પાર્શ્વનાથની મુર્ત્તિ છે તે મુર્ત્તિને નવ અંગના તીલકની જગાએ નવ યંત્ર ખોદી તેમાં અક્ષરો લખ્યા છે તે મંત્રાક્ષરો છે. તે સિવાય તેની આસપાસ ઘણા યંત્ર મંત્ર ખોદેલા છે. ભમતીવાળુ દેરાસર છે તે નવલખા પાર્શ્વનાથનું દેરાસર છે.

દીવમાં પણ નવલખા પાર્શ્વનાથનું દેરાસર છે.

---

## નવસારી પાર્શ્વનાથ.

૩૯

નવસારીમાં આ ભગવાનનું દેરાસર ઘણુંજ વિશાળ છે. તેમાં ઘણીજ મનોહર મુર્ત્તિ છે. વલી એક પરઘરનો ઉપલો ભાગ કાળા પત્થરનો છે. એથી એમ અનુમાન રહે છે કે તે ફણુવાળા પરઘરની મોટી મુર્ત્તિ કાંતો બીજે કયાંય લઇ જવામાં આવી હોય, ધર્મશાલા વગેરે અતિ સગવડતાવાળી જગા છે.

## નવફણા પાર્શ્વનાથ.

૪૦

શેષ નામે નગર હતું ત્યાં શંખ નામે રાજા હતો તેને મદન નામે કામદેવ સમાન રૂપવાળો પુત્ર હતો. તે કલા ધર્મશાસ્ત્ર વગેરેમાં પ્રવીણ હતો, પરન્તુ યૌવન વયે તેને કોઢ રોગ ઉત્પન્ન થયો, ઘણી પીડા પામવા લાગ્યો. રાજાએ અનેક ઉપાય કરી મંત્રવાદીઓ, તંત્ર વાદીઓ ઔષધ જાણનારા વગેરેને બોલાવ્યા, તેમની પાસેથી અનેક ઉપચાર કરવા છતાં પણ કુમારને વ્યાધિયો શાંતિ થઈ નહી. જેથી રાજાએ કોઇ જૈન આચાર્યને પુછ્યું, ત્યારે આચાર્યે જણાવ્યું કે "વૈદો કહે છે કે એને વાતપિત

કફ વગેરે રોગો થયા છે. જોશી કહે કે એને ગ્રહ નડે છે મંત્રવાદી કહેશે કે ભૂતાવળનો દોષ છે, પણ ખરી વસ્તુ સ્થીતિ તો જુદીજ છે. કાલે કરીને પોતાનાં કરેલાં જેમ સુકૃતો પ્રાણીને ઉદય આવે છે તેમ દુષ્કર્મો પણ ઉદય આવે છે. તે તેની સ્થીતિ પાકશે એટલે મટશે પણ તમે પાર્શ્વનાથની અષ્ટ પ્રકારી પૂજા કરો. આચાર્ય મહારાજે તેની વિધિ પણ બતાવી દીધી, પછી રાજાએ આચાર્ય મહારાજનું વચન માન્ય રાખી તેમણે બતાવેલ ક્રિયા પ્રમાણે પાર્શ્વનાથજીનું દેરાસર બંધાવી ભગવંતની ભક્તિ કરવા લાગ્યો. તેમજ કુમાર પણ યથાશક્તિ સેવા ભક્તિ કરતો, અનુક્રમે કરીને કુમારનો કોઢ રોગ દૂર થયો, જેથી નગરના લોકોને આસ્થા થઇ અને તેઓ વિશેષે પુજવા લાગ્યા તે નવફણા પાર્શ્વનાથ કહેવાયા. રાજા પણ વિશેષ પ્રકારે પૂજા કરતો અનુક્રમે કર્મોનો ક્ષય કરી તેના પ્રભાવે મુક્તિમાં ગયો, નવફણ હોવાથી નવફણા પાર્શ્વનાથ નામ પડયું.

—o—

## નવપલ્લવ પાર્શ્વનાથ.

### ૪૧

કાઠીયાવાડ સોરઠ દેશમાં માંગરોળ બંદર તેને શા.

આમાં મંગલપુર રહે છે, ત્યાં નવપલ્લવ પાર્શ્વનાથ છે. પ્રતિમાજી પ્રાચિન સમયનાં સફેદ ને ચમત્કારીક છે, પાંચસો વર્ષ ઉપરનાં છે. પ્રતિમાજી ગળાના ભાગે ખંડિત થયેલાં હોવાથી ત્યાં સોનાનો લેપ કરેલો છે. કુમારપાળના વખતમાં દેરાસરની સ્થાપના થયેલી લગભગ સંભળાય છે પ્રતિમાજી સંપ્રતિ રાજાના વખતની છે. બાદશાહી વખતમાં પ્રતિમાજી ખંડીત થયેલા હોય તેમ લાગે છે. પ્રસંગે ચમત્કાર દેખાય છે સોમસુંદર કાવ્યમાં તે સંબંધી વિશેષ હકીકત છે.

ખંભાતમાં સાબલી પોળમાં નવપલ્લવ પાર્શ્વનાથનું દેરાસર છે, સુરતમાં નવપલ્લવ પાર્શ્વનાથ છે.

---

## નરોડા પાર્શ્વનાથ.

### ૪૨

પાર્શ્વનાથજીનું દેરાસર તથા પદ્માવતીનું સ્થાનક છે, ત્યાં પ્રાયઃ વર્ષમાં બે વાર અમદાવાદથી જૈનો સંઘ લઇને જાય છે દેરાસરની નજીક શેઠ હઠીભાઇની ધર્મશાળા છે, બીજી પણ ધર્મશાળાઓ શેઠ હીમાભાઇની તેમજ શેઠ મગનભાઇ કર્મચંદની છે.

અમદાવાદથી લગભગ ત્રણ ગાઉ દૂર અને અમદાવાદથી પ્રાંતીજ જતાં બીજું સ્ટેશન છે.

નરોડામાં શેઠ મનસુખભાઇ ભગુભાઈના સ્મરણાર્થે રૂ. પોણા લાખના ખર્ચે એક સેનેટરીયમ બાંધવામાં આવ્યું છે.

---

## નાકોડા પાર્શ્વનાથ.

૪૩

પૂર્વે અહીં વીરમપુર નામે મોટું નગર હતું. સંવત ૧૫૦૦ માં અહીયાં ૧૫૦૦ શ્રાવકનાં ઘર હતાં, હાલ ૧૫૦ ઘરની વસ્તી છે. આ નગરની ચારે બાજુએ કોટ હતો. તેમજ એક મોટુ તલાવ પણ છે તે હાલ તુંટી ગયું છે અહીંયાં ત્રણ મંદીર છે. પાર્શ્વનાથની પ્રતિમા વીરમપુરથી દશકોશ દૂરના નાકોડા ગામના એક શ્રાવકને પત્થર નીચે દટાએલી તે ખોદતાં સવાહાથ ઉંચી શ્યામ પ્રતિમા નીકલી. કોઈ કહે છે કે નાકોડા પાસે નદી પાસેના મકાનમાંથી એ પ્રતિમા પ્રગટ થઈ. ત્યાંથી વીરમપુર લઈ જઈ ત્રણ શિખરવાળું દેરાસર કરાવી સંવત ૧૫૦૦ ની આસપાસમાં પધરાવી. આ પ્રતિમા તથા તેની બાજુની બે પ્રતિમા સંપ્રતિ રાજાની ભરાવેલી છે. દરવાજો સં. ૧૬૨૧ માં કરાવ્યો તેવો તે ઉપર લેખ છે. આ મંદિરની બાજુમાં બે ભોંયરાં છે. તેમાં એકમાં ચાર મુર્ત્તિ તથા બે કાઉ-

સગ્ગીઆ છે. બીજામાં સાત મુર્ત્તિ અને પાંચ કાઉસ-ગ્ગીયા છે. કાઉસગ્ગીયા ઉપર સં. ૧૨૭૩ નો લેખ છે. આ તીર્થના મહીમાનો એક છંદ સમયસુંદર સુરીએ બનાવ્યો છે, તે "નાકોડા તીર્થ વર્ણનની ચોપડીમાં છપાઇ ગયો છે.

આ તીર્થ સોળમા સૈકામાં બહુ પ્રખ્યાત હતું. આ તીર્થ મારવાડમાં બાલોતરા સ્ટેશનથી ત્રણ "કોશદુર પગ રસ્તે આવેલું છે. સંવત ૧૯૪૧ થી પોષ દશમનો મોટો મેળો ભરાય છે.

---

## નાગફણા પાર્શ્વનાથ.

### ૪૪

ચિત્તોડ, મેવાડનું રાજ્ય પ્રતાપ પાસેથી અકબર બાદશાહે જ્યારે જીતી લીધું. ત્યાં પ્રતાપને નાશી છુટવું પડયું. ને જંગલમાં ગુપ્ત પ્રવાસ કરવો પડતો એક વખત તેમને જૈનાચાર્ય લક્ષ્મીસાગર ( પ્રાયઃ એ નામ "હતું ) મહારાજનો સમાગમ તેમને થયો. તેમને રાજાએ પુછ્યું કે "આપ મને મારૂ રાજ્ય પાછુ મલે તેવો કોઈ ઉપાય બતાવો."

આચાર્ય મહારાજે કહ્યું કે "ધરણેંદ્ર પદ્માવતી

સહીત શ્રી પાર્શ્વનાથજીની પ્રતિમાનું આરાધન કરવાથી તમારા મનોરથ સફલ થશે.”

પછી તેમણે ટીંટોઈથી બારગાઉ દૂર ગરાસીયાઓનું ગામ છે, ત્યાં ડુંગર પાસે વીછુવાડાથી ત્રણ ગાઉ ધમાસાની નેળમાં થઈને જવાય છે ત્યાં પદમાવતીને માથે પાર્શ્વનાથની મુર્ત્તિ છે, ત્યાં જઈને આચાર્યના કહેવા પ્રમાણે રાણાએ આરાધન કર્યું. જેથી તેમને પોતાનું રાજ્ય થોડા કાલમાં પાછું મલ્યું.

નાગફણા પાર્શ્વનાથનું આરાધન કર્યા પછી ભામાશાહની મદદથી પોતે સજ્જ થઈ લડાઈ કરી અને પોતાના બાવન કીલ્લાઓ જીતી લીધા, તે પછી પોતાની રાજ્યધાનીમાં મોટુ દેરાસર કરાવી ધરણેંદ્ર પદ્માવતી સહીત પાર્શ્વનાથની પ્રતિમા પધરાવી, વીધિ સહીત ઓચ્છવ મહોત્સવ પુર્વક સ્થાપના કરી. તેમનું નાગફણા પાર્શ્વનાથ નામ સ્થાપ્યું, આજે પણ જેમનો ઘણો પ્રભાવ છે.

પામોલનો સંઘ ત્યાં ગયો હતો તે વારે એક અડચણવાળી બાઈ ત્યાં ભગવાનના મંદીરમાં ગઈ, આશાતના થવાથી દેરામાંથી ભમરા છુટયા. આવા ઘણા ચમત્કારો ત્યાં બને છે. ત્યાં કોઈ રાત રહી શકતું નથી. તે પ્રતિમાની નીચેથી પાણી વહે છે,. તેનો કુંડ ભરાય છે. જે સંઘ ગુજરાતથી ઇડરના રસ્તે કેશરીયાજી જાય છે તે

અવશ્ય અહીંયાં જાત્રા કરવા આવે છે. જ્યારે વધારે જાત્રાળુ હોય તો વધારે પાણી નીકળે છે, દીગંબરો પણ તે પ્રતિમાજી ઉપર બહુ આકીન રાખે છે, આ તીર્થ ઇડરથી જતાં જંગલમાં બે ડુંગરની તલાટીમાં છે, ગાયના મુખમાંથી પાણી નીકલી કુંડ ભરાય છે.

સં. ૧૯૨૨ માં બંધાવેલું વીજાપુર તાલુકે વિહાર ગામમાં નાગફણા પાર્શ્વનાથનું દેરાસર છે. દગવાડીયામાં પણ સં. ૧૯૨૮ ની સાલનું બંધાવેલું છે.

કેસરીયાજી પાસે સામેરા ગામમાં નાગફણા પાર્શ્વ-નાથનું દેરાસર હતું પણ હાલ જણાતું નથી.

---

## પલ્લવીયા પાર્શ્વનાથ.

૪૫

પાલનપુર જેનું અસલ નામ પ્રહુલાદનપુર છે. તે નગર પુર્વે પ્રહલાદે (પાલ્હણે) વસાવેલ છે; પાલ્હણ આબુ દેશનો રાજા હતો. તે પરમાર વંશમાં ઉત્પન્ન થયો હતો, એક દિવસ રાજાએ પલ્લવીયા પાર્શ્વનાથની મુર્ત્તિ સોનાની હતી તે ધર્મદ્વેષી બની ગળાવી તેના પલંગના પાયા કરાવ્યા, જેના પાપથી કુષ્ટીનો રોગ રાજાને થયો, (કયાંય પીતલની પ્રતિમા રાજાએ ગળાવી નાંખ્યાનું પણ લ-

જ્યું છે. ) ને ગોત્રીઓએ (ભાયાતોએ ) તેની પાસેથી રાજ્ય પડાવી લીધું, રાજા મોતના ડરથી નાસતો પરદેશમાં ભટકવા લાગ્યો. ભમતાં ભમતાં તેને એક દિવસ શીલધવલ આચાર્યનો મેલાપ થયો. તેમની પાસે તેણે પોતાનું પાપ કહી બતાવ્યું. પછી ગુરૂએ તેને પ્રતિબોધ આપ્યો. તે વારે પશ્ચાત્તાપ કરતાં થયેલા અપરાધનું ગુરૂ પાસે પ્રાયશ્ચિત માગ્યું. ત્યારે ગુરૂએ કહ્યું કે "રાજન! તમે જીનમંદીર તથા જીન પ્રતિમા કરાવજો ને અહર્નિશ તેમની સેવા ભક્તિ આદિ પુણ્યનાં કામ કરજો."

અનુક્રમે તેણે પોતાના નામે પ્રહલાદનપુર નગર (હાલનું પાલણપુર) વસાવ્યું, પછી તેણે સુવર્ણના સોળ કાંગરાવાળું પાલ્હણ વિહાર નામનું જીનમંદીર બંધાવ્યું. તેમાં પાર્શ્વનાથની પ્રતિમા સ્થાપન કરી, તેના પુણ્યના પસાયથી તેનો કોઢ રોગ પણ નાશ પામ્યો. જીવીત પર્યંત જીન ભક્તિ કરી પોતે દેવલોક ગયો.

પાલનપુરમાં ચોરાસી શેઠીયાઓ રોજ દર્શન કરવા આવતા, તેમજ ત્યાં એક મુંડા પ્રમાણ રોજના ચોખા આવતા, પરમ પવિત્ર શ્રીમન્ હીરવિજય સૂરિ તથા સોમસુંદરસૂરિ પણ અહીંયાંજ ઉત્પન્ન થયા છે. હીરવિજયસૂરિના વ્યાખ્યાનમાં ચોરાસી શેઠીયાઓ પાલખીમાં બેસીને આવતાં તે બધા ઈભ્ય એટલે અતિ ધનાઢ્ય રૂદ્ધીવંત હતા.

ઇભ્ય એટલે જેની લક્ષ્મીનો ઢગલો કરે ને તેમાં અંબાડી સહીત હાથી ઢટાઈ જાય તેવારે તે ઇભ્ય શેઠ કહેવાય એવા ઋદ્ધિવંત શ્રીમંતો તે જમાનામાં પાલનપુરમાં વસતા હતા. હાલમાં એક હજાર ઘર વીશા ઓશવાલનાં છે. આગળ તે શહેર બાર ગાઉ ફરતું હતું. ત્યાં અનેક દેરાસરો હતાં.

હાલમાં પણ પાલનપુર આસપાસ ખોદ કામ કરતાં ઘણી પ્રતિમાઓ નીકળે છે.

નેમીશ્વર ભગવાનની મોટી પ્રતિમા નીકળી હતી તેમનું દેરાસર રૂપીઆ એંસી હજાર ખરચીને બંધાવ્યું હતું.

એક વખત એકસો સીત્તેર પ્રતિમાઓનો સટ નીકળેલો તથા તે પછી ચોવીશ પ્રતિમાઓ બીજી વખત નીકળી તે પણ ત્યાં શાંતિનાથજીના દેરાસરજીમાં છે.

પહલ્લવીયા પાર્શ્વનાથની મુર્ત્તિ પ્રથમ સોનાની હતી, તે મુસલમાનોના જુલમ વખતે કયાં ભંડારી તેની ખબર નથી. પણ એમ દંતકથા (લોક વાયકા) સંભળાય છે કે "બકરીની ખરીથી તે પ્રતિમાજી પ્રગટ થશે"

પહલ્લવીયા પાર્શ્વનાથની સુવર્ણની મુર્ત્તિ પ્રહલ્લાદન રાજાએ ભરાવી હતી તે અધિષ્ઠાયકના પ્રભાવથી ઘણીજ પ્રભાવવાળી થઈ સંભળાય છે જેના નવણથી તેનો (રાજાનો) કોઢ રોગ દૂર થયો હતો. તે વખતે સોળ

મણુ સોપારી રોજની આવતી હતી. હાલમાં તેની જગાએ બીજી પ્રતિમા છે.

પ્રહલાદન રાજાનો પુત્ર ધારાવર્ષાદેવ હતો, તેને કોઢનો રોગ થયો હતો તે પણ પલ્લવીયા પાર્શ્વનાથના નવ-ણુથી મટયો.

પલ્લવીયા પાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા ( ફરીને ) સંવત ૧૨૭૪ ના ફાગણ સુદ ૫ ને ગુરૂવારના દિવસે કોરંટક ગચ્છાચાર્યશ્રી કક્કસુરિના મુબારક હસ્તે આંબડ સંઘવીએ કરાવ્યાનો લેખ છે.

પાલનપુર સંવત ૧૩૨૩ માં પણ આબાદ શહેર હતું. સજ્જન નામે શેઠ પાલનપુરમાં રહેતો હતો તેમને માલ્હણ દેવી નામે સ્ત્રી હતી, તેણીને ગર્ભ રહ્યો તે વખતે સ્વપ્નમાં ચંદ્રમા દેખ્યો, જેથી તેણીને પુત્ર થયો તેમનું ' સોમ ' એવું નામ પાડયું સંવત ૧૪૩૦ માં.

## ોસલીયા પાર્શ્વનાથ.

૪૬

એરણુપુરની છાવણીથી બાર ગાઉ દૂર પોસલીયા પાર્શ્વનાથનું દેરાસરજી છે.

## પરોલી પાર્શ્વનાથ.

૪૭

ગોધરા લાઈનમાં વડોદરેથી જતાં છાણીઅલ બીજુ સ્ટેશન આવે છે, ત્યાંથી બે ગાઉ દૂર પરોલી ગામમાં પાર્શ્વનાથની મુર્ત્તિ છે. અઢારે વર્ણ તેને માને છે માનતા પણ કરે છે તે ગામમાં શ્રાવકનું ઘર નથી. મુર્ત્તિ દર્શન કરવા લાયક છે તેમજ ચમત્કારીક છે.

## પોસીના પાર્શ્વનાથ.

૪૮

ઈડર જીલ્લામાં પોસીના ગામમાં સંપ્રતિ રાજાનું બંધાવેલું પોસીના પાર્શ્વનાથનું દેરાસર છે. પ્રતિમા પણ તેમણે ભરાવેલી મહા મનોહર જાત્રા કરવા લાયક છે. દેરાસર રમણીક છે. ધર્મશાળાઓ તેમજ કારખાનું છે.

ઈડરના ઘણા માણસો દક્ષીણમાં ગયા છે તે ભગવાન ઉપર આસ્થા રાખી વેપારના નફામાંથી અમુક ભાગ કાઢીને મોકલાવે છે.

પોસીના ખરેડી સ્ટેશનથી પંદર મૈલ છે.

# પંચાસરા પાર્શ્વનાથ.

૪૯

હાલ પાટણમાં તીર્થરૂપ દેરાસર છે. જે દેરાસરમાં વનરાજ ચાવડાની પણ મુર્ત્તિ છે આ પંચાસરા પાર્શ્વનાથની મુર્ત્તિ પંચાસરા ગામથી લાવ્યા હતા, જ્યાં વનરાજના પીતા જયશીખરીનું રાજ્ય ચાલતું હતું. ભાવીભાવે જયશીખરીને કલ્યાણીના રાજા ભૂવડ સાથે લડાઈ થઇ તેમાં આખરે તે મરાયો ને પંચાસર ભાગ્યું. અને પંચાસરા પાર્શ્વનાથની મુર્ત્તિ જયશીખરીનો પુત્ર વનરાજ જ્યારે મોટો થયો અને પાટણ વસાવ્યું ત્યાર પછી ત્યાં લાવવામાં આવી, પંચાસર ગામમાં હાલ ભોંયરૂ જણાય છે તે ભોંયરૂ પંચાસરથી પાટણ સુધી છે એમ કહેવાય છે. પંચાસરા પાર્શ્વનાથની સ્થાપના સં. ૮૦૨ માં પાટણમાં ( અંચળગચ્છવાસી કલ્યાણસાગર સુરિએ સ્તવન રચ્યું છે 'તેમાં કહ્યું છે કે ) વૈશાખ સુદી ૩ ના રોજે કરેલી છે અને નાગેંદ્ર ગચ્છના શ્રી શિલગુણસુરિએ વનરાજ ચાવડાને પ્રતિબોધ કર્યો હતો.

વનરાજ પોતાની માતાને દર્શન કરવાને કારણે પંચાસરાથી ભોંયરાને રસ્તે એ મુર્ત્તિ લાવ્યા જણાય છે.

વનરાજે અણહિલ્લ ભરવાડના નામ ઉપરથી અણ-

હીલ્લપુર પાટણ સં. ૮૦૨ માં વસાવ્યું. હાલનું પાટણ સંવત ૧૪૨૫ માં ફરીને વસ્યું છે ચાવડા વંશમાં વનરાજથી લઇને સામંતસિંહ સુધી સાત પેઢી પર્યંત રાજ ચાલ્યું. સંવત ૮૦૨ થી ૯૯૮ સુધી; સામંતસિંહ પછી ચૌલુક્ય વંશી મૂળરાજ સંવત ૯૯૮ માં સામંતસિંહની ગાદીએ બેઠો તે પછી ચામુંડરાજ, દુર્લભસેન, ભીમ આણાવલી. કરણ, સિદ્ધરાજ, કુમારપાલ, અજયપાલ, બાળ મૂળરાજ અને ભોળો ભીમદેવ એમ ચૌલુક્ય વંશમાં રાજ્ય સંવત ૧૨૭૧ સુધી ચાલ્યું. તે પછી વાઘેલા વીરધવલ તેના હાથમાં ગયું તેમના વંશમાં છેલ્લા કરણ વાઘેલા પાસેથી તેના માધવ નામના બ્રાહ્મણ પ્રધાને દેશ દ્રોહી બની દીલ્હીપતિ અલ્લાઉદ્દીન પાસે ગુજરાત લઇ લેવડાવ્યું સંવત ૧૩૫૩.

## પુષ્કરાવર્ત્ત પાર્શ્વનાથ.

૫૦

ઠંડખાતનાં ભવ્ય પુષ્કરાવર્ત્ત પાર્શ્વનાથ ભગવાનનું તીર્થ હતું હાલમાં જણાતું નથી

# ફલોધી પાર્શ્વનાથ.

૫૧

પાર્શ્વનાથનું દેરાસર ઘણું મોટુ અને ચમત્કારીક છે માગશર વદી ૧૦ મેં મોટો મેળો ભરાય છે. પાછળી ભમતીમાં ૨૪ દેરીઓ છે. આ દેરાસરની પાસે બીજુ દેરાસર છે. તેમાં પાંચ કલ્યાણકની સ્થાપના છે. પાર્શ્વનાથની પ્રતિમા વેલુની છે. ફલોધી પાર્શ્વનાથને શાસ્ત્રમાં ફલવર્દ્ધી પાર્શ્વનાથ કહે છે, ધર્મશાળા છે. સંવત ૧૨૨૧ માં દેરાસર કરાવી ધર્મઘોષસુરિ પાસે પ્રતિષ્ઠા કરાવી છે. પ્રતિમા શ્યામ લેપમય અઢી હાથ ઉંચી છે.

ધુંધલ કુમારને સ્વપ્ન આપી આ પ્રતિમા ઝાડ નીચેથી પ્રગટ થયાં હતાં ફલોધી ગામ હોવાથી ફલવર્ધી પાર્શ્વનાથ નામ કહેવાયુ.

મારવાડ દેશમાં ફલોધી મેડતા પાસે આવેલું છે.

કોઇને પુત્ર પૌત્રાદિકના પરિવાર તેમના પ્રભાવ થકી ઘણો થવાથી પણ ફલવર્ધી પાર્શ્વનાથ કહેવાયા.

# અલેજા પાર્શ્વનાથ.

૫૨

માંગરોલથી બાર ગાઉ અલેજા ગામ છે ત્યાં અલેજા પાર્શ્વનાથનું દેરાસર છે તે તીર્થ સ્થળ ગણાય છે, કેટલાક લોકો દરયામાં વહાણે બેસીને જતા હતા તે વખતે વહાણ સ્થંભ્યું. ને પ્રતિમાજી પ્રગટ થયાં તેમને અલેજા ગામમાં પધરાવ્યાં, લોકો આસ્થા સારી રાખે છે. અલેજા પોરબંદર અને માંગરોલની વચમાં આવેલું છે. તેનું સ્તવન સિદ્ધિવિજય મહારાજે કરેલું છે કોઇ કોઇ ટાણા પોરબંદર અને માંગરોલવાળાઓ સંઘ લઇને પણ જાય છે. બાકી અલેજા ગામ તો નાનુ ગામડું છે પણ ભગવંતનું દેરાસર રમણીય અને મનોહર છે.

# બહી પાર્શ્વનાથ.

૫૩

આ તીર્થ મંદસોરમાં માળવા જીલ્લામાં આવેલું છે.

# અંતરિક્ષ પાર્શ્વનાથ.

૫૪

સિંહલદ્વીપથી સોજોજન દૂર ચટક પર્વત છે, ત્યાં આગળ કનક નામના શ્રેષ્ઠીએ કનકપુર નામે નગર વસાવ્યું બીજાં પણ પચ્ચીસ ગામો તેની આસપાસ વસાવ્યાં. પછી ત્યાં મોટું જીન ભુવન કરાવી કનક શ્રેષ્ઠીએ સ્પર્શ પાષાણમય પાર્શ્વનાથનું બીંબ ભરાવ્યું, શુભ મુહુર્ત્ત સિદ્ધિયોગમાં તેની સ્થાપના કરી હમેશ તેની સેવા ભક્તિ કરવા લાગ્યો.

એક દિવસ વૈતાઢયનો સ્વામી મણીચુડ વિદ્યાધર પોતાના વિમાનમાં બેસીને તીર્થ યાત્રા કરવા જતો હતો, તે ચેટક પર્વત આગળ આવતાં તેનું વિમાન સ્થંભાઇ ગયું તો વિદ્યાના પ્રભાવથી તેને ખબર પડી કે અહીયાં ચમત્કારીક જીનભુવન છે. તરતજ નીચે ઉતરી પાર્શ્વનાથ ભગવાનનાં દર્શન કર્યાં. શુદ્ધ થઈ પુજન કર્યું. પુજા કરતાં પોતાના હાથની અંગુલીયે ચૌદ વર્ણવાલી મુદ્રિકા સોળ વર્ણવાળી થઈ ગયેલી જાણી તે આ પ્રતિમાનાજ પ્રભાવે થઇ એમ ખાતરી થવાથી પ્રતિમાજીને ઉપાડી ચાલતો થયો.

માર્ગમાં તેને સીંહલદ્વીપ ( લંકા ) નો રાજા રાવણ મળ્યો તેણે સર્વ વિદ્યાધરોને જીતી લઇને તે પ્રતિમા

પોતાના નગરમાં લઈ ગયો ને ત્યાં જીનભુવન કરાવી હમેશ તેની સેવા ભક્તિ કરવા લાગ્યો. એક દિવસ નાટક કરતાં એટલે પોતે વાદિંત્ર વગાડતો હતો ને તેની પટરાણી મંદોદરી નૃત્ય તથા ગાયન કરતી હતી, તે અરસામાં વિણાની તાંત તુટવાથી ત્યાં પોતાની નસ ખેંચી કાઢી વળગાડી દીધી પણ તાલમાં ખામી આવવા દીધી નહી. જેથી રાવણે ત્યાં તીર્થંકર નામ કર્મ બાંધ્યું. (બીજે ઠેકાણે અષ્ટાપદ પર્વત ઉપર બાંધ્યાનું પણ જણાવ્યુ છે તત્વ કેવલી ગમ્ય) પછી અધિષ્ઠાયકે સ્વપ્નુ આપ્યું કે "હવે મને મારી જગાએ મુકી આવ" તે વાંરે પ્રભાતે રાવણે પોતાની બદરી નામની દાસીને આજ્ઞા કરી કે "જા આ પ્રતિમાજીને ચેટક પર્વત ઉપર મુકી આવ."

પછી દાસી કે જેણીને ગર્ભ રહેલો હતો પણ ત્રેવીશ વર્ષ થયા છતાં પ્રસુતિ થતી નહોતી તે દાસી બદરી પાર્શ્વનાથની પ્રતિમાને લઈ ચટક પર્વત ઉપર જઈ તેના મૂળ પ્રાસાદમાં સ્થાપી તે પણ રોજ તેની ભક્તિ કરવા લાગી, ભક્તિ કરતાં દાસીને પણ પુત્રનો જન્મ થયો તેનુ કેદાર એવું નામ પાડયું. કેદાર જન્મથી વૈરાગી હતો યૌવન વયનો થયો તે વારે ચટક પર્વતનું રાજ્ય રાવણે કેદારને આપી દીધું, જેથી કેદાર પચ્ચીશ ગામનો સ્વામી થયો ને કનક શ્રેષ્ઠી તેનો પ્રધાન થયો. કેદારને

કનક શ્રેષ્ઠી પાર્શ્વનાથની ભક્તિ કરવા વડે અનેક પ્રકારે કર્મની નિર્જરા કરવા લાગ્યા. તેમજ પુણ્ય એકઠું કરવા લાગ્યા જે વારે રામ લક્ષ્મણે રાવણનો વિનાશ કર્યો પણ જીનભક્તિ કરનાર કેદારનું રાજ્ય લીધું નહી. છેવટે કેદાર અને કનક શ્રેષ્ઠીએ બન્નેએ દીક્ષા ગ્રહણ કરી અનશન કરી પાંચમા દેવલોકે ગયા, ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ સિદ્ધિ પદ પામશે.

બદરી ને કેદાર ઉપરથી બદરી કેદાર પાર્શ્વનાથ કહેવાયા, આ તીર્થ તે પછી પરધર્મિઓએ લઈ લીધું છે, આજે તે બદરી નારાયણના નામે ઓળખાય છે.

## ભટેવા પાર્શ્વનાથ.

૫૫

કોઈ શેઠને એવો નિયમ હતો કે "જીનપુજન કર્યા વગર પોતે જમવું નહીં, કોઈ પ્રસંગે તે દેશાવર જવા સારૂ નીકળ્યા પણ ત્રણ દિવસ સુધી કોઈપણ ગામે રસ્તામાં પુજનનો જોગ બન્યો નહીં, જેથી તેમને એવી રીતે અઠ્ઠમનો તપ થયો. હવે તેમણે એવો વિચાર કર્યો કે પાંચ સાત ગાઉમાં કોઈ બીજું ગામ નથી, જેથી તે ભટેવા ગામમાં આવ્યા. ત્યાં તલાવમાંથી છાણ માટી લઈ પ્રતિમા

બનાવી તે સુકાયા પછી પોતાની પાસે અષ્ટ દ્રવ્ય રાખ્યાં હતાં તેના વડે પુજા કરી, અત્યંત ભાવના ભાવી. તેની આવી ભાવનાથી તે ખેતરનો યક્ષ પ્રગટ થયો. અને શેઠને કહ્યું કે "તારી ભાવનાથી હું પ્રસન્ન થયો છું જેવી આ તારી કરેલી પ્રતિમા વજ્રમય થશે."

તેવારે શેઠે જણાવ્યું કે "તે પ્રતિમા માટે દેરાસર કરાવવું જોઇએ પણ મારી પાસે ધન નથી."

આજે આ ખેતર તું લે કાલે સવારે આવીશ ત્યારે તને ઘણું ધન મળશે. એમ જણાંવી ક્ષેત્રદેવ અદૃશ્ય થઇ ગયો. પછી શેઠે ખેતર લઈ લીધું અને બીજે દિવસે ખેતરમાં ગયા એટલે તેની ભક્તિના પ્રભાવે ત્યાં ઘણું જ ધન પ્રગટ થયું, પછી તેનાવડે ભટેવામાં દેરાસર બંધાવી પ્રતિમાજી ત્યાં પધરાવ્યાં તેનું નામ ભગતીયા પાર્શ્વનાથ રાખ્યું. કાળે કરીને તે શબ્દ અપભ્રંશ થતાં તેનું ભટેવા પારસનાથ નામ પડયું.

ચાણુસ્મામાં શ્રી ભટેવા પારસનાથની છાણમાંથી પ્રગટ થયેલી પ્રતિમા છે તે તીર્થરૂપ છે.

—⊰⊱—

# ભાભા પાર્શ્વનાથ.

૫૬

અમદાવાદમાં ડોસીવાડાની પોળમાં ભાભા પારસનાથનું દેરાસર છે. આ પ્રતિમાજી બહેરામપુરના આરેથી નીકળ્યાં હતાં. વેલુની પ્રતિમા છે. લાલ લેપ કરેલો છે. તે દેરાસર લાકડાનું હોવાથી હાલ આરસ પત્થરનું બંધાવ્યું છે.

જામનગરમાં ચોરીવાળા દેરાસરમાં ભાભાં પારસનાથની લેપમય ચાર ફુટ ઉંચી ફેણવાળી ભાભા પારસનાથની શ્યામ મૂર્ત્તિ છે.

# ભીડભંજન પાર્શ્વનાથ.

૫૭

ખેડાથી આથમણી દિશાએ નદીની પારે હરીયાલા ગામ છે. ત્યાં નદી નજીક એક મોટો વડ હતો, તેની નીચે એક દિવસ શ્રી વિજયરાજ આચાર્ય વિહાર કરતા આવીને બેઠા હતા. તે વખતે ખબર પડતાં ગામના લોકો શ્રાવકજનો આવીને વિનંતિ કરવા લાગ્યા કે "ગુરૂ મહા

રાજ ! આપ ગામમાં પધારો ! અહિંયાં શા માટે રહેલા છો. ”

મહારાજશ્રીએ જણાવ્યું કે “ અમારા શ્રાવક લોકો ના સમુદાયનો જોગ ત્યાં હોય તો અમે આવીયે.”

“ આપના શ્રાવકો શું ધર્મ પાળે છે, ધર્મની શું સ્થિતિ છે. તેનું સ્વરૂપ કેવું છે. વગેરે શ્રાવક ધર્મનું સ્વરૂપ અમને સમજાવો. ”

પછી ગુરૂએ, જૈન ધર્મનું સ્વરૂપ પ્રતિપાદન કર્યું. દેવગુરૂ ધર્મનું સ્પષ્ટીકરણ કરી તેમનું સ્વરૂપ સ્પષ્ટ રીતે સમજાવ્યું.

તેવારે લોકો ગુરૂવચન સ્વીકારી કહેવા લાગ્યા કે “ હમારે હવે પુજન કરવા માટે જીનેશ્વરની પ્રતિમા કેવી રીતે મેળવવી? ”

તેવારે ગુરૂએ કહ્યું કે “ હું જયાં બેઠો છું ત્યાં ખોદશો, એટલે તમને પ્રતિમા મળશે” પછી તેમણે ખોદવા માંડયું તો ત્યાંથી ભીડભંજન પારસનાથ સંવત ૧૫૧૬ ની સાલમાં પ્રગટ થયા. તેમની સાથે બે કાઊસગ્ગીઆ જે હાલમાં મોટા દેરાસરજીમાં તેમની બન્ને બાજુએ બેસાડેલા છે. તથા પિત્તલની દીવી અને એક ત્રાંબાની કુંડી નીકળી હતી. એ પ્રમાણે ત્યાંથી ખોદતાં નીકળ્યું પછી

તેમણે પુછયું કે "ભગવાન્ ! અમે આ ભગવાનને કયાં સ્થાપીયે."

ગુરૂ મહારાજે જણાવ્યું "આ નદી પાર ટેકરી છે. તેની ઉપર દેરાસર બંધાવી તમે પ્રતીષ્ઠા કરાવો, આગળ તે શહેરનો મધ્ય ભાગ થશે."

આ વખતે પ્રસ્તુત સમયે ખેડા કંઈક પડતીમાં આવી ગયું હતું. અને હાલ જે મકાનો છે તે તે વખત પછી થયાં હશે તે પહેલાં પણ ક્વચિત ખેડાની સ્થીતિ સારી હોય એમ અનુમાન થાય છે કારણ કે સિદ્ધેશ્વરી માતાની જગ્યા જે સિદ્ધેશ્વરીનો ટેકરો કહેવાય છે. તે જગ્યાએથી સોનાનો સર્પ જડયો હતો, એક સોની એ તે ગળાવી નાખ્યો સોનીનું નખોદ ગયું. તે વગેરે ઘણી હકીકત છે. સંવત ૧૬૧૫ થા ૧૯૨૬ સુધી ખેડાની સ્થીતિ ઘણીજ સારી હતી. પછીથી પડતી ઘતી આવી રેલ્વે સંવત ૧૯૧૮ માં આવી ત્યારથી ખેડાનો વેપાર પણ મંદ પડતો ગયો.

ભીડભંજન પાર્શ્વનાથની પ્રતિમાં સંપ્રતિ રાજાના વખતની છે.

જે વખતે ભીડભંજન પાર્શ્વનાથ પ્રગટ થયા તે વખતે હરીયાલા ગામના ચાવડા રજપુતો કંઠીયો તોડાવી શ્રાવક થયા તેઓ પછી શેઠ કહેવાયા. જેથી હાલના શેઠના વંશજો ચાવડા રજપુતોમાંથી થયેલા છે, પછીથી જેઓ

પ્રતિબોધ પામી શ્રાવકો થયા તે પણ શ્રાવકો છે. સંવત ૧૭૯૪ માં ફરીને પ્રતિષ્ઠા થયાનો લેખ છે.

પાટણમાં ભાણુભાઈના દેરાસરમાં કંચનમયી એક ભીડભંજન પાર્શ્વનાથની મુર્તિ છે.

સેઢી નદી અને વાત્રક નદીના સંગમ આગળ ખેતર પુર પાટણ એટલે ખેડામાં ભીડભંજન પાર્શ્વનાથનું હાલમાં મોટુ તીર્થરૂપ દેરાસર છે. એકદા મોટા દેરાસરમાં પ્રવેશ કરતાં ચોમુખજી આગળ ખોદ કામ કરી ભોંય તળીયે પત્થર બેસાડતા હતા. ત્યાંથી એક લેખ નીકળ્યો હતો. તેની નકલ શેઠ બાલાભાઈના દીકરા પાસે હતી, તે શીલા લેખ હ લ કયાં તેની ખબર નથી. તે વખતે કેટલાંક પુતળાં નીકળ્યાં હતાં તે પુતળાં ત્યાં ઉભેલાં છે તે બૌધના જેવાં જણાય છે.

ખંભાત જીલ્લામાં તારાપુરમાં જીર્ણ દેરાસર સંઘનું બંધાવેલું છે.

ઉનાવા ગામમાં સંવત ૧૮૭૧ માં શિખર બંધ દેરાસર બંધાવેલું છે.

ઉદયપુરમાં પણ ભીડભંજન પાર્શ્વનાથનું દેરાસર છે.

સુરતમાં ભીડભંજન પાર્શ્વનાથનું દેરાસર છે. તે ભીડભંજન પાર્શ્વનાથ કુવામાં લીંબુના ટોપલામાંથી નીકળ્યા હતા. તે કુવા આગળ મેળો ભરાય છે.

પાવાગઢમાં ભીડભંજન પાર્શ્વનાથનું દેરાસર તીર્થ સ્થળ જેવું હતું, ત્યાં સંપ્રતિ રાજાની ભરાવેલી ભીડભંજન પાર્શ્વનાથની પ્રતિમા હતી. પણ પછીથી શ્રાવકનાં ઘર નહી રહેવાથી વડોદરામાં દાદા પાર્શ્વનાથના મંદિરમાં પધરાવેલી છે.

## ભીલડીયા પાર્શ્વનાથ.

### ૫૮

ડીસાથી આઠ ગાઉ ભીલડીયા ગામે ભીલડીયા પાર્શ્વનાથનું ત્રણ શિખર સહીત દેરાસર છે, પ્રતિમા શ્યામવર્ણે સંપ્રતિ રાજાની ભરાવેલી છે તે પ્રતિમાજી ઉપર લેખ નથી. ભીલડીયા ગામમાં કુવા પરબો પત્થરનાં બાંધેલાં છે, તેના ઉપર સંવત ૧૧ નો લેખ છે. તે ગામમાં ગૌતમ સ્વામીની પ્રતિમા પંદર વર્ષ પહેલાં નીકળેલી તેની ઉપર પણ સંવત ૧૧ નો લેખ છે. હાલ દેરાસર છે તે પણ સંવત ૧૧ માં પ્રથમ બંધાયેલ હશે પણ વખતો વખત જીર્ણોદ્ધાર થયા કરે છે. આ ગામમાં માગસર વદી ૧૦ ( પોષ દશમ ) નો મોટો મેલો ભરાય છે કેમકે તે દિવસ શ્રી પાર્શ્વનાથજીનું જન્મ કલ્યાણક છે. ત્યાં શ્રી

ભીલડીયાજી સીવાય બે પ્રતિમા બીજી પણ છે. તેમાં એક નેમિનાથની ને બીજી પણ પાર્શ્વનાથની છે. તે પણ સંવત ૧૧ ના પહેલાની છે. ભીલડીયા પ્રથમ મોટું શહેર હતું તે હાલમાં તો ઘણાં વરસોથી ભાગી નાનું ગામ બન્યું છે દંતકથા છે કે ત્રણે પ્રતિમા પ્રથમ સોંયરામાં હતી. પ્રતિમાઓ ચમત્કારી છે.

બીજુ એક દેરાસર ઘણું જુનું છે ગામની જમીનમાં ખોદ કામ કરતાં પત્થર ઘણા નીકળે છે.

ઘણા અન્ય લોકો તો બાધા આખડીઓ પણ રાખે છે. ડીસાથી ભીલડીયે જવાય છે; ડીસામાં પણ જાત્રા કરવા લાયક બે દેરાસર છે. માહાવીર સ્વામીનું દેરાસર જુનુ થવાથી રૂ. સવા લાખ ખર્ચીને જીર્ણોદ્ધાર કરાવ્યો છે. તેની સંવત ૧૯૬૪ માં પ્રતિષ્ઠા થઇ છે. બીજુ આદેસરજીનું નાનું દેરાસર છે. ડીસાથી ભીલડીયા સાત આઠ કોશ દૂર છે ત્યાં નેમ રાજુલનું ચિત્ર છે. ભીલડીયાજી તીર્થની દેખરેખ ડીસાવાળા રાખે છે.

ભીલડીયાજીથી ત્રણ ગાઉ જસાલી ગામ છે ત્યાં દેશાસરમાં મુલનાયકજી રૂખભદેવ ભગવાન છે ત્યાં તે પ્રતિમાનાં રોજ દર્શન કરવાં એવી એક શ્રાવકે બાધા રાખી હતી. દર્શન ન થાય તો ઘી ન ખાવું, હવે એક દિવસ તે દર્શન કરવા આવ્યો ત્યારે તાળુ વાસી ગોઠી ઘેરે ગયેલો

જેથી શ્રાવકને દર્શન થયાં નહી, ને ત્યાં રહ્યો થકો ઘણો પશ્ચાત્તાપ કરવા લાગ્યો, " આજે મારે ભગવાનનાં દર્શન થયાં નહી " એટલામાં તાળુ પોતાની મેળે અધિષ્ઠાયકના પ્રભાવે ઉઘડી ગયું. ને શ્રાવકને દર્શન થયાં; તરતજ ગોઠીએ આવીને જોયુ તો દેરાસર ઉઘાડુ જોઇ શંકા ઉપજી.

શ્રાવકે કહ્યું કે " મારી પાસે ચાવી નહોતી પણ અધિષ્ઠાયકના પ્રભાવે ઉઘડી ગયું. તે વારે ગોઠી તથા બીજા પણ શ્રાવકો ભેગા થઇ ગયા, તેમણે ખાતરી કરવાને ફરીવાર તાળુ વાસ્યું તે એની મેળે ઉઘડી ગયું. પછી તે દિવસથી જાલી કરવાની સંઘે નહી કરી કે કોઇને દર્શનનો અંતરાય થાય નહી. ત્યાંની વ્યવસ્થા પણ ડીસાવાળા રાખે છે, ત્યાં હાલ શ્રાવકોનાં ઘર નથી.

ભીલડીયાજીની પ્રતિમા ગૌતમ સ્વામીને હાથે થયેલી છે અને તે શ્રેણિક રાજાએ સ્થાપન કરેલી છે.

કચ્છ દેશના અંજાર ગામમાં ભીલડીયા પાર્શ્વનાથનું દેરાસર છે. ઉના પાસે અજારા ગામ છે, ત્યાં પણ અજાહરા પાર્શ્વનાથનું દેરાસર છે તે આગળ કહેવાશે.

ભીલડીઆએ બારમા સૈકા સુધી તામ્રલિપ્ત નગર હતું. ગામમાં સેંકડો કુવા અને વાવો હતી. મંદિરો લગભગ સવાસોની સંખ્યામાં હતાં, એક વાવ તો ધર્મશાળાના મોંઢા આગળ હતી. ગામને ગાંદરે કુવો છે તે

આરસનો અને પ્રાચિન છે, તેની આજુબાજુ સેંકડો શિખરના ટુકડાઓ રખડે છે, દરેક પુનેમે આજુબાજુના શ્રાવકો આવે છે.

—⊰⊱—

# ભદ્રેસરમાં પાર્શ્વનાથ.

૫૯

માહાવીર સ્વામીના નિર્વાણ પછી ૨૩ વર્ષે દેવચંદ નામના શ્રાવકે ભદ્રેસરમાં બાવનજીનાલયનું દેરાસર કરાવી મુલ નાયકજી પાર્શ્વનાજીની પ્રતિમા સ્થાપન કરી. તે પછી ઘણે કાલે આશાતના થવાથી ગામની પડતી થઇ, શ્રાવકોની વસ્તી પણ ઘટી ગઈ તેથી તે મુર્ત્તિઓ બાવા લોક ઉપાડી ગયા, તે પછી ઘણા વરસે કોઈ ગોરજી ફરતો ફરતો ત્યાં આવ્યો તો પ્રતિમાજી વગરનું દેરાસર જોઇ અજાયબ થયો, તેની તપાસ કરતાં જણાયું કે આશાતના થવાથી આવો બનાવ બન્યો છે, પછી આશાતનાઓ દૂર કરાવી એક બાવા સાથે મેત્રી બાંધીને ત્યાં રહ્યો મિત્રતા થવાથી તે બાવાએ મહાવીર સ્વામીની પ્રતિમા આપી. તે વીધી પૂર્વક સારા મુહુર્ત્તે ત્યાં પધરાવી અને પૂજા કરવા લાગ્યા, જોગી સાથે પણ મિત્રતા વધારી જેથી તેણે અધીક પ્રસન્ન થઈ મુલ-નાયકજી પાર્શ્વનાથજીની પ્રતિમા

પણ આપી. તેને પણ સ્થાપન કરી તે વાર પછી બન્ને પ્રતિમાઓ લોકમાં પૂજાવા લાગી. કાલાંતરે સંવત ૧૯૩૮ માં દેરાસર જીર્ણ થવાથી માંડવીના શ્રાવકોએ તેનો જીર્ણો-દ્ધાર કરાવ્યો, મહાવીર સ્વામીને મુળ નાયક સ્થાપ્યા હતા તે તેમના તેમ રહેવા દઇ જીર્ણોદ્ધાર કરાવ્યો. કચ્છ દેશના આગેવાનોએ સં. ૧૯૪૯ માં બાવન દેરીઓનો અને દેરાસરનો મોટા પાયા ઉપર જીર્ણોદ્ધાર કરાવ્યો. કચ્છમાં તે મોટુ તીર્થ ગણાય છે.

## મનરંજન પાર્શ્વનાથ.

૧૦

મહેસાણામાં મોટું શિખરબંધી દેરાસર મનરંજન પાર્શ્વનાથજીનું છે. મસાજી નામના ચાવડા રજપુતે મહે-સાણા વસાવ્યું છે ને ત્યાં તેમણે ચામુંડા દેવીનું મંદીર પણ બંધાવ્યું છે. પણ મસાજીને પુત્ર ન હોવાથા તેમનું મન રાજી રહેતું નહી. પુત્ર માટે અનેક પ્રકારના ઉપાયો મસાજી ઠાકોરે કર્યા, પણ તેમને દિકરો થતો નહી. એક વખત કોઇના કહેવાથી કોઇ જૈન આચાર્ય પાસે મસાજી ઠાકોર ગયા, ધર્મોપદેશ શ્રવણ કર્યા પછી પુત્ર પાપ્તી માટે

ઠાકોરે આચાર્યશ્રીને જણાવ્યું. આચાર્યે પાર્શ્વનાથની મંત્ર વિધિ પૂજન વગેરેથી આરાધના કરવાની વિધિ બતાવી, તે પ્રમાણે પોતાના મકાનમાં શુદ્ધ જગોએ પાર્શ્વનાથની મુર્ત્તિ સ્થાપન કરીને વિધિ સહીત આરાધન કર્યું, રાજાને પુત્ર થયો, જેથી તેમનું મન બહુ રંજન થયું. જે વારે ભગવાનનું નામ પણ મનરંજન પાર્શ્વનાથ સ્થાપ્યું. આ પ્રતિમાજી મહેસાણાના મોટા શિખર બંધી દેરાસરજીમાં છે.

# મનવાંછિત પાર્શ્વનાથ.

૧૧

ગામનેરમાં મનવાંછિત પાર્શ્વનાથનું દેરાસર આશરે પાંચસે વર્ષ પહેલાનું છે.

# મહાદેવા પાર્શ્વનાથ.

૧૨

પાટણમાં ખડતરવસીના દેરાસરજીના ભોંયરામાં શ્યામ પ્રતિમા જાત્રા કરવા લાયક છે.

# મનોરથ કલ્પદ્રુમ પાર્શ્વનાથ.

૬૩

વીશળ શેઠ ચિત્રકુટ ચિત્તોડમાં શ્રી શ્રેયાંસનાથના દેરાસરની પ્રતિષ્ઠા સોમ સુંદરસૂરિ પાસે કરાવી હતી. વીશલ શેઠ સ્વર્ગે ગયા પછી તેમની સ્ત્રી ખીમાઈએ એક નવો પ્રાસાદ કરાવી. તેમાં પોતાના પુત્ર ચંપકે ત્રાંણુ આંગલ પ્રમાણની અનોપમ પ્રતિમા ઘડાવી તેનું નામ શ્રી મનોરથ કલ્પદ્રુમ પાર્શ્વનાથ સ્થાપન કર્યું. ને બન્ને કાઉસગ્ગીયા સાથે તે પ્રતિમા તે ખીમાઈ શેઠાણીના દેરાસરજીમાં પધરાવી સ્થાપન કરી. પ્રતિષ્ઠા સોમસુંદર ગુરૂને બોલાવી તેમની પાસે કરાવી. અંજન શલાકા કરાવી અને જીનકીર્ત્તિ વાચકને સૂરિ પદ આપ્યું. બીજા ઘણા જનને પંડિત પદ આપ્યાં, અનેક નવા નવા ઓચ્છવ થયા. ચંપક શેઠે સમકિત ઉચરી ઘણું દ્રવ્ય વાપર્યું. પછી ચંપક શેઠ તથા સોમસુંદર ગુરૂ વગેરે રાણકપુર ગયા ત્યાં ચોરાસી સ્થંભવાળી પૌષધશાળામાં ઉતર્યા. ત્યાં ઉપદેશ દેવાથી તે ગામનો ધરણશેઠ ( ધન્નોશેઠ ) તેમણે રીખવદેવ સ્વામીનું ચોમુખજીનું મોટું દેરાસર કરાવ્યું. તેની પ્રતિષ્ઠા પણ સોમસુંદર ગુરૂએ કરી. સંવત ૧૪૪૪ માં જીનરાજ સૂરિએ ચિતોડગઢમાં આદેશ્વરની પ્રતિષ્ઠા કરી.

જીનોદય મુનિને આચાર્ય પદવી આપી તથા ભુવન રત્ન, સાગર રત્ન વગેરેને પણ આચાર્ય પદવી આપી. તે ઓચ્છવ પણ શેઠે કર્યો.

## મક્ષીજી પાર્શ્વનાથ.

૬૪

મક્ષીજી પાર્શ્વનાથની મુર્ત્તિ દેરાસર નીચે ભોંયરામાંથી પ્રગટ થઈ હતી, તે વખતે ત્રણ હજાર માણસો એકઠાં થયાં હતાં. માળવામાં મક્ષીજી ગામમાં તેમનું ઘણુંજ મોટું ભવ્ય દેરાસર છે. લાખોના ખરચે તે બંધાવેલું છે, તેનો ઘુમટ ઘણોજ ઉંચો છે. દેરામાં માનભદ્ર અતિ ચમત્કારીક છે. તે મક્ષીજીમાં સંવત ૧૯૧૪ માં ગોડીજી પાર્શ્વનાથ નીકળ્યા હતા. તે જગા દેરા પાછળ બાગમાં છે, ત્યાં દેરીઓ કરાવી તેમાં તેમનાં પગલાં સ્થાપેલાં છે મક્ષીજી પાર્શ્વનાથની પ્રતિમા વેલુની છે, ગોડીજી પાર્શ્વનાથ નીકળ્યા તે વખતે મોટો સંઘ જેમાં ત્રણ લાખ માણસો ભેગાં થયાં હતાં પ્રતિમાજી ૧૧ દિવસ પ્રગટ રહી અદૃશ્ય થયાં હતાં, જેથી તેમનાં પગલાં પધરાવ્યાં છે. અહી બાવન જીનાલયનું દેરાસર છે. હાલમાં વહીવટ ઉજ્જનવાલા શેઠ કરમચંદજી તથા કમીટી મળીને કરે છે.

## મનમોહન પાર્શ્વનાથ.

૬૫

પાટણમાં મનમોહન શેરીમાં મનમોહન પાર્શ્વનાથનું દેરાસરજી છે. બુરાનપુરમાં મનમોહન પાર્શ્વનાથનું મંદીર છે. ઘણું ચમત્કારી છે તેમાં સમેતશીખરના પહાડની લાકડાની રચના ઘણીજ સુંદર જોવા લાયક છે.

મીયા ગામમાં મનમોહન પાર્શ્વનાથનું દેરાસર દર્શન કરવા લાયક છે.

સુરતમાં મનમોહન પાર્શ્વનાથજી દેરાસર છે.

ખંભાતમાં મનમોહન પાર્શ્વનાથનું દેરાસર સંઘે બંધાવેલું છે.

મોઢેરામાં મનમોહન પાર્શ્વનાથનું દેરાસર છે.

વીજાપુરથી ત્રણ ગાઉ લાડોલમાં શિખર બંધી શ્રી સંઘનું બંધાવેલુ મનમોહન પાર્શ્વનાથનું દેરાસર છે.

## મનરંજીત પાર્શ્વનાથ.

૬૬

ગામનેર ગામમાં મનરંજીત પાર્શ્વનાથના મંદિરનો બસો વર્ષ ઉપર કલ્યાણ શ્રાવકે જીર્ણોદ્ધાર કરાવ્યો. તે

દેરાસર પાંચસો વર્ષ ઉપરનું હશે એમ અનુમાન થાય છે.

---

## મુંડેવા પાર્શ્વનાથ.

### ૬૭

મારવાડમાં સોજતથી છગાઉ દૂર મુંડાવા નામે ગામ છે. ત્યાં પાર્શ્વનાથનું મોટું દેરાસર છે. ત્યાંના એક શ્રાવકને એવો નિયમ હતો કે દર્શન કર્યા વગર તેને જમવું નહી. તે ગામથી ત્રણ ગાઉ વગડી ગામ છે તે વગડીથી રોજ દર્શન કરવા જતો, કેમકે તે શ્રાવક વગડીમાં રહેતો હતો. એક દિવસ અધિષ્ઠાયકે સ્વપ્નુ આપ્યું કે "તારા ગામની બહાર કેરડાનું ઝાડ છે ત્યાં પાર્શ્વનાથની પ્રતિમા છે, તે પ્રગટ કરી દેરાસર કરાવ"

તેવારે તેણે જણાવ્યું કે "મારી પાસે ધન નથી તો દેરાસર કયાંથી કરાવું"

ત્યારે યક્ષે કહ્યું કે "તારા ઘરમાંથી જવનો ટોપલો ભરી ત્યાં રાતના મુકી આવી સવારના લઈ આવજે"

પછી તેમ કરવાથી સવારના જવ બધા સોનાના થઈ ગયા. પછી તેણે દેરાસર બંધાવવું શરૂ કર્યું. ખોદ કામ કરાવતાં પુર્વ દિશા તરફથી મકરાણા જેવો આરસ નીકળ્યો. જેથી સફેદ આરસનું દેરાસર કરાવ્યું. ને કેરડાના

ઝાડમાંથી પ્રતિમાજી બહાર કાઢેલાં તેમને સ્થાપન કરી મુંડેવાજી તેમનું નામ પાડયું, તે ઘણું જુનું અને જીર્ણ થવાથી નવા શહેરના શ્રાવકોએ તેનો જીર્ણોદ્ધાર કરાવ્યો છે, આસો વદી ૧૦ નો મેલો ભરાય છે.

અમદાવાદમાં મુંડેવા પાર્શ્વનાથજીનું દેરાસર મુંડેવાની ખડકીમાં છે જેનો જીર્ણોદ્ધાર શેઠ મનસુખભાઈ ભગુભાઇએ કરાવ્યો છે. શ્રી મુંડેવા પાર્શ્વનાથજીનું દેરાસર પાંજરાપોળ પાસે છે.

---

## મુહરી પાર્શ્વનાથ.

૬૮

મુહરી નગર પૂર્વે બાર ગાઉ ફરતું એવું મોટું શહેર હતું. ત્યાં પ્રભુજી હતા પણ હાલમાં તે ગામ શામળાજી પાસે છે. પ્રથમ ત્યાં જૈનોની લાખો માણસોની વસ્તી હતી, જ્યારે અલ્લાઉદ્દીન બાદશાહ આવ્યો ત્યારે અગાઉથી અધિષ્ઠાયકે સ્વપ્નુ આપવાથી તે પ્રતિમાજી ટેટોઈ લઇ જવામાં આવી હતી. તે પછી અલ્લાઉદ્દીન બાદશાહે આવી તે નગરનો નાશ કર્યો હતો.

સફેદ વર્ણની ગજ ઉંચી તે ભગવાનની પ્રતિમા દર્શન કરવા યોગ્ય છે, શ્રી ગૌતમસ્વામીએ જગચિંતામ-

ણીના ચૈત્યવંદનમાં "મુહરી પાસ દુહ દુરિઅ ખંડણુ" એવો પાઠ પણ મુકેલો છે, જેથી તે પહેલાંની એટલે ગોતમસ્વામી પહેલાંની એ પ્રતિમા જણાય છે.

એ પ્રતિમા સંવત ૧૯૨૮ માં શ્રી શામલાજીના ડુંગરના ખંડેરમાંથી લાવેલા તે જગ્યા આગળ હરીચંદ પુરી હતી, તેવી દંતકથા છે, ત્યાં દેરાસરજી વગેરેનાં ખંડેરો આજે પણ દેખાય છે. હાલ તે સત્તાવીશ ઈંચ આસરેની છે તે પ્રતિમાજી ઉપર લેખ નથી તે સાથે સીંહાસન ચોવીશ ઘટાસાથે લાવેલા હતા. પ્રથમ એક મહોર મુકતા ત્યારે દર્શન કરાવામાં આવતું હતું.

ટેંટોઇ ડુંગરપુર પાસે છે, ત્યાં પ્રતિમા લાવવામાં આવી હતી. મહીકાંઠા તાલુકે ટેંટોઇ ત્યાંના ઠાકોર ઇડરના રાજ્યના ફુટાયા ( ભાયાત ) કહેવાય છે.

---

## મોઢેરા પાર્શ્વનાથ.

૧૯

ચાણસ્મા જીલ્લે પાટણથી પાંચ ગાઉ માંઢેરા ગામમાં મોટું દેરાસર છે તેમાં મોઢેરા પાર્શ્વનાથ છે.

---:o:---

# મહીમાપુરા પાર્શ્વનાથ.

## ૭૦

પ્રખ્યાત નવાબ સિરાજી દૌલાની રાજ્યધાની મુર્શિદાબાદ પાસે મહીમાપુર નામે ગામ છે, અહીયાં નદીને કીનારે જગતશેઠનું કસોટીના પત્થરથી બંધાવેલું પાર્શ્વનાથનું મંદીર હતું. તે દેરાસર તથા જગતશેઠનાં મકાનો ગંગા નદીમાં તણાઇ ગયાં. પણ દેરાસરની પ્રતિમા કસોટીની શ્રી પાર્શ્વનાથની, એક રૂપાની ચોવીસી, અને એક કુંથુનાથ ભગવાનની રત્નમય પ્રતિમા એ હાલના જગતશેઠના નવાં મકાનમાં છે. બાકીની આદેશ્વર ભગવાનની બે શ્યામ પ્રતિમાઓ તથા બીજી ધાતુની શ્યામ પ્રતિમાઓ નદી કિનારે અસલ સ્થાનકે એક ખંડેરમાં છે.

જગતશેઠના દેરાસરની રત્નની કેટલીક પ્રતિમાઓ રાય લક્ષ્મીપતસિંહજીએ પોતાના બાગમાં મોટું દેરાસર બંધાવ્યું. ને તે પ્રતિમાઓ પધરાવી બંગલા વગેરે બંધાવ્યા તેમાં રૂ. નવલાખ ખર્ચ્યા છે. જગતશેઠની લગભગ દશમી પેઢીએ હાલ ગુલાબચંદ શેઠ જગતશેઠ છે, આ શેઠની પાસે તેમના પુર્વજોની અનગલ દોલત હતી. વલી નવાબ સીરાજીદોલાએ સમેતશિખરની તેમને સનંદ પણ આપેલી છે.

આ મહિમાપુરના દેરાના સંવત ૧૯૨૦ ની સાલમાંના નકશા પ્રમાણે અમદાવાદમાં ચોમુખજીની પોળમાં પાંચ ગભારાનું દેરાસર બંધાવ્યું છે.

ઇસ્ટ ઇન્ડિયા કંપનીને ક્રોડો રૂપૈયા ધીરી સહાય કરનાર આજ જગતશેઠ હતા, જગતશેઠની પદવી જહાંગીર બાદશાહે આપેલી છે.

મહીમાપુરના દેરાસરજીમાં બહુ દ્રવ્ય ખરચ્યું હતું.

શીખરજી મધુવનમાં પણ જગતશેઠે દેરાસર બંધાવ્યું છે.

---

## રાવણ પાર્શ્વનાથ.

### ૭૧

રાવણ પાર્શ્વનાથનું દેરાસર હાલમાં અલવરમાં છે. જેનો જીર્ણોદ્ધાર હમણાં થાય છે સમુદ્રની મધ્યે રાક્ષસ દ્વીપની સુવર્ણની લંકાના અધિપતિ રાવણ આઠમા પ્રતિવાસુદેવની રાજ્યધાની હતી. એકદા રાવણ અને મંદોદરી વિમાનમાં બેસીને કયાંય જતાં હતાં, તે બીજે દિવસે અલવર નજીક આવતાં એક ઠેકાણે તેમણે વિશ્રામ કર્યો. ભોજનનો અવસર થતાં પ્રતિમા પુજવાનો નિયમ હોવાથી પ્રતિમા સાંભર્યા પણ પ્રતિમાજી સાથે લીધેલાં નહોતાં, જેથી મંદોદરીએ વેલુની મુર્ત્તિ નિપજાવીને તેની રાવણ તથા મંદો-

દરોએ પુજા કરી, તે પ્રતિમાજી અલવરમાં છે. અધિષ્ઠાયકના તેમજ મંદોદરીના શીયલને પ્રભાવે તે પ્રતિમા વજ્રમય થઈ ગઇ. તે આજે રાવણ પાર્શ્વનાથ કહેવાય છે.

---

## રૂદ્રવા પાર્શ્વનાથ.

૭૨

જેસલમેરથી બે ગાઉ અમરસાગર નામે ગામ છે, ત્યાં શેઠ ગણેશલાલ સૌભાગ્યમલ મુંબઈવાલા તથા રતલામવાલા કેશરીમલ વગેરેનું બંધાવેલું દેરાસર છે. તેમાં આદેશ્વર ભગવાનની પ્રતિમા ઘણી ચમત્કારીક છે. દેરામાં ત્રણ ત્રણ માળ સુધી એક થાંભલાના ચોમુખજીની પ્રતિમાઓ છે, આ અમરસાગર ગામથી ત્રણ કોશપર રૂદ્રવા પાર્શ્વનાથજીનું દેરાસરજી છે. પ્રતિમાજીને એક ફેણુમાંથી એક હજાર ફેણુ તે બહુજ શોભા કારક છે. તેની પાસે અષ્ટાપદજીનું દેરાસર છે. તેમાં પણ ઘણી મનોહર પ્રતિમાઓ છે, તે ઉપર કલ્પવૃક્ષનું મોટું ઝાડ છે તે બનાવતાં રૂ. પાંચ હજાર લાગ્યા છે, ને તે પાંચ કોશ દૂરથી દેખાય છે તે દેરાસરના ઘુમટની બાજુમાં મોટા ફણીધર અધિષ્ઠાયક છે. તે આશાતના થવા દેતા નથી, અહીયાં ઓશવાળનાં પ્રથમ ત્રણ હજાર ઘર હતાં, પ્રતિમાજી પણ બે હજાર વર્ષ ઉપરની છે.

## રાણેકપુરમાં પાર્શ્વનાથ.

૭૩

ધન્નાપોરવાડે ૧૪૪૪ થંભવાળુ મોટુ દેરાસર બંધાવ્યું છે, જેમાંથી એક થંભ ઉદયપુરના રાણાજીએ કરાવા માંડેલો પણ અધુરો રહ્યો, જેથી રાણાજીના નામ ઉપરથી શહેરનું નામ રાણેકપુર પડ્યું, બીજા બે દેરાસર એક નેમનાથનું અને બીજુ પાર્શ્વનાથનું છે. મોટુ આદિશ્વરનું દેરાસર પુરાણું છે. તે હાલ જીર્ણ પ્રાયઃ છે.

પાર્શ્વનાથના દેરામાં પાર્શ્વનાથ કાઉસગ્ગ ધ્યાને છે. મેઘમાલી વરસાદ વરસાવે છે અને ધરણેંદ્રે છત્ર કરેલું છે. એવી અદ્ભુત પ્રતિમા છે. યાત્રા કરવા લાયક છે.

## લોઢણ પાર્શ્વનાથ.

૭૪

દર્ભાવતી નગરીમાં (ડભોઇ) અર્ધ પદ્માસને ઘણીજ ચમત્કારીક લોઢણ પાર્શ્વનાથની પ્રતિમા છે, સાગરદત્ત નામે સાર્થવાહ ફરતો ફરતો દર્ભાવતી આવ્યો, તેને પોતાને રોજ પુજન કરવાનો નિયમ હતો. ને પ્રતિમાજી વિસરી જવાથી તેણે ભોજન કર્યું નહીં, પછી વેલુની પ્રતિમા બનાવી પુજન કરી ભોજન કર્યું. પ્રતિમાજી કુવા-

માં પધરાવી, પણ કુવામાં તે પ્રતિમાજી પીગળી નહી અખંડ રહી. પાછો સાર્થવાહ ફરતો ફરતો ત્યાં આવ્યો. તેવારે રાતના અધિષ્ઠાયકે સ્વપ્નુ આપ્યું, જેથી સુતરને તાંતણે બાંધીને પ્રભુને પ્રભાતમાં બહાર કાઢયા, સર્વને અતિ આનંદ થયો, પછી મોટું દેરાસર બંધાવી આ પ્રતિમાજી પધરાવ્યાં તે લોહની માફક વજ્ર સમાન હોવાથી લોઢણ પાર્શ્વનાથ નામ રાખ્યું.

મારવાડમાં પાલી પાસે વિથુરામાં કોઇને સ્વપ્નુ આપી વરખડાના ઝાડ પાસે નીકળ્યાં હતાં, તેમને ગોડી પાર્શ્વનાથ અથવા લોઢણ પાર્શ્વનાથ પણ કહે છે.

ડભોઈ સીદ્ધરાજ જયસિંહે વસાવ્યું હોય તેમ લાગે છે. અહીયાં કુલ આઠ દેરાસર છે.

## લોટાણા પાર્શ્વનાથ.

૭૫

લોટાણા ગામમાં લોટાણા પાર્શ્વનાથનું દેરાસર વચલામાં આવેલું છે. તેમાં પ્રતિમાજી સાત છે. દેરાસર તીર્થમય છે.

# લોદ્રવા પાર્શ્વનાથ.

૭૧

મારવાડમાં ફલોધી તીર્થની પાસે લોદ્રવા ગામમાં પાર્શ્વનાથનું દેરાસર છે, ત્યાંની પ્રતિમામાં અને થાંભલાઓમાંથી ભાદરવા માસમાં અમી જરે છે, તેમજ પ્રભુની પ્રતિમાજી ઉપર સફેદ સર્પ આવીને ફણા માંડે છે, અને છત્ર ધરે છે, તેવો ચમત્કાર દેખી લોકો ત્યાં માનતા રાખે છે. જેથી તેમનાં કાર્યો ફલદાયક થાય છે, દેરાસર અનુત્તર વિમાનના આકારે છે. મુલ મંદિરમાં ચિંતામણી પાર્શ્વનાથ છે. ઉપર સહસ્રફણા પાર્શ્વનાથની શ્યામ મુર્ત્તિ છે, તેમની આંગી પચ્ચાસ હજારની છે, રાજા ગજસિંહજીએ હીરો ચડાવ્યો છે, રૂપાનાં કમાડ કરાવ્યાં હતાં, તે ચોર ચોરી ગયા તેઓ આંધળા થઈ જેસલમેરમાં આવ્યા.

અષ્ટાપદ ઉપર પાંચ હજાર ખર્ચીને કલ્પવૃક્ષ બનાવેલ છે, અષ્ટાપદનો રચના ત્યાં કરવામાં આવી છે અને તેની ઉપર કલ્પવૃક્ષ છે.

સંવત ૧૬૫૦ માં હેમવિજયજીએ તે સંબંધમાં સ્તવન રચ્યું છે.

## વલી પાર્શ્વનાથ.

૭૭

પાટણમાં હાલ સાંગલીયાવાડામાં વલી પાર્શ્વનાથનું દેરાસર છે. આ પ્રતિમાજી પાટણથી ત્રણ ગાઉ દૂર જ્યાં આગળ પુર્વે પાટણનો જુનો ઘીનો કાંટો હતો, ત્યાં હાલ વલી નામે ગામ છે, ત્યાંથી લાવવામાં આવી છે.

---

## વરકાણા પાર્શ્વનાથ.

૭૮

રાણી સ્ટેશનથી એકોશ વરકાણા ગામ છે. ત્યાં ત્રેવીશમા તીર્થંકર વરકાણા પાર્શ્વનાથનું મોટું દેરાસર તીર્થરૂપ છે. સંવત ૫૧૫ માં દેરાસર બંધાવેલું હોય એવો લેખ છે, ધર્મશાળા પણ મોટી છે.

## વહી પાર્શ્વનાથ.

૭૯

જીર્ણ ગામમાં સંપ્રતિ રાજાનું બંધાવેલું વહી પાર્શ્વનાથનું બાવન જીનાલયનું. તીર્થ સ્થળ છે, મંદસોરથી પાંચ ગાઉ થાય છે.

---

## વાડી પાર્શ્વનાથ.

૮૦

પાટણમાં ઝવેરીવાડામાં પુરાણો લેખ છે, ત્યાં વાડી પાર્શ્વનાથનું દેરાસરજી છે, અને જે પુરાણો લેખ છે તેની ઇંગ્રેજો પણ નકલો લઈ જાય છે, તેમાં જીન મંડન ગણિએ જીન મંદિરો તથા જ્ઞાનના ભંડાર કરાવ્યાનું લખ્યું છે.

---

## વિજય ચિંતામણી પાર્શ્વનાથ.

૮૧

ખંભાતમાં માણેકચોકની પાસે ચોર પીપડે વિજય ચિંતામણી પાર્શ્વનાથનું દેરાસર છે.

અમદાવાદમાં કાળુશાની પોળના ભોંયરામાં વિજય ચિંતામણી પાર્શ્વનાથની પ્રતિમાજી શ્યામ સ્વરૂપ છે. તથા તેમની બે બાજુએ શ્યામ મુર્ત્તિ છે.

---

## સમેત શિખરજી અથવા પાર્શ્વનાથ પહાડ

૮૨

ગોદટીથી મધુવન અઢાર માઇલ થાય છે ગોદટીથી રીજુ વાલુકા આઠ મૈલ થાય છે. મધુવનમાં શ્વેતાંબરી ધર્મશાળા છે. તેની પાસે અમદાવાદવાલા શેઠ હઠીસીંગ-

બાઇની ધર્મશાળા હરકુંવર શેઠાણીએ સં. ૧૯૨૦ માં સમેત શિખર જાત્રાએ ગયેલાં તે વખતે બંધાવેલી છે. જેમને ગર્વમેન્ટે "નેક નામદાર સખાવતે બહાદુર" નો ખેતાબ આપ્યો હતો, તથા સંઘ તરફથી પણ બીજી ધર્મશાલા બંધાવેલી છે દેરાસરો જગતશેઠનાં, રાય ધનપતસિંગજીનાં, રાય લક્ષ્મીપતસિંગજી બહાદુરનાં તથા બીજાઓનાં ભવ્ય અને રમણીક છે. ધર્મશાળાના પાછલા બારણા પાસે વડના ઝાડ નીચે સમેતશિખરજી તીર્થના અધિષ્ઠાયક ભોમીયાજીની સ્થાપના કરેલી છે. ત્યાંથી તીર્થની શરૂઆત થાય છે. ત્યાં મોતી અક્ષત વગેરે વધાવીને ડુંગર ઉપર ચડવું, ઘણા ભાગમાં સડક બાંધેલી છે. ઉપર ચડાવ ઘણા ભાગે કઠણ છે. મધુવનમાં વીશપંથી અને તેરાપંથીની ધર્મશાળા છે. પહાડ ઉપરની સર્વ સંભાળ શ્વેતાંબરી જૈનોની છે. ત્યાંથી ઉપર ચડતાં બે મૈલે ગાન્ધર્વ નાલુ આવે છે. ત્યાં ધર્મશાલા છે અને ત્યાં સંઘ તરફથી જાત્રાળુઓને ભાતુ અપાય છે, ત્યાંથી બે રસ્તા આવે છે, જેવા શંત્રુંજયપર વિસામા છે, તેવા અહીંયાં પણ બંધાવા જોઇએ, બીજા તીર્થોમાં જેમ ચોમાસામાં વરસાદ આવે છે પણ અહીંયાં તો શિયાળામાં પણ ઘણી વખત માવઠાં થયા કરે છે, તેથી યાત્રાળુઓને હરકત પડે છે. જેમ ગુજરાતના તીર્થોમાં પુજાને માટે

ન્હાવાના કપડાં વગેરેની અલગ રાખવાની વ્યવસ્થા છે. તેવી અહીંયાં પણ હોય તો સારૂ.

મધુવનની ધર્મશાળામાં પાછલી રાતે નાહીંને પુજાનાં કપડાં પહેરી ત્યાંથી ઉપર ચડે છે, ચાલવાની શક્તિ ન હોય તો પુજાના કપડાંએ ડોળીમાં બેસી જવાય છે. ને પગલાંની તથા દેરાસરજીમાં પુજા કરે છે આ પહાડની પ્રદક્ષીણા ૧૮ થી ૨૦ મૈલ થાય છે, પહાડ ઉપર રાતના રહેવાતું નથી. જેથી ઉપર જઈ દરેક ટુંકનાં દર્શન કરી આવતાં ૧૮ માઈલ થાય છે.

પાર્શ્વનાથ ભગવાન જે ટેકરી ઉપર મોક્ષે ગયા તેને પારસનાથ પહાડ કહે છે. ત્યાં રાય બદ્રિદાસજીએ બંધાવેલુ દેરાસર છે, ત્યાંથી ઉતરવાની સડક છે. માટે ત્યાંથી નીચે ઉતરાય છે. આ પહાડ ઉપર યાત્રાળુઓએ ગંધર્વ નાલાની ઉપર સર્વત્ર પેસાબ પાણી કરવાં નહી. આ પહાડ ઉપર શિકાર નહી કરવા અથવા હીંસા નહી કરવાને ગર્વમેન્ટે જાહેરનામાં ચોડેલ છે, જેની નકલ પત્થરમાં કોતરાવીને નીચે મધુવનની ધર્મશાળામાં જડેલી છે.

ડુંગર ઉપર ચડતાં નીચે પ્રમાણે દેરીઓ આવે છે.

૧ ગૌતમ સ્વામીની દેરી

૨ કુંથુનાથજીનું મોક્ષ કલ્યાણુક

૩ અરનાથજીનું મોક્ષ કલ્યાણુક

૪ નમીનાથજીનું મોક્ષ કલ્યાણક;
૫ મલીનાથજીનું મોક્ષ કલ્યાણક
૬ શ્રેયાંસનાથનું મોક્ષ કલ્યાણક
૭ સુવિધિનાથનું મોક્ષ કલ્યાણક
૮ પદ્મ પ્રભુનું મોક્ષ કલ્યાણક.
૯ મુનિ સુવ્રત સ્વામીનું મોક્ષ કલ્યાણક
૧૦ ચંદ્ર પ્રભુનું મોક્ષ કલ્યાણક
૧૧ આદિનાથનાં પગલાંની સ્થાપના
૧૨ શીતલનાથનું મોક્ષ કલ્યાણક
૧૩ અનંતનાથનું મોક્ષ કલ્યાણક
૧૪ સંભવનાથનું મોક્ષ કલ્યાણક
૧૫ વાસુપૂજ્ય સ્વામીનાં પગલાંની સ્થાપના
૧૬ અભિનંદન સ્વામીનું મોક્ષ કલ્યાણક.
૧૭ મોટુ પાર્શ્વનાથનું દેરાસર તથા ધર્મશાલા છે ત્યાંથી નીચે ઉતરનારને ઉતરાય છે બીજી ફેરીયોનો જાત્રા બીજે દિવસે કરે છે.
૧૮ ધર્મ નાથનું મોક્ષ કલ્યાણક
૧૯ સુમતિનાથનું મોક્ષ કલ્યાણક
૨૦ શાંતિ નાથનું મોક્ષ કલ્યાણક
૨૧ મહાવીર સ્વામીના પગલાંની સ્થાપના
૨૨ સુપાર્શ્વનાથનું મોક્ષ કલ્યાણક

૨૩ વિમલનાથનું મોક્ષ કલ્યાણક

૨૪ અજીતનાથનું મોક્ષ કલ્યાણક

૨૫ નેમીનાથનું પગલાંની સ્થાપના.

૨૬ પાર્શ્વનાથનું મોક્ષ કલ્યાણક.

આ પહાડ જૈન શ્વેતાંબર મુર્ત્તિપુજક સંઘ તરફથી શેઠ આણંદજી કલ્યાણજીએ ખરીદ કરી લીધેલો છે.

## સમીનાજી પાર્શ્વનાથ.

૮૩

ઉદયપુરથી બે મેલ થાય છે, સમીનાપાર્શ્વનાથજીનું તીર્થ સ્થળ છે જાત્રા કરવા લાયક છે.

## સહસ્ત્રફણા પાર્શ્વનાથ.

૮૪

માલવામાં ઉદયપુર શહેરમાં સહસ્ત્રફણા પાર્શ્વનાથનું દેરાસર છે. પંજાબમાં જંગીપુરમાં દેરાસર છે.

રાધનપુરમાં પણ સહસ્ત્રફણા પાર્શ્વનાથનું દેરાસર છે.

સણવાસ સં. ૧૭૦૦ માં બંધાવેલું છે.

સમેતશિખરના પહાડ ઉપરના મુલનાયકજી સહસ્ત્રફણા પાર્શ્વનાથ છે.

પાટણમાં પણ સહસ્ત્રફણાનું દેરાસર છે.

અમદાવાદમાં દેવશાને પાડે તથા શાંતિનાથજીની પોળમાં એક મુર્ત્તિ છે.

જુનાગઢમાં સગરામ સોનીની ટુંકમાં, તેમણે કરાવેલ દેરાસરમાં મુલ નાયકજી સહસ્ત્રફણા પાર્શ્વનાથ છે.

ગીરનારજી પંચમેરૂની ટુંકમાં જુનુ દેરાસર છે.

કરાંચીમાં દેરાસર સહસ્ત્રફણા પાર્શ્વનાથજીનું બે લાખ ખર્ચીને બંધાવેલું છે.

ઓંકાર પર્વતમાં સહસફણા પાર્શ્વનાથનું તીર્થ હતું.

દક્ષિણદેશે કર્ણાટકમાં વિજાપુર શહેર જ્યાં જુનાં ખંડીએરો છે ત્યાં એક યુરોપીયને જમીન ખોદતાં ત્યાં એક ભોંયરૂ નીકળ્યું તેમાં સહસફણા પાર્શ્વનાથની પ્રતિમા તેરમા સૈકાની તપાગચ્છીય આચાર્યની પ્રતિષ્ઠીત આજ વિજાપુરમાં વિરાજમાન છે.

—:o:—

## સહસ્ત્રકુટ પાર્શ્વનાથ.

૮૫

પાટણ ઝવેરીયારને પાડે શેઠ તેજસી જેતસીનું બંધાવેલું સહસકુટ પાર્શ્વનાથનું દેરાસર છે.

## સપ્તફણા પાર્શ્વનાથ.

૮૬

જામનગરથી સાત ગાઉ દૂર ભણુસાલ નામે ગામ છે. ત્યાં પુર્વે પારકર દેશથી રીસાઇને ઘણા જૈનો આવ્યા હતા. તેમાં રાઇસીશાહ તથા વર્ધમાનશાહ મુખ્ય હતા. જેમને કરોડો રૂપૈયાનો વેપાર હતો, તેમણે ત્યાં દેરાસર બંધાવ્યું છે. ભણુસાલની સોઢા ઠાકોરની કન્યા જામનગર પરણાવી, ત્યારે દાયજામાં તે બાઇએ ઉપર કહેલામાં બે શાહુકારો જામનગર આવીને રહે તેવું માગ્યું. તેના બાપને નાઇલાજે તે આપવું પડયું, તેથી તે બે જણા જામનગર જઇને વસ્યા. તેમની સાથે બીજા ત્રણસો વેપારીઓ જૈનો પણ જામનગર આવીને વસ્યા. ત્યાં લાખો રૂપૈયા ખર્ચી બન્ને એ બે મોટાં દેરાસર બંધાવ્યાં છે જેથી જામનગર પણ તીર્થસ્થળ જેવું છે. ભણુસાલનું દેરાસર સંવત્ ૧૫૪૦ માં બંધાવેલું છે ત્યાં સપ્તફણા પાર્શ્વનાથનું દેરાસર છે.

## સમેરીયા પાર્શ્વનાથ.

૮૭

સમેરીયા ગામમાં સમેરીયા પાર્શ્વનાથનું દેરાસર છે રતલામથી ચારગાઉ થાય છે. ભાદરવા સુદી ૨ ના દીવસે

દરેક વર્ષે ચાર થાંભલાઓમાંથી દુધની ધારા ઝરે છે; કોઇ અમીની ધારા પણ રહે છે.

---

## સાવલા પાર્શ્વનાથ.

૮૮

રતલામથી નીમલી સ્ટેશન આવે છે. ત્યાંથી બે ગાઉ શાવલીયા પાર્શ્વનાથ થાય છે, ભાદરવા સુદી ૨ ના દીવસે દેરાસરમાંની ભીંતોમાંથી તથા થાંભલામાંથી અમી જરે છે. પ્રતિમા શ્યામ અને મનોહર છે, દેરાસરજીનો જીર્ણોદ્ધાર થયો છે. ધર્મશાલા અધુરી છે, તીર્થ જાત્રા કરવા લાયક છે.

## શામળા પાર્શ્વનાથ.

૮૯

પાટણ જોગીવાડે જાગતા હાજરા હજુર છે, જ્યાં દરરોજ સાંજરે સેંકડો માણુસો દર્શન કરવા જાય છે, મુર્ત્તિ ઘણીજ ચમત્કારીક છે.

સમેતશિખર ઉપર તથા નીચે શામલા પાર્શ્વનાથજી છે.

ચારૂપ મંડન પાર્શ્વનાથનું બીજુ નામ પણ શા-મલા પાર્શ્વનાથ છે.

અમદાવાદમાં સામલાનીપોળમાં પણ શામલા પાર્શ્વ-

નાથજીનું દેરાસર છે. પોળનું નામ પણ ભગવાનના નામ ઉપરથીજ શામળાની પોળ પડેલું છે.

બનારસ કુસલાજીના મંદિરમાં પણ શામલીયા પાર્શ્વનાથજી મૂલ નાયક છે.

મુર્શિદાબાદમાં પણ શામલા પાર્શ્વનાથજીનું દેરાસર છે, કીરતી બાગમાંના દેરાસરમાં જગતશેઠની બ્હેનની ભરાવેલી શામલીયા પાર્શ્વનાથજીની પ્રતિમા કસોટીના પત્થરની છે.

આબુ પાસે દાંતરાઈમાં સંવત ૧૭૦૨ બંધાયેલું શામલીયા પાર્શ્વનાથજીનું દેરાસર છે.

શામળીયાજીનું તીર્થ કેશરીયાજીથી પાંચ ગાઉ ઉપર છે.

પાટણના રાજા સિદ્ધરાજ જયસિંહનું ડભોઈ વસાવેલું છે એવી દંતકથા છે તે ડભોઇ પીલાજીરાવ ગાયકવાડે ગુજરાત લેતા પહેલાં તે લીધું હતું. ત્યાં શામલાપાર્શ્વનાથનું જુનામાં જુનું દેરાસર છે લોઢણ પાર્શ્વનાથ તેમજ પ્રગટ પાર્શ્વનાથની પ્રતિમા પણ ડભોઈમાં છે. પ્રગટ પાર્શ્વનાથની સફેદ પ્રતિમા આશરે ૩ા ફુટ ઉંચી ભોંયરામાં ઘણી જીર્ણ હોવાથી ભંડારેલી છે.

વરાડદેશમાં એલેચપુરથી સાત ગાઉ મુક્તાગીરી નામે પહાડ છે, તેની ઉપર શામળા પાર્શ્વનાથનું મોટું દેરાસર છે. પ્રતિમાજી શ્યામરંગે રા ફુટ ઊંચી પદ્માસ-

નવાળી ફણાસહિત છે સંવત ૧૯૩૧ સુધી તે તીર્થ શ્વેતાંબરના કબજામાં હતું, તે વખતે કનેર ગામના રહીશ ઓશવાલ માણેકજી ડાહ્યા શ્વેતાંબરી તે વહીવટ કરતા હતા જેઓના વંશજો બૈતુલ જીલ્હે બન્નોર ગામમાં હાલ વસે છે. આ તીર્થ હાલમાં દીગંબરોના કબજામાં છે.

—❧—

## સુધદંતી પાર્શ્વનાથ.

૯૦

પુર્વે અયોધ્યા નગરમાં દશરથ રાજાના પુત્ર રામચંદ્ર અને લક્ષ્મણ આઠમા વાસુદેવ ( નારાયણ ) ત્રણ ખંડ પૃથ્વીનું રાજય કરતા હતા. સમકીતવંત એવા તેમણે રત્નમય શ્રી પાર્શ્વનાથનો પ્રતિમાની ઘણો કાલ પુજા કરી કાળાંતરે વાસુદેવ લક્ષ્મણના મરણ પછી રામચંદ્ર દિક્ષા લઇ અનુક્રમે કર્મનો ક્ષય કરી મોક્ષે ગયા. પછી આગામી દુષમ કાલ આવતો જાણી તે પ્રતિમાને તેના અધિષ્ઠાયક દેવે આકાશ માર્ગે લઈ જઈ શ્રી વચ્છ દેશે સુધદંતી નગરે લાવી ભોંયરામાં ગુપ્તપણે સ્થાપન કરી અને રત્નમયી પ્રતિમાને દુષમકાલ આવતો જાણી પોતાની શક્તિથી પાષાણમયી બનાવી દીધી. કેમકે ભવિષ્યકાળમાં પ્રતિમાને અડચણ થવાનો સંભવ રહે નહી.

પછી ત્યાં શ્રી શોધતી વાલ ગચ્છે શ્રી વિમલસૂરિ આચાર્ય મહારાજને સ્વપ્નુ આવ્યું કે "આ સુધદંતી નગરમાં શ્રી પાર્શ્વનાથની પ્રતિમા અમુક ઠેકાણે ભોંયરામાં છે ત્યાંથી બહાર પ્રગટ કરી પુજાવો." પ્રભાતમાં તે વાત આચાર્ય મહારાજે શ્રાવકોને કરી. તેથી શ્રાવકોએ તે પ્રતિમાને બહાર કહાવી દેરાસર બંધાવી તેમાં પધરાવીને પુજન કરવા લાગ્યા. કેટલેક કાલે તે નગર ઉજડ થઇ ગયું અને અધિષ્ઠાયકો પણ પ્રમાદ વશ પડી ગયા. કાળાંતરે જ્યારે તે નગર ઉપર તુર્ક લોકો ચડી આવ્યા, પછી તે લોકાએ દેરાસરમાંથી તે પ્રતિમાને માથા ઉપર ચડાવી બહાર લાવીને નીચે નાખી, તેથી માથુ અને ધડ જુદાં થઇ ગયાં, તે પછી ભોંયમાં થોડો કાલ રહી, કેટલેક કાલે કોઇ બકરાં ચરાવનાર ત્યાં આગળ બકરાં ચરાવવા આવ્યો, તેણે પ્રતિમાનું માથુ ભોંયમાં દેખ્યું, અને ધડ પણ જુદું પડયું હતું. તેણે તે માથુ ધડ ઉપર ચડાવ્યું. કે ધડ ઉપર મસ્તક તેની સાથે મળી જઇ એક થઇ ગયું. અધિષ્ઠાયકના પ્રભાવે આજે પણ તેવીજ સ્થીતિમાં પુજાય છે ને તે પ્રતિમા ત્યાં બીરાજમાન છે સુધદંતી નગર હોવાથી સુધદંતી પાર્શ્વનાથ નામ પડયું.

## સુરજ મંડન પાર્શ્વનાથ..

૬૧

પ્રખ્યાત સુરત નગરમાં ગોપીપુરામાં સુર્ય મંડન પાર્શ્વનાથની ઘણી મનોહર સંપ્રતિ રાજાની ભરાવેલી સાડા ચાર ફુટ ઉંચી સફેદ પાષાણની પ્રતિમા ડાહ્યાભાઈ વકીલના ઘરની જોડે ખાંચામાં સોંયરામાં બીરાજમાન છે. એક વખત સુરતમાં શાંતિદાસ શેઠ યતિ મહારાજની ઘણીજ ખાતર બરદાસ્ત કરતા ને રૂપૈયા ચાર પાંચ હજાર તેમના વતી ખરચ પણ કરેલો હતો. જેથી જતિજી પ્રસન્ન થયા હતા. તે વખતે શેઠ શાંતિદાસ જવેરાતનો ધંધો કરતા હતા. શેઠને યતિજીએ કહ્યું કે "તમે મારા ઉપર ઘણો ઉપકાર કર્યો છે. તો તેનો બદલો આપવાની મારી ઇચ્છા થઈ છે. જેથી હું સુરજ મંડન પાર્શ્વનાથના સોંયરામાં છ માસ સુધી બેસીને મંત્ર સાધના કરીશ. તમે રોજ એક માણસ સાથે પાંચશેર દૂધ તથા એકશેર સાકર મોકલજો." તે પ્રમાણે વ્યવસ્થા કરી પછી યતિજીએ ચિંતામણી મંત્રનું એકાગ્ર ચિત્તે આરાધન કર્યું. એક દિવસ શેઠે આવીને પુછયું કે "કેમ મંત્ર સિદ્ધ થયો" ગુરૂએ કહ્યું કે "કાલે સિદ્ધ થશે માટે કાલે તમે આવજો."

પછી બીજે દિવસે શેઠ કામમાં પડી જવાથી તેમનો શાંતિ નામનો ગુમાસ્તો અઢાર વરસની ઉમ્મરનો હતો,

તેને શેઠે ખબર કાઢવાને મોકલ્યો. અહીં હવે યતિજીને થોડીજવાર હતી. જેથી તેણે પૂછયું "કોણ શાંતિ ?"

"જીહા !" શાંતીએ હાજર થતાં તરતજ જવાબ આપ્યો. કેમકે તેનું પણ તેજ નામ હતું. ગુરૂ મંત્રના ધ્યાનમાં લયલીન હોવાથી કહ્યું કે." આવ ! પાસે ભગવાનની સામો ઉભો રહે, જરા પણ ભયં પામીશ નહિ. એક કાલો નાગ તારા પગની એડીથી ચડશે તે માથા ઉપર આવી જીભ કાઢી તારા મોં સુધી લાવશે તું તારી જીભ તેની જીભ સાથે ભેગી કરી દે, મંત્રના પ્રભાવથી તને કાંઇ અડચણ થશે નહી." અંધારામાં શેઠને બદલે શાંતિ ગુમાસ્તો છે એવું ગુરૂએ જાણ્યુંજ નહી. પછી શાંતિ તરતજ ગુરૂના કહેવા મુજબ ભગવાન આગળ સ્થીર ઉભો રહ્યો. તેને માથા સુધી સાપ ચડયો, પણ ભય પામ્યો નહી; પણ તેની સાથે જીભ ભેગી કરવાની તેની હીમત થઇ નહી. ને લગાર ધ્રુજી ઉઠયો. જેથી સાપ તરતજ ઉતરી ગયો. યતિજીએ, પણ મંત્ર પૂર્ણ કર્યો. તેમણે જણાવ્યું કે "તેની અને તારી જીભ એક થઇ હોત તો વંશ પરંપરા ધન ખુટત નહી. મહા ઋદ્ધિવાન રહેત પણ હવે તો તારી સાત પેઢી સુધી કુટુંબ બહુ સુખી રહેશે પછી જરા નરમ ગરમ થશે.

પછી શાંતિ શાંતિદાસ શેઠની બ્હીકથી પરદેશ

આવ્યો ગયો. તે ખંભાત થઇ દીલ્હી ગયો, ત્યાં બાદશા-હના ઝવેરાત વગેરેની કીંમત કરવાથી બાદશાહ ખુશી થયા. તેમજ બીજી વખતે માટીના ચાર ગોળાઓમાં ગુપ્ત રીતે રત્ન સોનુ મુકી જહાંગીર બાદશાહે શાંતિ પાસે પરીક્ષા કરાવી. તેમાં પણ મંત્રના બળે શાંતિને જશ કીર્તિ મળી, ને બાદશાહ ઘણુંજ પ્રસન્ન થયા, જેથી તેમણે શાંતીને નગર શેઠની પદવી આપી, અને પાંચ તીર્થની સનંદ આપી, પછી અમદાવાદ આવી ત્યાંના નગર શેઠ થયા ત્યાં સાગર ગચ્છ સ્થાપન કર્યો. નવ લાખ રૂપીઆ ખરચી ચીંતામણી પાર્શ્વનાથજીનું દેરાસર હાલમાં જ્યાં શેઠ મંગલભાઇ ગીર-ધરની મીલ છે ત્યાં બંધાવ્યુ હતું. તેના ખંડેર હાલ ત્યાં છે તે દેરાસર ઔરંગજેબ બાદશાહના વખતમાં ખંડીત થવાથી રૂપીઆ સાડા પાંચ લાખ બાદશાહે આપ્યા. તેનું ખરચ કરી વાઘેણ પોળમાં અજીતનાથ વગેરેનું તથા આદે-શ્વર ભગવાનનું દેરાસર, ચીંતામણી પાર્શ્વનાથનું દેરાસર વગેરે કરાવ્યાં.

શાંતિદાસ શેઠનો વંશ સુરતમાં પણ છે.

તેમનો ગુમાસ્તો શાંતિ અમદાવાદના જે શાંતિદાસ નગર શેઠ થયા, તેમના પીતાનું નામ શેશકરણ ! જુઓ શાંતિદાસ શેઠની વંશાવલી ! હાલમાં તેમના વંશજો હયાત છે.

સુરજ મંડન પાર્શ્વનાથનું દેરાસર રોઇશાળા (રસાલા) માં છે.

# સુલતાના પાર્શ્વનાથ.

૯૨

દીલ્હીથી બાદશાહ અલ્લાઉદ્દીન લડતો લડતો અને દેવલો તોડતો સિદ્ધપુર આવ્યો. ત્યાંનો રૂદ્રમાળ ભાગીને પછી પાર્શ્વનાથના દેરાસર આગળ આવ્યો, ત્યાં ભોજકો પુજા ભણાવતા હતા તેમને પુછયું. " અરે આ કોન દેવ હય, " સુલતાને જણાવ્યું.

ભોજકો બોલ્યો, " યહ જૈનકા બડા દેવ હય "

" અચ્છા કુછ ચમત્કાર હો તો બતલાવ; અભી મુર્ત્તિ તોડ તે હય, " સુલતાને કહ્યું. તે વારે ભોજકોએ થોડીવાર બાદશાહને થોભવા અરજ કરી અને કહ્યું કે "યહ દેવ બડા ચમત્કારીક હય." એમ કહી માટીના કોડીયામાં ઘી પૂરી એકસો આઠ દીપક તૈયાર કર્યા, પછી દીપક રાગ ગાવા માંડયો, જેથી દીવાઓ પોતાની મેળે પ્રગટ થયા. તરતજ એક નાગ પ્રગટ થઇ ત્યાં આગળ ફણાટોપ કરતો સુલતાન સામે ફણા હલાવતો સન્મુખ બેઠો.

બાદશાહ અલાઉદ્દીન ચમત્કાર પામીને કહેવા લાગ્યો કે "યહ તો બડા દેવ હય, બાદશાહોકા બાદશાહ સુલતાન હય" જેથી તેમનું સુલતાના પાર્શ્વનાથ એવું નામ પડયું. તે વારે ત્યાં દર વર્ષે મેળો ભરાતો હતો. ને હજારો લોક આવતા હતા. તે બાદશાહ ઔરંગજેબના વખત સુખી ચાલ્યું. પછી ઔરંગજેબ ત્યાં આવ્યો તેણે પણ ચમત્કાર દેખી દેરાસર પડાવ્યું નહી. સિદ્ધપુરમાં બે હજાર શ્રાવકોનાં ઘર હતાં. ને હેમાચાર્ય મહારાજ પાટણમાં વખાણ વાંચતા તે પછી આકાશ માર્ગે સિદ્ધપુર દર્શન કરવા જતા હતા. એ પ્રતિમાનો બહુ ચમત્કાર હતો, પણ ત્યાં આશાતના વધવાથી ચમત્કાર હાલ ઘટી ગયો સિદ્ધપુરનું દેરાસર સિદ્ધરાજ જયસિંહનું કરાવેલ છે.

સિદ્ધપુરના દેરાસરમાં રૂપીઆ પાંચ હજાર આપીને બે મોટી પ્રતિમાજી તથા બીજી નવ નાની પ્રતિમાઓને શ્રીપાણસર લાવ્યા હતા. હાલ ત્યાં પાણસરમાં નવું દેરાસર તૈયાર થયું છે તેની પ્રતિષ્ઠા સંવત ૧૯૭૪ ના વૈશાખ સુદી ૬ દીવસે થઇ છે.

સિદ્ધરાજ જયસિંહે સિદ્ધપુર વસાવેલું છે.

# સેરીસરા પાર્શ્વનાથ.

૯૩

ગુજરાત દેશમાં પૂર્વે સેરીસરા નામે શહેર હતું. તે બાર ગાઉ મોટું અને વખાણવા લાયક હતું. પણ ત્યાં જીનેશ્વરનું દેરાસર નહોતું. તે શહેરમાં વિદ્યાસાગર નામે જૈનાચાર્ય પાંચસો શિષ્યોને પરીવારે પરવર્યા છતા આવ્યા. આચાર્ય પાસે એક અતિ ચમત્કારીક મંત્રનું પુસ્તક હતું. એક વખત વીદ્યાસાગર મુનિ જ્યારે સ્થંડીલ જવા ગયા, ત્યારે તેમના બે વિદ્વાન શિષ્યે તે પુસ્તકવાંચ્યું. કેમકે તે પોથી ગુરૂ પાસેની પાસે રાખતા હતા. જેથી તેમને નવાઈ લાગતી, તેથી એક દીવસ ગુરૂ સ્થંડીલ ગયેલા છે તેવો અવસર સાધી તેનું પહેલુ પાનુ વાંચ્યુ તો તેમાં બાવન વીરને સાધવાનો મંત્ર હતો તે બરાબર ધારી લીધો, ને પુસ્તક હતું તેમ પાછુ બરાબર મુકી દીધું. રાતે ગુરૂ સાથે પ્રતિક્રમણ કરી રહ્યા પછી રાત પહોર ગઇ એટલે સંથારા પોરસી ભણાવી સર્વ સાધુ સુઇ ગયા, ગુરૂ પણ સુઈ ગયા, એટલે તે બન્ને ચેલા બાવન વીરનો મંત્ર સાધવા એકાંતમાં બેઠા, તેમના મંત્ર બળથી બાવન વીર આવીને હાજર થયા અને વિનંતિ કરવા લાગ્યા કે “ શું હુકમ છે. ”

પછી બન્ને ચેલાઓએ જણાવ્યું કે "આ શહેર ઘણુ મોટુ અને સુંદર છે પણ જૈન દેરાસર એક પણ નથી. માટે તમે એક સુંદર દેરાસર ઝટ અહીંયાં લાવો."

તે પછી બાવન વીરો રંગ મંડપ ભોયરા ગંભારા સહીત સુંદર મોટુ દેરાસર પ્રતિમાએ યુક્ત લઈ આવ્યા તે દેરાસરની બાંધણી એટલી મોટી હતી કે જોનારને આશ્ચર્ય જેવું થતું. પછી સર્વ વીરો બહાર વડ આગળ બેઠા.

બીજે પહોરે ગુરૂ મહારાજ જાગૃત થયા તો તેમણે ત્યાં મોટી પ્રતિમાઓવાલુ વિશાલ દેરાસર જોયું. ને આશ્ચર્ય પામ્યા. પછી ખબર પડવાથી પોતે ચક્રેશ્વરીને સ્મરણ કરીને તેને બોલાવીને કહેવા લાગ્યા કે, "આ ચેલા તો મુર્ખ છે તેમણે આ કામ કરાવેલ છે. પણ તેમને ખબર નથી કે આગળ વખત ખરાબ આવશે ને મ્લેચ્છ લોકો દેરાસરો ખંડીત કરશે." પછી ચક્રેશ્વરીએ બાવન વીરને કંઇક કહ્યુ અને દેરાસરનાં મુળ બીંબો સ્થીર અદ્રશ્ય કરી દીધાં. પછી ચક્રેશ્વરીએ બન્ને ચેલાઓને ઝાડે ઉંચા બાંધ્યા ને કહ્યુ કે, "તમે ગુરૂની આજ્ઞા વગર ગુપ્તપણે આવુ અધિકવંત કામ કેમ કર્યું?" તો મારા ક્રોધથી તમે કેમ છુટશો, જે ઉપરથી બન્ને ગુરૂને ખમાવા લાગ્યા, જેમાં એક આરાધક હતો. પછી

ગુરૂને દયા આવવાથી ચક્રેશ્વરીને કહીને તેમને બંધન મુક્ત કરાવ્યા.

પ્રભાતમાં શ્રાવકો દેરાસર જોઇ વિચારવા લાગ્યા કે આ દેરાસરજીમાં મુલનાયકજી નથી. માટે શું ? કરવું. તે પછી કેટલેક કાલે દેવચંદ્ર આચાર્ય ત્યાં આગળ પધાર્યા તેમને સંઘે વિનંતિ કરી તે વારે દેવચંદ્ર આચાર્યે મંત્રના બલથી ધરણેંદ્રને બોલાવીને મુલનાયકજી તથા બીજી પ્રતિમાજી લાવવાની આજ્ઞા કરી, જેથી ધરણેંદ્ર પાર્શ્વનાથની તેમજ બીજી પ્રતિમાઓ લાવ્યા, વલી કોઇ ઠેકાણે ચક્રેશ્વરી દેવી લાવ્યાં એમ પણ કહ્યું છે, તે પ્રતિમાજીની નાગ દેવે પુજા કરીને તેમનું લોઢણ પાર્શ્વનાથ નામ પાડ્યું હતું. ચાર મોટી પ્રતિમાઓ પણ લાવ્યા હતા. ચોવીસ તીર્થંકરની ધ્યાનવાલી પ્રતિમાઓ પણ કાઉસગ્ગ ધ્યાને રહેલી તે લાવ્યા હતા. દેરાસર ત્રણ માળનું એકજ રાતમાં ઉત્પન્ન થયેલું હતું, તે પછી ઘણા કાળે પાટણના રહેનારા પોરવાડ ચંદ્રપ્રસાદ તથા વસ્તુપાલ, તેજપાલે ત્યાં નેમનાથનું બીંબ કરાવ્યું. ને નાગેંદ્ર ગચ્છના વિમલસુરિએ પ્રતિષ્ઠા કરી એ પ્રમાણે ત્યાં લેખ છે.

બીજા લેખમાં તે પ્રતિમાની સ્થાપના કરતી વખતે માલદેવને અમરસિંહના રાજ્યમાં ફાગણ વદી ૩ ના વૃશ્ચિક

સદિમાં ધનપાલ નામના શેઠના હાથે પ્રતિષ્ઠા સ્થાપન કરેલી છે.

આ દેરાસરની પ્રતિષ્ઠાની પ્રાચિનતા વિશે શ્રી લાવણ્ય સમય મહારાજે સંવત ૧૫૬૨ માં સ્તવન રચ્યું છે તે ઉપરથી સમજાય છે તેમજ સમય સુંદરે રચેલુ તીર્થ માળાનું સ્તવન તેમાં 'સોરીસરો શંખસરો' એવો પાઠ છે તેમજ તેમનો રચેલો ચાર પ્રત્યેક બુદ્ધનો રાસ તેમાં પણ તેમની વ્યાખ્યા છે. ઉપદેશ તરંગીણી સંસ્કૃતમાં છે. તેમાં પણ સોરીસરાની વ્યાખ્યા છે. તેમજ તીર્થ કલ્પ માગધીમાં છે તેમાં પણ તે સંબંધી હકીકત છે. હાલ કલોલ સ્ટેશનથી બે ગાઉ દુર સેરીસા ગામ છે, ત્યાં દેરાસરનું ખંડેર છે. હમણાં બે પ્રતિમાઓ તે ખંડેરમાં ખોદ કામ કરતાં નીકળેલી છે. ખારા પત્થરની સાત ફેણવાળી માણસના આકાર જેટલી ઉંચી તેને લેપ કરાવ્યો છે.

બીજી પદ્માસને પાષાણની, આરસની, તથા શ્રી દેવી વગેરેની પ્રતિમાઓ, ખંડેરમાંથી નીકળેલી તે ગામમાં પધરાવેલી છે. તે દેરાસરનું ખંડેર ખોદાવી તેનો ઉદ્ધાર કરવાનો છે હાલ ત્યાં ધર્મશાળા બંધાવે છે.

શ્રીમદ્ વિજય નેમિસૂરિનાં સદ્ઉપદેશથી શેઠ માણેકલાલ મનસુખભાઇ ભગુભાઇ તથા શેઠ સારાભાઈ ડાહ્યા-

ભાઇ તેમણે આ દેરાસરનો ઉદ્ધાર કરવા માંડેલ છે. આ દેરાસર મોટા પાયા ઉપર આશરે ચાર લાખના ખર્ચે બંધાશે કામ ઘણું ખરૂ તૈયાર થયું છે.

સેરીસા તીર્થે દેવચંદ્ર નામના ક્ષુલ્લક સાધુએ ચક્રેશ્વરીની આરાધના કરી વરદાન મેળવી ત્રણ માળનું મોટા ચોવીશ કાસિઝ્ઝીયા સહીત પાર્શ્વનાથ વગેરેની પ્રતિમાથી સુંદર એવો પ્રસાદ એક રાત્રીમાં તૈયાર કર્યો, આ તીર્થ આ કળીકાળમાં ઘણા પ્રભાવવાળું છે. આ લેખ સંવત ૧૪૦૦ માં લખેલ છે.

## સાંકળા પાર્શ્વનાથ.

૯૪

પાટણમાં સાંકળચંદ નામે શ્રાવક ઘણાજ ધર્મના રાગી હતા, પાર્શ્વનાથ ઉપર તેમને ઘણીજ આસ્થા હતી. જેથી જ્યારે કાંઇ પણ મન ઉદાસ થાય કે પાર્શ્વનાથની બહુ ભક્તિ કરતા, જેથી તેનાં સર્વ વિઘ્નો દુરે થતાં, સાંકલચંદના નામ ઉપરથી તે પ્રતિમાનું નામ સાંકળા પાર્શ્વનાથ પડયું.

## સોણટીયા પાર્શ્વનાથ.

૯૫

નાડલાઇમાં સોણટીયા પાર્શ્વનાથ તથા જીરાવલા પાર્શ્વનાથનું દેરાસર છે.

---

## સોમ ચીંતામણી પાર્શ્વનાથ.

૯૬

એ નામનું જુનું દેરાસર ખંભાતમાં સંઘવીની પોળમાં છે.

---

## સુખસાગર પાર્શ્વનાથ.

૯૭

સુખસાગર પાર્શ્વનાથની પ્રતિમા પરઘર સહીત સીમંધર સ્વામીના દેરાસરમાં ધાતુની છે. પંદરમાં સૈકામાં ભરાવેલી હોય તેમ તેની પાછળ લેખ છે વર્દ્ધમાન સરૂપ-

ચંદ ઇડરવાળાએ લેખની નકલ ઉતારેલી છે. તેમની આજુબાજુ બે કાઉસગ્ગીયા પણ ધાતુના છે. આ પ્રતિમા અમદાવાદ ડોસીવાડાની પોળમાં સીમંધર સ્વામીના દેરાસરમાં આવેલી છે.

## સેસલી પાર્શ્વનાથ.

૯૮

સેસલી ગામે સફેદ પ્રતિમા સંપ્રાત રાજાની ભરાવેલી છે, જીલ્લે વાડી ફુલેરા સ્ટેશનથી સેસલી પગે રસ્તે જવાય છે તે સેસલી પાર્શ્વનાથ કહેવાય છે.

## સેસફણા પાર્શ્વનાથ.

૯૯

સાંભોલ ગામે સેસફણા પાર્શ્વનાથનું દેરાસર સંવત ૧૭૦૮ ની સાલમાં આવેલું છે ડીસા કેમ્પથી સાંભોલ પર મૈલ છે.

રાધનપુરમાં સંવત ૧૯૪૫ ની સાલમાં શેષફણા પાર્શ્વનાથનું દેરાસર બંધાવેલું છે.

અમલસાડથી પાંચ માઈલ દુર પાનાર ગામે શેષફણા પાર્શ્વનાથનું દેરાસર છે.

# સંખેશ્વર પાર્શ્વનાથ.

૧૦૦

રાધનપુર જીલ્લામાં સંખેશ્વર પાર્શ્વનાથનું મોટુ તીર્થ સ્થળ છે. ગઈ ચોવીસીમાં નવમા તીર્થંકરના વારામાં અષાઢી શ્રાવકે તે પ્રતિમા ભરાવી હતી. તે ત્યાર પછી દેવ વિમાનોમાં અનુક્રમે પુજાઇને બાવીશમાં તીર્થંકર શ્રી નેમીનાથના કહેવાથી શ્રી કૃષ્ણવાસુદેવે યાદવો ઉપર પ્રતિવાસુદેવ જરાસંઘે જરા મુકેલી હોવાથી તે જરા નિવારવા માટે અઠ્ઠમ તપ કરી પાર્શ્વનાથનું એકાગ્ર ચિત્તે ધ્યાન કરવાથી ત્રીજી રાત્રીએ પદ્માવતીએ પ્રગટ થઈ તે પ્રતિમા તેમને આપી તેના નમણના પ્રભાવથી જરા રાક્ષસી સર્વ યાદવોની દુર થઇ. તે પ્રતિમા શ્રી કૃષ્ણે સંખ પૂરી ત્યાં પધરાવી શ્રી સંખેશ્વર નગર વસાવી સંખેશ્વર પાર્શ્વનાથ

નામ સ્થાપ્યું. ત્યાં ચૈત્રી કાર્તિક પુનેમ ઉપર સંઘ જાય છે ધર્મશાળાઓ વગેરેની સગવડ હાલમાં સારી છે.

હવે તે પ્રતિમા ગઇ ચોવીસીમાં નવમા તીર્થંકરના વારામાં આષાઢી શ્રાવકે ભરાવી તેણે કેટલોક કાળ પુજી. પછી સૌધર્મ દેવલોકે પુજાઈ ત્યાર પછી આ ચોવીસીમાં રૂષભદેવ સ્વામીના સમયમાં વૈતાઢય પર્વત ઉપર નમિ વિનમિ વિદ્યાધરોએ ઘણો કાલ પુજી, ફરી તે પછી સુધર્મ દેવલોકના ઇંદ્રે પુજી. ત્યાર બાદ સૂર્યના વિમાનમાં તે પ્રતિમા ઘણો કાળ પૂજાણી, ત્યાંથી નાગ કુમારના સ્વામી નાગરાજે (નાગ લોકમાં) ઘણો કાલ પુજી, એમ, દેવતા વિદ્યાધર વગેરેમાં ઘણો કાલ પુજાયા પછી નાગ કુમારના સ્વામીએ ગીરનાર પર્વતની સાતમી ટુંકે રાખી, ત્યાં દેવો પૂજન કરવા લાગ્યા. ત્યાંથી કૃષ્ણ વાસુદેવના ભાગ્યથી દેવતાએ તેમને આપી તેમણે સંખેશ્વર તીર્થ સ્થાપ્યું. તે સંખપુરમાં પંચ્યાસી હજાર વર્ષથી અધિક સુધી પૂજાણી તે પછી ઉદય રત્ન સ્વામીએ બાવાની મંજુષમાંથી પ્રગટ કરી; વળી સંવત ૧૧૫૫ માં સજ્જન શેઠે દેરાસર કરીને પધરાવી મે દુર્જન શલ્ય નામે રાજાનો કોઢ રોગ ગયો, તેથી તેઓએ મળીને દેરાસર કરાવ્યું. હાલ પણ સમફણા સહીત પાર્શ્વનાથ ત્યાં બીરાજે છે.

સંખેશ્વરજી તીર્થને અંગે ત્યાં કારખાનુ છે તેમાં

વહીવટ શેઠ માણેકલાલ મનસુખભાઇ ભગુભાઇ કરે છે.

હારીજ સ્ટેશનથી નવ ગાઉ થાય છે. પગ રસ્તે જવાય છે સ્ટેશન ઉપર વાહનની જોગવાઈ સારી હોય છે.

શ્રી કૃષ્ણજીને થયાં આજે લગભગ છયાસી હજાર ને ચારસો પચાસ વરસ જેટલો કાળ થયો છે.

---

## સ્થંભન પાર્શ્વનાથ

### ૧૦૧

તે સમયને આજે ઘણા વર્ષો વહી ગયાં છે કે જે સમયની આપણે હમણાં વાત કરીએ છીએ, વિશમા તીર્થંકર મુનિસુવ્રત સ્વામીની હયાતીમાં કોશલા દેશની અયોધ્યા નગરીમાં વિજયરાજા હતો. તેમના વંશથકી લગભગ બત્રીશમી પેઢી પછી ઇક્ષ્વાકુ વંશમાં આઠમા વાસુદેવ (વિષ્ણુ) રામલક્ષ્મણ ઉત્પન્ન થયા આ વખતે ત્રિખંડાધિપ પ્રતિ વિષ્ણુ રાવણની આજ્ઞા જગતમાં દુર્લંધ્ય મનાતી, એવા સમર્થ રાવણની બુદ્ધિમાં વિપર્યાસ થયો અને રામ લક્ષ્મણ વનમાં ગયા ત્યારે સીતાજીનું છળ પ્રપંચથી હરણ કરી રાવણ તેમને લંકામાં ઉપાડી ગયો, તે વારે. સૈન્ય સહીત રામ લક્ષ્મણ લંકાની આસપાસ વીંટાએલા સમુદ્રના કિનારે આવ્યા;

આ સમય આજથી અંદાજે સાત લાખ વરસ અથવા તો તેની આસપાસનો હશે એમ અનુમાન થાય છે પણ વધારે ફરક નથી.

મહા ભયંકર સમુદ્રને જોઇ રામ બંધુ લક્ષ્મણ સહિત વિચારમાં પડયા કે સકલ સૈન્યે સહિત આ સમુદ્રની પાર આપણે કેવી રીતે ઉતરવું ! એમ વિચાર કરતાં ત્યાં પડાવ નાખી આસપાસ જોતાં સમુદ્રના કિનારા ઉપર નજીક પાર્શ્વનાથજીનું ભવ્ય મંદિર તેમના જોવામાં આવ્યું, આવા નિર્જન પ્રદેશમાં ભગવંતનું આવું અપૂર્વ ચૈત્ય જોઇ તેમને (બન્ને બાંધવોને) હૃદયમાં ભક્તિ ઉત્પન્ન થઇ, બન્ને બાંધવ ભગવંતનાં દર્શન કરી તેમની અલૌકિક પ્રતિમા જોઈ પ્રસન્ન થઇ તેમની આરાધના કરવાને તૈયાર થયા; પછી રામ લક્ષ્મણ બન્ને બાંધવોએ ભગવંતની સેવા, ભક્તિ, ધ્યાન, તપ, જપથી આરાધના કરવા માંડી અને ભગવંતને અરજ કરી કે "હે વિશ્વ વત્સલ? હે વિશ્વ વંદ્ય ! તમારા પ્રભાવ થકી આ સમુદ્રનું જલ થંભી જાવ ! કે જેથી અમે તેની ઉપર પાજ બાંધી લંકામાં જઈ રાવણને જીતી સીતાજીને છોડાવીએ" આવી રીતે અભિગ્રહ કરી બન્ને બાંધવ (રામ લક્ષ્મણ) પ્રભુનું ધ્યાન ધરતા છતા તેમનું આરાધન કરવા લાગ્યા, એમ કરતાં રામ લક્ષ્મણને સાત માસને નવ દિવસ થયા તે વારે

તરતજ સમુદ્રનું જળ થંભાઈ ગયું અને તોફાની સમુદ્ર શાંત થઇ ગયો, આવુ અપૂર્વ દૃશ્ય જોઇ સકલ સૈન્ય સહિત રામ લક્ષ્મણ આશ્ચર્ય પામ્યા ને ભક્તિથી પાર્શ્વનાથનું નામ તેમણે સ્થંભન પાર્શ્વનાથ પાડયું; તરતજ સમુદ્ર ઉપર પાજ બાંધી લંકામાં જઇ રાવણને મારીને લક્ષ્મણને રામ જગતમાં આઠમા વાસુદેવ અને બળદેવ તરીકે પ્રગટ થયા, પછી તેઓ સીતાજીને લઇને પાછા આવ્યા તેવારે અહીંયાં અઠ્ઠાઇ મહોત્સવ કરી ભગવાનની ભક્તિ કરી રામ શુદ્ધ શ્રાવક થયા અને લક્ષ્મણ સમકિતવંત થયા. પછી બન્ને બાંધવો સકલ સૈન્ય સાથે અયોધ્યા ગયા ત્યાં ઘણા કાલ તેમણે વિષ્ણુ વાસુદેવપણાની રૂદ્ધિ ભોગવી; પ્રતિમા પણ અહીંયાં નાગ દેવતાઓથી પૂજાવા લાગી.

\+ \+ \+ \+ \+ \+ \+

આઠમા વિષ્ણુના જમાનાને આજે લાખો વરસ વહી ગયાં છે, લગભગ છ લાખ વરસ અંદાજનો ગાળો હશે. આજે વર્તમાન સમયમાં શ્રી નેમીનાથ ભગવાનનું શાસન ચાલે છે; હમણાં ખુદ તેઓશ્રી હજારો ભવ્ય જીવોને ઉપદેશ કરી રહ્યા છે તેમના સમયમાં નવમા (છેલ્લા) વિષ્ણુ શ્રી કૃષ્ણ શ્રી ત્રિખંડાધિપ અર્ધ ચક્રી વાસુદેવ હતા. તેઓ એક

દિવસ યાત્રા કરતા સમુદ્રને કિનારે થંભન પાર્શ્વનાથને વંદન કરવાને આવ્યા, જંગલ અને સમુદ્રને કિનારે નિર્જન પ્રદેશમાં પ્રભુની તાજી પૂજા જોઇ વિષ્ણુ વિચારમાં પડયા કે " આવા નિર્જન પ્રદેશમાં ભગવાનને કોણ પૂજતુ હશે તે તપાસ કરવી જોઇએ. " એમ ધારી પોતે છુપાઇ ગયા, તેવારે પછી પાતાલ વાસી નાગકુમાર વાસુકી દેવતાઓ આવીને ભગવંતની પુજા ભક્તિ નાટારંગ કરવા લાગ્યા. પછી શ્રી કૃષ્ણ પ્રગટ થયા. તેવારે વાસુકીદેવ પણ શ્રી કૃષ્ણને ઓળખી સાધર્મીકપણાએ કરીને મળ્યા. વાસુકીદેવે ભગવંતના મહિમાની સ્તુતિ કરી; તેમનો હેવાલ કહી બતાવ્યો કે પુર્વે એંસી હજાર વરસ સુધી ઇંદ્રે પૂજી પછી ધરણેંદ્રે પ્રાસાદ કરાવીને ભગવંતને અહીંયાં થાપ્યા, આઠમા વાસુદેવ અહી આવ્યા ત્યારે સમુદ્રનાં જળ ભગવંતના પ્રભાવથી થંભી ગયાં હતાં જેથી થંભણ પાર્શ્વનાથ નામ તેમણે આપ્યું છે. પછી કૃષ્ણજીનું મન પણ તે પ્રતિમાજીને દ્વારિકામાં લાવવાને લલચાણું. કે આ ભગવાન દ્વારિકામાં આવે તોજ મારો જન્મ સફલ થાય. વાસુકી દેવતાઓ પાતાળમાં ગયા તેમની રજા મેળવી શ્રી કૃષ્ણ થંભણ પાર્શ્વનાથને દ્વારિકામાં લાવ્યા, ત્યાં સુવર્ણ મંદિરમાં ભગવાનને સ્થાપીને નવમા વિશ્નુએ ઘણા કાળ પર્યંત થંભણ પાર્શ્વનાથની પુજા ભક્તિ કરી. પછી દ્વારિકાના દહન કાળ

અવસરે દેવતાએ સ્વપ્ન આપવાથી પ્રતિમાજીને સમુદ્રમાં પધરાવ્યાં. શ્રી કૃષ્ણજીનું આયુષ્ય એક હજાર વરસનું હતું. છેલ્લાં દ્વારિકાને અગ્નિ કુમાર નિકાયના દેવે બાળી નાખી તે ઉપર સમુદ્રનું પાણી ફરી વળ્યું. અને કૃષ્ણજી ને બળભદ્ર ત્યાંથી ચાલ્યા ગયા. રસ્તામાં કોઇ ઝાડને નીચે શ્રી કૃષ્ણ સુતા હતા અને બળદેવ તેમને માટે પાણી લેવા ગયા તે અવસરે તેમના ભાઈ જરાકુમારના બાણથી તેમનું મૌત થયું. આવા વિશ્વ વત્સલ પુરૂષના જન્મ અને મરણ વખતે પણ પાસે કોઈ નહોતું; અર્ધ ચક્રી, મહા સમર્થ મહાભૂજ વિષ્ણુની છેવટની પાણી પીવાની ઇચ્છા પણ પૂરી નજ થઈ અને બળભદ્ર પાણી લઇને આવતાં તો શ્રી કૃષ્ણજીના આત્માએ શરીર છોડી દીધું. સમયની બલિહારી છે. કર્મની ગતિ વિચિત્ર છે. આઠમા અને નવમા વિષ્ણુમાં અંદાજે લગભગ છ લાખ વરસનું અંતર જણાય છે.

* * * * * * *

પંચમ કાળનાં કેટલાંક વરસો પસાર થઈ ગયાં છે. પૂર્વના સમયને ને આજના સમયના વચમાં લગભગ ચોરાસી હજાર કરતાં વધારે વર્ષોનું અંતર પડયું છે, તે અરસામાં કાંતિપુર નગરમાં ધનદત્ત નામે શ્રાવક વસે છે તે વહાણો ભરી વેપાર અર્થે પરદેશમ્ જવાને તૈયાર થયો

શુભ મુહુર્ત્તે તેનાં વહાણુ સમુદ્ર માર્ગે ચાલ્યાં. અને જ્યાં સ્થંભન પાર્શ્વનાથની પ્રતિમા હતી ત્યાં ઉપર આવીને અટકી ગયાં જેથી સર્વ કોઇ ઉદાસ થયા. એમ કરતાં સમુદ્રમાં એક માસ એવી સ્થીતિમાં વીતી ગયો, તેવારે દેવતા પ્રગટ થઇને આકાશમાંથી બોલવા લાગ્યો અર્થાત આકાશ વાણી થઈ. ".તમારા વહાણુ છે ત્યાં સમુદ્રમાં શ્રી થંભન પાર્શ્વનાથની મહા પ્રભાવિક પ્રતિમા છે તો તે પ્રતિમાને પ્રગટ કરી કાંતિપુર નગરમાં જૈન ચૈત્ય કરાવી મુળનાયક તરીકે તેને પૂજાઓ ! તે પ્રતિમા છેલ્લા વિષ્ણુ પછી વરૂણથી પુજાણી ત્યારબાદ નાગલોકમાં પુજાણી હમણાં મનુષ્ય લોકમાં આવી છે. પછી પ્રતિમા પ્રગટ કરી ધનદત્ત શ્રાવકે કાંતીપુર નગરમાં મંદિર કરીને પધરાવી, કેટલોક કાલ ત્યાં પુજાણી.

\+ \+ \+ \+ \+ \+ \+

હમણાં વિક્રમની પહેલી સદીનો સમય છે તે અરસામાં નાગદેવતાનો પુત્ર નાગાર્જુન નામે કોઈ જોગી થયો, તેની પાસે આકાશગામિની, આકર્ષીણી વગેરે વિદ્યાઓ હતી. વળી તે અનેક પ્રકારના યત્નોવડે રસ સિદ્ધિ પણ કરવા લાગ્યો પણ રસ સિદ્ધિ થતી નહી. કોઈ દેવતા તેને વિઘ્ન કરવા લાગ્યો, કયારે અહીયાં મહા સમર્થ

પાદલિપ્ત નામે આચાર્ય જુગ પ્રધાન એવા આકાશ ગામિની વિદ્યાવડે દરરોજ પંચ તીર્થીમાં વંદન કરતાં અનુક્રમે નાગાર્જુન સુવર્ણ સિદ્ધિ કરે છે તે નગરમાં આવ્યા, પછી નાગાર્જુન જોગી તેમનો શિષ્ય થયો, તેમને વિનંતિ કરી કે "ભગવંત કોઈ રસ્તો બતાવો કે જેથી મારી રસ સિદ્ધિ થાય" તે વારે આચાર્ય તેને યોગ્ય જાણી મરજી નહી છતાં ભાવી ભાવને યોગે જણાવ્યું કે" "જેની સુર અસુર અને દેવતાઓ સેવા કરે છે એવા થંભન પાર્શ્વનાથ હાલ શ્રી કાંતિ નગરમાં બીરાજે છે, સર્વ યક્ષ વૈતાલ વ્યંતર તેની સેવા કરે છે એવા ભગવંતની દૃષ્ટિ સમક્ષ પદ્મની સ્ત્રી રસ મર્દન કરે તો તમારૂ કાર્ય સિદ્ધ થશે," નાગાર્જુને પછી પોતાની આકાશગામિનીને આકર્ષીણી વિદ્યાવડે કરીને તે પ્રતિમાને કાંતિપુરથી લાવી પોતાની પાસે આણી તેમની દૃષ્ટિ આગળ શાલીવાહનની સ્ત્રી પદ્મનીના રસ મર્દનથી નાગાર્જુનનો સોવન રસ છ માસ સિદ્ધિ થયો, પછી નાગાર્જુને તે પ્રતિમા સેઢી નદીને કિનારે ખાખરાના ઝાડ તળે જમીનમાં ભંડારી; તે પણ રસ ભોગવવા જીવતો ન રહ્યો ને દગાથી માર્યો ગયો; અને સંભળાય છે કે થંભનક નગર તે અરસામાં યા તો તેની આસપાસમાં વસ્યુ હોય ! નાગાર્જુન શાલિવાહન રાજાનો ગુરૂ હતો વિક્રમ રાજા પછી નજીકમાં

શાલીવાહન રાજા થયેલા છે નાગાર્જુન પછી પાંચસો વર્ષ વચમાં પ્રતિમા યક્ષોથી પણ પુજાઈ.

* * * * * * *

હમણા વિક્રમ સંવતના બારમા સૈકાનો સમય હતો. મહા સમર્થ અભયદેવસૂરિ ખડતર ગચ્છના અધિપતિ તે સમયે પ્રખર વિદ્વાન ગણાતા હતા. એક વખત અભય દેવસૂરિ ગુજરાતની જાત્રા કરવા નીકળ્યા. કર્મ સંયોગે તેમને કુષ્ટિનો રોગ ઉત્પન થયો, રોગની દુસ્સહ પીડાથી સૂરિ વ્યાધિ ગ્રસ્ત થતાં વિહાર કરવાને પણ અશક્ત થયા. અનુક્રમે સૂરિ સન્નાણ ગામે આવ્યા. રોગની દિન પ્રતિ-દિન વૃદ્ધિ થવાથી આચાર્યની અનશન કરવાની ઇચ્છા થઈ એ અરસામાં ત્રયોદશીની રાત્રે સ્વપ્નામાં શાસન દેવીએ આવીને કહ્યુ કે " ભગવન્ ! જાગો છો કે ? "

આચાર્ય શ્રી મંદ સ્વરે બોલ્યા ? "હા જાગું છું ?" દેવીએ કહ્યું. "ભગવન્ ! આ નવ કોકડાં છે તે તમે ઉકેલો?" " હું હવે જીવી શકીશ નહી તો કોકડાં કેવી રીતે ઉકેલીશ ?. શરીર તો અશકત થયું છે. " આચાર્યે કહ્યું.

" સૂરીશ્વર ? એ તમારાથીજ બની શકશે. તમેજ ઉકેલી શકશો ! હજીતમે વીર ભગવાનના શાસનને શોભાવશો. નવ અંગની વૃત્તિ કરીને જગતમાં તમે જૈનધર્મ

(શાસન) ને દીપાવશો ! મારા નવ કોકડાથી તમે નવ અંગની વૃત્તિ કરવાવાળા થશો" શાસન દેવીએ જણાવ્યું.

"તમારી સર્વ હકીકત ખરી છે પણ હું તો હવે અનશનની ઇચ્છાવાળો છું. શાસનનું કાર્ય મારાથી કેવી રીતે બની શકશે "- અભયદેવસૂરિએ જણાવ્યું.

"ભગવંત ! નિરાશ થશો નહિ ! સેઢી નદીને કિનારે હાલમાં જ્યાં થંભનપુર નગર છે ત્યાં ખાખરાના ઝાડ નીચે જમીનમાં થંભન પાર્શ્વનાથની પ્રતિમા છે તે તમારા પ્રભાવ થકી પ્રગટ થશે અને તેનાં દર્શન માત્રથી તમારો કોઢ રોગ (કુષ્ટિ રોગ) નાશ પામી જશે" એમ જણાવી દેવી અદૃશ્ય થઈ ગઇ.

પ્રભાતના નજીકનો સંઘ તેમને વાંદવા આવ્યો. ત્યારે સર્વ સંઘને પોતે થંભનપુર જવાને જણાવ્યું. શ્રાવકો વિચારમાં પડયા કે "આચાર્યશ્રીનું શરીર અશક્ત છે અને સ્થંભનકપુર અહીયાંથી ઘણું દુર છે તો કેવી રીતે લઇ જવાશે." છેવટે જવાનું નક્કી કરી શ્રાવકો સાથે આચાર્ય થંભનપુર જવાને રવાને થયા. મહારાજજીનું શરીર અશક્ત હોવાથી પ્રથમ તો વાહનમાં બેસાડવામાં આવ્યા. પણ આશ્ચર્ય ? તેમને શરીરે આરામ થતો હોય તેમ તેમને માલુમ પડયું. એટલે ધોળકેથી તેમણે પગે વિહાર કર્યો. અનુક્રમે થંભનપુર આવ્યા દર્શનાતુર શ્રાવકો

સેઢી નદીને કાંઠે જ્યાં ત્યાં ભગવાનને જોવા લાગ્યા પણ કાંઇ ભાળ મળી નહી. ત્યારે આચાર્યે તેમને જણાવ્યું કે "તમે નિરાશ થશો નહી, પણ નદીને કાંઠે ખાખરા અને પલાસની ઝાડીમાં જુઓ, એટલે તમને દર્શન થશે" પછી આચાર્યના કહેવા પ્રમાણે તેમણે તપાસ તો કરવા માંડી, પણ પાર્શ્વનાથની પ્રતિમા જણાઈ નહી કિંતુ દરરોજ એક ગાય આવીને જ્યાં પ્રતિમાજી જમીનમાં હતાં ત્યાં દુધ ખેરવતી જોઇ જેથી બહુ હર્ષીત થયા અને આચાર્ય મહારાજને તે જણાવ્યું.

પછી અભયદેવસૂરિએ ત્યાં આગળ આવી 'જયતિ હુઅણ' સ્તોત્રવડે ભગવાનની સ્તુતિ કરવા માંડી. સ્તોત્રના પ્રભાવે અકસ્માત્ દેદીપ્યમાન એવી ભગવાનની પ્રતિમા જમીનમાંથી પ્રગટ થઇ, ત્યાં આગળ આચાર્યશ્રીએ સંઘ સાથે ભક્તિ સહિત ચૈત્યવંદન કર્યું. પછી શ્રાવકોએ ત્યાં સુંદર મંદિર બંધાવ્યું ને ત્યાં પ્રભુની પ્રતિષ્ઠા કરી તરતજ સ્થંભન પાર્શ્વનાથના દર્શનના પ્રભાવથી સૂરિશ્વરનું શરીર રોગ રહીત થયું. અને પછી તેમણે આ શહેરમાં રહીને અત્યંત કઠીણ એવી નવાંગની વૃત્તિઓ રચી પોતાનું તથા આ શહેરનું નામ સમસ્ત જૈન કોમના હૃદયમાં કોતરી રહે તેવું મહા સમર્થ કામ કર્યું, સ્થંભનક શહેર હાલના ખંભાત શહેરથી પાંચ માઇલ દુર આવેલું હતું.

સૂરિજીએ પોતાના ગચ્છનો પણ મમત્વ રાખ્યા વગર વૃત્તિ રચવાનું કાર્ય કરેલું છે, તેમની વૃત્તિઓ હાલમાં ભંડારમાં રાખેલી છે. શાસનમાં ઘણી ઉપકાર કરનારી થઈ પડે તેમ છે.

અભયદેવસૂરિએ થંભન પાર્શ્વનાથને પ્રગટ કરવાને જયતિહુઅણ સ્તોત્ર રચ્યું હતું, તેની બત્રીસ ગાથાઓ હતી, પણ એક વખતે પદ્માવતીએ ગુરૂ આગળ પ્રગટ થઈને કહ્યું કે " છેલ્લી બે ગાથા આપ ભંડારી રાખો તે અતિ કષ્ટ વગર ગણવી નહી, કારણ કે એ ગાથાથી વારંવાર ઈંદ્રને આવવું પડે છે, માટે અતિ દુષ્કર પ્રયોજન સિવાય ગણવી નહી, " પછી સૂરિશ્વરે એ છેલ્લી બે ગાથા ભંડારમાં ભંડારી દીધી. હાલ 'જયતિહુઅણ' સ્તોત્રની ત્રીસ ગાથા પ્રગટ છે, જે ભણનારને વાંચ્છિત અર્થની સિદ્ધિ કરનારી છે. અહીંયાં લગભગ ૧૦૦ દેરાસરો ખંભાતમાં છે.

કેટલેક કાલે મ્લેચ્છોના આવા ગમનથી આ મુર્ત્તિને ખંભાત નગરમાં લાવવામાં આવી હાલમાં તે મુર્તિ ખંભાતમાં બીરાજમાન છતી સકલ ભકતજનોના મનોરથોને પુરવામાં સાવધાન છે.

અભયદેવસૂરી સંવત ૧૧૩૫ માં કપડવણજમાં કાળધર્મ પામ્યા છે.

# સ્વયંભુ પાર્શ્વનાથ.

## ૧૦૨

જોધપુર રાજ્યમાં ઓશીયા, ફલોધી, (મેડતા રોડ) રાણકપુર, વરકાણા, નાડોલ, નાડલાઈ, મુચ્છાલા મહાવીર (ઘાણેરાવ) રાતા મહાવીર (બીજાપુર મારવાડ) પાલીમાં પાર્શ્વનાથ સેસલી પાર્શ્વનાથ સાંડેરાવ આદિ જૈન તીર્થો પ્રસિદ્ધ છે, તેવુંજ જોધપુર વાકાનેર રેલવેના પીંપાડ જંકસનથી બીલાડા જતી રેલવેના શલારી સ્ટેશનથી ચાર માઈલ દુર કાપરડા ગામ છે આ ગામમાં હાલ તો બહુજ ઓછી વસ્તી છે. પણ આસપાસ નજર કરતાં કોઇ જમાનામાં કાપરડા ગામ બહુજ આબાદી ભરેલું શહેર હોવું જોઇએ.

આ ગામમાં સ્વયંભુ પાર્શ્વનાથનું જૈન મંદિર પ્રાચિન જોવાય છે. તે જેતારણના રહેવાશી ઓશવાલ ભાનાજી ભંડારી એ સંવત ૧૬૭૫ માં બનાવ્યું છે.

ભાનાજી ભંડારી જેતારણ શહેરમાં જોધપુર રાજ્ય તરફથી કોઈ મોટા અધિકાર ઉપર નિયુક્ત હતા. એવા સમયમાં તેમના કોઈ દુશ્મનોએ રાજાના કાન ભંભેરવાથી ભાનાજી ઉપર રાજાનો કોપ ઉતર્યો, તુરતજ રાજાએ રાજ સેવકોને હુકમ કર્યો કે "ભાનાજીને પકડી

એકદમ અહીંયાં હાજર કરો" રાજ સેવકો છુટયા અને જેતારણ આવી ભાનાજીને રાજાનો હુકમ કહી સંભળાવ્યો, અને તેમને તાકીદે જોધપુર આવવા રાજસેવકોએ અરજ કરી.

ભાનાજી ભંડારી પણ પોતાના માણસો સાથે જેતારણથી જોધપુર આવવાને નીકળ્યા, માર્ગમાં કાપડરા ગામે આવ્યા, ત્યાં આગળ રાજયના અધિકારીઓ સેવકો વગેરેએ ભોજન કરવા અર્જ કરી ને પછી આગળ ચાલવા ફરમાવ્યું.

ભંડારીજીએ કહ્યું કે 'તમે સર્વ ભોજન કરો પણ હું તો ખાઈ શકીશ નહી."

કર્મચારીયોએ પૂછયું "આપ શા માટે ભોજન કરવાની ના પાડો છો!"

ભંડારીએ જવાબમાં જણાવ્યું કે, "હું જૈન છું જેથી ભગવંતનાં દર્શન કર્યા વગર હું જમીશ નહી; એ મારે નિયમ છે."

સાથીઓએ તેમને ભોજન કરવા માટે ઘણોજ આગ્રહ કર્યો પણ ભંડારીજી પોતાના નિયમથી ચલાયમાન થયા નહી. તેમની એવી શ્રદ્ધા જાણીને સેવકોએ ગામમાં તપાસ કરી તો એક ઉપાશ્રયમાં યતિજીની પાસે

જીન પ્રતિમા છે તેવી ખબર મળી. જગતમાં એવો નિયમ છે કે "ધૈર્યની અંતમાં ઇષ્ટ ફલની સિદ્ધિ થયાંજ કરે છે." સેવકોએ ભંડારીજીને ખબર આપવાથી ભંડારીજી પ્રસન્ન વદને ઉપાશ્રયમાં ગયા. ત્યાં ભગવાનનાં દર્શન કરી કૃત્ય કૃત્ય થઇને પછી યતિજીને પણ વંદના કરી.

યતિજીએ પૂછયું. "આપ કહાં જા રહે હૈ ! ઔર આપ ઉદાસ કયું હય ? આપકે ચહેરે પર નિરાશા કે ચિન્હ કયોં દિખતે હય !"

ભંડારીજીએ તેના જુવાબમાં પોતાની હકીકત યતિજીને સંભળાવી દીધી. અને આવા કષ્ટમાંથી મુક્તિ કેવી રીતે થાય તે માટે પણ પુછયું.

યતિએ જણાવ્યું કે "તુમ સત્ય નિષ્ટ નિર્દોષ હો. ખુશીસેં રાજાકી સામને જાઓ, ધર્મકા પ્રભાવસેં તુમારા વિજય હોંગા ! તુંમારા બાલ બાંકા ન હોંગા !" ગુરૂનું વચન મસ્તકે ચડાવીને ભંડારીજી જોધપુર ગયા ત્યાં રાજાની સામે તેમને ઉભા કરવામાં આવ્યા. રાજાએ એમની ધર્મ પ્રિયતાની વાત અધિકારીઓ પાસેથી સાંભળી મનમાં ઘણા ખુશી થયા, અને અધિક માન સન્માનથી રાજાએ તેમને વિદાય કર્યા. પછી ભંડારીજી જેતારણું જતાં રસ્તામાં કાપરડા ગામે ભગવાનનાં દર્શન અને ગુરૂ વંદન કરવાને આવ્યા. ભગવાનનાં દર્શન કરીને યતિજીને વંદન કરી સર્વ હકીક

કત કહી સંભળાવી અને વધારામાં કહ્યું કે “મહારાજ ! કાંઈ મારા લાયક કામ ફરમાવો !”

યતિજીએ જણાવ્યું કે “તમે શ્રદ્ધાલુ છો અહીંયાં એક જૈન મંદિરની જરૂર છે.”

“આપનું વચન સત્ય થાઓ ! અને આપના વચન પ્રમાણે મંદિર બનાવાને હું ઝટ લાયક થાઉ એવો સમય જલદી આવે” હાલ તો હું પાંચસો રૂપીઆ ખર્ચ કરી શકુ તેમ છું.”

તે વારે જતીજીએ કહ્યું. “તમે મંદિરનું કામ શરૂ કરો ને તમારા પાંચસો રૂપીઆ એક વાસણમાં રાખો અને મરજી મુજબ તેમાંથી કાઢી કાઢીને ખુલ્લે હાથે ખર્ચ કરો, કારીગરો મજુરો વગેરેને વગર ગણ્યે દામ આપો ! દેતી વખતે લેવા વાળાના હાથમાં એટલાજ પૈસા જશે કે જેટલો તેનો હક્ક હશે !

પછી સંવત ૧૬૭૪ માં દેરાસર બંધાવાનું કામ-કાજ શરૂ થયું. અને સંવત ૧૬૭૮ માં સ્વયંભુ પાર્શ્વ-નાથની પ્રતિષ્ઠા થઈ, પાર્શ્વનાથજીની પ્રાતમાની પલોંઠી ઉપર લેખ છે કે “સંવત ૧૬૭૮ ના વૈશાખ સુદી ૧૫ ને સોમવારે સ્વાતી નક્ષત્રે મહારાજાધિરાજ મહારાજશ્રી ગજસિંહ વિજય રાજ્યે ઉકેશ વંશે રાય લાખણ સંતાને

ભંડારી ગોત્રે ભાનાકેન ભાર્યા ભકતાદેઃ પુત્ન રત્ન નારાયણ નરસિંહ સોઢા પૌત્ર તારાચંદ ખેંગાર નેમિદાસાદિ પરિવાર સહિતેન શ્રી કર્પટહેટકે સ્વયંભૂ પાર્શ્વનાથ ચૈત્યે શ્રી પાર્શ્વનાથ....ઇત્યાદિ.

બીજો લેખ—"સંવત ૧૬૯૮ મેં વરસે શ્રી કાપરડામાં સ્વયંભુ પાર્શ્વનાથસ્ય પરિકરસ્ય કારિતાઃ પ્રતિષ્ઠિતઃ શ્રી જીનચન્દ્ર સૂરિભિઃ"

ઉપરના બન્ને લેખો ઉપરથી માલૂમ પડે છે કે દેરાસરજીનું કામ કંઈ વર્ષો તલક ચાલુ રહ્યું હતું. યતિજીએ જણાવ્યું હતું કે "રૂપીઆ લગાયે જાવ પણ ગણુતા નહી."

દૈવ વશાત રૂપીઆ કેટલા લગાયા એનો હીસાબ મેળવવા ભાજનમાંથી રૂપીઆ કાઢી ગણી જોયા તો પાંચસોજ નીકળ્યા તે કયાં સુધી ચાલે તરતજ ખલાસ હો ગયા, ભંડારીજી પાશ્ચાત્તાપ કરવા લાગ્યા, પણ હવે શું થાય બગડેલી બાજી સુધરી શકે તેમ નહોતું. મંદિરનાં ભોંયરા સહીત પાંચ ખંડ ચાર મંડપ ૧૦૮ સ્થંભ તૈયાર થઇ ગયા હતા, બાકીનું કામ અધુરૂ રહ્યું, કેમકે હાથીનો ભાર હાથી વગર કોણ ઉપાડી શકે. ત્યાર પછી આ તીર્થનો કઈ વખતે કોણે ઉદ્ધાર કર્યો તેની માલૂમ પડતી નથી.

કાપેડા પાર્શ્વનાથ તેજ સ્વયંભુ પાર્શ્વનાથ છે. તત્સ-

બંધી કેટલીક હકીકત કાપેડા પાર્શ્વનાથમાં લખી છે તે સાંભળેલી દંત કથા ઉપરથી લખી છે.

## અજાહરા પાર્શ્વનાથ.

૧૦૩

અયોધ્યાની ગાદી ઉપર ઇક્ષ્વાકુ વંશના સૂર્ય વંશમાં અસંખ્ય રાજાઓ થઇ ગયાં, તેમના વંશમાં અનુક્રમે કેટલાક મોક્ષે ગયા, કેટલાક સર્વાર્થ સિદ્ધિ વિમાને તેમજ કેટલાક દેવલોકે ગયા. કાળાંતરે તેમના વંશમા મુનિ સુવ્રત સ્વામીના શાસનમાં રઘુરાજા થયા, તેમની પછી તેમના પુત્ર અજયપાલ (અનરણ્ય) રાજા થયા, તેમણે પોતાના પ્રભાવથી સમસ્ત શત્રુઓને જીતી લીધા અને વીર તરીકે જગતમાં પ્રસિદ્ધ થયા. હવે એક દિવસે પૂર્વ કર્મના ઉદયથી તેમના શરીરમાં એકસોને સાત રોગો ઉત્પન્ન થયા. સમકાલે તેઓ રાજાને પીડા દેવા લાગ્યા. રોગથી પીડા પામેલા છતાં બાહુબલી એવા મહાભૂજ અજય રાજાએ કંઈક ઉદ્ધત રાજાઓને જીતી લીધા, એમ અખંડ આજ્ઞા પ્રવર્ત્તાવતો અને અનેક રાજાઓના મુકુટ રૂપ એવો અજય રાજા સૌરાષ્ટ્ર દેશમાં આવ્યો, ત્યાં શત્રુંજય તીર્થમાં જઈ જાત્ર

ફરીને ( દ્વીપપત્તન ) દીવ નગરમાં રહેવા લાગ્યો.

એ અરસામાં રત્નસાર નામે વ્યવહારીઓ મનુષ્યો અને વસ્તુઓથી વહાણો ભરીને સમુદ્રમાં ચાલતાં અનુક્રમે વહાણ કેટલોક માર્ગ ઉલ્લંઘન કરીને દીવ બંદરના કિનારા નજીક આવ્યાં, દૂરથી પર્વતો જોવામાં આવ્યાં, અને લોકો ખુશી થયા. એવામાં અગ્નિ દિશા તરફથી પ્રતિકુલ એવો પવનવાવા લાગ્યો અને તત્કાળ યોગીની કંથાની જેમ મેઘથી સર્વ દિશાઓ વ્યાકુળ થઈ ગઈ ને આકાશને ઢાંકી દીધું. સમુદ્ર પણ અત્યંત ખળભળવા–ઉચ્છળવા લાગ્યો. તે વારે નાવિકો વિચારવા લાગ્યો કે " આ જીવન હારક વંટોળીયો છે અને વહાણમાં ઘણાં માણસો છે, હવે શું થશે ?"

રત્નસાર વ્યવહારીયો પણ ફીકરમાં પડયો. "અરે ! કિનારે આવીને બાજી બગડે છે મેં દ્રવ્યના લોભથી ઘણા માણસોને વહાણમાં બેસાડયા છે તે ઠીક કર્યું નહી. વહાણ હવે જરૂર ડુબી જશે માટે જ્યાં સુધી વહાણ ડુબે નહી અને લોકોનો નાશ ન થાય તે પહેલાં હુંજ દરીયામાં ઝંપાપાત કરૂ " એમ સંકલ્પ કરી દરીયામાં પડવાને શેઠ વહાણના અગ્ર ભાગ ઉપર આવ્યા. ત્યાં આકાશવાણી થઇ, " હે ભદ્ર ! સમુદ્રમાં પડવાનું સાહસ કરીશ નહી. તારી આવી દશા મેં કરેલી છે. આ સમુદ્રની અંદર

કલ્પવૃક્ષના પાટીયાના સંપુટમાં રહેલી ભાવી તીર્થંકર શ્રી પાર્શ્વનાથ સ્વામીની પ્રતિમા છે, એ પ્રભાવિક પ્રતિમાને પ્રથમ લાખ વર્ષ ધરણેંદ્રે પુજી હતી. પછી છસો વર્ષ કુબેરે પૂજી હતી. ભક્તિવંત એવા વરૂણદેવે તેમની પાસેથી પાર્થના કરીને મેળવી પોતાના ભુવનમાં લઈ જઈ સાત લાખ વર્ષ પર્યંત પોતે તે અદ્ભુત પ્રતિમાને પુજી હતી. હમણાં અજય રાજાના ભાગ્ય થકી તે પ્રતિમા અહીં આવેલી છે. માટે તેને બહાર કાઢી તું તે ઈક્ષ્વાકુ રાજાને આપ, તે રાજા હાલ સર્વ દિશાઓનું જીતી (દ્વીપપત્તન) દીવ નગરમાં રહેલો છે, માટે ત્યાં જઈ તારે તે પ્રતિમા અજય રાજાને આપવી જે વારે રાજા આ પ્રતિમાનું દર્શન કરશે તે વારે તેના ન્હવણથી તેના એકસોને સાતે વ્યાધિઓ દુષ્ટ કર્મ સહીત તરતજ નાશ પામી જશે, અને બીજાઓને પણ તેવીજ રીતે ફળ મળશે આ પ્રતિમાની પાસે રહેનારી હું પદ્માવતી નામે દેવી છું. આ બધો દેખાવ મેંજ કરેલો છે.”

એ મુજબ આકાશ વાણી સાંભળી ચતુર એવા રત્નસાર વ્યવહારીએ નાવિકોને બોલાવી બરાબર સમજાવી દરીયામાં ઉતાર્યા, તેઓ પ્રતિમાને લઇને તરતજ ઉપર આવ્યા. એટલે તેમણે નાવમાં લઈ લીધી, પછી તત્કાલ દુર્જનની મૈત્રીની જેમ મેઘ વાદળ નષ્ટ થયું.

સમુદ્રનું તોફાન શાંત થયું વંટોળીઓ વિખરાઈ ગયો. સમુદ્ર પણ અનુકુળ થયો અને વહાણો ચાલવા માંડયાં, થોડાજ સમયમાં તે દીવ બંદરના કિનારે આવ્યાં. વ્યવહારીયે એક પુરૂષને આગળથી રાજા પાસે વધામણી મોકલાવી.

રાજા અજયપાલ પણ રોગવાળો છતાં ભગવંતનાં દર્શન કરવાને ભક્તિથી રોમાંચિતવાળો થયો છતો એક ઘોડા ઉપર સ્વાર થઈ ત્યાં આવ્યો, નગરમાંથી પણ ખબર પડતાં અનેક વ્યવહારીયા વગેરે ત્યાં આવ્યા. લોકોએ પણ વહાણમાંથી રાજાના નયનકમલ વિકસ્વરીત કરવાને સૂર્ય સમાન એવો પ્રતિમાનો સંપુટ સૌએ કિનારે ઉતાર્યો. તે વખતે અનેક પ્રકારે રાજાએ દાન દેવા માંડયું. રૂડે પ્રકારે મંગલમય ત્યાં આગળ વાદિંત્રો વાગવા લાગ્યાં, આખુ શહેર શણગારવામાં આવ્યું. મોટા મહોત્સવ આડંબરપુર્વક પ્રતિમાના સંપુટને રાજા નગરમાં પ્રવેશ કરાવતા હવા. પછી રમણીય સિંહાસન ઉપર તે પ્રતિમાના સંપુટને મુકીને રાજાએ ભક્તિથી પુજા કરીને તે ઉઘાડયો, અને શ્રી પાર્શ્વનાથની પ્રતિમા જોવામાં આવી.

“પાર્શ્વનાથના પ્રભાવથી, સ્મરણથી, પૂજનથકી ધ્યાનથી, શાકની ડાકીની ભૂત પ્રેત વૈતાળ યક્ષ રાક્ષસ વગેરે ઉપસર્ગો નાશ પામી જાય છે. અને મનુષ્યોનાં દુઃખો પણ દુર થાય છે. આ પ્રતિમાની જે કોઇ સેવાપુજા

ભક્તિ કરશે તેનાં સર્વ પાપો લય પામી લક્ષ્મી સ્ત્રી પુત્ર સુખ આદિ સકલ મનોરથો સિદ્ધ થશે, જે જીન બિંબ સો વર્ષનું હોય તે તીર્થ ગણાય છે તો આ ભગવાનનું બિંબ તો લાખો વર્ષ દેવતાએ સ્વર્ગમાં અને સમુદ્રમાં પુજેલું છે. જેથી આ તીર્થ કહેવાય તેમાં તો શું નવાઇ છે ! આ પ્રતિમાથી પ્રથમ તો તમારી એકસોને સાત વ્યાધિઓ નાશ પામી અને સુવર્ણમય કાયા થઇ, વળી અહીં આપેલું દાન પણ અધિક ફળને દેનારૂ થશે. “ આ પ્રમાણે રાજાને કહી કોઈ ચારણ મુનિ આકાશ માર્ગે પ્રતિમાનાં દર્શન કરી ચાલ્યા ગયા.

રાજાના રોગો પણ તે દિવસે નાશ પામ્યા. જેથી સર્વ રોગો સ્વપ્નામાં આવી કહેવા લાગ્યા કે “ હે રાજન ! પાર્શ્વનાથના દર્શનથી હવે અમે તમારી પાસે રહી શકશું નહી. પણ હજી થોડો વખત (છ માસ) હમારે તમારી પાસે રહેવાનું છે, તો તમે એક કામ કરજ્યો, આ શહેરના પરામાં શૂર નામે પશુ પાલ રહે છે તેને ઘેર શ્વેત વર્ણવાલી બકરી છે તેના શરીરમાં અમે તેટલો કાળ રહીશું, માટે તે બકરીને તમે પાળજો, અમે તેટલા દિવસ તેના શરીરમાં રહીશું, તમે બકરીનું ઘાસ પાણીથી બરાબર પાલણ કરજ્યો ” એમ કહી રોગો અદૃશ્ય થઈ ગયા. વિશેષ હકીકત માટે જુઓ શત્રુંજય માહાત્મ ?

રાજા પણ જૈન ધર્મનું આરાધન કરી સ્વર્ગે ગયો. તેમનો મોટો પુત્ર અનંતરથ તેમણે વ્રત ગૃહણ કર્યું. જેથી તેમનો બીજો પુત્ર દશરથ રાજ્યનો અધિપતિ થયો. તે દશરથને જગત વિખ્યાત એવા આઠમા વાસુદેવ શ્રી લક્ષ્મણ (નારાયણ) તથા બળદેવ રામચંદ્ર ત્રણ ખંડના અધિપતિ આદિ ચાર પુત્રો થયા, તેજ લક્ષ્મણ (નારાયણ) ના હાથથી રાવણ (દશાનન) નો નાશ થયો હતો, તે માટે જુઓ જૈન રામાયણમાં અથવા ત્રેસઠ શલાકી પુરૂષ ચરિત્રમાં.

ઉના અને દેલવાડા વચે અજારા ગામમાં આ તીર્થ હમણાં થોડાંક વર્ષ પહેલાં પ્રગટ થયું છે એમ તેના સ્તવનમાં લખ્યું છે, આ બીંબને શાસન દેવતાએ સાગર નામે શેઠને આપ્યું હતું. જેથી તેમના સકળ મનોરથ પુરા થયા હતા. જગત ગુરૂ હિરવિજય સૂરિએ છેલ્લુ ચોમાસુ ઉનામાંજ કર્યું હતું. તેમને અગ્નિ સંસ્કાર પણ અહીંજ કરવામાં આવ્યો હતો. પ્રતિમા ચમત્કારીક છે, લેપ કરવો પડયો હતો. લેપ લાલ રંગનો હતો ચોતરો પણ ત્યાં છે થોડા વખતમાં બે કાઉસગ્ગીયા એક માણુસ જેટલા ઉંચા છે તે નીકળ્યા છે. બીજી પ્રતિમાઓ નીકળે તેવો સંભવ છે, ચોતરા પાસેથી પ્રતિમાજી પ્રગટ થઈ હતી. તે જગાએ છ દેરાસરનું એક દેરાસર છે. તે ઉપર એક ઘંટ છે તે

સાબીત છે " સંવત ૧૦૧૪ માં અમરચંદ જેચંદ " એવો લેખ છે.

જે સ્થળે હીરવિજયસૂરિને અગ્નિ સંસ્કાર કર્યો તે જગ્યાએ આંબા સારા ફળે છે. ભાદરવા સુદી ૧૧ ના દિવસ પર્યંત ત્યાં કેરી આવી હતી.

અંજારા ગામમાં અજાહેરા પાર્શ્વનાથનું દેરાસર તીર્થ સ્થળ છે.

અજય રાજાએ પોતાના નામથી 'અજયપુર' એવું નગર વસાવી પાર્શ્વનાથનું ભવ્ય જીનાલય બંધાવ્યું હતું.

## અમીઝરા પાર્શ્વનાથ.

૦૪

અમીજરા પાર્શ્વનાથની પ્રતિમા રૂપાલ ગામમાં નીકળી હતી. ત્યાં આગળ ખબર પડવાથી ચાર પાંચ ગામના લોકો તેને લેવાને આવ્યા હતા. તેમનામાં ચીઠીઓ નંખાણી તો ખેડાના શ્રાવકો લઈ જાય તેવી ચીઠી નીકળી, જેથી ખેડામાં લાવી દેરાસર નવું તૈયાર કરાવેલું તેમાં પ્રતિષ્ઠા કરાવી, ખેડાના સંઘ તરફથી શિખર બંધી દેરાસર જે ભીડભંજનના દેરાસરની જોડે છે, એ દેરાસરજીમાં પધરા-

વાને પ્રતિમાજીની શોધમાંજ હતા ત્યાં રૂપાલના ખેતરમાં ખોદકામ કરતાં પ્રતિમાજી નીકળ્યાં. તેની ખબર તેઓનાં જાણવામાં આવવાથી અત્રેથી શ્રાવકો રૂપાલ ગયા, તે ત્યાંથી લાવીને આ તૈયાર દેરાસરજીમાં પધરાવામાં આવ્યાં. તે વખતે તે પ્રતિમાને અમી જરતી હતી, જેથી અમી જરા પાર્શ્વનાથ કહેવાયા. "સંવત ૧૮૭૧ ના શ્રાવણ સુદી ૬ ના રોજ પ્રતિષ્ઠા કરવામાં આવી. અને તે પ્રતિષ્ઠા પુન્યરત્નસૂરિએ કરી છે." એ પ્રમાણે દેરાસરજીમાં લેખ છે આ પ્રતિમાજી સંપ્રતિ રાજાના વખતની છે. ભીડભંજનને અમીજરાની આસપાસ ઘણી પ્રતિમાઓ પણ સંપ્રતિ રાજાના વખતની છે.

કુવા ગામમાં દેરાસર છે ત્યાં દર વરસે મેળો ભરાયછે.

થરાદમાં પણ દેરાસર છે.

ખેરાલુમાં અમીઝરા પાર્શ્વનાથનું દેરાસર છે.

સરદારપુર રતલામ જીલ્લે પણ દેરાસર છે.

સાણંદમાં શિખરબંધી દેરાસર સં. ૧૪૦૦ માં સંઘે બંધાવેલું છે.

ગીરનારના પહાડ ઉપર ભોંયરામાં અમીઝરા પાર્શ્વનાથની ઘણીજ ચમત્કારીક મુર્ત્તિ છે.

વડાલીમાં અમી ઝરતી હતી. પણ ઓપટીવાળી

આફ્રીની આવવાથી આશતના થવાથી બંધ થઈ ગઈ.

ગંધારમાં અમીજરા પાર્શ્વનાથનું મોટું દેરાસર છે ત્યાં પણ ભગવાનને અમીજરતી હતી, તેથી અમીજરા પાર્શ્વનાથ નામ પાડયું.

ગોલવાડ જીલ્લે ખેડામાં અમીઝરા પાર્શ્વનાથનું દેરાસર છે.

## અહીછત્રા પાર્શ્વનાથ.

૧૦૫

ભરત ક્ષેત્રને વિશે કુરૂ જંગલ દેશમાં શંખાવતી નામે નગરી છે, ત્યાં વડલાના વૃક્ષ નીચે પાર્શ્વનાથ ભગવાન દીક્ષા લઈને વીચરતા વીચરતા તે જગાએ કાઉસગ્ગ ધ્યાને રહ્યા. હવે રાતના ભગવાન નિષ્કંપપણે ધ્યાનમાં રહેલા છે તે અવસરે કમઠ જોગી બાલ્ય તપસ્યા કરીને મરી ભૂવનપતિ દેવલોકની અસુર કુમારનિકાયમાં (અસુર લોકમાં) મેઘ માળી નામે દેવ થયો છે. તે પુર્વના વેરને યાદ કરતો ત્યાંથી અસુર લોકના દીવ્ય ભોગ છોડી ભગવાનને ઉપદ્રવ કરવાને મનુષ્ય લોકમાં આવ્યો, તેણે ભગ-

વંત ઉપર પ્રથમ ધુળની વૃષ્ટિ કરી, છેવટે થાકયો એટલે તેણે હાથી, વ્યાઘ્ર, સીંહ, સર્પ વગેરે વિકુર્વી પ્રભુને દુઃખ દેવા તત્પર થયો ને તેમની ઉપર તે ક્ષુદ્ર જીવોને છોડી મુક્યા પણ ભગવાન તો ધ્યાનથી લેશ પણ ચલાયમાન થયા નહી. પછી ભયંકર પ્રેત અને વૈતાળ પોતાની શક્તિથી તેણે ( મેઘ માલીએ ) ઉત્પન્ન કર્યા. તોંપણ ભગવાન તેનાથી ક્ષોભાયમાન થયા નહી. છેવટે તેણે જળ વરસાવાનો સંકલ્પ કર્યો કે જળથી તેમને ડુબાવી દેવા, એમ વિચારી આકાશમાં વાદળાં વિકુર્વી મુશલધાર જળ વરસાવા માંડયું, એવી રીતે જળ દેવતાએ અગાધ વરસાવ્યું, પૃથ્વી જળથી આર્દ્રમય થઇ ગઈ, જ્યાં ત્યાં જળ જળ થઈ રહ્યું. જંતુઓ, વૃક્ષાદિકો વગેરે જળમાં તણાવા લાગ્યા અને વધતાં વધતાં ભગવતને નાશીકા પર્યંત જળ આવ્યું તે વારે સકળ પૃથ્વી જળ જળમય થઈ ગઇ તેવા અવસરે નાગલોકના સ્વામી નાગરાજ ( નાગેંદ્ર ) નું આસન સમુદ્રમાં વહાણની માફક કંપાયમાન થયું.

* * * * * * *

પુર્વે પાર્શ્વનાથ જ્યારે કુમારપણે બાલ્યાવસ્થામાં હતા અને મેઘમાળીનો જીવ કમઠ નામે યોગી હતો. તે એક વખતે કાશીના ઉદ્યાનમાં આવીને પંચાગ્નિ તપ સાધન કરતો હતો, તે વારે સમસ્ત કાશી નગર તેનાં દર્શન કરવાને

દોડ ધામમાં પડયું હતું. નગરમાં દોડ ધામ થતી જાણી પાર્શ્વકુમાર પણ ઘોડા ઉપર ઘોડેશ્વાર થઇ પોતાના સેવકવર્ગ સાથે કૌતુક જોવાને કમઠ જોગી પાસે ગયા, ત્યાં આખા નગરના લોકો તેના દર્શનની પ્રસાદમાં પડેલા છે. ભગવંતે અવધિ જ્ઞાનનો ઉપયોગ મુકી તેના તપનું સ્વરૂપ જોઇ લીધું. પછી પાર્શ્વકુમારે કમઠ જોગીની નજીક આવી જણાવ્યું. "અરે કમઠ! આત્માને અનિષ્ટકારી હીંસામય આ તું શું કરે છે!" તેને કહેવા માંડયું.

કમઠ કહે "તમે રાજકુમાર છો જેથી યોગનો મહીમા ન સમજો એતો અમે યોગીયોજ યોગનો મહીમા સમજીયે, કુમાર! તમે તો અશ્વ ખેલાવી જાણો?"

"અરે પણ આવું હીંસામય તપ હોઈ શકે કે? જે તપમાં અનેક પ્રકારે હીંસા થતી હોય, પંચેદ્રિનો ઘાત થતો હોય તે તપ શું ફળ આપનાર છે વારૂ?"

"રાજકુમાર! આવું ઉગ્ર તપ તેને તમે હીંસામય કહો છો; ખરેખર! તપનું વાસ્તવિક સ્વરૂપ તમે સમજતાજ નથી." કમઠે પાર્શ્વકુમારને જણાવ્યું.

તેવારે લાખો લોકોના દેખતાં પંચાગ્નિમાંથી બળતું એક કાષ્ટ પોતાના સેવક પાસે ખેંચી બહાર કઢાવ્યું, અને સર્વ લોકના જોતાં છતાં તેને ધીરે ધીરે ચીરાયું. તો

લાકડામાંથી અર્ધ બળેલો એવો આકુળ વ્યાકુળ થયેલો સર્પ બહાર નીકલી પડયો. અને તરફડવા લાગ્યો, સર્વ લોકો આવા પાપથી કંપી જઈ કમઠની નિંદા કરવા લાગ્યા. હવે અહીયાં નાગનો અંત સમય પોતાના જ્ઞાનથી જાણી લઇને સેવક મુખે નવકાર સંભળાવ્યો અને ભગવંત તેના સમીપે હોવાથી તેમનાં દર્શનવડે કરીને મોતથી વ્યાકુલતા છતાં પણ જાણે અમૃતથી સીંચાણો હોય તેમ ભગવંતનાં દર્શન કરતો સમાધિમાં મરણ પામી નાગ, નાગલોકમાં તેઓના સ્વામીપણાએ કરીને નાગાધિપ, ધરણેંદ્ર થયો, ત્યાં એક નિમેષ માત્રમાં તો મહર્દ્ધિક એવા સામાનિક દેવોમાં પણ તેમના સ્વામીપણાએ કરીને શોભવા લાગ્યો, અર્થાત્ નાગ મરીને :નાગલોકમાં નાગરાજ (નાગેંદ્ર) થયો, ભુવનપતિની બીજી નિકાયના આ દેવલોકના દેવતાઓને નાગનું ચિન્હ હોવાથી તે દેવલોકને નાગકુમાર દેવલોક અર્થાત્ નાગલોક કહેવાય છે, તે નાગ લોકના રાજા અર્થાત્ ઇંદ્રપણાએ કરીને નાગમરીને ત્યાં નાગાધિપપણે ઉત્પન્ન થતા હવા, પાર્શ્વકુમાર પણ લોકોથી સ્તુતિ કરાતા પોતાના ભુવનમાં આવ્યા, અને કમઠ પણ હવે જ્યારેપોતાની નિંદા થઈ તેથી હેલના પામતો છતાં અને ભગવંત ઉપર દ્વેષ ધારણ કરતો છતો અન્યત્ર ચાલ્યો ગયો, હઠથી અત્યંત કષ્ટકારી અજ્ઞાન એષ્કદુષ્કર

તપ કરતો એવો કમઠ અન્ત સમયે મરણ પામીને અ-સુર, લોકમાંના દક્ષીણ વિભાગમાં દોઢ પલ્યોપમના આ-યુષ્યવાળો મેઘ માળી નામે સામાન્ય દેવ ઉત્પન્ન થયો.

× × × × × × ×

પાર્શ્વનાથને નાસીકા પર્યંત જળ વરસાવનાર પુર્વોક્ત મેઘ માલી દેવતા પોતાનું વેર સંભાળી અધિકાધિક જળ વરસાવી ભગવંતને ડુબાવી દેવાનો વિચાર કરતો હતો, ત્યાં તો નાગરાજ ( નાગેંદ્ર ) નું આસન ઉછળતા સમુ-દ્રમાં વહાણની માફક કંપાયમાન થતાં નાગરાજે અવધિ જ્ઞાનથી જાણ્યું કે " ઓહ ! નાદાન ! કમઠનો જીવ મેઘ-માળી ભગવાનને ઉપસર્ગ કરે છે ! ભગવંતે તેને હીંસા ( પાપ ) કરતાં બચાવ્યો, અને મને ભવસાગરથી ઉગાર્યો છતાં એ દુષ્ટ એની દુષ્ટતા છોડતો નથી " તરતજ પો-તાની ઇંદ્રાણીઓ સાથે નિમેષ માત્રમાં ત્યાં ભગવાનની પાસે આવ્યો; પોતે ભગવાનને નમી નીચે કમલની રચના કરી પોતે નાગનું રૂપ કરી ભગવાનના શરીરને આસપાસ પોતાના શરીરથી વીંટી લીધું અને મસ્તક ઉપર ફણા વિસ્તારી છત્ર ધારણ કર્યું આથી ભગવંતનું ધ્યાન અધિક સુખવંતુ થયું, જેમ જેમ જળ વધે તેમ તેમ કમલ ઉંચુ આવે અને શરીર ઉપર પણ એકે પાણીનુ બીંદુ માત્ર પણ પડે નહી, ધરણેંદ્રની ઇંદ્રાણીઓ પણ ભક્તિથી

જળ ઉપર ભગવંતની આગળ પોતે નાટારંગ કરવા લાગી.

" કમઠ અનેક પ્રકારે ઉપસર્ગ કરી રહ્યા છે. નાગરાજ ભગવંતની ભક્તિ કરી રહ્યા. છે. એવી સ્થીતિમાં પણ કમઠના જીવ મેઘમાલી ઉપર પાર્શ્વનાથ ભગવાનને જરા પણ દ્વેષભાવ નથી તેમજ નાગાધિપ ઉપર તેમને સ્નેહ નથી " બન્ને પર સરખી વૃત્તિવાળા એવા પાર્શ્વનાથ તેમના સેવકોને કલ્યાણને અર્થ થાઓ !

" મેઘમાળીએ ઉપસર્ગો કરવા વડે ઘોર પાપ કર્મ બાંધ્યું ત્યારે નાગેંદ્રે ભક્તિથી પોતાના આત્માને સંસારથી પાર ઉતાર્યો. " હવે ધરણેંદ્રે જ્યારે પોતાના સેવકોને કમઠને શીક્ષા કરવાનો હુકમ કર્યો. તે વારે સેવકો ત્રાડ પાડતા કમઠ ઉપર ધસી ગયા ને કમઠને હાકોટયો તે વારે મેઘમાળી આકાશમાંથી જળ વર્સાવતો હતો તેણે જોયું તો નાગરાજને ભગવંતની ભક્તિ કરતાં જોયા અને તેના સેવકો પોતા તરફ ધસેલા જોઇ પોતાની તમામ મહેનત વ્યર્થ થઇ અને સેવકોથી ડરીને ભય પામ્યો. કારણ કે ગમે તેવો તોપણ તે એક સામાન્ય દેવ હતો. અને આ નાગલોકના અધિપતિ રાજા ઇંદ્ર હતો, તેના સેવકો પોતા કરતાં પણ ઘણા શક્તિવાલા હતા. તરતજ પોતાની શક્તિઓ સંક્ષેપી જળ સંહરી લીધું. અને મેઘમાલી ભગવાનને આવીને નમી પડયો અને પાપનો પશ્ચા-

ત્તાપ કર્યો. ભગવંતનો શિષ્ય થયો. નાગરાજના સેવક દેવતાઓ તેને ઘેરીને ઉભા રહ્યા.

"મૂર્ખ ! તારા અનર્થ માટે તું આ શું કરે છે? તારા આવા જળથી જે જગતના આધારભૂત છે તે ભગવાન્ કાંઇ ડુબવાના નથી, પણ અગાધ સંસાર સાગરમાં તુંજ ડુબવાનો છે હું ભગવાનનો સેવક છું તારાં આવાં પાપકાર્ય હવે હું સહન કરીશ નહી. હું તને જરૂર શીક્ષા કરીશ." નાગેંદ્રે મેઘમાળીને એમ કહીને હાકોટયો.

મેઘમાળીએ ભગવાનને ખમાવ્યા. નાગેંદ્રને પણ ખમાવ્યા અને પોતાના પાપની વારંવાર આલોચના કરવાથી અને ભગવાનને નમસ્કાર વગેરે કરવાથી ધરણેંદ્રના રોષથી મુક્ત થયો. પછી પોતે પણ ભગવાનનો ભક્ત થયો. મેઘમાળી પોતાના ભુવનમાં ભગવાનને નમીને ગયો નાગરાજ પણ ભગવાનને નમીને પરિવાર સહીત પોતાના સ્થાનકે ગયા.

\+ + + + + + +

પછી ત્યાં આગળ અહી છત્રા નગર વસાવ્યું. અને શ્રી સંઘે પાર્શ્વનાથનું દેશસર કરાવ્યું, દેરાસરની પર્વ દિશાએ સાત કુંડ છે તેનું પાણી પીવામાં મીઠુ છે તે પાણીવડે ન્હાવાથી શરીરના રોગો નાશ પામે છે. સારાં લબ્ધિવાળા પુરૂષો સિદ્ધિ રસની કુંપીઓ ત્યાં દેખે છે.

તે કુંડોના પાણીથી ધાતુવીદીને ધાતુની સિદ્ધિ થાય છે નગરમાં અને નગર બહાર મળી સવા લાખ કુવા તથા વાવો છે. પાર્શ્વનાથના દેરાસરની પાસે સિદ્ધ ખેતર છે. ત્યાં ધરણેંદ્ર પદ્માવતી, પાર્શ્વનાથની સેવા ભક્તિ કરે છે. ત્યાં નેમીનાથનું દેરાસર છે ત્યાં સિદ્ધિ અને બુદ્ધિ એ બે દેવીઓ સિંહ ઉપર બેઠેલી છે. વળી જેના હાથમાં આંબાની લુંબ છે એવી સિંહ વાહિકા અંબિકા દેવી પણ છે. તેની ઉત્તર દિશા તરફ એક વાવછે. જેનું પાણી ચંદ્રના કિરણ સરખું ચોખ્ખું છે, ત્યાં ન્હાવાને આવતા માણસો તે વાવની માટી શરીરે ચોળવાથી તેમના કોઢ રોગ પણ મટી જાય છે. વળી ધનવંતી નામે કુવો છે તેની માટી કાળી ચીત્રી છે, ગુરૂ ઉપદેશથી તેનું કંચન થાય છે. એક બ્રમ કુંડ ત્યાં આગળ છે. તે કુંડમાં ઉગેલું બ્રામી વનસ્પતિનું એક પાંદડું લઇને એકજ રંગની ગાયના દૂધ સાથે પીવાથી કદરૂપા પણ સારા શરીરવાળા અને મનોહર કંઠવાળા થાય છે. તે જગ્યાએ સર્વ જાતની ઔષધિઓનાં ઝાડ થાય છે. જેવાં કે નાગદમની, સહદેવી, અપરાજીતા, લક્ષ્મણા, તીવરણી, નકુલી, સુતકુલી, સપક્ષી. સુવર્ણસીલા મોહીની, શામળી, રવિભક્તા, નિર્વિષા, મોરશીખા, શલ્યા, વિશલ્યા આદિ ઘણી ઔષધિઓ ત્યાં થાય છે. તે ઠેકાણે લૌકિક પણ અનેક દેવ છે. એ નગરી તપસ્વીઓની જન્મભૂમિ ગણાય છે.

# અવંતી પાર્શ્વનાથ.

૧૦૬

મુકુંદ પંડિત જ્ઞાતે બ્રાહ્મણ હતા, વળી વિક્રમ રાજાના પુરોહિતના વિદ્વાન પુત્ર એટલે રાજાને માનવા યોગ્ય પણ ખરા ! તેમને પોતાની પંડિતાઇનું એવું અભિમાન હતું કે તેમની આગળ સર્વ કોઈ વિદ્વાનને તે તુચ્છ સમજતા. એકદા જૈનાચાર્ય વૃદ્ધવાદિસૂરિની ખ્યાતિ તેમણે ઘણી સાંભળી જેથી તેમને જીતવાને તે લાટદેશમાં ભરૂચ નગર તરફ ચાલતા થયા. ભરૂચ પાસે આવતાં રસ્તામાં વૃદ્ધવાદિસૂરિ મળ્યા તેમને પૂછતાં જણાવ્યું કે " પંડિત ! જ્યારે તમે વૃદ્ધવાદિસૂરિ સાથે વાદ કરવા જાઓ છો તો અનાયાસે જંગલમાં આપણો મેળાપ થયો છે તો આપણે વાદ કરીએ " પછી ગોવાળોને સાક્ષી રાખ્યા અને વાદવિવાદ શરૂ કર્યો.

પંડિતે સંસ્કૃત ભાષામાં પોતાનો પૂર્વ પક્ષ સ્થાપન કર્યો. પણ ગોવાળીયાઓ તો કોઇ સમજ્યા નહીં. ને તેમનું માથુ દુઃખવા આવ્યું.

પછી સૂરિજીએ કમરમાં ઓઘો વગેરે બરાબર બાંધી બે હાથે તાળીયો બજાવતો ગાવા માંડયું.

"નવી મારીયે ને નવી ચોરીયે,
પરદારાગમન નિવારીયેજી હો." વગેરે૦

વગેરે બોધદાયક ભજનીયું સાંભળીને ગોવાળીઆઓ તો ખુશી થયા ને તેમની સાથે તેઓ પણ તાળીઓ પાડી ગાવા લાગ્યા. આખરે ગોવાળીયાઓ બોલ્યા કે "મહારાજ જીત્યા સાધુ જીત્યા".

તરત જ પંડિત મુકુંદ જંખવાણો પડી ગયો ને આચાર્યને કહેવા લાગ્યો કે "મને તમારો શિષ્ય બનાવો"

પણ આચાર્યે તેને સમજાવ્યું "સબૂર? આ તો ગોવાળીયાઓનો દરબાર છે તે સાક્ષીભૂત છે તે કાંઈ પ્રમાણ કહેવાય નહીં, પણ ભરૂચનગરમાં જઇ ત્યાં રાજાને સાક્ષીભૂત રાખી આપણે વાદ કરશું; માટે થોભી જાવ"

"ગમે તેમ છે પણ સમય જાણવાની જેની શક્તિ નથી તે પંડિત થયો તોપણ શું? અમુક અવસરે શું ઉચિત છે તે પ્રથમ સમજવું જોઇએ અને મારામાં તે ખામી છે માટે મને દીક્ષા આપો."

પણ સૂરિજી તેમને સમજાવી પછી રાજસભામાં લાવ્યા ને વાદવિવાદ શરૂ થયો અને મુકુંદ પંડિતની હાર થઈ, પછી સર્વના દેખતાં વૃદ્ધવાદિસૂરિજીએ તેમને ચારિત્ર આપ્યું. અને કુમુદચંદ્ર નામ પાડયું. એક વખત

તેમણે નવકારને બદલે "नमोऽर्हत्सिद्धाचार्योपाध्याय सर्व साधुभ्यः" એવું સંસ્કૃતમાં પદ બનાવ્યું. પછી ગુરૂને કહ્યું કે આપણાં સર્વ પ્રાકૃત શાસ્ત્રો હું સંસ્કૃતમાં રચી દઉં."

તેવારે ગુરૂ મહારાજે જણાવ્યું જે, "બાળ, સ્ત્રી, વૃદ્ધ, ગ્લાન અને મંદ બુદ્ધિવાળાને માટે તત્વજ્ઞોએ તેમને સુગમથી બોધ થઇ શકે અને એવા પણ ચારિત્ર લેઇને સહેલાઇથી અભ્યાસ કરી શકે, તે માટે તેમણે શાસ્ત્રો પ્રાકૃત (માગધિ) ભાષામાં રચ્યો છે, તમે એવા મહાપુરૂષોની ઉથાપના કરી જેથી મોટું પ્રાયશ્ચિત લાગ્યું. માટે આજથી તમે ગચ્છ બહાર છો" એમ કહી સૂરિજીએ તેમને ગચ્છ બહાર કર્યા. પછી સંઘે આવીને આચાર્યને વિનંતિ કરી કે, "કુમુદચંદ્ર મહા વિદ્વાન અને પ્રભાવિક છે તેથી ગચ્છ બહાર કરવા યોગ્ય નથી."

છેવટે આચાર્યશ્રીએ જણાવ્યું કે "અઢાર રાજાઓને પ્રતિબોધી જૈન કરશે તો સંઘમાં લઇશું." કુમુદચંદ્રનું બીજું નામ સિદ્ધસેન દિવાકર સૂરિ પણ છે તે પદવી વિક્રમ રાજાએ આપેલી હોય તેમ લાગે છે.

હવે કુમુદચંદ્રે અબધુતના વેશમાં ફરતાં ફરતાં અનુક્રમે ચિત્રકુટ ગયા, ત્યાં એક સ્થંભનુ દ્વાર ઉઘાડી

જોયું તો મંત્રનું પુસ્તક તેમના જોવામાં આવ્યું, તેમાંથી પહેલા પાને બે મંત્રો જોવામાં આવ્યા, તે બરાબર વિધિ સહિત ધારી લીધા. પછી જેવા આગળ પાનું ફેરવવા જાય છે કે તરતજ મંત્રાધિષ્ઠાયક દેવતાએ પુસ્તક ખેંચી લીધું ને કહ્યું કે " એ બે વિદ્યા તમારા ભાગ્યમાં છે. વધારે મહેનત કરશો નહીં " એમ જણાવી અદૃશ્ય થઈ ગયો.

અનુક્રમે કુમુદચંદ્ર ફરતા ફરતા ઉજ્જયની નગરીએ આવ્યા, તો ત્યાં વિક્રમ રાજા ઘોડો ખેલાવતા જતા હતા. રાજાએ જોઇને તેમને પૂછયું કે "તમે કોણ છો ? "

" સર્વજ્ઞનો પુત્ર છું " કુમુદચંદ્રે જણાવ્યું.

આવો જવાબ સાંભળીને રાજાએ મનમાંજ નમસ્કાર કર્યો. એટલે આચાર્ય કુમુદચંદ્રે ધર્મલાભ આપ્યો.

રાજાએ પૂછયું " કોને ધર્મલાભ આપો છો? શું તમારામાં ધર્મલાભ આવા સસ્તા છે ? "

" રાજન્ જેણે મનથી નમસ્કાર કર્યોછે, અને તેને માટેજ એ ધર્મલાભછે. એ ખાલી ખ્યાલ નથી. દેવ ગુરૂ અને ધર્મને વંદન નમસ્કાર કરવા વડે પ્રાણીને ધર્મનો લાભ એટલે ધર્મની પ્રાપ્તી થાય તો તે પ્રાણી સંસાર સાગરનો પાર પામી મુક્તિપદને પામે છે.

રાજાએ સંતોષ પામી કોડ સોનૈયા આપવા માંડ્યા

તે ન લેતાં ધર્મ સ્થાનકે વપરાવ્યા. પછી એક દિવસ કુમુદચંદ્ર ચાર શ્લોક લઇ વિક્રમરાજાની સભામાં આવ્યા, ને પ્રતિહારી દ્વારા રાજાને કહેવરાવ્યું કે "ચાર શ્લોક લઇને એક ભિક્ષુક આવેલો છે તો તે તમારી પાસે આવે જાય." પ્રતિહારે રાજાને જઇને તે જણાવ્યું.

પછી રાજાએ કહ્યું કે "દશલાખ સોનૈયા આપો અને ચૌદ હાથી આપો તે છતાં તેને આવવું હોય તો ભલે આવે. પછી કુમુદચંદ્રે રાજા પાસે જઇ ચાર શ્લોક કહ્યા, જેથી રાજાએ ચારે દિશાનું રાજ્ય આપવા માંડયું, પણ રાજ્ય નહી લેતાં "હું જ્યારે આવું ત્યારે તમારે ધર્મોપદેશ સાંભળવો." એટલું માગી લીધું. પછી રાજા હમેશ ધર્મ શ્રવણ કરવા લાગ્યો.

એક દિવસ કુમુદચંદ્ર મહાકાલના મંદિરમાં શિવ પિંડિકા ઉપર પગ મુકીને સૂતા. ત્યાં ઘણા લોકોએ ઉઠાડવા માંડયા, પણ ઉઠયા નહી. પછી લોકોએ રાજા આગલ ફર્યાદ કરી. રાજાએ તરતજ માણુસોને હુકમ કર્યો ને બલાત્કારથી કાઢવા કહ્યું; માણસો આવીને ફડાફડ સાધુને ચાબુકો લગાવવા લાગ્યા. તરતજ રાણીવાસમાં રાણીઓને તેના પ્રહારો લાગવા માંડયા ને અત્યંત કોહાહલ મચ્યું. આ સાંભલી રાજા વિક્રમ તરતજ ત્યાં દોડી આવ્યો. ને તેમને ઓળખ્યા પછી રાજાએ જણાવ્યું કે "મહાદેવ

પૂજવાને યોગ્ય છે. છતાં તેમના મસ્તક ઉપર તમે પગ કેમ રાખ્યા ! ”

સાધુએ કહ્યું કે “ એ મહાદેવ તો જુદા છે. તેમને હું તમારી આગળ હમણાં સ્તુતિ કરવા વડે કરીને પ્રગટ કરીશ ? ”

પછી તેમણે કલ્યાણ મંદિર ’ સ્તોત્ર રચવા માંડયું. અગીયારમો શ્લોક બોલતાં ભૂમિકંપ થયો; ધુમાડો નીકળવા માંડયો. તરતજ શિવલીંગ ફાટીને ધરણેંદ્ર સહીત પાર્શ્વનાથની પ્રતિમા પ્રગટ થઇ, પછી અડતાલીશ ગાથાવડે મહારાજે સ્તોત્ર પૂર્ણ કર્યું.

પછી કુમુદચંદ્રે જણાવ્યું કે “ હે રાજન ? પૂર્વે અહીયાં ભદ્રા શેઠાણીનો પુત્ર એવંતિકુમાર અનશન કરીને કાઉસગધ્યાને ઉપસર્ગથી મરણ પામીને નલિની ગુલ્મ વિમાનને વિશે દેવ થયા છે. તે સ્થાને પીતાની યાદગીરીમાં તેના પુત્ર મહાકાલે પોતાના નામનું ચૈત્ય બંધાવી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિષ્ઠાં કરી હતી. ત્યાં કેટલેક કાલે અન્ય ધર્મીઓએ મહાદેવનું લીંગ પધરાવી મૂળ પ્રતિમાને ગોપવી દીધી. તે આજે તમારી નજર આગળ પ્રગટ થયા છે ” તે સાંભળી રાજાએ હર્ષ પામીને મંદીર માટે સો ગામ આપ્યાં. અને પોતે સંમ્યક્ત્વ અંગીકાર કર્યું. પછી ત્યાં મોટુ દેરાસર બંધાવી પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરી

તેનું અવંતી કુમારના નામ ઉપરથી અવંતી પાર્શ્વનાથ નામ પાડયું.

હવે સિદ્ધસેનસૂરિએ વિક્રમ રાજાના અનુયાયી બીજા અઢાર રાજાઓને પ્રતિબોધ્યા. પછી તેઓ અઢાર રાજાઓને પ્રતિબોધી ઉજ્જેનમાં રહેવા લાગ્યા, રાજાએ રાજસભામાં આવવા જવા માટે તેમને સુખાસન આપ્યું. તેમાં બેસીને સિદ્ધસેનસૂરિ રાજસભામાં આવવા જવા લાગ્યા, અહીં આચાર્ય કંઈક શિથિલ થઇ ગયા.

સિદ્ધસેન અઢાર રાજાઓને પ્રતિબોધવા ગયેલા છે તે પોતાનું કામ પુરૂ કરી અત્યારે કાંઇક પ્રમાદમાં પડેલા છે એમ જાણીને તેમને પ્રતિબોધવાને ગુરૂ વૃદ્ધવાદિસૂરિ ઉજ્જન આવ્યા, ત્યાં સુખાસન ઉપાડનાર ભોઇયોની જગાએ ભોઈ બનીને પોતે ઉભા રહ્યા. હવે જ્યારે સિદ્ધસેનસૂરિ પાલખીમાં બેસીને રાજદરબારે જતા હતા, તેવારે વૃદ્ધવાદીસૂરિએ એક ભોઇને ઠેકાણે રહી પાલખી ઉપાડી લીધી. અને વૃદ્ધ હોવાથી ધીમે ધીમે ચાલવા લાગ્યા. ત્યારે સિદ્ધસેનસૂરિએ કહ્યું. "**भूरिभार भराक्रान्तः स्कंधः किं तव बाधति**" અહીયાં **बाधति** ને બદલે **बाधते** આત્મનેપદ વાપરવું જોઇએ, જેથી ગુરૂ બોલ્યા." **न तथा बाधते स्कंधो यथा बाधति बाधते**"

એવી રીતે પોતાની ભૂલ જાણી સિદ્ધસેનસૂરિ વિચારમાં પડયા કે પોતાની ભૂલ કાઢનાર આ કોણ હશે, તરતજ પાલખી ઉભી રખાવી અને જોયું તો પોતાના ગુરૂ માલૂમ પડયા, પછી પાલખીમાંથી ઉતરી ગુરૂને વંદન કરી ખમાવ્યા. ગુરૂએ તેમને પ્રતિબોધી સંઘમાં લીધા, તે મહાન્ કવિ થયા છે, તેમના જેવા ત્યાર પછી બીજા કોઈ કવિ થયા નથી.

સિદ્ધસેન દિવાકરસૂરિએ દક્ષીણમાં પ્રતિષ્ઠાનપુર (પેંઠણ) માં સંવત ૩૧ માં કાલ કર્યો છે.

## ઉપસર્ગહર પાર્શ્વનાથ.

૧૦૭

કરહેટકમાં ઉપસર્ગહર પાર્શ્વનાથનું તીર્થ હતું પણ હાલ જણાતું નથી.

## ઉમરવાડી પાર્શ્વનાથ.

૧૦૮

સુરત ગોપીપુરામાં ઓશવાલ મહોલ્લામાં ઉમરવાડી પાર્શ્વનાથનું જુનું દેરાસર સંઘનું બંધાવેલું છે.

# અંતરીક્ષ પાર્શ્વનાથ.

૧૦૯

મારવાડમાં સાચોર નગરને વિશે રાજમલ્લ નામે ધનાઢય શ્રાવક રહેતા હતા, જ્ઞાતે ઓશવાલ હતા, તેમને મુળી નામે સ્ત્રી હતી, ભાનુરામ નામે તરૂણ પુત્ર હતો. એક દિવસ તે નગરમાં ઘણા સાધુઓથી પરવરેલા શ્રી વિજ્યદેવસૂરિ પધાર્યા, તેમના ઉપદેશથી ભાનુ વૈરાગ્યવંત થયા ને માતા પિતાની અનુજ્ઞા મેળવી શ્રીવિજ્યદેવસૂરિ પાસે તેમણે ( ભાનુરામે ) દીક્ષા ગ્રહણ કરીને ભાવવિજય એવું તેમનું નામ રાખ્યું. આચાર્યની સાથે તેઓ વિહાર કરતા અનુક્રમે ભણી ગણી વિદ્વાન થયા. સુત્રશાસ્ત્રોના જાણકાર થયા, તેમજ વિનય વૈય્યાવચ્ચ, વિવેક વગેરેથી ગુણવંત થયા, જેથી ગુરૂએ પ્રસન્ન થઇ જોધપુરના સંઘની સમક્ષ તેમને ‘ ગણિ ’ પદ આપ્યું. પછી આચાર્ય અનુક્રમે ઉગ્રવિહાર કરતા ગુજરાતમાં આવ્યા, ભાવવિજય ગણિ પણ સાથે આવ્યા. પરન્તુ તે ઘણા સુકોમળ હોવાથી તેમને ઘણી મુશ્કેલી પડી, અને તેમની આંખોને દરદ થયું. વળી એવા ગ્રીષ્મરૂતુના તાપમાં પણ સૂરિશ્વર તો વિહાર કરતા કરતા અનુક્રમે પાટણ આવ્યા. ને ભાવવિજય ગણિ પણ આવ્યા તો ખરા પણ આંખો તેમની નબળી પડી

અને તે દર્દમાં આંખો પણ તેમની જતી રહી અને પડલ વળી ગયાં. પછી સૂરિશ્વર ચોમાસુ વિત્યાબાદ તેમને પાટણમાં રાખી ને એક બે સાધુઓ તેમની વૈયાવચ્ચમાં મુકી આચાર્યશ્રી આગલ વિહાર કરી ગયા.

ભાવવિજયગણિ પોતાના પૂર્વકૃત દુષ્કૃતની નિંદા કરતા છતા કિંકર્ત્તવ્ય મુઢ થયા છતા પોતાના ગુરૂનો ઉપદેશ યાદ કરવા લાગ્યા. સંઘે અનેક પ્રકારની દવા કરાવી પણ જેથી નેત્રોને કાંઇ અસર થઇ નહી. આચાર્ય મહારાજે પદ્માવતીદેવીનું આરાધન કરી તેનો ઉપાય પૂછયો તેવારે દેવીએ તેમને ખુલાસો કર્યો, તે ખુલાસો આચાર્ય ભાવવિજયજીગણીને જણાવી વિહાર કરી ગયા હતા. હવે ભાવવિજયગણિને એ અરસામાં એક રાતના સ્વપ્નામાં શાસનદેવીએ અંતરીક્ષ પાર્શ્વનાથ સંબંધી સર્વ હકીકત કહી સંભળાવી.

× × × × × ×

સમય મુનિસુવ્રતસ્વામીના શાસનનો હતો. અને આશરે આજથી લગભગ તે સાત લાખ વર્ષ પહેલાંનો હતો. જ્યારે રાક્ષસદ્વીપમાં લંકાધિપતિ આઠમા પ્રતિવાસુદેવ ( પ્રતિ વિષ્ણુ ) મહાભૂજ રાવણ ત્રણ ખંડાધિપતિ હતા. વિશ્વમાં જેમની આજ્ઞા તે વખતે દુર્લંઘ્યતી હતી. સમસ્ત જગતને જી-

સ્વાને તે પોતે એકલાજ મહાસમર્થ હતા. તેમનો ભગ-
નીપતિ ખર અને દુષણ પાતાલ લંકાનો રાજા હતો. તેમને રાવણે કોઇ કાર્ય પ્રસંગે કોઈ ઠેકાણે જવાની આજ્ઞા કરી. જેથી તેઓ પોતાના સ્વામીના કાર્યને માટે પોતાના સેવક પરિવાર સહિત વિમાનમાં બેસીને ચાલ્યા. અનુક્રમે વિમાન વિંગોલી દેશમાં (વરાડ) આવ્યું, ત્યાં વિમાનથી નીચે ઉતરી કોઇ સુંદર જગ્યાએ ખાનપાનની તૈયારી કરવાને રાજાએ સેવકોને ફરમાવ્યું. ખાનપાન તૈયાર થતાં ખરદુષણ રાજાને સ્નાન કર્યા પછી જૈન હોવાથી પુજન કરવાનો તેમને નિયમ હતો. તેમનો સેવક પુજારી ભગવંતની પ્રતિમા લેવી ભૂલી ગયો હોવાથી ગભરાણો અને રાજાને વિનંતિ કરી કે "હે પ્રભો! પ્રતિમાજી હું પાતાલ લંકામાં ભૂલી ગયો છું. તો હવે શું થશે!"

પછી રાજાએ ગાયનું છાણુ અને નદીની વેલુ મેળવીને ભાવિ તીર્થંકર શ્રી પાર્શ્વનાથજીની પ્રતિમા બનાવી ઘણી ભાવ ભક્તિએ કરીને તેને પુજી, પછી પોતાના ગયા પછી અન્ય ક્ષુદ્ર જીવો ભગવંતની આશાતના કરશે એવા ભય થકી ખરદુષણ રાજાએ પોતે ભગવંતની પ્રતિમાને ઉપાડીને નજીક જળાશયમાં પધરાવી, ત્યાં ક્ષેત્ર દેવતાના પ્રભાવથી વજ્રમય બની ગઇ, ને હમેશ તે તેની પુજા કરવા લાગ્યો. પછી રાજા ભોજનકાર્ય સમાપ્ત કરી ત્યાંથી રવાને થઇ પોતાના સ્વામીનું કાર્ય કરી પાતાલ લંકામાં

ચાલ્યો ગયો. મહાભૂજ રાવણના રાજ્યત્વ કાળમાંજ શ્રી મંદીરસ્વામી પ્રમુખ વીશ તીર્થંકરોનો દીક્ષા મહોત્સવ થયેલો છે:

*  *  *  *  *

ગઇ વાતને આજે લાખો વરસ (અંદાજે સાત લાખ) વહી ગયાં છે. ચાલુ હકીકતનો સમય તો વિક્રમ સંવત બારમા સૈકાનોછે. પૂર્વના સમયમાં જ્યારે વીશમા મુનિસુવ્રત સ્વામીનું શાસન હતું તે પછી નમીનાથ એકવીશમા તીર્થંકર દશ હજાર વર્ષના આયુષ્યવાળા થયા, તેમનું શાસન પાંચ લાખ વરસ ચાલ્યું તે પછી બાવીશમા નેમનાથ ભગવાન એક હજાર વર્ષના આયુષ્યે થયા, તેમનું શાસન ત્યાસી હજાર સાડીસાતસો વર્ષ પર્યંત ચાલ્યું, તે પછી ત્રેવીશમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ કે જેમની પ્રતિમા ખરદુષણ રાજાએ પુજી હતી તે વાત ઉપર આવી ગઈ છે, તે ભગવાન સો વરસને આયુષ્યે ઉત્પન્ન થયા તેમનું શાસન અઢીસો વરસ પર્યંત ચાલ્યું તે પછી માહાવીરસ્વામી ચોવીસમા તીર્થંકર થયા, હાલમાં શ્રી વીર ભગવાનનું શાસન ચાલે છે. તેમના શાસનમાં વિક્રમના બારમા સૈકામાં તેની શરૂઆત પછીના મધ્ય કાળમાં વિંગોળી દેશમાં (વહાડ) એલેચપુર નગરમાં એલચ નામે (બીજું નામ શ્રીપાલ) રાજા થયો. રાજા ન્યાયી, ધર્મી અને પ્રજાપાલક મહા સમર્થ હતો.

એકદા પૂર્વ કર્મના ઉદયે કરીને તેને કોઢનો રોગ ઉત્પન્ન થયો. અનેક વૈદ્યો, મંત્રવાદીઓ, તંત્રવાદીઓ, ગારૂડીઓ, વગેરેને બોલાવી ઉપચારો કરાવ્યાં, પણ રાજાને લેશ પણ આરામ થયો નહીં. કુષ્ટિપણાથી રાજા કિંકર્ત્તવ્ય મૂઢ બની ગયો. શું કરવું શું ન કરવું વગેરે વિચારથી શૂન્ય થઈ ગયો.

એક દિવસ રાજા કંટાળીને પોતે ઘોડેશ્વાર થઈને ફરવા ગયો, સેવક વર્ગ પણ તેની પાછળ ચાલ્યો પણ રાજા તો આગળ ચાલી નીકળ્યો, તે વારે તાપ પડતો હોવાથી રાજાને તરસ લાગી, અને જંગલમાં પાણીનેમાટે આમતેમ શોધ કરવા લાગ્યો. ફરતાં ફરતાં અનુક્રમે જે જગ્યાએ પાર્શ્વનાથની પ્રતિમા ખરદુષણરાજાએ જલકુપમાં પધરાવી હતી, ત્યાં આગળ આવ્યો. અત્યારે કુવો પૂરાઈ ગયો હતો, પણ પ્રતિમા અંદરખાને હતી, ઉપર એક નાનું જાંખડુ (ખાબોચીયું)તેમાં સ્વચ્છ અને ભગવંતની પ્રતિમાથી પવિત્ર થયેલું પાણી હતું. રાજાએ ઘોડા ઉપરથી ઉતરી તે જાંખડા પાસે આવી હાથ પગ ધોઈ તે પાણીથી મ્હોં સાફ કરી પાણીનું પાન કરી તરસ છીપાવી. તરતજ તે ઘોડે શ્વાર થઇ પોતાની શીબીરમાં (છાવણી) ચાલ્યો ગયો, ત્યાંથી પોતાના નગરમાં ગયો, રાતના રાજાએ નિરાંતે નિદ્રા કરી, હમણાં રાજાને ભરઉંઘમાં દેખી પટરાણી આશ્ચર્ય પામી,

તેમજ રાજાના હાથ, પગ, મ્હોં સ્વચ્છ રોગ રહિત જોઈ પ્રસન્ન થઈ, પછી પ્રભાતમાં રાણીએ રાજાને વિનંતી કરી " હે પ્રાણવલ્લભ ! આપ રમવાને કાલે ક્યાં પધાર્યા હતા ? જુઓ ? આપનું શરીર ? હાથ, પગ, મ્હોં ? કોઢ ત્યાંથી ભાગી ગયો છે. ફરમાવો ? એ શાથી ગયો છે !

રાજાએ કહ્યું ! " પ્રિય ! ગઇ કાલે એક નાના જાંબડામાં થોડુંક સ્વચ્છ પાણી જોયું તેમાં હાથ પગ મોંહ સાફ કરી પેટ ભરી પાણી પીધું, મને તો પાણીનોજ ચમત્કાર જણાય છે. "

" સ્વામિન ! આપનું કહેવું સત્ય છે આજે પણ ત્યાં પધારો અને સમસ્ત અંગે સ્નાન કરી પવિત્ર થઇ પાપને ટાળો."

રાજાએ પણ પટરાણીનું વચન માન્ય કરી ત્યાં જવાની તૈયારી કરવા માંડી, રાણી પણ સાથે જવાને તૈયાર થઈ, પછી રાજા સર્વ સાથે ત્યાં આવી છાવણી નાખી, ને ત્યાં જાંબડામાંથી પાણી લઇને સ્નાન કર્યું, તરતજ રાજાનું શરીર કોઢ રહીત થયું, અને સુવર્ણમય કાયા થઈ. સર્વ કોઇને આશ્ચર્ય થયું. રાજાએ જણાવ્યું કે "આ કાંઈ પાણીનો ગુણ નથી પણ કોઇ દેવાધિષ્ઠિત હોવું જોઇએ. રાણીએ પણ રાજાને તેમાં અનુકુળ સંમતિ આપી. પછી બળી બાકુલા ઉછાળી રાજાએ ઉદ્ઘોષણા કરી કે

"હે આ જળાશયના અધિષ્ઠાયક દેવતાઓ! હે ક્ષેત્ર દેવતા ? તમે ગમે તે હો પણ મને દર્શન આપો " એવી રીતે અન્ન પાણીનો ત્યાગ કરી રાજાએ તેની આરાધના કરવા માંડી. અનુક્રમે ત્રણ ઉપવાસ થતાં રાતના સ્વપ્નામાં ક્ષેત્ર દેવતા આવી તેના દૃઢ પરિણામ જોઇને રાજાને કહેવા લાગ્યો કે "હે રાજા ? ખરદુષણ રાજાએ બનાવેલું અને અહી પધરાવેલું એવું પાર્શ્વનાથનું બીંબ તેનાથી પવિત્ર થયેલા એવા જળના સ્નાનથી તમારો કોઢ રોગ દુર થયો છે, એ તો શું ! પણ અસાધ્ય એવા બીજા રોગો જેવા કે કાસ, શ્વાસ, જ્વર, શૂળ, કુષ્ટિ, ક્ષય, ભગંદર વગેરે મહાન ભયંકર વ્યાધિઓ પણ નિઃસંશયપણે તેમના પ્રભાવથી નાશ પામી જાય છે. તે ભગવંતના પ્રભાવથી નેત્ર રહીત નેત્ર પામે છે. બહેરો સાંભળી શકે છે. મુંગો બોલી શકે છે. પાંગળા માણસને પગ આવે છે. વીર્યહીન માણસ મહા સમર્થ થાય છે! દરિદ્રી ધન મેળવી શકે છે. સ્ત્રીનો અર્થી સ્ત્રી મેળવે છે, રાજ્ય ભ્રષ્ટ થયેલો મહારાજ્ય પામે છે, અને પદવીહીન ઉત્તમ પદ્ધી પામે છે. જયનો અભિલાષી મોટી જીતો મેળવી શકે છે વિદ્યાના અર્થી ઉપર સરસ્વતી તુષ્ટ માન માન થાય. વલી ભૂત, વૈતાલ, રાક્ષસ, ડાકિની, શાકિની વગેરે ભયો તેમનાથી ભાગી જાય છે, એવી રીતે સર્વ રોગ, શોક, સંતાપો આ ભગવાનના પ્રભાવે કરી શમી

જાય છે, કિં બહુના ? ચિંતામણી રત્નના સરખી સાક્ષાત આ મુર્ત્તિ ઇચ્છિતને દેનારી છે, હે રાજન ! નાગરાજ ધરણેંદ્રનો હું સેવક છું અને તેમના હુકુમથી હું અહીંયાં તેમની સેવા કરૂંછું."

ક્ષેત્ર દેવતાનાં આ પ્રમાણેનાં વચન સાંભળીને અને પાર્શ્વનાથની પ્રતિમાના માહાત્મ્યથી પ્રસન્ન થયેલા રાજાએ પછી તે દેવતા પાસે સ્વપ્નામાં પ્રતિમાની માગણી કરી.

તે વારે દેવતાએ કહ્યું " પ્રતિમા સિવાય બીજુ કાંઈ માગો તે આપવાને હું તૈયાર છું, જય, વિજય, સૌભાગ્ય, સર્વ કાંઈ દેવા હું હાજર છું ! પણ આ પ્રતિમા આપવાને હું લાચાર છું !" રાજાએ હઠ છોડી નહી તેવારે દેવતા અદૃશ થઈ ગયો, અને પ્રતિમા પોતાને ન મળે ત્યાં સુધી અન્ન પાણીનો ત્યાગ કરીને બેઠો, એમ કરતાં સાત દિવસ થયા તેવારે તેના તપોબળથી સ્વપ્નામાં ધરણેંદ્ર આવ્યા. અને તેને સમજાવવા લાગ્યા કે " હે રાજન ! શા માટે હઠ કરે છે ! આ પ્રતિમાથી તારૂં કાર્ય સિદ્ધ થયું છે ? તારૂ શરીર રોગ રહીત થયું છે ! હજી શું અધુરૂ રહ્યું છે ? માટે કષ્ટ છોડી ઘેર જા, ને તારૂ રાજ્ય સુખેથી ભોગવ !"

" દેવ ? આપ ગમેં તે હો ? પણ જગતનો ઉપકાર કરવાની ખાતર એ પ્રતિમા મને આપો ? જગતમાં સૌ-

તારૂં પેટ ભરવાવડે કરીને શું ? પણ મારી માફક જગતના પ્રાણીઓ પણ એ પ્રતિમાથી લાભ મેળવે તે માટે મારે તે પ્રતિમા મેળવવી જોઇએ " રાજાએ કહ્યું.

આ પ્રતિમા મહા ચમત્કારીક છે, એમની પુજા વીધી તારાથી બરાબર બની શકશે નહી, માટે તું હઠ છોડી દે ? હું ધરણેંદ્ર તને સમજાવું છું કે આ હઠ તું છોડી દે ?"

ફણિરાજ ? મારા પ્રાણ એ પ્રતિમાની ખાતરજ છે, જ્યાં સુધી એ પ્રતિમા ન મળે ત્યાં સુધી મારે સર્વ અન્ન પાણી હરામ છે. નાગરાજ? પ્રતિમા આપવી ન આપવી તે આપનું કામ છે."

"રાજન ? તારી ભક્તિથી હું પસન્ન થયો છું. મારા પ્રાણ થકી પણ અધિક પ્રિય એવી એ પ્રતિમાને હું તમને આપીશ, પણ તમે તેની આશાતના કરશો નહી. નહીતર મને ઘણું દુઃખ થશે, કમળનાળની ગાદ્દી બનાવી કાચા સુતરને તાંતણે બાંધી તમે તેને કુવામાં ઉતારજો, એટલે તેમાં હું પ્રતિમા મુકીશ, પછી બહાર કાઢી કમળના નાળી રથમાં ( ગાડીમાં ) પધરાવી સાત દિવસના ગાયના વાચ્છરડા જોડી તમે આગળ ચાલજો, ગાડી તમારી પુઠેપુઠે તમે જ્યાં જશો ત્યાં ચાલી આવશે, પણ તમે પાછળ જોશો નહી. જે વારે પાછળ જોશો કે પ્રતિમાજી

ત્યાં અટકી જશે. આ પંચમ કાળમાં પણ હે રાજન ? જે કોઈ પ્રાણી આ પ્રતિમાનું આરાધન કરશે ! તો તે આરાધકની ઈચ્છા અમે અદ્દશ રહ્યા થકી પણ પુરણ કરશું." એમ કહી ધરણેંદ્ર ( નાગલોકના સ્વામી) અદ્દશ થઈ ગયા.

પ્રભાતમાં રાજાએ નાગરાજના કથન મુજબ ભગવાનને પ્રગટ કરી પછી નાલી રથમાં બેસાંડી સાત દિવસના વાચ્છરડાઓ જોતર્યા ને રાજા આગળ ચાલવા લાગ્યો, એવી રીતે ચાલતાં ચાલતાં ઘણીક ભૂમિ ઉલ્લંઘન કરી ગયા. તે વારે રાજાને વિચાર થયો કે " રથનો અવાજ સરખો પણ સંભળાતો નથી તો ભગવાન આવતા હશે કે નહી " રાજાને શંકા થતાં વક્રદૃષ્ટિથી લગાર પાછળ જોયુ, એટલે ભગવાન ત્યાં અટકી ગયા અને ગાડી નીચેથી નીકળી ગઈ ત્યાં આગળ વડલાનું ઝાડ હતું, ત્યાં ભગવાન જમીનથી સાત હાથ ઉંચા રહ્યા રાજા આશ્ચર્ય પામ્યો, અને મનમાં બહુ પશ્ચાત્તાપ કરવા લાગ્યો કે "હવે શું કરવું ?" ફરીને નાગેંદ્રને સંભાળવા લાગ્યો તે વારે નાગરાજે સ્વપ્નામાં આવીને કહ્યું કે " અહીયાંજ ચૈત્ય બંધાવો ? ભગવાન હવે અહીંથી જશે નહી."

રાજાએ ત્યાં આગળ મોટું વિશાળ એક લાખ મુદ્રા (તે જમાનાનો સીક્કો) ખરચીને રંગ મંડપથી સુશોભિત મનોહર દેરાસર કરાવ્યું. આવું ગંજાવર ચૈત્ય જોઇને

રાજાને અભિમાન ઉત્પન્ન થયું " આ જગતમાં મને ધન્ય છે કે મારા કરાવેલા ચૈત્યમાં ભગવાન પધારશે, ખરે ! જગતમાં મારા જેવો કોઇ નથી, હુંજ ધન્યવાન છું! હુંજ પુણ્યવાન છું." આવા વિચારવાળો રાજા પછી પ્રભાત સમયે મુહુર્ત વેળાએ ભગવાનને પધરાવવા માટે પ્રાર્થના કરવા લાગ્યો, પણ ભગવાન ચૈત્યમાં પધાર્યા નહી, રાજાના અભિમાનના કારણથી પોતાના સ્થાનકેથી લેશ પણ ખસ્યા નહી. અનેક ઉપાય કરવામાં આવ્યા પણ ભગવાન તો લેશ પણ ચલાયમાન થયા નહી, હવે રાજાને પારાવાર ખેદ થયો ને ધરણેંદ્રનું આરાધન કર્યું પણ આ વખતે તો તે પણ આવ્યા નહી, જેથી રાજાને ઘણો પશ્ચાત્તાપ થયો અને પોતાના મંત્રીઓને પૂછવા લાગ્યો " હે મંત્રિન્ ? ભગવાન્ ! ચૈત્યમાં કેમ પધારતા નથી, તેનું કારણ તપાસ કરીને મને કહો ? "

તેવારે મંત્રીએ જણાવ્યું " સ્વામિન્ ! તે માટે એક ઉપાય છે તે હું જણાવું છું. આપ સાંભળો. સંભળાય છે કે હાલ જૈન શાસનમાં અભયદેવસૂરિનામે મહાસમર્થ આચાર્ય જૈન તત્વ શાસ્ત્રના પારંગામી જેમને અનેક રાજાઓ માને છે, નમે છે. વળી ગુર્જર દેશના અધિપતિ અને કર્ણના જેવા પ્રતાપી કરણ રાજાએ તેમને મહાધારીનું બિરૂદ આપેલું છે, તેમજ સૂરિ બળે કરીને યુક્ત

એવા તે સૂરિ ગયે વર્ષે દેવગિરિ નગરમાં (દૌલતાબાદ) રૂષભદેવ ભગવાનને નમવાને આવેલા છે, તે મહા સમર્થ પુરૂષ જો અહીંયાં આવે તો આપનું કાર્ય સિદ્ધ થાય એ નિઃસંશય છે. પછી રાજાએ પ્રધાનને મોકલીને તેમને ત્યાં તેડાવ્યા. આચાર્ય પણ પ્રતિમાજીને સાત હાથ ઉંચા રહેલાં જોઇને આશ્ચર્ય પામ્યા. અને આ ભગવાનનો આવો પ્રભાવ જોઇ પ્રસન્ન થયા, પછી તેમણે ત્યાં અઠ્ઠમતપ કરવા વડે નાગરાજની આરાધના કરી તેવારે નાગાધિપે સ્વપ્નામાં આવીને જણાવ્યું કે "રાજાના અભિમાનના કારણે કરીને પ્રતિમાજી ચૈત્યમાં પવેશસે નહીં પણ જો સંઘ તરફથી ચૈત્ય તૈયાર થશે તો ભગવંત ત્યાં પધારશે." એમ કહી નાગરાજ અદૃશ્ય થયા.

પછી સવારના સંઘને એકઠો કરી સુરીજીએ જણાવ્યું કે " હે શ્રાવકો રાજાના અભિમાનના કારણે ભગવાન એ ચૈત્યમાં પધારશે નહિ, પણ તમે સર્વ સંઘ સમસ્ત મળીને એક ચૈત્ય તૈયાર કરાવો તો ભગવાન ત્યાં પધારશે."

સૂરિશ્વરનાં આવાં વચન સાંભળી શ્રાવકો ભક્તિ અને શ્રદ્ધાથી પ્રસન્ન થયા છતા ત્યાં આગળ સારી જગ્યા જોઇને એક નવીન ચૈત્ય તૈયાર કરાવ્યું. ( હાલમાં ભગવાન બીરાજે છે ત્યાં) પછી અભયદેવસૂરિની સ્તુતિથી ભગવાન સર્વ લોક

જોતે છતે નીચે ઉતરી ત્યાં નવીન ચૈત્યમાં પધાર્યા ને ભૂમિથી સાત આંગુલ અધર રહ્યા, અભયદેવસૂરિએ વિધિપૂર્વક સંવત ૧૧૪૨ ના મહા સુદી ૫ ને રવીવારે વિજય મુહુર્ત્તે પ્રતિષ્ઠા કરી. પછી ત્યાં પ્રભુની આગળ ડાબી બાજુએ અધિષ્ઠાયક દેવ એવા શાસન દેવની તીર્થ રક્ષણુને માટે સ્થાપના કરી, હવે રાજાએ પણ ભગવાનને માટે નાના પ્રકારનાં રત્નોથી આભૂષિત એવો મુકુટ તૈયાર કરાવ્યો, બન્ને કાને કુંડલ, કંઠમાં મોતીનો હાર તથા અંગનાં બીજો આભૂષણો તેમજ ભામંડલ, છત્ર વગેરે ઉપકરણો તૈયાર કરાવ્યાં, ને ભગવાનની પૂજાને માટે અર્પણ કર્યા. ત્યાં સીરપુર નામે નગર વસાવ્યું. અને જ્યાં આગળથી ભગવાન નીકળ્યા ત્યાં કુંડ બંધાવ્યો, તે સીરપુર નગરમાં આચાર્ય ચતુર્માસ રહ્યા, ત્યાં ભવ્ય જીવોને પ્રતિબોધ કરી ચૌમાસુ પુર્ણ થયે છતે ગુરૂરાજ અન્યત્ર વિહાર કરી ગયા.

* * * * * * *

આજે વિક્રમની અઢારમી શતાબ્ધિના શરૂઆત ચાલે છે, સમય ચાલ્યોજ જાય છે, તે કાંઇ કોઇને માટે થોભતો નથી. ભગવાનને બીરાજમાન થયાને આજે પાંચસો કરતાં પણ વધારે વર્ષો વહી ગયાંછે, હમણાં અઢારમા સૈકાની શરૂઆતમાં શ્રી વિજયદેવસૂરિ પાસે ભાવવિજય ગણિએ

દીક્ષા લીધેલી છે. તેઓશ્રી હમણાં પાટણમાં રહેલા છે, ને આંખોથી રહીત થયેલા છે એ વાત પ્રથમ આવી ગઇ છે, જેમની આગળ દેવી આ બધો અંતરીક્ષજીનો ઇતિહાસ કહી સંભળાવી અદ્રશ્ય થઇ ગઇ, પછી જાગૃત થતાં પ્રભાતમાં ભાવવિજય ગણિએ પાટણના સંઘના આગેવાનોને બોલાવી પોતાને અંતરીક્ષજી જવું છે માટે વ્યવસ્થા કરી આપવાની સૂચના કરી, તે વારે સંઘે એક નાનો અંતરીક્ષજીનો સંઘ કાઢી ભાવ વિજય ગણિને બંદોબસ્ત કરી આપ્યો, હવે ભાવવિજય ગણિ હૃદયમાં અંતરીક્ષજીનું ધ્યાન ધરતા છતા સંઘ સાથે અનુક્રમે સીરપુર ( અંતરીક્ષજી ) આવ્યા. ત્યાં સકલ સંઘે ભગવાનનાં દર્શન કર્યાં પણ ભાવવિજયગણિને તેમના અંધપણાથી દર્શન થયાં નહી. જેથી પોતાના મંદ ભાગ્યની નિંદા કરવા લાગ્યા. પછી અન્નપાણીનો ત્યાગ કરીને પ્રભુના દર્શનની ઇચ્છાવાળા થયા છતા "પ્રભુ ? તમારા દર્શન થાય તોજ મારે. આહાર પાણી કરવા" એવો અભિગ્રહ કરીને તપ કરવા લાગ્યા ને ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા. અનુક્રમે ત્રણ ઉપવાસ થયા. "હે ભગવાન ! હે પાર્શ્વરાજ ! તમે વિના સ્વાર્થે બળતા નાગને દર્શન આપી નવકાર સંભળાવવાવડે ભુવન પતિ નિકાયના નાગકુમાર દેવલોકનો સ્વામી બનાવ્યો. વેરી અને અતિ ક્રુર

એવા સાત ભવનાય દુષ્મન કમઠને તમે સમકિત આપી દીધું. હે પ્રગટ પ્રભાવી ? ચીર કાળ પર્યંત તમારી સેવા કરનારાં અષાઢા ભૂતિ શ્રાવકને તમે મુક્તિનું સુખ આપ્યું. હે વિશ્વમાં અદ્વિતીય પુરૂષ ? હે કરૂણા સાગર ? તમારી ભક્તિ કરનારા એવા હાથીને તમે વ્યંતર લોકની અપૂર્વ રૂદ્ધિ આપીને કલિ કુંડ તીર્થ ત્યાં પ્રગટ થયું. વળી હે વિશ્વ વત્સલ ? નવાંગ વૃત્તિના કરનાર એવા અભયદેવસૂરિ તેમનો કોઢ રોગ તમારાજ પ્રભાવ થકી દૂર થયો બલ્કે તેમની સુવર્ણ સરખી કાયા થઈ. હે વિશ્વમાં વીર પુરૂષ ? એલચપુરના એલચ રાજાનો કુષ્ટિનો રોગ તમેજ દૂર કર્યો ! રાજ્ય ભ્રષ્ટ થયેલા એવા પાલણ રાજાએ તમારાજ પ્રભાવ થકી ફરીને રાજ્ય પ્રાપ્ત કર્યું. તેમજ ઉદ્દેશી નામનો શ્રાવક, તેના ઘરને વિશે તમારા પ્રભાવ થકી ઘીની વૃદ્ધિ થઈ, તેથીજ તમે જગતમાં ઘૃત કલ્લોલ પાર્શ્વનાથ કહેવાયા. હે વિશ્વ વત્સલ પુરૂષ ? પુત્રના ફળની ઈચ્છાવાળાને ત્યાં પુત્રોની વૃદ્ધિ થવાથી તમે ફલ વર્ધી પાર્શ્વનાથ દુન્યામાં ગવાયા, હે જગત્ વત્સલ ? જગતમાં આશ્ચર્યકારક એવા તમે સર્વ લોક સમક્ષ અધર રહેવાથી તમે દુન્યામાં અંતરીક્ષ પાર્શ્વનાથ પ્રસિદ્ધ થયા. હા ? ભગવંત ? હજારો જીવ્હા છતાં તમારૂ વર્ણન કરવાને કોણ શક્તિમાન છે ! આઠમા વિષ્ણુ (નારાયણ)

રામ લક્ષણ પણ તમારાજ પ્રભાવ થકી સમુદ્ર ઉલંઘી રાવણને જીતી સીતાજીને છોડાવી લાવ્યા. મહા ભયંકર એવો તોફાની સમુદ્ર તેનું જળ રામ લક્ષ્મણના આરાધનથી તમારાજ પ્રભાવ થકી સ્થંભાઈ ગયું હતું. જેથી રામ લક્ષ્મણે આશ્ચર્ય પામી સ્થંભન પાર્શ્વનાથ તરીકે તમારી જગતમાં સ્તુતિ કરી. નવમા વિષ્ણુ ( નારાયણ ) શ્રી કૃષ્ણનું સૈન્ય જરાસંઘ ( પ્રતિવિષ્ણુ ) ની જરા નામે આસુરી વિદ્યાથી જ્યારે જર્જરીત થયું તે વારે તમારા સ્નાત્ર જલથી જરા નાશ પામી અને તમે સંખેશ્વર પાર્શ્વનાથ તરીકે ભૂમિતલ ઉપર પ્રગટ થયા. હા ? ભગવાન ? તમારો કેટલો પ્રભાવ કહું ! હે જગતમાં વીર પુરૂષ ? વિશ્વના અદ્વિતીય બંધો ? તમારા પ્રત્યક્ષ ચમત્કારો જોઇને જગતમાં આશ્ચર્ય થાય છે કે તમે દુન્યામાં મહા સમર્થ છો તો પછી મારી આંખો ઉઘાડવી તે કાંઈ મુશ્કેલ નથી. હા ? સ્વામિન્ ? હા તાત ? હા ? ભૂમિનાથ ? હા ? વામાનંદન ! હા ? અશ્વસેન વંશ દીપક ? મને પ્રત્યક્ષ દર્શન આપો ? દર્શન આપો ? મારાં કષ્ટ કાપો ? હા ? વિશ્વમાં વિજયંત પુરૂષ ! પુત્રને તેની ઇચ્છિત વસ્તુ પીતા નહી આપે તો કોણ આપશે ! હા ! દેવાધિદેવ ! વિશ્વવંદ્ય ! મને નેત્ર આપો ! નેત્ર આપો ! “ એમ ભક્તિમાં ભાવવિજયજી

તલ્લીન થયા, છતાં નેત્ર પ્રગટ થયાં નહી, ત્યારે તેમને બહુ દુઃખ થયું અને પોતાની નિંદા કરવા લાગ્યા. આંખમાંથી તરતજ અશ્રુ વહેવા માંડયાં અને એમ પશ્ચાત્તાપ કરતાં કરતાં આંખના પડલ ભાવવિજયગણિનાં ખુલ્લી ગયાં, ભગવંતનાં સાક્ષાત્ દર્શન થયાં? ગયેલાં નેત્રો ફરીને પ્રગટ થયાં? પછી યથા સમયે સકલ સંઘમાં જયજયકાર થયો અને ભગવાનનો મહિમા ગવાણો, ભાવવિજયગણિએ પારણું કર્યું, પણ ભાવવિજય ગણિ વારંવાર ભગવાનનાં દર્શન કરવા લાગ્યા. તે દિવસે રાતના શાસન દેવતાએ આવીને સ્વપ્નામાં ભાવવિજયગણિને દેરાસર મોટું બનાવવાને જણાવ્યું.

પછી ભાવવિજયગણિએ સવારમાં તે વાત સંઘની આગળ નિવેદન કરી, સંઘે મંદિર બંધવાનું શરૂ કર્યું પછી સંઘ ત્યાં વ્યવસ્થા કરી પાટણ તરફ વિહાય થયો, થોડા શ્રાવકો ત્યાં રહ્યા અને દેરાસરનું કામકાજ ચાલુ રાખ્યું અનુક્રમે વરસ દિવસમાં દેરાસર ત્યાં તૈયાર થયું તે વારે ભાવવિજયગણિએ ફરીને સંવત ૧૭૧૫ ના ચૈત્ર સુદી ૬ ને વાર રવીવારે પ્રતિષ્ઠા કરી, તે વારે પણ ભગવાન એક આંગલ જમીનથી અદ્ધર રહ્યા. પૂર્વાભિમુખે ભગવાનની પ્રતિષ્ઠા કરી દેરાસર ત્યાંને ત્યાંજ ફરીને પણ બંધાવવામાં આવ્યું હતું. તેને નાનામાંથી મોટું કરવામાં આવ્યું હતું.

ભાવવિજય ગણિ પણ બોધિ બીજ ઉત્પન્ન કરી કૃત્ય કૃત્ય થયા. પછી ત્યાં કેટલોક કાલ રહીને ભાવવિજયગણિ ફરીને અહીયાં આવવાની ઇચ્છા કરતા છતા અન્યત્ર વિહાર કરી ગયા. શ્રી વિજયદેવસૂરિ અને ભાવવિજય ગણિનાં પગલાં ભોંયરામાં માણીભદ્રજીના સ્થાનકમાં છે.

અકબર બાદશાહને પ્રતિબોધ કરનારા શ્રી હીરવિજયસૂરિ જેમને બાદશાહે તામ્ર પટ ઉપર સાત તીર્થોના લેખ કરી આપ્યા છે. તેમના શિષ્ય શ્રીમદ્ વિજયસેનસૂરિ તેમણે જહાંગીર બાદશાહને પ્રતિબોધી જીવદયાનો ડંકો વગડાવ્યો. તેમના શિષ્ય શ્રીમદ્ વિજયદેવસૂરિએ યવન આદિને પ્રતિબોધી જીવદયાનો ડંકો વગડાવ્યો. તેમના શિષ્ય શ્રી વિજયપ્રભસૂરિ તેમના રાજ્યે ભાવવિજયગણિ થયેલા છે.

\+ + + + + + +

વર્તમાન વિક્રમની વિશમી સદીમાં માલેગામ નિવાસી દશાશ્રીમાળી વણીક ગ્રહસ્થ બાલચંદ હીરાચંદ સ્વદેશી હીલચાલને કારણે ગયે વરસે સંવત ૧૯૭૮ માં કેદખાનાની તેમને પાંચ વરસની સજા થઈ હતી, જ્યાં તેમને અત્યંત હાડમારી હતી, કેદખાનામાં તેમનાપર જુલમ સખ્ત હતો. પછી કેદખાનામાં તેમણે અંતરિક્ષજી

પાર્શ્વનાથનું સ્મરણ ધ્યાન કરવા માંડયું. અને પોતે છુટા થતાં ભગવાનનાં દર્શન કરે ત્યારેજ અમુક દ્રવ્ય ખપે એવો અભિગ્રહ કર્યો. પછી એકદા રાતના અર્ધ નિંદ્રીત સ્થીતિમાં ભગવાનના ધ્યાનમાં લીન થયેલા તે સ્થીતિમાં તેમને જણાયું કે પોતાના પલાંઠી ઉપર એક બાજુએથી સર્પ ચડીને બીજી બાજુએ ઉતરી ગયો એમ તેમને ભાસ થયો, પ્રભાત થતાં તેમને સરકાર તરફથી નિર્દોષ ગણી છોડી દેવામાં આવ્યા. મી. બાલચંદને જેલરે સરકારનો હુકમ સંભળાવી તેમને છુટા કરી રેલ ગાડીની ટીકીટ કપડાં વગેરે આપીને પોતાને વતન રવાને કર્યા. પાંચ વર્ષની સજા છતાં ત્રણ માસમાંજ તેઓ કેદખાનામાંથી છુટા થયા. પછી તેઓ પોતાને વતન જઈ ત્યાંથી અંતરીક્ષજી આવ્યા અને ભાવથી થકી ઉલ્લાસ ચિત્તે ભગવાનની પોતાની શક્તિ અનુસારે સેવા ભક્તિ કરી. સંવત ૧૯૭૮ માં આ બનાવ બનવા પામ્યો છે.

## પાર્શ્વનાથ.

૧૧૦

બદનાવરના દેરાસરમાં ફેણ વગરની પાર્શ્વનાથની પ્રતિમા સંવત ૧૧૪૫ ની બહુ ચમત્કારીકછે. આ પ્રતિ-

માને સંવત ૧૯૧૫ માં નાસિકા ખંડિત થવાથી અપૂજ રીતે એક કોટડીમાં રાખી હતી. સંવત ૧૯૫૬ ના ભાદરવા સુદી ૮ ની રાતના મંદીર બંધ હતું. તે એકદમ ઉઘડી ગયું, વાદિંત્ર વાગવા લાગ્યાં અને નૃત્યગાન થવા લાગ્યાં. પ્રતિમાજી મુલનાયકજીની જગાએ રહ્યાં. એ બાજુની પ્રતિમાઓ દૂર હઠી ગઈ, નાસિકાપણ સારી થઈ ગઈ. આ ચમત્કાર સર્વ લોકના જોવામાં આવ્યો. આજે પણ આ મંદિરમાં ચમત્કાર થયાં કરે છે. એ મંદિરમાં છત્રીશ હાથ ઉંચી એક પ્રતિમા રાખીછે, તેની પણ નાસિકા ખંડીત થયેલી છે. આ ગામના મંદિરોનાં પત્થરો બીજા ઘરોમાં, મંદિરોમાં અને મસીદોમાં વગેરે ઠેકાણે કામ આવે છે. જેમાં કેટલુંક કોરણીનું કામ પણ દેખાય છે. તેની આસપાસ ખોદતાં ઇંદ્ર ઈંદ્રાણી તેમજ પદ્માવતીની મુર્ત્તિઓ વગેરે નીકળે છે. આ ગામની બહાર બીજું એક મોટું મંદીર છે જેમાં આબુજી જેવી કોરણી છે. લોકો કહે છે કે પહેલાં એ ( તુરંગા ) નામે નગરી હતી.

× × × × × × ×

૨.

સાગરદત્ત નામે સાર્થવાહનો પુત્ર હતો. તે અનુક્રમે સાતવાર સમુદ્રમાં વેપાર કરવાને વહાણ લઇને ગયો તે

સાતે વખત વહાણો ભાગી ગયાં, જેથી ગામમાં હાંસીને પાત્ર થયો. તેવારે પોતાના જીવતને પણ ધિક્કારતો છતો તે નિસ્પૃહ થઇને મૂઢ માણસની પેઠે આમતેમ ભટકવા લાગ્યો; એકદમ કોઈ માણસને કુવામાંથી જળ કાઢતાં જોયો, સાતવાર કાઢવા છતાં જળ આવ્યું નહીં ને આઠમી વારે આવ્યું, તે વારે તેણે પોતે પણ આઠમી વખત પ્રયત્ન કરવાનો વિચાર કર્યો. એમ વિચારી સારા શુકને તે સિંહલદ્વીપ ચાલ્યો. અનુક્રમે ત્યાં જઇ ત્યાંથી ઘણાં રત્નો લઇને તે પોતાના નગર તરફ વળ્યો. એવામાં રત્નના લોભી નાવિકોએ તેને સમુદ્રમાં નાંખી દીધો, પણ દૈવયોગે એક પાટીયું હાથ લાગવાથી તે કિનારે આવ્યો. ભમતાં ભમતાં અનુક્રમે તે પાટલીપુર નગરે ગયો, ત્યાં વેપાર માટે આવેલા પોતાના સસરાને મળ્યો. અને બધી વાત કરી પછી તેમની સાથે રહ્યો.

કેટલાક દિવસો પછી તેનું વહાણ પણ ત્યાં આવ્યું. સાગરદત્તને ખબર પડવાથી રાજાની આજ્ઞા મેળવી વહાણ અટકાવ્યું અને રત્નો પોતાનાં લઈ લીધાં. પછી તે પોતાને વતન આવી અધિક ધન ઉપાર્જન કરી સુખભોગ ભોગવવા લાગ્યો. અને દરેક સાધુ સંતને કયો ધર્મ સારોછે! મુક્તિ શેનાથી મળી શકે છે! વગેરે સર્વને પૂછતો, પણ તેના મનનું સમાધાન થતું નહીં. હવે એક દિવસ શરીર

ચિંતાને માટે બહાર જતાં કોઇ જગાએ જૈન સાધુને ઉભેલા જોયા તેમને તેણે પ્રશ્ન કર્યો. તે વારે જૈન સાધુએ જણાવ્યું કે-" હે મહાનુભાવ ! હું તો અણુગાર છું, રાજ્ય તજી દિક્ષા લઈ સિદ્ધોનું ધ્યાન ધરૂં છું. તેથી તને વિશેષ વાત કહીશ નહીં, પણ કાલે સવારે ત્રેવીશમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ અહિં પધારશે, તેમને વંદન કરીને પ્રશ્ન કરજે." એ પ્રમાણે સાધુએ કાઉસ્સગ પારી ઉપકારનું કામ જાણી સાગરદત્તને કહ્યું. સાગરદત્ત હર્ષીત થયો થકો ઘેર ગયો. પ્રભાતમાં ભગવાનનું આગમન જાણી તેમને વંદન કરવા ગયો. અનુક્રમે ગામનો રાજા તથા અન્ય લોકો વગેરે પણ દર્શન કરવા આવ્યા. ભગવંતે સાગરદત્તને ઉદ્દેશીને દેવ ગુરૂ અને ધર્મનું તત્વ સ્વરૂપ સમજાવ્યું. જેથી સાગરદત્તના સંશયો દૂર થયા. એટલે વૈરાગ્યવંત થયો છતો ભગવંતના ચરણમાં જઇને નમી પડયો અને શુકલ ધ્યાને ચડતાં ત્યાંજ કેવલ જ્ઞાન થયું. પછી યતિ વેષ ધારણ કરીને કેવલીની પર્ષદામાં જઇને બેઠો. અને અનુક્રમે મુક્તિ ગયો.

\+ \+ \+ \+ \+ \+

૩.

શુદ્ધ વંશમાં ઉત્પન્ન થયેલા શિવ, સુંદર, સોમ અને જય નામે ચાર શિષ્યો દિક્ષા લઈ બહુશ્રુત થયા

હતા. ચિરકાલ તેમણે વ્રત પાળ્યું હતું. એકદા તેમણે પાર્શ્વનાથ ભગવંતને પૂછયું "આભવમાં અમારી સિદ્ધિ થશે કે નહીં."

"તમે ચરમ શરીરી હોવાથી આભવમાંજ મુક્તિ વરશો" પાર્શ્વનાથ ભગવંતે જણાવ્યું. પછી તેઓએ ચિંતવ્યું કે "આપણે અહિંયાંથી જ મુક્તિમાં જવાના છીએ તો પછી શા માટે આવું દેહ કષ્ટ કરવું જોઇએ! બસ ઘરે જઈ ખુબ ખાવું પીવું મોજ મજાહ કરવી." ઇત્યાદિક ચિંતવી તેમણે સાધુપણું છોડી દઈ અન્યત્ર જઈ તે પ્રમાણે તેઓ મોજમાં સમય ગાળવા લાગ્યા. કેટલોક કાળ એમ વહી ગયો. અન્યદા તેમને અહિંથી સિદ્ધમાં જવું હોવાથી વિચાર થયો કે "આપણે આ શું અકાર્ય કર્યું? ત્રણ જગતના આધાર એવા પાર્શ્વનાથ જેવા પ્રભુજીને પામીને આપણે ચારિત્રમાં શિથિલ થયા. કુમતિરૂપ ધુળમાં આપણા આત્માને આપણે આરોટાવ્યો. હવે આવા પ્રમાદથી આપણું શું થશે? અત્યારે આપણને પાર્શ્વનાથપ્રભુ સિવાય કોઈ શરણ નથી. હે ભગવાન! આપજ અમારા શરણ છો? આધાર છો? અત્યારે અમને આપનું જ અવલંબન હો!" એમ ચિંતવન કરતાં તેઓ ચારે ક્ષપકશ્રેણિએ ચડ્યા, અને પાર્શ્વનાથનું ધ્યાન કરતા ત્યાંજ કેવલજ્ઞાન પામીને સિદ્ધિપદ વર્યા.

* * * * * * *

૪.

લૂરા નામે ગામમાં અશોક નામે
હતો. તે હમેશાં પુષ્પોનો વેપાર કરતો હતો. એક દિવસ ગુરૂ મહારાજનો ઉપદેશ સાંભળીને જીનેશ્વરની નવ અંગે નવ પુષ્પોથી પૂજા કરી, એવી રીતે દરરોજ નવ પુંષ્પથી જીનેશ્વરની પૂજા કરતો જેથી તેજ ભવમાં તે મહર્દ્ધિક થયો, બીજા ભવમાં નવલાખ ધનનો સ્વામી, ત્રીજાભવમાં નવ ક્રોડ ધનનો સ્વામી. યાવત આઠમે ભવે નવ લાખ ગામનો સ્વામી અને નવમે ભવે નવક્રોડ ગામનો સ્વામી થયો. એકદા શ્રી પાર્શ્વનાથ ભગવાન પાસેથી પોતાનો પૂર્વભવ સાંભળી તેને ઇહાપોહ કરતાં જાતિસ્મરણ જ્ઞાન થયું અને ભગવંત પાસે દિક્ષાં લઈ કર્મનો ક્ષય કરી તે મુક્તિ ગયો.

એક સાથે નવ ભવ મનુષ્યના સામટા થતા નથી માટે વચમાં દેવ ભવ પણ સમજવા.

* * * * * * *

૫

નાગપુરમાં ધનદત્ત નામે વ્યવહારીયોં હતો, તેને બંધુદત્ત નામે પુત્ર હતો યૌવન વય આવે છતે તેના પીતાએ તેને પરણાવ્યો પણ ચોરીમાંજ તેની સ્ત્રી મરણ

પામી, અનુક્રમે છ સ્ત્રીઓની સાથે પરણ્યો અને છયે સ્ત્રીઓ મરણ પામી તે વારે લોકમાં 'વિષહસ્ત' (વિષવર) એવા નામથી તે પ્રસિદ્ધ થયો, પછી તેને કોઇએ કન્યા આપી નહી, એકદા તેના પીતાએ તેને દેશાવર ધન કમાવા સારૂ મોકલ્યો, જેથી તે વહાણ ભરી દેશાવર ગયો અને ઘણું ધન ઉપાર્જન કર્યું. પોતાને વતન આવતાં રસ્તામાં વહાણ ભાગ્યું. ભાગ્ય યોગે કાષ્ટનું પાટીયુ પામીને તે રત્નદ્વીપે ગયો, ત્યાંથી ફરતાં ફરતાં રત્ન પર્વત ઉપર ગયો, ત્યાં નેમિનાથને વંદન કરી ત્યાંથી થોડે દુર જૈન મુનિને તેણે જોયા તેમની પાસે તેણે વંદન કરી પોતાનો વૃત્તાંત નિવેદન કર્યો, મુનિએ પણ ધર્મોપદેશ આપી તેને ધર્મમાં સ્થીર કર્યો.

એટલામાં ચિત્રાંગદ નામે વિદ્યાધર ત્યાં મુનિને વંદન કરવા આવ્યો, તેણે બંધુદત્તને જોઇ સાધર્મિકપણાએ તેને નિમંત્રણ કર્યું અને પોતાને ઘેર લઇ ગયો પછી પ્રસન્ન થઇને કહ્યું કે " કહે! તને આકાંશગામીની વિદ્યા આપું. કે કન્યા આપું. "

તે વારે બંધુદત્તે જણાવ્યું કે " હું સામાન્ય વણિક છું માટે મારે વિદ્યાનું શું પ્રયોજન છે ? પછી તેને કન્યાનો ગ્રાહક જાણી વિદ્યાધરે તેને કોશંબી નગરીના જીનદત્ત શેઠની પ્રિયદર્શના પુત્રી સાથે પરણાવ્યો પરન્તુ તે કન્યા

મરણ પામી નહી, પછી બંધુદત્ત તેની સાથે સુખ ભોગવતો છતો ત્યાંજ રહ્યો, અનુક્રમે કેટલેક કાલે બંધુદત્ત પોતાના સસરાની રજા લઈ પોતાનો ગામ જવા નીકળ્યો, રસ્તામાં ચંડસેન પલ્લીપતિના માણસોએ તેને લુંટી લીધો. તેની માલ મિલ્કત અને પ્રિયદર્શનાને ભીલ્લ લોકો લઈ ગયા. તેમણે પોતાના સ્વામી ચંડસેન આગળ રજુ કરી, ચંદ્રસેને પણ પ્રિયદર્શનાને પોતાના ઉપકારી જીનદત્તની પુત્રી તરીકે ઓળખીને પોતાની બેન માની, અને તેના પતિની તપાસ કરાવવાને માણસો દોડાવ્યાં, છેવટે તેણે કુળદેવીની માનતા કરી કે "હે માતા! જો પ્રિયદર્શનાનો પતિ મળશે તો એક માસમાં દશ પુરૂષોનું તને બળીદાન દઈશ" એમ કરતા મહીનો પુરો થવા આવ્યો પણ બંધુદત્તનો પત્તો લાગ્યો નહી. હવે પલ્લીપતિએ આજ્ઞા કરી કે કુળદેવીને ચડાવાને દશ પુરૂષ પકડી લાવો, તે વારે ભીલ્લો છૂટયા માર્ગમાં અનાયાસે બંધુદત્ત અને તેનો મામો બન્ને પકડાઈ ગયા, બીજા પણ આઠ માણસો પકડયા, એમ દશે માણસોને પકડી લાવ્યા, કુળદેવી આગળ દશે જણને લાવવામાં આવ્યા, પછી પલ્લીપતિ પણ ત્યાં આવ્યો, પ્રિય દર્શના પણ પુત્રને લઈને ત્યાં આવી દશ પુરૂષોનેબચાવવાને તેણે ઘણો પ્રયત્ન કર્યો પણ પલ્લીપતિ તેનું કહેવું સાંભતો નથી, પછી ભીલ્લોએ એક પછી એક તેમને

મારવાને ખડગ ખેંચ્યાં, અને બંધુદત્ત ઉપર ખડગ ઉગામ્યું. તે વારે બંધુદત્ત સર્વ જીવોને ખમાવતો છતો ઉચ્ચ સ્વરે પાર્શ્વનાથનું સ્મરણ કરવા લાગ્યો.

પાર્શ્વનાથના નામ સ્મરણથી બંધુદત્તને ભીલ્લના પ્રહારો લાગ્યા નહી. તેમજ તેના મામાએ પણ "પાર્શ્વનાથનું નામસ્મરણ કરવા માંડયું, તેથી તેના ઉપરના પ્રહારો પણ ખાલી ગયા. ભીલો આશ્ચર્ય પામી પલ્લીપતિ પાસે દોડી આવ્યા, અને અરજ કરી કે "કોઈ બે પરદેશી પુરૂષો છે તેમને સખ્ત પ્રહાર કરવા છતાં પણ તલવાર લાગતી નથી" તરતજ પલ્લીપતિએ પોતાની પાસે બોલાવ્યા. એટલે બંધુદત્ત અને તેના મામાને તેની પાસે લાવવામાં આવ્યા, ત્યાં તો પ્રિયદર્શનાએ પોતાના પતિને ઓળખ્યો અને બંધુદત્તે પ્રિયદશનાને પણ ઓળખી, પછી પ્રિયદર્શનાએ પલ્લીપતિએ કહ્યું કે " બાંધવ ! એ મારા પતિ છે." તરતજ પલ્લપતિએ ઉઠી બંધુદત્તને આલિંગન કર્યું, અને પછી આઠેને પણ મુક્ત કરવામાં આવ્યા તેની સાથેના બીજાને માટે પૂછતાં પલ્લીપતિને બંધુદત્તે જણાવ્યું કે એ મારા મામા થાય છે. પછી આઠ દિવસ પોતે ત્યાં રહ્યો, પલ્લીપતિએ તેનો આદર સત્કાર સારો કર્યો.

એક દીવસ પલ્લીપતિએ પૂછયું કે " બંધુદત્ત મને ઘણું આશ્ચર્ય થાય છે કે તમને તે વખતે શસ્ત્રના પ્રહાર

એક પણ લાગ્યા નહી, જેથી તમારી પાસે કોઇ ઔષધિ છે કે કાંઈ મંત્ર તંત્ર છે ?"

બંધુદત્તે જણાવ્યું કે "એ કાંઈ ઔષધિ કે મંત્ર તંત્રનો પ્રભાવ નથી. પણ એ મારા દેવગુરૂનો પ્રભાવ છે."

"તારા દેવગુરૂ કોણ છે ?" પલ્લિપતિએ કહ્યું.

"મારા દેવ પણ પાર્શ્વનાથ અને ગુરૂ પણ પાર્શ્વનાથ છે, તેમના નામ સ્મરણથી ખડગના પ્રહાર તો અટકે તેમાં શું ? પણ બીજાંય અનેક વિઘ્નો નાંશ પામી જાય છે." બંધુદત્તે કહ્યું.

"તે દેવ કેવા અને કયાં છે ?" પલ્લિપતિએ કહ્યું. તે દેવ હાલ નાગપુરમાં વિચરે છે, ચોસઠ ઈન્દ્રો જેની સેવા કરે છે. જે અઢારે પાપથી રહીત હોય છે. આઠે કર્મનો જેમણે ક્ષય કરેલો છે, સંસારના વ્યવહારોથી પોતે રહીત, માધ્યસ્થ વૃત્તિવાળા, વળી અનેક કોટી જન્મના સંદેહો દૂર કરનાર એવા શુદ્ધ કેવળ જ્ઞાન અને કેવળ દર્શનના ધારણહાર પરમાત્મા છે, કે જેમના નામ સ્મરણથી માણસોનાં કોટી જન્મનાં પાપો દૂર થાય છે, ને મનોવાંછિત ફળે છે." બંધુદત્તે કહ્યું.

ત્યારે તેમનાં દર્શન મને પણ કરાવ ?" પલ્લિપતિએ કહ્યું,

"બહુ સારૂ" બંધુદત્તે કહ્યું.

પછી એક દિવસ પલ્લિપતિ બંધુદત્ત તેની સ્ત્રી અને તેના મામા સર્વ ત્યાંથી નીકળી અનુક્રમે નાગપુર આવ્યા, ત્યાં ભગવંત જે ઠેકાણે સમવસરણમાં દેશના દેતા હતા. ત્યાં આવી ભગવાનને વંદન કરી દેશના સાંભળવા બેઠા, પછી દેશનાને અન્તે બંધુદત્તના પૂછવાથી ભગવંતે તેના પૂર્વ ભવનું સ્વરૂપ સમજાવ્યું. એ સાંભળવાથી તેને પણ ઈહાપોહ કરતાં જાતિસ્મરણ જ્ઞાન થયું અને પોતાનો પૂર્વલો ભવ જોયો, જેથી ભગવંતના ચરણમાં નમીને કહેવા લાગ્યો કે "ભગવંત ? આપે કહ્યું તે સર્વ સત્ય છે, જાતિસ્મરણ જ્ઞાનથી મારો પૂર્વ ભવ મારા જોવામાં આવ્યો છે, હજી પણ મારૂં ભાગ્ય જાગૃત છે કે આપના ચરણકમલ મને પ્રાપ્ત થયાછે. હવે મારે શું કરવું?"

"હે ભદ્ર ? દુર્જનોથી દૂર રહી સાધુ સમાગમ રાખવો. રાત્રી દિવસ પુણ્યનાં કાર્યો કરવાં. સંસારની અનિત્યતા સંભારવી. ઔચિત્યનું ઉલ્લંઘન ન કરવું. સદ્‌ગુરૂની સેવા કરવી ને દાનાદિકમાં પ્રવૃત્તિ રાખવી." વગેરે ધર્મોપદેશ આપ્યો પછી પલ્લિપતિએ પૂછયું. "ભગવંત ! હું બહુંજ પાપી છું સાતે વ્યસન સેવનારો અનેક પ્રકારના દુરાચારમાં આસક્ત પરદ્રવ્યનો ચોરનાર અને સ્ત્રી લંપટ છું તો મારી શું ગતિ થશે."

તે વારે ભગવંતે કહ્યું, “ પાપી માણુસ પણુ પાપને તજીને સુકૃત્ય કરે છે તો તે પણુ શુદ્ધ થઇ શકે છે. હે પલ્લીશ ? પાપી માણુસ પણુ પાપનો ત્યાગ કરી ધ્યાન દાન અને તપ વગેરે કરવાથી સદ્દગતિને પામે છે. આ સંસારમાં સર્વ જીવો સ્વાથ પરાયણુ છે. સંસાર અસારજ છે વિચાર કરતાં કોઇ કોઈનું નથી. ” એવી રીતે પલ્લિપતિને ધર્મોપદેશ આપ્યો.

પછી બંધુદત્તે પૂછયું કે “ હેવે હમારૂ શું થશે ! ”

ભગવાને કહ્યું. “ તમે અને પાલ્લિપતિ અહીંથી વ્રત લઇને આઠમા સહસાર દેવલોકે દેવ થશો, ત્યાંથી મહાવિદેહમાં તું ચક્રવર્ત્તિ થઈશ અને આ પાલ્લિપતિ તારી રાણી થશે, ત્યાં સુખ ભોગવી દિક્ષા લઈ નિરતિચારપણે ચારિત્ર પાળી તમે બન્ને મુક્તિ પામશો” આ પ્રમાણે સાંભળીને બંધુદત્ત તેની સ્ત્રી અને પલ્લિપતિએ ત્રણેજણે સાથે વ્રત ગ્રહણુ કર્યું. તે ત્રણે નિરતિચારપણે ચારિત્ર પાલી અનુક્રમે સહસાર આઠમા દેવલોકે દેવતા થયા. ત્યાંથી મહાવિદેહમાં પુર્વ વત મુક્તિ પામશે.

આ ‘ પ્રગટ પભાવી પ્રાર્શ્વનાથ ’ વાંચનાર અને લખનારના મંગળ માટે થાઓ ! તેમના મનોરથો, સંકલ્પો, સફળ થાઓ, તેમના ઉપદ્રવ વિઘ્નો નાશ પામો !

તેમના પાપ શાંત થાઓ ! તેઓ ધર્મમાં રૂચીવંત થાઓ !

---

# તીર્થમાલા.

## મંગલં.

## ચોવીસ તીર્થંકરનો ગરબો.

૧

નાભિનાનંદ એ તો નાભિનાનંદ,
પહેલા તે રૂષભ સુહંકરરે, લોલ;
પહેલા નરિંદ એતો પ્રથમ જીણંદ,
બીજા અજીતનાથ વાંદીયેરે, લોલ.

### સાખી ગદ્યમાં.

સંભવને અભિનંદ, સુમતિને પદ્મ પ્રભુ;
સુપારસને પ્રભુ ચંદ, સુવિધિ શિતલ પ્રભુ,

શ્રેયાંસને વાસુ પુજ્ય વિલાસી,
શ્યામ સલુણાએ ચંપાનાવાસી;
વિમલ અનંત ધર્મ સુધારી,
વરીયા મુક્તિ વધુ લટકાળી; નાભિ० ૧

### સાખી.

તીર્થંકર ચક્રી થયા, શાંતિકુંથુ અરનાથ;
જયજય કમલા શીવ વર્યા, મલ્લિ ત્રિભુવનાથ;
મુનિસુવ્રત નમિનાથ, બુદ્ધિના બળીયારે
બળવંતા નેમીનાથ, ભવજલ તરીયારે;
પ્રગટ પ્રભાવી પાસ, અમ ઘેર આવોરે,
કળજુગમાં પારસનાથ, પરચો બતાવોરે; નાભિ. ૨

### સાખી.

પુરીસાદાની પરમેસરૂ, અનાથના ઓ નાથ,
કૃપા કરી જગદિસરૂ, સ્હાય કરો જગનાથ.
પ્રભુ પારસ છો શીરતાજરે, વ્હારે વ્હાલા આવોને
દુઃખ દારિદ્ર ટાળી મહારાજરે, ભીડો મારી ભાગોને.
મહાવીર તમે હૈડાના હારરે, દયા દીલ લાવોને
રૂડા મણીમય ત્રિશલાનંદરે, કાજ સુધારોને. નાભિ. ૩

## તીર્થ માળા.

### મુંબઇ.

૧ (બી. બી. રેલવે)

મુંબઈ એ આજના જમાનાનું વેપારનું મુખ્ય મથક છે, જૈનોની વસ્તી પણું ત્યાં સારી છે. દેરાસરો મુખ્યતાએ

પાયધુનીપર ગોડી પાર્શ્વનાથ, મહાવીર સ્વામી, આદિશ્વરજી વગેરે આવેલાં છે. ભીંડી બજારને રસ્તે શાંતિનાથજી તથા ગોડીજીની બાજુએ ચિંતામણી પાર્શ્વનાથ, તેમજ બંદર ઉપર બે દેરાસરો, કોટમાં એક શાંતિનાથજીનું દેરાસર તથા ઝવેરી બજારમાં મહાવીર સ્વામીનું દેરાસર તેમજ ભાયખલાનું વિશાલ આદેશ્વર ભગવાનનું દેરાસર, લાલ બાગનું વગેરે જૈન મંદિરો મુંબઇમાં ઠીક જાહોજલાલીવાળાં અને વ્યવસ્થાપૂર્વક જોવાય છે. વાલકેશ્વરનાં ત્રણ દેરાસરો, તેમજ દાદર, થાણા, ઘાટકોપર, માહીમ વગેરે સ્થાને પણ જૈન મંદીરો આજે ઝળકી રહ્યાં છે.

મુંબાઈમાં સામાન્ય રીતે જી. આઇ. પી. રેલવેનું મુખ્ય સ્ટેશન બોરીબંદર છે. તેમજ બી. બી. આઈ. ઈ. રેલવેનું મુખ્ય સ્ટેશન કોલાબા ગણાય છે, આ શહેરમાં બીજાં પણ જોવા લાયક સ્થાનકો ઘણાં છે મુંબઇમાં લાલ બાગમાં દેરાસર પણ છે ત્યાં જૈન મુસાફરોને ઉતરવા માટે પણ લાગવગવાળાને સગવડ મળી શકે છે.

## સુરત.

૨

સુરતમાં ગોપીપુરા એ તો સામાન્ય રીતે જૈનપુરી તરીકેજ ઓળખાય છે. ત્યાં આપણાં ઘણાં દેરાસરો આ-

વેલાં છે, સુરત એ અસલ નવાબની રાજધાનીનું જુનું શહેર હતું. અંગ્રેજ સરકારે હિંદુસ્થાનમાં આવી પ્રથમ કોઠી સુરતમાં નાખી હતી. ત્યાં પ્રખ્યાત 'સુરજમંડન પાર્શ્વનાથ' નું મંદિર છે. કલ્યાણ પાર્શ્વનાથનું ખબુતરખાનામાં, વીમલનાથનું સોની ફળીયામાં વગેરે અનેક દેરાસરો સુરતની સુરતમાં શોભા આપી રહ્યાં છે. ત્યાંથી અઢી માઈલ દુર રાંદેર ગામ છે ત્યાં લગભગ છ દેરાસરો છે વર્તમાન સમયમાં સુરત જાત્રા કરવા લાયક સ્થાનક છે. અહીંથી નજીક કતાર ગામમાં આદેશ્વરનું દેરાસર છે ધર્મશાળા પણ છે સુરતથી સંઘ કોઈ કોઇ વાર ત્યાં જાય છે.

## જગડીયા.

૩

અંકલેશ્વરથી રાજપીંપળા સ્ટેટ રેલવે. જાય છે ત્યાં જગડીયા તીર્થનું જગડીયા સ્ટેશન આવે છે, ત્યાંથી લગભગ માઇલ જેટલું જગડીયા ગામ દૂર છે. જૈનોને માટે આ તીર્થ ઘણુજ ઉપયોગી છે. હવાનું સ્થળ પણ સારૂ છે. ધર્મશાળાની સગવડો પણ સારી છે. સ્થળ પણ રમણીય

અને મનોહર છે, દર પુનેમે અહીં ઘણા લોકો જાત્રાએ આવે છે, જગડીયાના અધિષ્ઠાયક જાગૃત હોવાથી ક્વચિત ચમત્કાર પણ જોવામાં આવે છે, જગડીયા પ્રથમ પાર્શ્વનાથજીનાં ૧૦૮ જાત્રા લાયક સ્થાનકોમાંનું એક હતું, પણ સંવત ૧૯૨૧ પછી આદેશ્વરજી પ્રગટ થયા, ત્યારથી મુલનાયકજી આદેશ્વર ભગવાન મહાન ચમત્કારીક છે. વિશેષ હકીકત માટે જુઓ પાછળ જગડીયા પાર્શ્વનાથ.

# ભરૂચ યાને અશ્વાવબોધ તીર્થ.

૪

“ **भरुअच्छहिं मुणिसुव्वयं** ” પ્રસિદ્ધ જગચિંતામણી ચૈત્યવંદનમાં શ્રી ગૌતમ સ્વામીએ આ ચૈત્યવંદન અષ્ટાપદ પર્વત ઉપર રચ્યું છે તેમાંના આ શબ્દો છે કે ભરૂચમાં શ્રી મુનિસુવ્રત સ્વામી એજ ભરૂચ શહેરની પુરાતનતા સુચવે છે. વીશમા તીર્થંકર મુનિસુવ્રત સ્વામીને મોક્ષ ગયાં પણ આજે કંઇક ન્યુન લગભગ બાર લાખ વરસ થવા આવ્યાં છે. તે પહેલાંનું આ ભરૂચ શહેર છે. મુનિસુવ્રત સ્વામી એક દીવસમાં સાઠ જોજન ચાલી વિચરતા વિચરતા એકદા ભરૂચ નગરના કોરંટક વનમાં સમ-

વસર્યા, તે વખતે ત્યાંનો રાજા જીતશત્રુ અને તેનો ઘોડો પ્રભુની ધર્મોપદેશનાથી બોધ પામ્યા હતા. એ અશ્વ પૂર્વ ભવે કોણ હતો વગેરે વિશેષ હકીકત જૈન સાહિત્યમાંથી જોઇ લેવી, અથવા તો ત્રેસઠ શલાકી પુરૂષ ચરિત્રમાંથી વીશમા તીર્થંકરનું ચરિત્ર જોવું.

પ્રભુની દેશનાથી અશ્વ બોધ પામ્યો, તેને જાતિ સ્મરણ જ્ઞાન થયું. અને પછી તે ધર્મ પરાયણ થઈ આઠમા દેવલોકે ગયો, માટે ભરૂચમાં અશ્વાવબોધ તીર્થ ત્યારથી પ્રગટ થયું. મુનિસુવ્રત સ્વામીની મહા પ્રભાવિક મુર્ત્તિ ભરૂચ નગરમાં છે.

વૃદ્ધવાદિ સૂરિએ મુકુંદ પંડિતને રાજ્ય સભામાં જીતી અહીંયાંજ દીક્ષા આપી હતી.

પૂર્વે શ્રીપાલ કુમારે પણ ધવલ શેઠની સાથે પોતાની દરીયાઇ મુસાફરી આ ભરૂચ નગરથી શરૂ કરી છે.

ભરૂચથી અશ્વાવબોધ તીર્થ આજે લગભગ છ ગાઉ દુર હોય એમ જણાય છે. હાલ ત્યાં એક મોટો વડ છે. એ વડ લગભગ બે ત્રણ મૈલના વિસ્તારમાં છે, અશ્વ પંદર દિવસનું અણસણ કરી આઠમા દેવલોકે દેવપણે ઉત્પન્ન થયો, ત્યાર પછી ભગવંત સાડા સાત હજાર વર્ષ પર્યંત વિચરી સમેતશીખરે મોક્ષે પધાર્યા. મુનિસુવ્રત

સ્વામીને થયે આજે અગીયાર લાખને સાડી છયાસી હજાર વર્ષ લગભગ થયાં છે.

## વડોદરા.

૫.

દાદા પાર્શ્વનાથજીનું મહામંદિર નરસિંહજીની પોળમાં આવેલું છે, તથા પાવાગઢથી ભીડભંજન પાર્શ્વનાથને પણ લાવીને ત્યાં પધરાવ્યાછે તે માટે જુઓ દાદા પાર્શ્વનાથ પાછળ! ત્યાં બીજાં પણ ૧૮ દેરાસરો આવેલાં છે. ધર્મશાળા ઘડીયાલી પોળમાં આવેલીછે. ગાયકવાડ સરકારની રાજ્યધાનીનું શહેર છે. લક્ષ્મીવિલાસ મહેલ, રાજ્યમહેલ વગેરે જોવાલાયક છે. શહેર સુધરાઇવાળું છે. અહિંયાં મરાઠી રાજ્યની સ્થાપના પીલાજીરાવ ગાયકવાડથી થયેલી છે. પ્રથમ લગભગ તેઓ ગુજરાતના અધિપતિ કહેવાતા હતા. કાઠિયાવાડ પણ તેમના અધિપત્ય નીચે હતું. હિંદુસ્થાનમાં આ રાજ્ય આજે બીજે નંબરે ગણાય છે. આ શહેરને વટપદ્ર પણ કહે છે.

# કાવી ગંધાર.

૬.

આ કાવી ગંધાર ભરૂચ જીલ્લાનું વાગરા તાલુકાનું ગામ છે. જૈન લોકોનું તીર્થ સ્થળ ગણાય છે. ત્યાં બે દેરાસર છે. એક શ્રી મહાવીરસ્વામીનું તે સંવત ૧૫૦૦ માં રૂા. એકલાખના ખર્ચે આશરે બંધાયું હશે; હાલમાં જીર્ણપ્રાય: છે તે સમરાવવાની જરૂર છે. બીજું અમીજરા પાર્શ્વનાથનું ઘણું જુનું દેરાસર છે. તેને બંધાવતાં આશરે પચ્ચાસ હજાર ખર્ચ થયાં હશે.

પ્રસિદ્ધ શ્રીમદ્ હીરવિજયસૂરિ જ્યારે વિહાર કરતાં અહિંયાં આવ્યા, ત્યારે તેમને અકબર બાદશાહ તરફથી દીલ્હી આવવાનો પેગામ મળ્યો. તે પછી તેમણે ગંધારના શ્રાવકો સાથે "જવું કે ના જવું" તે સંબંધી મસલત કરી પણ શ્રાવકોએ દીલ્હી જવાની સૂરિને અનુમતિ આપી નહિં છતાં મહારાજશ્રીને પોતાનેજ કુદરતી આત્મા પ્રેરણા કરવા લાગ્યો કે દીલ્હી જવામાં ફાયદો છે, જેથી તેમણે દીલ્હી જવાનું નક્કી કર્યું ને તરતજ અમદાવાદ આવ્યા, અને અહિંથી દીલ્હી ગયા. ભરૂચથી ૧૭ ગાઉ ગંધાર દૂર થાય છે.

અને ગંધારથી પણ કાવી પંદર ગાઉ દૂર થાયછે.

કાવી એ જંબુસર જીલ્લામાં આવેલું છે. કાવીમાં શિખર બંધી બાવન જીનાલયનાં સામસામે બન્ને દેરાસરો સ્વર્ગના વિમાન સરખાં શોભી રહ્યાં છે.

ગુજરાતમાં વડનગરના રહીશ દેપાલગાંધીના વંશજ બાહુ અને અલુઆ ગાંધી કાવી નગરમાં જાત્રાર્થે આવ્યા તે વખતે કાવી મોટું નગર હતું. ત્યાં તેમને દેરાસર બંધાવાનો વિચાર થયો. તે સમયે તપાગચ્છ નાયક શ્રી સોમસૂરિશ્વર પણ પરિવાર સહિત ત્યાં પધાર્યા હતા. તે પ્રસંગનો લાભ લઇ બાહુ ગાંધીની પત્ની હીરાબાઇએ મોટો પ્રાસાદ કરાવી ઋષભદેવ સ્વામીની મૂર્ત્તિ ભરાવી સૂરિને હાથે સંવત ૧૬૪૯ માં પ્રતિષ્ઠા કરાવી, મહા મનોહર ઉત્તમ પ્રાસાદ બનાવ્યો.

એકદા હીરાબાઈ અને તેમની પુત્રવધુ વિરાંબાઈ જાત્રા કરવા ત્યાં આવ્યાં તેવારે વિરાંબાઈ ઉંચા હોવાથી બારણું તેમને નીચું લાગ્યું તેથી ખિન્ન થઇને માથું ધુણાવ્યું.

વિરાંબાઇને માથુ ધુણાવતાં જોઈ સાસુજીએ પૂછયું " કેમ વહુજી માથુ ધુણાવ્યું ! એમ સાંભળી વહુ બોલી " સાસુજી ! આપે દેરાસર તો બહુજ ઉત્તમ બનાવ્યુંછે. અને શિખર પણ અનુપમ છે, પણ આ મંદિરનું બારણું નીચું કરાવી આ પ્રાસાદની સુંદરતામાં ખામી આણી છે."

તેવારે સાસુજીને રીસ ચઢી ને જણાવ્યું કે " હે સુલક્ષણી ! તમને જો હોંશ હોય તો પિતાને ત્યાંથી ધન મંગાવી બીજું મંદિર બંધાવી બારણું મોટું કરાવો. વિરાંબાઈ ગંભિર હતાં જેથી સાસુજીના શબ્દો પેટમાં ઉતારી દીધા પછી થોડા દિવસ જવા બાદ પિતાને ત્યાંથી અસંખ્ય દ્રવ્ય મંગાવી બીજાજ વરસમાં સં. ૧૬૫૦ માં બીજું પોતાની સાસુથી પણ વધુ સુંદર મંદિરનું ખાતમુહૂર્ત્ત કરાવ્યું. અને પાંચ વર્ષમાં તો દેવવિમાન સરખું બાવન જીનાલયનું મંદિર તૈયાર કરાવી દીધું તેનું ' રત્નતિલક પ્રાસાદ ' એવું નામ રાખ્યું.

પુણ્યવંતને શું ખામી હોય તેમના ભાગ્યવશથી તરતજ આ સમયે ફરતા ફરતા ( સોમસુંદરસૂરિ ) સેનસૂરિજી ત્યાં પધાર્યા. તેમણે ધર્મનાથ સ્વામીની મૂર્ત્તિની પ્રતિષ્ઠા સં. ૧૬૫૫ માં કરી ને અંજનશલાકા પણ કરી. એજ સેનસૂરિ મહારાજે સાસુજીના દેરાસરની પણ પ્રતિષ્ઠા કરી હતી. મંદિર દરીયા કિનારે આવેલું છે.

આ દેરાસરની સંભાળ જંબુસરનો સંઘ રાખે છે.

હાલમાં જીર્ણોદ્ધારનું કામકાજ ચાલુ છે.

કાવી તીર્થની યાત્રા કરવા ખંભાત થઇને મચ્છવામાં જવાય છે તેમજ પાદરા થઇને પણ જવાય છે.

શ્રી દીપવિજયજી કવિરાજે આ શ્રી ઋષભદેવ તથા નેમીનાથના સ્તવનની ઢાલ સં. ૧૮૮૬ માં બનાવી છે.

—:o:—

# પરોલી.

૭.

ગોધરા તાબે પરોલી ગામમાં શ્રી નેમીનાથ સાચા દેવનું તીર્થ હતું.

# પારેલા.

૮.

પારેલા ગામમાં શ્રાવકનું ઘર નથી, છતાં પાર્શ્વનાથનું મંદિર છે, તેને અઢારે વર્ણના લોકો પૂજે છે. પ્રથમ એ પ્રતિમાને વડોદરાના શ્રાવકોએ વડોદરે લાવવા પ્રયત્ન કરેલો પણ આપેલી નહીં પછી તેમને એટલે પારેલાના લોકોને પૂજા વગેરેની વિધિની સમજ પાડી, જેથી તેઓ હવે જૈન શૈલી પ્રમાણે પૂજા કરે છે. પ્રતિમા ઘણી જ ચમત્કારીક છે. દર્શન કરવા લાયક છે.

પારેલા વડોદરેથી સાત ગાઉ દૂર થાય છે, અને

વડોદરા ગોધરા રેલ્વેનું છાણી સ્ટેશન તેથી બીજું સ્ટેશન આવે છે ત્યાંથી દોઢ બે ગાઉ થાય છે.

# સ્થંભનપુર (ખંભાત).

૯.

સ્થંભન પાર્શ્વનાથ સંબંધી હકિકત માટે જુઓ પાછળ સ્થંભન પાર્શ્વનાથ ! ખંભાત આણંદથી બીજી રેલ્વેમાં જવાય છે.

# ખેડા.

૧૦

સ્ટેશન મહેમદાવાદ છે, મહેમદાવાદ એ મહમ્મદશાહ બેગડાએ પંદરમા સૈકામાં વસાવેલું છે. અમદાવાદનો સુલતાન મહમદ બેગડો એ ઈતીહાસ મશહુરછે જેણે જુનાગઢ અને પાવાગઢની તળેટીમાં આવેલું ચાંપાનેર એ બે ગઢ જીત્યા તેથી બેગડો કહેવાણો. તે માટે જુઓ ગુજરાતી ઐતિહાસીક સાહિત્ય !

મેહમદાવાદથી ખેડા સાત મૈલ દૂર આવેલુ છે, ખેડામાં જૈનોનાં પાંચસો ઘર છે ત્યાં ધર્મશાળા તથા ઉપાશ્રય ઘણા છે. ખેડામાં ઉંટડીવાટે ધર્મશાળાછે. દેરાસરો લગભગ છ,સાત જેટલી સંખ્યામાં છે.

ખેડાને શાસ્ત્રમાં ખેટકપુર પણ કહે છે.

ખેડામાં ભીડભંજન પાર્શ્વનાથનું દેરાસર વિશાળ અને મોટું છે તે માટે વિશેષ હકીકત જાણવાને જુઓ પાછળ ભીડભંજન પાર્શ્વનાથ ?

ખેડા હાલમાં ભાગી ગયેલું છે. ખેડા ભાગીને મહેમદાબાદ વસ્યું છે.

# માતર.

૧૧

ખેડા જીલ્લામાંના નડીયાદ તાલુકાના મહુધા ગામની નજીક સુંહુંજ નામે પુરાતની ગામ છે. તે ગામમાં એક બારોટ રહેતો હતો, તે બારોટની ઘરની નજીકમાં વિશાળ વાડો હતો, તે વાડામાં બારોટના પૂર્વ પુણ્યના પ્રભાવવડે પાંચમા સુમતિનાથ પ્રગટ થયા, આ વાડામાં સુમતિનાથ જમીન અંદર કયારે અને કયી વખતે સ્થાપન થય તેનો

પત્તો હજી સુધી મળતો નથી. જેમ જેમ આજુબાજુ ગામના રહેવાશીઓને ખબર પડતી ગઇ. તેમ તેમ તેઓ દર્શનાર્થે આવવા લાગ્યા.

પ્રભુજીને પણ હવે બહાર પધારવાની મરજી થઇ, તેથી તેમણે માતરના રહેવાશી શા. જીવરાજ સુંદરજી તથા દેવચંદ વેલજી તથા શાહ નથુ ગાંધી એ ત્રણેને સ્વપ્નુ આપ્યું કે સુંહુજ ગામમાં બારોટના વાડામાંથી તમે મને બહાર કાઢજો, પછી તેઓ ત્યાં આવ્યા અને ભગવાનને પ્રગટ કર્યા. થોડુક ખોદયું કે તરતજ બીજી પણ બે પ્રતિમાઓ ત્યાં પ્રગટ થઇ, આ વાતની ખબર પડતાં આજુબાજુથી દરેક ગામ ગામના લોકો ત્યાં આવ્યા, જમીનમાંથી મહા પ્રભુને જમીન ઉપર પધરાવ્યા, તે ટાણે ભગવંતને પવિત્ર અંગે માટી વગેરે ભરાઈ હતી, તેથી પ્રતિમા ઝાંખી છતાં તેજવંત અને ચમત્કારીક જણાતી હતી. પછી જ્યારે ગાયનું દુધ અને પવિત્ર જળ મંગાવી વીધિ સહિત સ્નાત્ર કરાવ્યું, તો ત્રણે પ્રતિમાઓ આબેહુબ તેજવંતી જણાઈ.

બારોટે પોતાના ઘરમાં ગાયના છાણથી થોડીક જગા લીંપી સાફ કરી બાજોઠ ઉપર ભગવાનને પધરાવી વિધિસહિત પૂજન કર્યું અને ત્યાં સર્વ કોઇ દર્શનને માટે આવવા લાગ્યા.

હવે દરેક ગામના લોકો પોતપોતાને ગામ પ્રતિમાજી લઈ જવાને વિચાર કરવા લાગ્યા. વળી માતરનાં ત્રણ જણ પણ અહીયાં આવેલા છે. જેમને અધિષ્ટાયકે સ્વપ્ન આપ્યું હતું. પછી એમ નક્કી થયું કે પ્રભુજીનો જ્યાં હુકમ હોય ત્યાં લઇ જવા; એમ વિચાર કરી સર્વ ગામના લોકોએ એકઠા થઇને ચીઠીયો નાખી જે ગામની ચીઠી આવી તે ગામના લોકો નાહી ધોઇ સ્વચ્છ કપડાં પહેરી ભગવાનને ઉપાડવા ગયા પણ ભગવાન ઉપડયાજ નહી. ઘણા લોકોએ એક સાથે ઉપાડવા માંડયા પણ હજારો પણ ભાર ચાલો વજ્રની માફક સ્થીર હોઈ પ્રભુ કોઈનાથી ઉપડી શકયા નહી.

હવે માતરના ત્રણ જણાઓ અત્યાર સુધી ધીરજથી બેસી રહ્યા હતા, તેઓ આગળ આવી સંઘને નમ્રતાથી અરજ કરવા લાગ્યા કે "જો તમારી રજા હોય તો અમે નાહી ધોઈ સ્વચ્છ થઈ ભગવાનને ઉપાડીએ, અમારાં ભાગ્ય હોય તો અમારાથી ઉપડે અને અમારે ગામ ભગવાન પધારે, સર્વ લોકોએ રજા આપી. પછી તેઓ નાહી ધોઈ સ્વચ્છ વસ્ત્ર પહેરી એ ત્રણે જણ ભગવાન પાસે આવી પ્રાર્થના કરવા લાગ્યા "હે ભગવાન, આપ હમારા ગામ પધારો ! અને હમારી હમારા ગામની જાહોજલાલીને વધારો ! અમારી હૃદયની પ્રાર્થના

સ્વીકારો ?" એમ કહી એ ત્રણ જેણે સર્વ સંઘની અજાયબી વચ્ચે ભગવાનને ફુલના દડાની માકફ ઉપાડયા અને ગાડામાં પધરાવ્યા. ગાડુ એની મેળેજ, માતર ગામ તરફ વળીને ચાલવા લાગ્યું. તે થોડેક દૂર જઇને ઉભુ રહ્યું. પછી ગાડાને બળદ જોડીને માતર તરફ ચાલતું કર્યું. સર્વ સંઘે નક્કી કર્યું કે મહા પ્રભુને માતર ગામે જવાની મરજી છે, એમ ધારી સર્વ લોકો માતર આવ્યા. માતરના ત્રણે શ્રાવકો પ્રતિમાજીની આસપાસ ચાલવા લાગ્યા. સર્વ લોકોની ખુશાલીમાં ફક્ત બારોટજ એક નારાજ હતો, તેના ઘેરથી ભગવાન બીજે ઠેકાણે જાય તેથી તેને મન દીલગીરી થવા લાગી. પણ સર્વ લોકોએ તેને શાબાસી આપવા માંડી અને પચ્ચાસ રૂપીઆ શીરપાવના આપી બારોટને ખુશી કર્યો.

× × × × × ×

હવે અહીયાં પ્રતિમાજીને લઇને સર્વ માતરની નજીક નદિને કાંઠે આવી પહોચ્યા, તો નદી ચારે કાંઠે પાણીથી ભરપુર હતી. હવે પ્રભુને નદી ઓળંગીને પેલે પાર કેવી રીતે લઈ જવા તે માટે વિચારમાં પડ્યા, એ-ટલામાં તો ગાડીવાને ગાડુ નદી તરફ હાંકી મુકયું, કારણ કે સર્વ જણ ચારે તરફ પાણી જોતા હતા પણ ગાડીવાન પાણી દેખતો નહોતો, તેથી સર્વ લોકની નાના કહેવા

છતાં પણ ગાડુ નદીમાં ચાલુ મુકી સામે પાર ઉતારી મુકયું. સર્વ લોકના આશ્ચર્યની સીમા રહી નહી, અને આજકાલમાં ખરેખર આ પ્રભુજ સાચા દેવ છે. એમ વિચારી સર્વ લોકોએ પ્રભુનું નામ 'સાચા દેવ' પાડયું.

માતરમાં પ્રથમ એક ઓરડામાં બાજોઠ ઉપર પ્રતિમાજીને પરૂણા દાખલ પધરાવ્યાં. સાચા દેવની ગામેગામ પ્રખ્યાતિ થવાથી ગામેગામના જૈનો જાત્રા અર્થે માતરમાં આવવા લાગ્યા, મૂળ નાયકજીનું ત્રણ શિખર બંધી દેરાસર કરાવી તેમાં સંવત ૧૮૫૨ માં ભગવાનની પ્રતિષ્ઠા થઇ પણ આ દેરાસર ઘણું નાનું હતું જેથી જેમ જેમ ઉપજમાં વધારો થતો ગયો તેમ તેમ મોટુ દેરાસર બંધાવવાનો લોકોનો વિચાર થયો, સંવત ૧૮૯૭ ના મહા સુદી ૫ ને રોજ ફરી પ્રતિષ્ટા કરવામાં આવી ભમતીમાં બાવન જીનાલયની પ્રતિમાઓ પાલીતાણેથી લઈ આવી માતરમાં પધરાવવામાં આવી, પ્રતિષ્ઠા વખતે ધામધુમ સારી કરવામાં આવી, તે પછી દેવલનું શીખર સં. ૧૯૩૮ ની સાલમાં પડી ગયું, તેમજ તેમાંના અખંડ દીવાનો નાશ થયો, જેથી સંઘના સર્વ લોકોમાં ભય પ્રગટ થયો. પણ જેવી દૈવેચ્છા ? ભાવી ભાવની જેવી મરજી સમજીને મૌન રહ્યા, પડી ગયેલું શિખર ૧૯૪૫ ની સાલમાં બંધાવ્યું, તેમજ ધજાગરો પણ ચડાવ્યો, તેનું

મુહુર્ત્ત સંવત ૧૯૪૫ ના જેઠ વદી ૧૦ ના રોજનું હતું.

અહીયાં જૈન ભાઇઓને ઉતરવાને માટે અમદાવાદ વાળા શેઠ મગનભાઈ કરમચંદે વિશાળ ધર્મશાળા બંધાવી છે, તેમજ બીજી હઠીભાઈ કેશરીભાઇની ધર્મશાળા છે. દેરાસરનું શિખર અને ધજાગરો ચડાવતાં અને એકંદરે દેરાસરનું ખર્ચ કુલ રૂપીઆ ચાર લાખ થયું હશે, માતર ખેડાથી બે ગાઉ થાય છે.

---

# અમદાવાદ.

૧૨

અમદાવાદ શહેર અહમદશાહ બાદશાહે સં. ૧૪૧૩ ની સાલમાં વસાવ્યું છે. તે સમયથી તે આજ સુધી અમદાવાદ જૈન પુરી તરીકે મશહુર છે, આ શહેર મીલ ઉદ્યોગ માટે પ્રખ્યાત છે. જેથી વેપાર હમેશ વધતો જાય છે. વેપારમાં આ શહેર મુંબઈથી ઉતરતું બીજે નંબરે છે. આ શહેરમાં મોટાં મોટાં સો ઉપર દેરાસરો છે દીલ્હી દરવાજા બહાર બહારની વાડીના નામથી ઓળખાતું શેઠ હઠીસીંગ કેશરીસીંગનું દેરાસર સૌથી મોટુ, વિશાલ, રમણીય અને ભવ્ય છે. મૂળનાયકજી શ્રી ધર્મનાથજી બીરાજમાન છે. દેરાસર બાવન જીનાલયનું અને મોટા વિસ્તારવાળું છે.

અકબર બાદશાહને પ્રતિબોધ કરનાર પ્રખ્યાત હીર-વિજયસૂરિની મુર્ત્તિ ડોસીવાડાની પોળમાં અષ્ટાપદજીના દેરાસરમાં છે. હીરવિજયસૂરિ દીલ્હી જવા માટે પ્રથમ અમદાવાદ આવ્યા હતા. અહીંના સુબા ઉપર દીલ્હીથી સુલતાનનો પેગામ આવવાથી અહીયાં સૂરિશ્વરની ઇજ્જત આબરૂમાં સુબાએ વધારો કરી બાદશાહનો પેગામ કહી સંભળાવ્યો, જેથી અહીંયાંથી સૂરિશ્વર દીલ્હી તરફ જવાને રવાને થયા. તેમજ સેન પ્રશ્નના કર્ત્તા શ્રી વિજય સેનસૂરિ, કલ્પકિરણાવલીના રચનાર શ્રી ધર્મસાગરજી ઉપાધ્યાય, મહાપુરૂષ યશોવિજયજી તેમજ વિજયસિંહ સૂરિની આજ્ઞાથી ક્રિયા ઉદ્ધાર કરનાર શ્રી સત્યવિજય પન્યાસ, જ્ઞાનવિમલસૂરિ, પદ્મદ્રહ પદવીધારક શ્રી પદ્મ-વિજયજી, રૂપવિજયજી વગેરે અનેક મહાન જૈનાચાર્યો આ રાજનગરને પોતાના ચરણથી પાવન કરી ગયા છે.

અમદાવાદ શહેરમાં લગભગ ૧૩ પુસ્તક ભંડારો છે, શહેરની પાસે રાજપરમાં ચિંતામણી પાર્શ્વનાથનું દેરાસર છે, જે પ્રતિમા શ્યામ સ્વરૂપ સંપ્રતિ રાજાની ભરાવેલી છે. દર રવિવારે સેંકડો લોકો દર્શનને માટે ત્યાં જાય છે. તેમજ દેવશાને પાડે, વાઘેણ પોળમાં અને કાળુસીંગની પોળમાં ચિંતામણી પાર્શ્વનાથ બીરા-જમાન છે.

ફતાસાની પોળે રીચીરોડના રસ્તે અચ્યાવ્રં મહાવીર સ્વામીનું દેરાસર શોભી રહ્યું છે.

ડોસીવાડાની પોળમાં મંદીરસ્વામી, ભાભા પાર્શ્વનાથ, ત્યાંથી આગળ બારીયેથી ઉતરતાં જગવલ્લભ પાર્શ્વનાથનું દેરાસર. જેમની મુર્ત્તિ ભોંયરામાં છે. આદેશ્વર પણ ભોંયરામાં છે ઉપર સહેસફણા અને ધર્મનાથજી છે બહાર શાંતિનાથજીનું શિખરબંધી દેરાસર છે.

મુલેવા પાર્શ્વનાથની ખડકીમાં મુલેવા પાર્શ્વનાથજીનું દેરાસર છે.

અમદાવાદ એ જૈન ધર્મનું અપૂર્વ જાહોજલાલી વાળુ શહેર ગણાય છે. ત્યાં સેંકડો દેરાસરો, ઉપાશ્રયો, ઘણી પાઠશાલાઓ, સભાઓ, કન્યાશાળા વગેરેથી રાજનગર પોતાની શોભામાં વધારો કરી રહ્યું છે.

શહેરમાં ભદ્રનો કીલ્લો જોવા લાયક છે, ત્યાં મોટું ટાવર (ઘડીયાલ) છે જે આખા શહેરમાં લગભગ સંભળાય છે.

માણેકચોકમાં પાદશાહનો હજીરો અને રાણીનો હજીરો જોવા લાયક છે. આસ્ટોડીયા દરવાજા બહાર શાહઆલમનો રોજો વગેરે ઇતિહાસીક સ્થળો પણ છે, તે જોવા યોગ્ય છે. જુનાગઢનો છેલ્લો રાજા, 'રાવ' માંડલિક

તેની કબર માણેકચોકમાં કંદોઇઓળમાં છે. અમદાવાદમાં દેરાસરો લગભગ ૧૧૫ ની સંખ્યામાં છે.

અમદાવાદમાં સુલતાન પછી દીલ્હી તરફથી સૂબાઓ રહેતા હતા. તેઓ તેમના હુકમથી ગુજરાત ઉપર હકુમત ચલાવતા હતા. સાબ્રમતીના તટ ઉપર આવેલું આ શહેર હાલમાં સારી રીતે જાહોજલાલી બતાવી રહ્યું છે. અહીંયાં મરીચી પોળમાં ધર્મશાળા છે. સ્ટેશન ઉપર પણ ધર્મશાળા છે.

---

# અમદાવાદ શહેરની શહેર જાત્રાનું સ્તવન.

૧

વિદ્યા દેવી વીનવું, ગણધર ગુણ સ્તવુંરે,
કરૂ ગુરૂ ચરણે જુંહાર, પ્રણમુ પ્રભુ પ્રેમેરે. ૧
અરિહંત સિદ્ધ આચાર્ય, શ્રી ઉપાધ્યાયજીરે,
નમુ મુનિ અણગાર, પ્રણમુ૦ ૨
રાજનગર રળિયામણું, જીનપુર ગણુરે,
ગુર્જર દેશ મોઝાર. પ્રણમુ. ૩

દેવાધિ દેવનાં દેહરાં, શેહેર શેહરાંરે.
નમજો ભવિક નરનાર. પ્રણમું. ૪

રત્નપોળે રત્ન રાજતાં, ગુણે ગાજતાંરે.
ચૈત્ય વાઘણપોળ ચાર. પ્રણમું. ૫

રીખવ, અજીત ચિંતામણિ, વીર જગ ધણીરે.
મૂળનાયક મનોહાર. પ્રણમું. ૬

સંભવ વીર સંભારીએ, મોહ મારીયેરે,
ચોમુખ શાંતિ જુહાર. પ્રણમું. ૭

ઝવેરી લેરીઆ વીરજી, નીશા પોળજીરે,
જગવલ્લભ જયકાર. પ્રણમું. ૮

શેખના પાડે વંદીએ, બિંબ નંદીએરે,
ચાર કરે ભવ પાર. પ્રણમું. ૯

દેવસા પાડે ચિંતામણિ, ચિંત્તા આપણીરે,
ચૈત્ય ચુરે ચત્વાર. પ્રણમું. ૧૦

દાદા સાહેબની પોળમાં, રંગરોળમાંરે.
શાંતિ વિશ્રાંતિ વિહાર. પ્રણમું. ૧૧

પાંજરે મોરીયા પાર્શ્વજી, વિહરમાન ભજીરે.
ખટ પ્રભુ પ્રાસાદ હાર, પ્રણમું. ૧૨

વીર સોદાગર શેરીએ, સેવી ઘેરીએરે,
માંહે મહીપતિ દ્વાર, પ્રણમુ. ૧૩

નગીના પોળે રીખવજી, કોઇ કહે વીરજીરે;
માણેકચોક બજાર, પ્રણમુ. ૧૪
માંડવીની પોળે આવજો, જોડે લાવજોરે,
જાત્રાળુ જસકાર, પ્રણમું. ૧૫
મંદિર સમેત શિખર તણું, શોભે અતિ ઘણુંરે,
સંવત્સરી શ્રેયકાર. પ્રણમું. ૧૬
નાગજી ભુધર શેઠની, લાલાભાઈનીરે,
કાકા બળીઆની ઝાર, પ્રણમું. ૧૭
ગુસા પરિખની પોળમાં, ખુબ ખોળમાંરે,
સુરદાસ બારી પસાર, પ્રણમું. ૧૮
દાદાજીનાં દર્શન કરી, રાયપુર ફરીરે,
કામેશ્વર સુખકાર. પ્રણમુ. ૧૯
સંભવ દેવને પ્રણમીએ, વાઘેશ્વર નમીરે,
આદીશ્વર અવધાર. પ્રણમું ૨૦
શામળા પોળ નીહાળજો, કષ્ટ ટાળજોરે,
સેવો દેવળ ત્રય સાર. પ્રણમું. ૨૧
ઢાળની પોળે ઢળી મળી, ધન પીપળીરે,
જુહાર પોળ લુહાર. પ્રણમું. ૨૨
રૂપા સુરચંદની પોળને, દાઈ ઓળનેરે,
પોળ ઘાંચીમાં વિસાર, પ્રણમું. ૨૩

મહુરત પોળે માલજો, ખેતર પાળજોરે,
ભઠ્ઠી પોળે ભવતાર. પ્રણમું. ૨૪

વીરવીજય દેરી ઝારીએ, બેસી બારીએરે,
ફતાસા પોળ સ્વીકાર. પ્રણમું. ૨૫

હરકોર શેઠાણી કેરૂં, દેહરૂં ખરૂંરે,
શ્રી શ્રેયાંસ શ્રીકાર. પ્રણમું. ૨૬

વાસુપુજ્ય વિભુ વંદીએ, પાપ ખંડીએરે,
જીન ગૃહ જીર્ણોદ્ધાર. પ્રણમું. ૨૭

મનહર મહાવીર મુરતી, પુણ્ય પુરતીરે,
રીચીરોડે રૂચીકાર, પ્રણમું. ૨૮

હોંશી ડોશીવાડા તણી, ભલી બાંધણીરે,
અષ્ટાપદ અવિકાર. પ્રણમું. ૨૯

નંદીશ્વર દીપ નિરખીએ, હૈડે હરખીએરે,
રૂષભ કસુંબા કીનાર. પ્રણમું. ૩૦

ભાભા પાર્શ્વ સીમંધરા, મંગળકરારે,
મહાવિદેહ શૃંગાર, પ્રણમું. ૩૧

હાજા પટેલની પોળમાં, શાંતિ સોળમારે,
અવિચળ કાંતિ અપાર, પ્રણમું. ૩૨

ભોંયરા નીચે ભોંયરૂં, ભવ ભય હરૂંરે,
ભોંયરૂં મુક્તિ દેનાર પ્રણમું. ૩૩

ભવન યુગલ નમી રામજી, મંદિર રમીરે,
પાદશાહ પ્રતિકાર. પ્રણમું. ૩૪

પીંપરડી ખારા કુવા તણી, લાંબેશર ભણિરે,
ટંકેશાળે દીલદાર. પ્રણમું. ૩૫

મનસુખભાઈ પોળે પધારજો, હૈયે ધારજોરે,
રાજીમતી ભરથાર, પ્રણમું. ૩૬

જહાંપડા રાજા મહેતા તણી, કાળુ સંગ ભણીરે
ભોંયરૂં શીવ ભંડાર, પ્રણમું. ૩૭

હાંલ્લા કુંથુજીન લાવરી, સદા સોમ શરીરે,
ધન ધન ધનાસુતાર, પ્રણમું. ૩૮

સંભવ પાંચકુવે નમી, પાડાપોળ નેમિરે,
સદાવ્રત સરકાર. પ્રણમું. ૩૯

સારંગપુર સીધાવશો, કોને કહાવશોરે,
રાજપુરે રવિવાર. પ્રણમું ૪૦

પંચભાઈ ગોલવાડમાં, મહાજન વાડમાંરે,
ફીકાભટ સરદાર. પ્રણમુ. ૪૧

બે વંડે બે વાડીએ, એક બંગલેરે,
સંભવ લુણસાવાડે. પ્રણમું. ૪૨

ભંડેરી પોળે પૂજા કરો, શાંતિ દિલ ધરોરે,
સરસપુર પુર બહાર. પ્રણમું. ૪૩

શાહપુર માંહે સંચરો, શું સેવા કરોરે;
ખટ જીન ભવન સંભાળ. પ્રણમું. ૪૪
જમનાભાઇની મીલમાં, રાખો દીલમાંરે.
પાર્શ્વ જીનેંદ્ર દેદાર. પ્રણમું. ૪૫
જમાલપુર જઈ પાર્શ્વજી, તીર્થપટ ભજીરે,
હરીપુર દરબાર. પ્રણમું. ૪૬
હઠીભાઇની વાડીએ, કર્મ કહાડીયેરે.
શ્રી ધર્મ શર્મ દાતાર. પ્રણમું. ૪૭
ગૃહ દેવાલયની ઘણી, પ્રતિમા તણીરે,
જાત્રા કરો ધરી પ્યાર. પ્રણમું. ૪૮
પુણ્ય વિજય પાઠશાળ જો, પ્રભુ પાળજોરે,
વિત્ત નમે વાર વાર, પ્રણમું. ૪૯
મનસુખ દેજો, તન સુખ, જન મન સુખરે,
હોજો સુખ હજાર. પ્રણમુ ૫૦
ઓગણી પંચોતેર વર્ષમાં, પૂર્ણ હર્ષમાંરે.
રચના રચી રસદાર. પ્રણમું. ૫૧
ભણે ગણે સ્મરે, સાંભળે, દુઃખ દળ ટળેરે,
તરત તરે સંસાર. પ્રણમું. ૫૨

## નરોડા.

૧૩

અમદાવાદથી પ્રાંતીજ રેલવેમાં જતાં અમદાવાદથી બીજુ સ્ટેશન છે. વિશેષ હરિકત માટે જુઓ નરોડામાં પાર્શ્વનાથ.

---

## મગોડી.

૧૪

દેરાસર મગોડીમાં એક છે, જેમાં મુળનાયકજી રીખવદેવજી તથા બીજાં ૨૯ બીંબ સંપ્રતિ રાજાનાં ભરાવેલાં છે, દેરાસર સાંગા ભારઈયાના સુત હરીસંગે સંવત ૧૩૧૯ માં બંધાવ્યું છે, ત્યાર પછી સંવત ૧૯૯૫ માં જીર્ણોદ્ધાર થયો છે. શ્રાવકનાં ઘર આશરે ૧૫ થી ૨૦ હશે, ધર્મશાળા એક છે, આ ગામમાં દશ વરસ અગાઉ ખેતરમાં કુવો ખોદતાં મહાવીર સ્વામીની પ્રતિમા આશરે વાર જેટલી ઉંચી તથા બીજા બે કાઉસગ્ગીયા નીકળ્યા છે, તે પ્રતિમાઓ સંપ્રતિ રાજાની ભરાવેલી ઘણીજ સરસ અને મન હરે તેવી છે. ખોદ કામ કરતાં ખેતરમાંથી બીજી પ્રતિમાઓ પણ નીકળવા સંભવ છે, અમદાવાદથી પ્રાંતીજ

રેલવે લાઈનમાં ડભોડા સ્ટેશનથી લગભગ બે માઈલ થાય છે.

મગોડીના મહાવીર સ્વામીને રૂપીઆ પચ્ચીસો નજરાનો કબુલ કરી મુંબઈમાં લાવવામાં આવ્યા હતા, તેમજ બે કાઉસગ્ગીયા તેમની સાથે હતા. હમણુ જે ઝવેરી બજારમાં ખારા કુવાની સામે બેચર નાનચંદના માળાની લગોલગ જોડે પહેલે માળે પધરાવેલ છે. પ્રતિમાજી ઘણાંજ અલૌકિક ને સફેદ છે.

## ભોઇણીજી.

૧૫

ભોઈણીજી તીર્થ એ હમણાંજ લગભગ પચ્ચાસ વર્ષ થયાં પ્રગટ થયેલું છે. તીર્થ મહા પ્રભાવિક અને ચમત્કારપૂર્વક પ્રગટ થયેલું છે.

એક દિવસ ભોઇણીના રહીશ કેવલ પટેલને નવો કુવો ખોદવાનો વિચાર થયો જેથી ભોઈણી ગામની ઉત્તર દિશાએ એક ખેતરવા દૂર પટેલે પોતાના ખેતરમાં શુભ મુહુર્ત્તે કુવો ખોદાવાનું શરૂ કર્યું. ત્રણ હાથ જેટલું ખોદ્યા પછી બપોરના સૌ મજુર સાથ ભાતુ ખાવા બેઠા. ત્યાં તો ખાડામાં-

થી અનેક પ્રકારના વાદિંત્રના અવાજો થવા લાગ્યા, મજુર લોકો તેનું કારણુ સમજી શકયા નહી. એટલામાં બંધુકનો ગેબી અવાજ થયો અને કુવો ફાટી માટીનો પોપડો ઉંચો થઇ આવ્યો, જેથી તેમાં ચીરો પડેલો દેખાયો. વળી અંદર રંગ જણાવા લાગ્યા. પછી મજુરોએ આસ્તેથી પોપડો ખસેડી નાખ્યો એટલે આરસપહાણુની એક પ્રતિમા અને બે કાઉસગ્ગીયાનો ઉપલો ભાગ જણાવા લાગ્યો, પછી ધીરે ધીરે માટી ખસેડીને તેમને બહાર કાઢયા. બહાર કાઢતાં બીલકુલ બોજો લાગ્યો નહી. હવે આ મુર્ત્તને બહાર કાઢી, પણ આ કયા ધર્મના દેવ છે તે આ લોકો સમજી શકયા નહી. જેમ જેમ ખબર ફેલાતી ગઈ તેમ તેમ આસપાસના લોકો આવવા લાગ્યા, કુકવાવના જૈનો તેમજ બીજા લોકો તથા ગોરજી બાલચંદ્રજી પણ આવ્યા, મુર્ત્તિઓને દૂધ વગેરેથી પખાલ કરતાં અને લંછન જોતાં ગોરજીને માલૂમ પડયું કે " આ તો મલ્લીનાથજી છે. " આ બનાવ સંવત ૧૯૩૦ ના મહા સુદી ૧૫ ને શુક્રવારને દીવસે બન્યો, કયાંઇ વશાખ સુદી પુનેમ પણ લખી છે. પછી કુકવાવના શ્રાવક ત્રીભોવને ત્રણ દીવસ સુધી ત્યાંજ પખાલ પૂજા કરી અને સર્વને જણાવ્યું કે આ અમારા ધર્મના દેવ છે અને ભોઇણીમાં કોઈ શ્રાવકનું ઘર નથી જેથી

અમે અમારે ગામ લઇ જઇશું, અને પૂજા વગેરેનો બં-દોબસ્ત કરાવશું. એક તરફ કુકવાવવાળા અને બીજી તરફ કડીવાલા પોતપોતાને ગામ ભગવાનને લઈ જવાને તક-રાર કરવા લાગ્યા. ભોઈણીવાલાઓ પણ પોતાને ગામ રહે તેવો આગ્રહ કરવા લાગ્યા, જેથી કુકવાવ વાળા-ઓએ તેમને રૂપીયાની લાલચો આપવા માંડીને તેમને સમજાવવા લાગ્યા પણ તેઓને કાંઈ રૂચ્યું નહી.

પછી ત્યાં એવી રીતે પંચાત કરી કે ભગવાનને ગાડામાં પધરાવો ને ગાડું જે તરફ જાય ત્યાં.ભગવાનને લઈ જવા. હવે કુકવાવ વાળાઓએ ગાડાનું ધુસરૂ પો-તાના ગામ તરફ રાખી ભગવાનને તેમાં પધરાવ્યા. પછી ધુંસરૂ ફરીને દશ વીશ ડગલાં વગર બળદે ભોઇણીજી તરફ ચાલ્યું. લોકોએ તરત ગાડું પકડી લીધું. ગાડામાં જ્યારે ભગવાનને પધરાવ્યા ત્યારે પવન ઘણો હતો છતાં દીપક અખંડ હતો. હવે ગાડું ભોઇણીજીમાં આવ્યું ને ત્યાં પટેલ અમથા રવજીની ઓરડીમાં પધ-રાવ્યા. પછી ભોઇણીના લોકોએ ઉઘરાણું કરી પૂજા કર-વાને કેશર વગેરેનો બંદોબસ્ત કર્યો.

આ ખબર દેશ પરદેશ ફેલાતાં હજારો લોકો યાત્રા કરવાને આવવા લાગ્યા, ને હજારોની આવક પણ

થઇ. ભગવાનને અમી જરતી દેખાઇ, લોકો અનેક પ્રકારે માનતા કરવા લાગ્યા.

એક ઢેડે માનતા કરી કે "મારૂં અમુક કામ થશે તો હું ભગવાનનાં દર્શન કરી પાંચ રૂપીયા ભંડારમાં નાખીશ." હવે તેનું કામ પણ થયું ને ભગવાનનાં દર્શન કરવા આવ્યો, પણ ઢેડ હોવાથી તેને દર્શન કરવા દેવામાં આવ્યાં નહી. જેથી તે બારણાની બહાર બેઠો એમ કરતાં બે દિવસ થયા ને અભિગ્રહ કર્યો કે "જ્યાં સુધી ભગવંત દર્શન આપે નહી ત્યાં સુધી મારે અહીંથી ઉઠવું નહી." પછી બીજા દીવસની રાતના ભગવાનની સામેની ભીંત પડી ગઈ ને ઢેડને દર્શન થયાં. તરતજ ફરીથી આ ભીંત ચણાવામાં આવી તે પણ પડી ગઇ, ને અધિષ્ઠાયકે સ્વપ્નું આપ્યું કે "સામે બારણું મુકો કે જેથી હરકોઇ દર્શન કરી શકે."

જે ઓરડીમાં ભગવાનને બેસાડવામાં આવ્યા હતા તે નવી બનાવવાની હોવાથી ભગવાનને બીજી જગોએ પધરાવવામાં આવ્યા ને કાઉસગ્ગીયા ડાબા તે ડાબી બાજુએ બેસાડવાને બદલે જમણી બાજુએ બેસાડયા, જેથી જમણા કાઉસગ્ગીયા ઉપડયા નહી. પછી ફરીથી જમણી તરફથી કાઉસગ્ગીયા ડાબી બાજુએ બેસાડયા, ત્યારે જ-

મણા કાઉસગ્ગીયા ઉપાડી તેમને જમણી બાજુએ પૂધરાવ્યા.

એક માણસે પોતાનું કામ થાય તો પાંચ શ્રીફલ ચડાવવાની માનતા માની'તી. કામ થયા પછી જ્યારે તે પાંચ નારીયેલ ચડાવવા આવ્યો, તેવારે ત્યાં રહેલા શ્રાવકોએ કહ્યું "માતા મહાદેવનું મંદિર નથી કે શ્રીફલ વધેરાય? પણ એમને એમ મુક?" પછી તેણે પાંચ શ્રીફલ મુકયાં પણ તેને શંકા થઈ કે, "મેં તો વધેરવાની બાધા રાખી હતી, જેથી મારી બાધા પૂરી થશે કે કેમ?" આવી તેના મનમાં શંકા થતાં ઘણા માણસોની હાજરીમાં શ્રીફલ આપોઆપ વધેરાઈ ગયાં, જેથી બાધાવાલો રાજી થતો પોતાને ઘેર ગયો.

ઘણી વખતે દેરાસર મંગલીક કીધા પછી રાતના આરતી ઉતરતી હોય, કોઈ ગીત વાદિંત્ર વગાડતું હોય તેવા બનાવો બને છે.

ગામના ઠાકોર તથા લોકવસ્તી અર્ધી જૈન જેવી છે, દરેક લોક ભગવાનને માને છે. મહા સુદી ૧૦ ની વરસગાંઠ હોવાથી હજારો માણસોનો મોટો મેળો ભરાય છે. તે વખતે શેઠ મનસુખભાઇ તથા જમનાભાઈ તરફથી સ્વામીવત્સળ થાય છે. હાલનું દેરાસર બંધાવતાં

આશરે રૂપીયા એક લાખનું ખર્ચ થયું હશે, ત્રણ ધર્મ-શાળાઓ છે, હરેક પ્રકારે સગવડ સારી છે.

ભગવાનને અમી જરતી હતી પણ સંવત ૧૯૩૩ માં મારવાડમાંથી એક બાઇ આવેલી તે પ્રભુની પૂજા કરવા આવતાં એક પગ ઉમરાની અંદર ને બીજો બહાર એવી સ્થીતિમાં અડચણ આવવાથી પાછી વળતાં ઓરડી બહાર પડી ગઈ અને ચોકમાં ચંદણી હતી તે આપોઆપ સળગી ગઇ, અને અમી જરતી પણ ત્યારથી બંધ પડી ગઇ.

સંવત ૧૯૩૯ માં દેરાસર શરૂ કરવામાં આવ્યું તે સંવત ૧૯૪૩ માં તૈયાર થયું અને તેજ વરસની મહા સુદી ૧૦ ના રોજ કડીના રહીશ સંઘવી ચુનીલાલ જોઈતાદાસે પ્રભુને નવા દેરાસરમાં પધરાવ્યા. તે પછી દરેક પુનમે પુનમે જાત્રાના માટે હજી સુધી પણ ત્રણસો ચારસો માણસ આવે છે.

---

## ધોળકા. (વૈરાટનગર).

૧૬

આ ઘણું પ્રાચિન શહેર છે. ધોળકા અસલ મત્સ્ય દેશની રાજ્યધાની વૈરાટ નગર તે વિરાટ રાજાની રાજ્ય-

ધાની હતી કે જ્યાં પાંડવો અહીંઆં એક વરસ ગુપ્તપણે રહ્યા હતા. ત્યાર પછી કાળે કરીને ત્યાં આગળ કનકસેન રાજાએ ઇ. ૧૪૪ માં ધોળકા વસાવ્યું; પછી તેણે વડનગર વસાવ્યું. તેના વંશજોએ વિજાપુર વસાવ્યું, એમ રાસમાલામાં કહ્યું છે. લવણપ્રસાદનો દાદો ( પીતામહ ) ધવલક, જે કુમારપાલનો માસો થતો હતો તેણે તેરમા સૈકામાં વિરાટને ઠેકાણે ધોળકા વસાવ્યું, ને ત્યાં તે રાજ્ય કરવા લાગ્યો, તેનો પુત્ર અર્ણોરાજ તેને લવણપ્રસાદ પુત્ર થયો તે બધા ગુર્જરાતના વફાદાર અને મહા મંડલેશ્વર ગણાતા હતા. વીરધવલને ભીમદેવે કુમારપાલે સ્વપ્નમાં આવી કહેવાથી યૂવરાજ પદવી આપી ગુજરાતનો અધિશ્વર બનાવ્યો હતો. તેમજ ગુજરાતની અધિષ્ઠાયિકા માહણ દેવીએ પણ સ્વપ્નું આપી વીરધવલને ગુજરાત બક્ષ્યું હતું, કુમારપાળે પણ દેવપણામાંથી ભોળા ભીમને સ્વપ્નામાં આવી વીરધવળને ઉત્તર વારસ ઠરાવી યૂવરાજ પદ્વી આપવા સૂચના કરી હતી.

ધોળકામાં ત્રણ દેરાસર છે શ્રી આદેશ્વર, શાંતિનાથ મૂળનાયકજી છે. વૈરાટ નગર અસલ જૈનોનું તીર્થસ્થળ ગણાતું હતું. હાલ એ જગાએ ધોળકા છે એને ધવલકપુર પણ કહે છે. પૂર્વે એ વીરધવલની રાજ્યધાની હતી. ભોળા ભીમ પછી ગુજરાત વીરધવલના અધિપતિપણા નીચે

હતું. વીરધવલ પછી ધોળકાથી ગાદી પાટણમાં તેના વંશજ વીશલદેવે સ્થાપી છે.

હાલમાં દેરાસર ત્રણ છે, એકમાં આદેશ્વર મૂળનાયકજી બીજામાં શાંતિનાથજી છે. ભોળા ભીમની (ઉત્તરાવસ્થામાં) પાછળની અવસ્થામાં પાટણ કરતાં પણ પણ ધવલકપુરની જાહોંજલાલી સારી હતી. કારણ કે તે વખતે તે તો ફક્ત નામથીજ ગુર્જરેશ્વર હતો, પણ સાચા ગુર્જરેશ્વર તો લવણપ્રસાદ ને વીરધવલજ હતા. ગુજરાતના સામંત, માંડલિક અને ખંડીયા સરદાર રાજાઓને પરાક્રમી વીરધવલ અને તેના મંત્રી વસ્તુપાળ તેજપાળે પોતાની સત્તાને સ્વાધીન કર્યા હતા. ભોળા ભીમના તે વફાદાર સામંત હતા. ભોળા ભીમે પૂર્વાવસ્થામાં કરેલાં પોતાનાં અવિચારી કૃત્યોથી ક્ષત્રીય રાજ્યોમાં કુસંપ સળગાવી પાટણની અને ગુજરાતની પડતી આણી હતી. પાછળથી વીરધવળે ગુજરાતને આબાદ કરી તેની જાહોજલાલી વધારી હતી પણ તેમાં પુર્વનું તેજ નહોતું.

# ઉપરીઆલા તીર્થ

૧૭

અહીંયાં લુહારની કોડમાંથી શ્યામવર્ણી ત્રણ પ્રતિમાઓ પ્રગટ થઈ હતી. તે ઘણી ચમત્કારીક અને જાત્રા કરવા લાયક છે. મુળનાયકજી શ્રી ઋષભદેવ ભગવાન છે. દર ફાગણ સુદી ૮ મે મેળો ભરાય છે. વહીવટ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી કરે છે.

વીરમગામથી ખારાઘોડા જતી ટ્રેનમાં ઝુંડ સ્ટેશનથી બે માઇલ દૂર ઉપરીઆલા તીર્થ આવેલું છે.

---

# વઢવાણ ( કાઠીયાવાડ. )

૧૮

વઢવાણ એ કાઠીયાવાડમાં મોટું દરબારી શહેર છે. રેલવેનું પણ જંકશન છે. વઢવાણ શહેરમાં તથા કેમ્પમાં દેરાસરો ધર્મશાલા વગેરે છે. વેપારનું સારૂ મથક ગણાય છે. વઢવાણમાં કુકુંટેશ્વરજીનું તીર્થ કહેવાય છે. અહીંયાં દેરાસરજી એક ગભારા પાંચનું છે તે ઉપર ત્રણ શીખર છે, ફરતાં ૨૮ દેરીયો છે. વઢવાણમાં બીજું

સાવલા પાર્શ્વનાથજીનું દેરાસર છે તે પણ શીખરબંધ છે. ત્રીજુ મહાવીરસ્વામીનું દેરાસર નદીને કીનારે આવેલું છે ત્યાં પગલાં છે, તેમજ ત્યાં શુલપાણી જક્ષની સ્થાપના છે. બીજું વઢવાણ ( વર્ધમાનપુર ) મુર્શીદાબાદ પાસે ભાગીરથી નદીના આસપાસના પ્રદેશમા ઉત્તર હિંદુસ્થાનમાં આવેલું છે. અસ્થી ગ્રામ પણ તેને કહે છે. ત્યાં પણ શુલપાણી જક્ષનું સ્થાનક છે. વીર ભગવાન કયા વર્ધમાનપુરમાં વીચરેલા છે, તે તત્વ કેવલીગમ્ય !

---

# સીહોર

૧૯

શીહોરમાં સુપાર્શ્વનાથજીનું મુખ્ય દેરાસર છે, તે સંવત ૧૯૪૫ માં બંધાવેલું છે. શીહોરમાં પહાડમાં બ્રહ્મકુંડ છે, તે કુંડ ઘણો તારીફ કરવા લાયક છે, તે કુંડમાં પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથની પ્રતિમા દેખાય છે. પ્રતિમાની બેઉ બાજુએ ઈંદ્ર ચામર ઢોલે છે. એવી રીતે ઉભેલા દેખાય છે તે કુંડની પાસે એક ડુંગરી છે. તેને શાંતિ શેરી કહે છે, ત્યાં શાંતિનાથજીનાં પગલાં છે. શીહોરનું દેરાસર પણ ભવ્ય અને રમણીક છે. હાલમાં પાલીતાણા જવા માટે શીહોરથી ગાડી બદલવી પડે છે. તે

શીહોરથી પાણીતાણે જાય છે. શીહોર સ્ટેશન ઉપર જૈનની મોટી ધર્મશાળા છે. ત્યાં ઉતરવાની સગવડ સારી છે. ધર્મશાળામાં શીહોરના આભૂષણરૂપ માસ્તર દલીચંદ ભાયચંદ તરફથી અમુક વખત સુધી પાલીતાણે જતા જાત્રાળુઓને ભાતું અપાતું હતું. શીહોરમાં શ્રાવકની વસ્તી સારી છે. માસ્તર તેમાં આગેવાન અને લાયક ગૃહસ્થ હતા. શીહોર એ સિદ્ધરાજના રાજ્યકાળમાં તેણે વસાવ્યું હોય તેમ જણાય છે.

---

# પાલીતાણા તલાટી.

૨૦

શીહોરથી તેર મૈલ પાલીતાણા થાય છે. પાદલિપ્તસૂરિના સ્મરણ માટે પાલીતાણાની સ્થાપના નાગાર્જુને લગભગ વિક્રમના સમયમાંજ કરેલી છે. ગામમાં પ્રવેશ કરરતાંજ પ્રથમ નદી આવે છે, તેને કાચો પત્થરનો પુલ બાંધેલો છે. જવાનો રસ્તો શહેરમાં થઇને છે. શહેરમાં આણંદજી કલ્યાણજીનું મોટુ કારખાનું છે, પાસે મોટુ દેરાસર છે, તેની સામે મોતીશા શેઠની કરાવેલી મોટી ધર્મશાળા છે, વલી શેઠ હીમાભાઇની મેડી તેમજ ધર્મશાળા છે. એવી રીતે બીજી પણ ઘણી ધર્મશાળાઓથી

પાલીતાણા શહેર ગાજી રહ્યું છે. શહેરની બાજુએ પાંજરાપોળ તથા આણંદજી કલ્યાણજીનો વંડો છે, ત્યાં પણ ઉતરવાની સગવડ સારી છે, સ્વામીવત્સલ વગેરે જમણો ત્યાં જમે છે. શહેર બહાર એક તરફ ગુરૂ કુળ બીજી બાજુ શેઠ નરશી નાથાની ધર્મશાળા અને દહેરાસર તેમજ શેઠ નરસી કેશવજીની ધર્મશાળા અને દેરાસર તેની પાસે મોતી સુખીયાની ધર્મશાળા અને દેરાસર અનુક્રમે આવેલાં છે, ત્યાંથી તલાટીને રસ્તે ચાલતાં બાળાશ્રમ, પુરબાઇની ધર્મશાળા, બાબુની ધર્મશાળાને દેરાસર, કોટાવાલાની ધર્મશાળા, બીજી પણ ધર્મશાળાઓ વગેરે રળીયામણાં મકાનો શોભી રહ્યાં છે, બગીચામાં દાદાજીનું સ્થાનક છે, શહેરથી તલાટી આશરે દોઢ મૈલ દુર છે.

તલાટીથી શત્રુંજય પહાડનો ચડાવનો રસ્તો આશરે ત્રણ મૈલ જેટલો છે. છતાં રસ્તો સુગમ છે. ઠેકાણે ઠેકાણે વાવ કુંડ વિસામા વગેરે બાંધેલાં સ્થાનકો છે, રસ્તામાં ઘણે ઠેકાણે તીર્થંકરનાં પગલાં છે; દેખાવ ઘણોજ રળીયામણો છે. તલાટીથી જાત્રાળુઓએ ઉપર જોડા લઈ જવા નહી, પહાડ ઉપર થુકવું અગર નાક ખંખેરવું નહી, કારણ કે આ પહાડની ભૂમિ સર્વ તીર્થમય છે. આ સિદ્ધ ગિરિ પહાડ ઉપર અનંતા મુનિવરો સિદ્ધિપદને વર્યા છે.

ને ભવિષ્ય કાલમાં વરશે. પ્રાયઃ કરીને આ પહાડ શાશ્વતો કહેવાય છે.

પ્રથમ તલાટીથી પૂજાચૈત્યવંદના કરી તીર્થને સોના રૂપાને ફુલડે વધાવી અથવા મોતીડે કે અક્ષતે વધાવી પછી પગે ચાલી જાત્રા કરવી, પગે ચાલવાને અશક્ત ડોલીમાં બેસીને પણ જાત્રા કરે છે. તલાટી ઉપર મુર્શિદાબાદ વાલા બાબુ ધનપતસિંહજીએ નવીન દેરાસર કરાવ્યું છે, તેનાં તથા કલિકુંડ પાર્શ્વનાથનાં પગલાંનાં દર્શન કરી પછી પહાડ ઉપર ચડવું. રાતના પહાડ ઉપર રહેવાતું નથી તેમ ઉપર ખાવાનું પણ ખવાતું નથી. આ પહાડ ઉપર સર્વ પ્રકારની આશાતના ટાલી યાત્રા કરી ઉતર્યા પછી નીચે તલાટી આગળ સંઘ તરફથી ભાતુ અપાય છે. તે ખાવું અને વિસામો લેવો, પછી શહેરમાં ઉતારે જવું. શહેરથી તલાટી સુધી કારખાનાની તેમજ ભાડુતી ગાડીઓ મળે છે.

પાલીતાણા શહેરની નદી ઉપર જામવાલા ગામ જતાં રસ્તામાં ગોડીજીનાં પગલાંની દેરી છે, આગલ જતાં મુનિ કલ્યાણવિમલજી જેમના ઉપદેશથી ભાથુ અપાય છે તેમના દેહનો અગ્નિસંસ્કાર કર્યો તે જગાએ તેમનાં પગલાં તથા દેરીઓ છે. લલિત સરોવર ઉપર આદિનાથ ભગવાનની દેરી છે. નવાગઢ આગળ જુની તલાટીએ રાય-

ણુના ચોતરા નીચે પગલાંની બે દેરી છે.

તલાટીએ ભાતુ વાપરવાના ચોતરા આગળ શેઠ શાંતિદાસનાં કરાવેલાં ગોડીજી મહારાજનાં પગલાં તથા ભાતુ વાપરવાનું મકાન ફુલવાડી વગેરે છે. તેમજ ત્યાં શેઠ મોતીશાની મંડાવેલી પરબ છે. ત્યાં આગળ શેઠ દલપતભાઈ ભગુભાઇએ મોટો મંડપ બંધાવેલો છે તેમાં જાત્રાળુઓ મજેથી આરામ લે છે.

તલાટી ઉપરનો જમણી તરફનો મંડપ શેઠ હેમાભાઈ વખતચંદનો બંધાવેલો છે તથા ડાબી બાજુએ ધાલેરાવાળા શેઠ વીરચંદ ભાઇચંદનો બંધાવેલો છે. ત્યાં સંવત ૧૮૮૭ માં પગલાં સ્થાપન કરેલાં છે. વચેનાં પગલાંની દેરી પ્રથમની છે. જમણી તરફ અજીતનાથના પગલાંની દેરી છે, ત્યાંથી ઉપર જતાં ગૌતમસ્વામીનાં પગલાંની દેરી આવે છે. આગળ શાંતિનાથના પગલાંની દેરી આવે છે, ત્યાંથી ઉપર ત્રણ દેરીમાં પગલાં છે, જમણી તરફ મુનિ કલ્યાણવિમલજીની ગુફા છે જેમાં સરસ્વતીની મુર્તિ છે.

ધોળી પરબના વિસામા આગળ ભરત મહારાજના પગલાંની દેરી સંવત ૧૬૮૫ માં ધોરાજીવાળા અમુલખ ખીમજીની તથા પાણીની પરબ તેમણે બેસાડી છે. આગળ જતાં ઇચ્છાકુંડ તથા વિસામાની દેરી સુરતવાલા શેઠ

ઇચ્છાભાઇએ સંવત ૧૮૬૧ માં બંધાવેલી તથા નેમનાથની પાદુકાની દેરી તેમજ ગણધર વરદત્તજી તથા આદિનાથજીનાં પગલાં છે.

લીલા પરબના વિસામા આગળ કચ્છવાળા ડાહ્યાભાઈ દેવશીની પરબ છે. કુમારપાળ રાજાએ બંધાવેલા વિસામા આગળ સુરતવાળા તલકચંદની પાણીની પરબ છે. ત્યાં પાસે દેરીમાં આદિનાથનાં પગલાં છે. હીંગરાજના હડાનાં પગથીયાં શેઠાણી હરકુંવરનાં બંધાવેલાં છે ત્યાં પાણીની પરબ છે. ત્યાંથી આગળ જતાં નાના માનમાંડીયા પાસે જતીનાં પગલાં એક દેરીમાં છે, છાલાકુંડ પાસે વિસામો છે. તેની પાસે સંવત ૧૮૭૦ માં ચારજીનનાં પગલાંની દેરી બંધાવેલી છે.

છાલાકુંડથી જમણી તરફ જતાં શ્રીપુંજની ટુંક તથા પગલાં વગેરે આવે છે. અને ડાબી તરફ જતાં શેઠ હઠીભાઇનો વિસામો છે. ત્યાં પાણીની પરબ મુંબઈવાળા શેઠ તલકચંદ માણેકચંદે બંધાવેલી છે. ત્યાંથી આગળ ચાલતાં હીરાબાઇનો કુંડ તથા પરબ આવે છે. તેની પાસેની દેરીમાં અઈમુત્તાજી, નારદજી, દ્રાવીડ અને વારીખીલજીની ચાર મુર્ત્તિ છે.

સુરતવાળા ભુખણદાસનો કુંડ તથા પુલવાડી પરબ વગેરે છે, તેની પાસે દેરીમાં રામ, ભરત, શુકરાજા, સેલ-

આચાર્ય તેમજ થાવચ્ચાજીની મુર્ત્તિઓ કાઉસગ્ગ ધ્યાને છે, તેની પાસે પગલાં છે. હનુમાનની દેરી પાસે વિસામો અને ચોતરા ઉપર આદિનાથનાં પગલાં સુરતવાળાનાં સંવત ૧૭૯૨ માં થાપેલાં છે. ત્યાંથી બે રસ્તા જાય છે, એક રામપોરની બારીયે જવાનો અને બીજો ચોમુખજીની ટુંક-ની બારીએ જવાનો.

બે રસ્તાને ઠેકાણે પરબ છે. રામપોળ જતાં ડુંગર ઉપર જાલી મયાલી ને ઉવયાલીની ત્રણ મુર્ત્તિઓ છે. ડાબી તરફ જરાં આગળ જતાં દેવકીજીના છ પુત્રોની કાઉસગ્ગ ધ્યાને ઉભેલી મુર્ત્તિઓ છે.

પાલીટાણા સ્ટેશન ઉપર જૈનગુરૂકુળનું ભવ્ય મકા-ન આવેલું છે. જાત્રાળુઓને ખાસ જોવાનું છે વિદ્યાર્થીઓ ત્યાં વિદ્યાભ્યાસ કરી રહ્યાછે. ગાડીમાંથીજ મકાન જણાયછે.

# સિદ્ધાચલજી.

૨૧

આ તીર્થને ફરતો મોટો ગઢ આવેલો છે, ગઢમાં પ્રવેશ કરવાના દ્વાર આગળ શેઠ: આણંદજી કલ્યાણજીનો ચોકી પહેરો રહે છે. ત્યાંથી પ્રથમ મુળનાયકજીની ટુંકે

જવું રસ્તામાં પ્રથમ શ્રીશાંતિનાથજીના મંદિરમાં તેમજ શાસન નાયિકાશ્રી ચક્રેશ્વરીનાં દર્શન કરતા જવું. મુલ્લવસીમાં શેઠ આણંદજી કલ્યાણજી તરફથી ચોકીપેહેરો છે. ત્યાં જાત્રાળુઓને ન્હાવાની પૂજાની વગેરે ઠીક સગવડ છે. પ્રથમ મૂળનાયકજી શ્રીઆદિશ્વર ભગવાનની પૂજા કરવી. તેની પાસે નવા આદેશ્વરના દેરાસરમાં, તેની પાસે અષ્ટાપદજીના દેરામાં તથા શસ્ત્રકોટ વગેરેમાં પૂજા કરવી, મૂળનાયકજી આદિનાથ ભગવાન સામે પુંડરીક ગણધરનું દેરાસર છે. રાયણ તળે પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથનાં પગલાં છે. બીજાં પણ નાનાં મોટાં દેરાસરો મૂળ ટુંકમાં છે. પછી બહાર આવી સંપ્રતિ રાજાના દેરાસરજીમાં તથા શ્રી નેમિનાથજીની ચોરી તથા શેઠ કેશવજી નાયકની ટુંક વગેરે અનેક દેરાસરો છે, પાસે સૂરજકુંડ છે; જેમાં સ્નાન કરવાથી પૂર્વે ચંદ્રરાજા કુકડપણું પામેલા હતા તે બાર વરસે ફરીને મનુષ્યાવતાર પામ્યા, ત્યાંથી મોતીશા શેઠની ટુંકમાં જવાય છે ત્યાં આગળ વસ્તુપાળ તેજપાળે કુંતાસર નામે તળાવ બંધાવેલું છે તે ફાટી જવાથી તે જગ્યાએ ખાડો પડયો હતો તે મોતીશા શેઠે નવ લાખ રૂપૈયા ખર્ચીને પુરાવ્યો હતો. અને પછી ટુંક બંધાવી, ત્યાંથી એક રસ્તો ગેટીની બાગે જાય છે ત્યાં જે લોકો જાત્રા કરે છે તેની બે જાત્રા ગણાય છે, ત્યાં ન જવું હોય તો બીજે રસ્તે થઇ બીજી ટુંકોમાં જવાય છે તે

ટુંકોનાં નામ નીચે મુજબઃ—

૧ મોતીશાશેઠની ટુંક.
૨ સાંકરવસીની ટુંક.
૩ નંદીશ્વરદ્વીપ.
૪ હીમાવસીની ટુંક.
૫ છીપાવસીની ટુંક.
૬ અદબદજી.
૭ પાંચ પાંડવ.
૮ શાંતીનાથજીની ટુંક.
૯ મારૂદેવી માતાની ટુંક.

ઉજમફોઇએ બંધાવેલી ટુંક.
શેઠ પ્રેમાભાઈ હેમાભાઇએ બંધાવેલી ટુંક.

ખડતરવસીમાં સદા સોમજીનાં દેરાસર ચોમુખજીનાં છે. તે દેરાસર અમદાવાદના શ્રાવકે બંધાવ્યું છે. તેમાંની ચાર પ્રતિમાઓ પહાડ ઉપર ચઢાવતાં ચોરાશી હજાર રૂપીઆનાં દોરડાં તુટી ગયાં હતાં, એમ કહેવત છે. બીજાં પણ ઘણાં દેરાસર છે, ત્યાં હજારો પગલાં અને પ્રતિમાઓ છે. ચોમુખજીનાં ટુંકથી નીચે ઉતરવા બારી છે ત્યાંથી બારોબાર નીચે ઉતરાય છે.

સિદ્ધાચલજીના પહાડની ત્રણ ગાઉની પ્રદક્ષિણા, છ ગાઉની પ્રદક્ષિણા. તથા બાર ગાઉની પ્રદક્ષિણા એવી રીતે

ત્રણ પ્રદક્ષિણા દેવાય છે. પહાડ ઉપર ઉલખાજળ, સો-
વનગુફા, ચેલન તલાવડી, સિદ્ધસીલા, સિદ્ધવડ, શત્રુંજયા
નદી વગેરેની પણ જાત્રા થાય છે. શત્રુંજય ડુંગર ઉપર
ચઢવાના ચાર રસ્તા છે.

૧ પાલીતાણા રસ્તે તલાટીથી.

૨ ઘેટીની પાગેથી.

૩ શત્રુંજી નદીથી.

૪ રોહીશાલાની પાસેથી.

રામપોળની બારી પાસે ઔરંગાબાદવાળા શાહ મોતી-
લાલ પાનાચંદનું દેરૂં તથા તેની પાસે ત્રણ શિખરનું
સુરતવાળા શેઠ દેવચંદ કલ્યાણચંદનું દેરૂં તેનીપાસે શેઠ
મોતીશાની કુલવાડી, તથા કુંડ પાસે કુંતાસરદેવીની દેરી
ને તેની પાસે ઓટીયો ને વિસામા લેવાના વિસામા છે,
તેની નજીક વાઘણપોળમાં પેસવાની બારી છે.

સિદ્ધાચળનાં ૧૦૮ નામે પણ શાસ્ત્રોમાં વર્ણવેલાં
છે. પહેલા આરામાં એંસી જોજનનો, બીજે આરે સીતેર
જોજન ને તીજે આરે સાઠ જોજન, ચોથે આરે પંચ્ચાસ
જોજન અને પાંચમે આરે બાર જોજન ને છઠે આરે
સાત હાથનો એવી રીતે દરેક આરાની શરૂઆતમાં એ
પ્રમાણે સ્થીતિ જાણવી, તે પછી ક્રમે ક્રમે આ અવસર
પીણીકાલમાં હાની સમજવી, તેવીજ રીતે ઉત્સરપિણી
કાલમાં ક્રમે ક્રમે વૃદ્ધિ સમજવી.

સિદ્ધાચળજીમાં મોટા મોટા સોળ ઉદ્ધાર થવાના કહ્યા છે. તેમાં પંદર ઉદ્ધાર થઈ ગયા છે, અને છેલ્લો, દુપ્પસહ સૂરિના વખતમાં થશે.

સદા સોમજીની ટુંક બંધાવનાર સદા શેઠ ગંધારના રહીશ હતા અને સોમજી શેઠ અમદાવાદના રહીશ હતા. સદા શેઠને આપત્તિ વખતે સોમજી શેઠે ખરચ ખાતે લખીને મદદ કરેલી પણ પાછળથી સદાજી શેઠે લાભ મળતાં રૂપૈઆ આપવા માંડ્યા પણ સોમજી શેઠે લેવાની ના પાડી અન્તે રકઝક કરતાં છેવટે તેમણે બન્નેએ મળીને સિદ્ધાચલ ઉપર ટુંક બંધાવી જે સદા સોમજીની ચોમુખજીની ટુંક કહેવાય છે. એમ કિંવદન્તિ સંભળાય છે.

---

# તલાજાનો ડુંગર.

૨૨

તાલધ્વજગિરિનો ડુંગર ગાઉ ૦ાા ઉંચો છે, તેના ઉપર દેરાસરજી છે. તેમાં મૂલનાયક શ્રી સુમતિનાથ મહારાજ છે. ભમતીમાં સંપ્રતિ રાજાની ભરાવેલી સાત દેરીયોમાંથી છ દેરીયોમાં પ્રતિમાજી બેસાડેલાંછે, અને એકમાં બેસાડવાનાં છે. દેરાસરમાંના ચોમુખમાં રીખવદેવ બેસા-

ટેલ છે. ત્યાંથી શ્રી સિદ્ધગીરીનાં દરશન કરવાને ચોતરો બંધાવ્યો છે, ત્યાંથી સિદ્ધગીરીનાં દર્શન થાય છે. ડુંગર પર દેરી બે છે, તેમાં બાહુબલી તથા ભરતજીનાં પગલાં છે. આ દેરાસર પ્રથમ સંપ્રતિરાજાનું બંધાવેલું તે જીર્ણ થવાથી ટીપ કરી સંવત ૧૮૭૨ ના વૈશાખ સુદિ ૧૩ નવું દેરાસર બંધાવી તેમાં પ્રતિષ્ટા કરી, તેમજ ધર્મ-શાલા એક બાબુ ધનપતસીંગજીની બંધાવેલી છે. તથા એક શ્રી સંઘની છે. ડુંગર ઉપર ૩૦ ગુફાઓ છે, તે વિદ્યાધરની ગુફાઓ કહેવાય છે. તેમાં ૪-૫ ગુફાઓ ૨૦૦ માણસ સમાય તેવડી છે.

ખોડીયારનું એક ભોંયરૂં છે, તથા અભણા મંડપનું ભોંયરૂં છે, ટાંકા બે પાણી ભરવાનાં છે, તલાજામાં કુલ વસ્તી ચાર હજારની છે, શ્રાવકોનાં ઘર ચારસો છે.

તલાજાના ડુંગર ઉપરનું દેરૂ સંવત ૧૩૮૧ માં બંધાવેલું છે. તલાજાની પાસે તલાજી નદી વહે છે તેજ નામથી એક દૈત્યનું દેરૂ છે.

તલાજાથી દોઢ ગાઉ સાખલાસર ગામના કોલી રશનને સ્વપ્નુ આપી શ્રી પારસનાથની પ્રતિમા શ્યામ વર્ણની સંપ્રતિ રાજાની ભરાવેલી ઓગણતીસ તસુની ના ખેતરમાંથી નીકળી હતી તે તલાજાના દેરાસરમાં ભરાવી છે.

વસ્તુપાલે તલાજાના ડુંગર ઉપર ઋષભદેવનો પ્રાસાદ કરાવ્યો છે.

---

# જુનાગઢ-ગિરનારજી.

## ૨૩

જુનાગઢ એ ગિરનાર પર્વતની તલાટીમાં આવે છે. જુનાગઢ એ પણ પુરાણું શહેર છે. પ્રથમ અહિં ક્ષત્રીઓનું રાજ્ય હતું. તેવારે પ્રથમ રાજ્યધાની વામસ્થળી (વંથળી) ગણાતું. પરંતુ ગ્રહરીપુ કે તેની નજીક રાજાઓ જુનાગઢમાં વસ્યા હોય તો બનવાજોગ છે. ત પછી કેટલીક ચડતી પડતી ચાલી ગઇ, છેવટે જુનાગ પ્રખ્યાત છેલ્લા રા. માંડલિકના સમયમાં અમદાવા મહમદ બેગડાએ તેને હરાવી મુસલમાન બનાવ્યો, ત્યા આજ પર્યંત નવાબી રાજ્ય ચાલતું આવેછે. સોરઠમાં જુ ગઢનું રાજ્ય પહેલાં સર્વોપરી ગણાતું. જુનાગઢ એ જૈ મોટું તીર્થ ગણાયછે, ત્યાં દેવચંદ લક્ષ્મીચંદનું કાર છે, જે જુનાગઢ તથા ગિરનારજીના તીર્થનો વહીવ છે. ગામમાં ધર્મશાળાઓ દેરાસરો વગેરે સગવડ છે, જુનાગઢથી તલાટી કોશ બે થાય છે. ત્યાં ગ

જઈ શકે છે. તલાટીએ શેઠ પ્રેમચંદ રાયચંદની ધર્મ-શાળા છે ત્યાં જાત્રાળુઓને ભાથુ અપાય છે, જાત્રાળુઓ રાતના ત્યાં જઈ સૂઈ રહે છે કે જેથી પ્રભાતના ત્યાંથી ડુંગર ઉપર ચડવું સુગમ પડે. તલાટીમાં દેરાસર પણ છે હાલમાં પહાડ ઉપર ચડવાનો રસ્તો સુગમ છે કારણ કે તે સુધરાવેલો છે. તેમજ કેટલીક જગ્યાએ પગથીયાં પણ કરાવેલાં છે. પહાડનું ચડાણ સાત કોશનુંછે. જેની શક્તિ ન હોય તે ડોળીમાં બેસીને પણ ચડી શકે છે. રસ્તામાં એક બે જગોએ પાણી મળી :શકે છે. વિસામા પણ બાંધેલા છે. પહાડ ઉપર કોશ ૪ ચડ્યા પછી બાવીસમા તીર્થંકર શ્રી નેમનાથજીનું દેરાસર આવે છે, ત્યાં બીજાં પણ ઘણાં દેરાસરો અને ધર્મશાળાઓ છે. અહિંયાં શ્રી નેમનાથજીનાં દીક્ષા,કેવળ અને મોક્ષ એ ત્રણ કલ્યાણક થયાંછે. ભગવંતની પૂજા કર્યા પછી ઉપર જતાં રાજુલની ગુફા અને અંબિકા અધિષ્ઠાયિકાનું મંદીર આવેછે, ત્યાંથી પાંચમી ટુંકે નેમનાથ મોક્ષ ગયા તેની સ્થાપના છે, રસ્તામાં બીજા પણ દેરાસરોમાં દર્શન કરતા જવું. વળી નીચે ઉતરતાં સહસાવનમાં જવું. ત્યાં નેમનાથજીએ દીક્ષા લીધી તે સ્થાનકછે, ત્યાં પગલાં છે. રસ્તામાં ઘણા જોગી લોકોના મઠ આવે છે. આ પહાડ ઉપર અનેક જાતની વનસ્પતિઓ છે. ચીતરાવેલ પણ એક સજીવન પાણીનું તલાવ છે તેમાં છે, પણ ભાગ્ય વિના મલતી નથી. એ

નેમનાથજીનું દેરાસર જેને કરણ પ્રાસાદ પણ કહે છે. તેને સિદ્ધરાજના પિતા કરણ રાજાએ બંધાવેલું હતું. ગીરનારજીને રૈવતાચલ પણ કહે છે.

આવતી ચોવીશીમાં બાવીસ તીર્થંકરો આ ગિરનાર પર્વત ઉપર અણસણ પૂર્વક મુક્તિપદને વરશે.

શ્રી નેમીનાથ તીર્થંકર ગીરનાર ઉપર ઘણી વખત *સમવસરેલા છે. તેમણે દીક્ષા પણ ગિરનાર પર્વત ઉપર* સહસાવનમાં લીધેલીછે. નેમીનાથની અધિષ્ઠાયિકા અંબિકા દેવી તે અરસામાંજ મનુષ્યમાંથી વ્યંતર લોકમાં મહર્ધિક દેવી બનેલી છે. તે જમાનામાં કોડીનાર (કુબેરપુર)માં સોમભટ નામે બ્રાહ્મણ હતો. તેને અંબિકા નામે સ્ત્રી હતી. તે મહા પવિત્ર સતી તેમજ જૈનધર્માનુરાગિણી હતી. એકદા માસક્ષમણના ઉપવાસી કોઈ બે સાધુ તેને ત્યાં પધાર્યા, તે દિવસે રસોઇ પણ સારી હતી ને તેની સાસુ પાડોસીને ત્યાં ગયેલી હોવાથી અંબાએ સાધુઓને ભાવથી વહોરાવ્યું, સાધુઓ વહોરી ગયા પછી તેની સાસુ આવી, તેણી અને અંબાનો વર મીથ્યાત્વી હોવાથી સાધુઓને વહોરાવાની ખબર પડવાથી અંબિકાને બહુ સતાવી, જેથી અંબિકા ઘરમાંથી નીકળી ગઈ ને જંગલમાં ગઈ તેના જવા પછી પાછળથી સાધુઓના દાનના પ્રભાવથી ઘરમાં કાંઈ લક્ષ્મીનો લાભ થયેલો દેખી સોમભટ

અંબિકાને સંભાળતો. તેને (અંબિકાને) શોધવા ચાલ્યો અંબિકાએ તેને જોતાંજ વિચાર્યું કે એ મને મારવા આવે છે, જેથી નેમીનાથનું ધ્યાન કરતાં છતાં તેણીએં પોતાના બે પુત્રોની સાથે કુવામાં ઝંપાપાત કર્યો. તેની પછવાડે તેના વર સોમભટે તેનું સ્મરણ કરતાં કુવામાં ઝંપાપાત કર્યો, હવે અંબિકા તિર્થંકરના ધ્યાનથી વ્યંતર લોકમાં મહાન ઋદ્ધિવાળી અને ઘણી દેવીઓના પરિવાર વાળી એવી મહા સમર્થ દેવી (અંબીકા) પણે ઉત્પન્ન થઇ, અને તેનો વર સોમભટ્ટ તેના વાહન રૂપ દેવતા થયો, તે અરસામાં નેમીનાથને કેવળજ્ઞાન ઉત્પન્ન થયેલું જ્ઞાનથી જાણી ભગવંતને વાંદવાને વિમાનમાં બેસીને સમવસરણમાં આવી. ભગવંતની દેશના સાંભળી તેના અદ્ભુત ચારિત્રથી પ્રસન્ન થઇ સુધર્મા ઇંદ્રે (શક્રેંદ્રે) અંબિકાને નેમીનાથના શાસનની અધિષ્ઠાયિકા પણે સ્થાપી. આજે તેજ ગિરનારની અધિષ્ઠાયિકા દેવી અંબિકા પણે ઓળખાય છે. ગોમેધ નામે યક્ષ પણ તેજ વખતે ઉત્પન્ન થયેલો છે. તે પણ નેમીનાથના શાસનમાં અધિષ્ઠાયક છે. વસ્તુપાળે તેજપાળે સં. ૧૨૮૮ માં અહીં દેરાસર બંધાવેલું છે ને ગીરનારની જાત્રા કરેલી છે.

# ગજપદ કુંડ.

૨૪

આ કુંડ ગિરનારજીના પર્વત ઉપર આવેલો છે. શ્રી કૃષ્ણ વાસુદેવ જેવારે ગજપદ કુંડે આવ્યા, તેવારે તેમણે શ્રી શક્રેંદ્રને પુછયુ કે "એનું નામ ગજપદ કુંડ કેમ પડયું, તેવારે શચીપતિએ તેમને જણાવ્યું કે "પૂર્વે જેવારે ભરત ચક્રવર્ત્તી અહીંઆં આવ્યા હતા. તે વખતે તે વખતના ઇંદ્ર શ્રી રૂષભદેવને નમવાને અર્થે આવેલા તે આ ગિરનાર ઉપર પણ જાત્રા માટે પધારેલા તેમના ઐરાવણ હાથીના પગલાથી ત્યાં કુંડ થયો તેનું ગજપદ કુંડ એવું નામ પડયું છે. ચૌદહજાર નદીના પરીવાર વાલી એવી ગંગાનદીનાં જળ આ કુંડમાં આવેલા છે. માટે એ ગજપદ કુંડ પવિત્ર છે. તેના જળમાં સ્નાન કરવાથી ખાંસી, શ્વાસ, સુવારોગ, જલોદર, ગલત્તી વગેરે નાશ પામે છે, બીજા ધરણેંદ્રનો ચમરેંદ્રનો વગેરે કુંડો છે.

ગિરનાર, કૈલાસ, રૈવતાચલ, ઉજ્જયંત, સ્વર્ણગિરિ અને નંદભદ્ર એ સર્વ નામો ગીરનારનાં છે. પહેલે આરે ૩૬ જોજન, બીજે આરે ૨૦, ત્રીજે ૧૬, ચોથે ૧૦, પાંચમે ૨, ને છઠ્ઠે ૧૦૦ ધનુષ્ય એમ પ્રાયઃશાશ્વતો છે. રૂષ-

ઋષભ ભગવંતે પોતાના સુરાષ્ટ્ર પુત્રને આ દેશનું રાજ્ય આપવાથી આ દેશનું સુરાષ્ટ્ર ઉપરથી સૌરાષ્ટ્ર એવું નામ પડ્યું. સૌરાષ્ટ્રની રાજ્યધાની જુનાગઢ અથવા વામિનસ્થલી ગણાય છે.

---

## ઘોઘા.

૨૫

આ ગામ ભાવનગરથી સાત આઠ મેલ થાય છે, ઘોડા ગાડી બેલગાડી વગેરે વાહન મલે છે, ત્યાં નવખંડા પાર્શ્વનાથની પ્રાચિન પ્રતિમા છે. તે માટે જુઓ પાછળ નવખંડા પાર્શ્વનાથ.

ઘોઘા એ જુનુ ને પુરાતની સંભળાય છે. અસલ તે ઘણુ મોટુ શહેર હતું. પાછળથી ઘોઘા ભાગીને ભાવનગર વસેલું સંભળાય છે.

---

## ભાવનગર.

૨૬

કાઠીયાવાડમાં આ શહેર હાલ મુખ્ય ગણાય છે. ઇ. સ. ૧૭૨૩ માં ભાવસિંહજીએ પીલાજીરાવ ગાયકવાડની બીકથી શીહોરથી વડવા બંદર આવી ભાવનગર વસાવ્યું.

તે હળવદના રાજાની દીકરીને પરણ્યા હતા. હાલમાં શહેરની જાહોજલ્લાલી સારી છે. દેરાસરો અને જૈનોની વસ્તીથી ભાવનગર પણ એક જૈનપુરી જેવું છે. તેમજ વેપારનું પણ મથક છે, નજીકમાં દરીયો હોવાથી સ્ટીમરોની આવ જા પણ ઘણી થાય છે. સ્ટેશન ઉપર ધર્મશાળા છે તેમજ શહેરમાં દાદાસાહેબના દેરાસરે મોટી ધર્મશાળા છે. ઘોઘા ભાગીને ભાવનગર વસેલું છે.

---

## મહુવા.

૨૭

આ શહેરને શાસ્ત્રમાં મધુમતી કહે છે. મધુમતી શહેર પણ કાઠીયાવાડમાં બંદર ગણાય છે. વેપાર રોજગાર સારા ચાલે છે. અહીંયાં જીવતસ્વામીની ( મહાવીર સ્વામી ) જાત્રા કરવા લાયક પ્રતિમા છે. આ દેરાસરજી સાત શિખરનું ચોમુખજી સહીત છે. ધર્મશાલા એક શ્રાવકોની તથા એક મહાજનની છે. આ મહુવામાં શત્રુંજયનો ઉદ્ધાર કરનાર જાવડશાહ શેઠ ઉત્પન્ન થયા હતા. જેમણે વજ્રસ્વામીના વારામાં વિક્રમ સંવત ૧૦૮ માં શત્રુંજયનો ઉદ્ધાર કર્યો. જે રૂષભદેવની પ્રતિમા તક્ષશીલા (ગિજની)માંથી લાવ્યા હતા ને શત્રુંજય ઉપર પધરાવી હતી.

# વળા.

૨૮

અસલ એ વલભીપુર નગર હતું, ત્યાં રૂષભદેવ ભગવાનનું પ્રખ્યાત મંદિર હતું. તેમજ બીજાં પણ જૈનોનાં મોટાં મોટાં દેવળો ત્યાં શોભી રહ્યાં હતાં. વિક્રમ પછી ૪૭૭ વર્ષ ત્યાં શિલાદિત્ય રાજા થયો. તેને ધનેશ્વરસુરિ ચંદ્ર ગચ્છાધિપતિએ ઉપદેશ આપી જૈન બનાવી બૌધોને દેશ પાર કરાવ્યા ને તે રાજાના કહેવાથી સૂરિએ શત્રુંજય મહાત્મ્યની રચના કરી. તે પછી કાકુ નામના વૈશ્યે સીંધના હાકેમ અલમન્સુરને લાલચ આપી આ દેશ ઉપર ચડાઈ લેવરાવી તેનો કેવી રીતે નાશ કરાવ્યો તે માટે જુઓ. ( વલભીપુરનો વિનાશ ) ગુજરાતીની ભેટ.

શીલાદિત્યની ગર્ભવતી સ્ત્રીને પાછળથી ગુહાદિત્ય નામે પુત્ર થયો, તેણે ઈડરમાં રાજ્યગાદી સ્થાપી હતી. તેના વંશને ગેહલોટ કહેવાણું. વલભીપુરની જગાએ હાલ વળા ગામ આવેલું છે તે ત્યાં પછી વસેલુ હોય એમ જણાય છે. કારણ કે વલભીપુરનો તો તદ્દન નાશ થયો હોય એમ ઇતિહાસ કહે છે.

# માંગરોલ.

૨૯

જુનાગઢથી વેરાવળ જતાં રસ્તામાં કેશોદ સ્ટેશનથી આઠ ગાઉ માંગરોલ જવાય છે. અહીંયાં નવપલ્લવ પાર્શ્વનાથની પ્રતિમા જાત્રા કરવા લાયક છે. બીજું દેરાસર શ્રી મુનિસુવ્રતસ્વામીનું ધર્મચંદ હેમચંદે બંધાવેલું છે. શ્રાવકની વસ્તી સારી છે. શ્વેતાંબરી સ્થાનકવાસી અને લુંકા ત્રણે પંથના શ્રાવકો અહીંયાં વસે છે. નવપલ્લવ પાર્શ્વનાથ માટે પાછળ જુઓ નવપલ્લવ પાર્શ્વનાથ. માંગરોળનું પ્રાચીન નામ રત્નગઢ હતું. લગભગ બારમા સૈકામાં તે મંગલપુરથી ઓળખાતું હતું. આ શહેર ઘણું પ્રાચીન જણાય છે. કુમારપાળ રાજા શત્રુંજય ગિરનારે યાત્રા નિમિત્તે આવતા ત્યારે અહીંયાં વધારે રહેતા હતા, અહીંયા રાજ્યમહેલ અને નવપલ્લવજી મહારાજ કુમારપાળે બંધાવેલા જણાય છે. અહીંની રાવલી મસીદ પણ પ્રથમ જીનાલય હોય અને પછી મોગલ સત્તામાં મસીદ થઈ હોય તેમ જણાય છે. બીજું પણ પ્રાચીન ઘણું જાણવા જેવું છે.

## વેરાવળ.

૩૦

અહીંયાં ચીંતામણી પાર્શ્વનાથનું દેરાસર સં. ૧૮૦૭
માં બંધાવેલું છે તેમજ બીજું દેરાસર પણ બહુ જુનું
છે પ્રતિમાઓ ૫૭ છે જાત્રા કરવા લાયક છે.

---

## પ્રભાસપાટણ.

૩૧

આ શહેર ઇતિહાસીક તેમજ ધાર્મીક દૃષ્ટિએ ઘ
ણુંજ જુનું છે, એને દેવપાટણ પણ શાસ્ત્રમાં કહેવાય
છે, તેમજ ચંદ્રપ્રભાસ નામ પણ છે. વેરાવળથી આ
એક થાય છે ત્યાં નવ દેરાસરો છે, તેનો ઇતિહાસ ઘ
ણોજ મોટો અને લખવા લાયક છે.

૧ ચંદ્રપ્રભુનું દેરાસર
૨ સુવિધિનાથનું દેરાસર
૩ પાર્શ્વનાથનું દેરાસર
૪ શાંતિનાથનું દેરાસર
૫ મલીનાથનું દેરાસર પ્રતિમાજી ભોંયરામાંથી નીકળ્યાં છે.
૬ મહાવીરસ્વામીનું દેરાસર
૭ આદેશ્વર ભગવાનનું દેરાસર
૮ અજીતનાથનું દેરાસર
૯ નેમનાથનું દેરાસર

બીજા સગર ચક્રવર્તી લવણ સમુદ્રને શત્રુંજયના રક્ષણને માટે લાવતા હતા પણ ઈંદ્રના કહેવાથી સમુદ્રનાં પાણી ચક્રીના હુકમથી દેવે અહીં થંભાવ્યાં, ને જગતના કલ્યાણને માટે તીર્થ પ્રગટ રહેવા દીધું. અહીં પ્રખ્યાત સોમનાથ મહાદેવનું અન્યમતિનું તીર્થ છે તે પ્રથમ ત્યાં ચંદ્રપ્રભુનો પ્રાસાદ હોવો જોઈએ, પણ પાછળથી ત્યાં બળાત્કારે સોમનાથનું તીર્થ બન્યું જણાય છે. શ્રાવકોની એક ધર્મશાળા છે, ગામ સારૂં છે. શહેરનાં પ્રમાણમાં શ્રાવકોની વસ્તી સારી છે. પ્રભાસ પૂર્વે ચંદ્રપ્રભુના નામથી ચંદ્રપ્રભાસ તરીકે પણ ઓળખાતું હતું. ચંદ્રપ્રભુ સ્વામીનું મંદિર ઘણું પ્રાચીન સંભળાય છે. હાલમાં પણ ચંદ્રપ્રભુના તીર્થ તરીકે તે ઓળખાય છે. મોગલ શાહનશાહોના અનેક આઘાતો થવા છતાં પણ હાલમાં અસ્ત વ્યસ્ત સ્થીતિમાં આનંદ આપે છે. આ શહેર ચંદ્રપ્રભાસ, દેવપાટણ અથવા દેવપટ્ટન એટલું બધું પ્રાચીન છે કે ચંદ્રપ્રભાસમાં પૂર્વે યુગાદિપ્રભુના પૌત્ર સોમયશા—ચંદ્રયશાયે પ્રાસાદ બંધાવી ભાવી આઠમા તીર્થંકર શ્રી ચંદ્રપ્રભુની મુર્ત્તિ પધરાવી હતી. ને ત્યાં શશિપ્રભા નગરી વસાવી હતી, તેમજ ચંદ્રપ્રભુના સમયમાં બીજા ચંદ્રયશાએ ભાવથી ચંદ્રોદ્યાનની સમીપે તીર્થંકર શ્રી ચંદ્રપ્રભુનો પ્રાસાદ કરાવી ચંદ્રપ્રભુની મુર્ત્તિ પધરાવી હતી. અહીંયાં સીતાજીએ પણ

એક નવીન ચૈત્ય કરાવી ચંદ્રપ્રભુની સ્થાપના કરી હતી. અહીંયાં ડોકરીયા પાર્શ્વનાથનું દેરાસર પણ છે, પ્રતિમા શ્યામવર્ણની તેના હાથમાં રૂપાની કોરી ચોઢેલી છે. પ્રથમ રોજ એક કોરી નીકલતી હતી પણ આશાતના થવાથી બંધ થઈ ગઈ છે. ભરત મહારાજા પણ સંઘ લઈને અહીંયાં આવેલા છે. તેમણે ચંદ્રપ્રભુનો પ્રાસાદ બંધાવેલ છે. શાંતિનાથના પુત્ર ચક્રાયુધે પણ આવીને પ્રાસાદો સમરાવ્યા છે.

---

# દીવ.

૩૨

દીવ એ ઘણુ પ્રાચિન શહેર સંભળાય છે, પૂર્વે અજાહરા પાર્શ્વનાથ અજયરાજા જ્યારે અહીયાં નિવાસ કરતા હતા તે વારે સમુદ્રમાંથી પ્રગટ થયા હતા, જુઓ અજાહરા પાર્શ્વનાથ ? અહી હાલમાં ચાર દેરાસર છે, શ્રાવકનાં કુટુંબ ૨–૩ લગભગ છે. હાલમાં દીવ માંગરોલની નજીક આવેલું છે. આજથી સાડાત્રણસો વર્ષ પહેલાં શહેરની તેમજ જૈનોની સારી આબાદી હતી. આ પંચતીર્થીમાં પણ કેટલાક જૈન દેવાલયો પાદશાહી વખતમાં નષ્ટ થયાં લાગે છે. પણ કોઇ ઇતિહાસકારોએ તે હકીકત

પ્રગટ કરી નથી. જ્યારે સોમનાથની હકીકત તરતજ લખાઈ ગઈ.

---

## ઉના.

૩૩

અહીંયાં પાંચ દેરાસરો આવેલાં છે. કાળાંતરે પાર્શ્વ-નાથજી અને નેમનાથજીવાળાં દેરાસરો પ્રથમ જગાએથી ખસેડી ત્રીજા દેરાસરની જોડે કર્યાં અને સંભવનાથજીને પણ પરિવાર સાથે પ્રથમના દેરાસરમાં પરોણા દાખલ રાખ્યા. એક દેરાસર સંભવનાથજીના માટે તૈયાર થાય છે. શ્રી હીરવિજયસૂરિજીનું છેલ્લુ ચોમાસુ અહીંઆં થયું હતું–જ્યાં તેમને અગ્નિસંસ્કાર થયો હતો ત્યાં એક ચોતરો છે. અહીંયાં નજીકમાં ગોરખમઢી ગામ બાવાનું છે ત્યાં સંભવનાથની પ્રતિમા સફેદ હાથ ઉંચી, તેને તેઓ રૂષભાવતાર માનીને પોતાની વીધીથી પૂજે છે પણ આપતા નથી.

---

## અજાહરા–અજારા.

૩૪

અહીંયાં દેરાસરજી પાંચ છે. રૂષભદેવજીનું દેરાસર તેમાં અંદર મોટુ ભોંયરૂ છે, તે વજન પત્થરનું બાંધેલું છે

અંદર બે ગભારા છે, એકમાં આદિશ્વરજી છે બીજામાં અમિઝરા પાર્શ્વનાથ છે. શાંતિનાથજીનું, શ્રી પાર્શ્વનાથનું શ્રી નેમીશ્વરનું તેમજ સંભવનાથનું એ પાંચે દેરાસરો કુંભારવાડા તથા સુતારવાડાના નામથી ઓળખાતી જગાએ છે.

ધર્મશાળા બે સાર્વજનીક છે તેમાં એક વૈશ્નવોની છે અને બીજી તપાગચ્છના જીવા વાલજીના પુત્રોએ બંધાવેલી છે એક ઉપાશ્રયમાં હીરવિજયની ગાદી છે.

અજારામાં અજાહરા પાર્શ્વનાથની ભવ્ય અને પ્રાચિન મુર્તિ છે, જાત્રા કરવા લાયક હોવાથી અજાહરા પાર્શ્વનાથનું તીર્થ સ્થળ ગણાય છે. હાલમાં પ્રતિમાજીને લેપ અને જીર્ણોદ્ધાર થવાથી તીર્થની શોભામાં વધારો થયો છે.

## દેલવાડા.

૩૫

દેરાસરજી એક અહીંયાં ચિંતામણી પાર્શ્વનાથજીનું છે. પ્રતિમા પાંચ છે આ પંચતીર્થ તરીકે ગણાય છે.

૧ દીવ, ૨ ઉન્હા, ૩ અજાહરા, ૪ પ્રભાસ પાટણ અને ૫ દેલવાડા એ પાંચ તીર્થો પંચતીર્થીમાં ગણાય છે.

## રાજકોટ

૩૬

આ શહેર કાઠીયાવાડના મધ્યબિંદુ તરીકે ગણાય છે, હવાપાણી સારાં છે. રેલવે સ્ટેશન ત્રણ છે. જૈનોની વસ્તી સારી છે. વેપારનું મથક ગણાય છે. દેરાસર એક શિખરબંધી મુલનાયક સુપાર્શ્વનાથજીનું છે, દરબારી રજવાડી શહેર ગણાય છે. શહેર જોવા લાયક છે.

---

## મુલી.

૩૭

અહીંયાં માંડવરા પાર્શ્વનાથનું મૂળનાયકજીનું રમણીય જાત્રા કરવા લાયક દેરાસર છે. ગોડીજીની સાથે એની અંજનશાલા થયેલી છે, પ્રતિમા ચમત્કારીક છે, આના ભાટલોકમાં રાસડા છે.

---

## જામનગર.

૩૮

એનું બીજુ નામ 'નવાનગર' અથવા તો 'નગર' તરીકે પણ તેને ઓળખે છે. કચ્છના રાવના વંશના કોઈ ભાયાત

જામરાવલે ત્યાંથી આવીને હાલાર જીતી સોળમા સૈકાની શરૂઆતમાં ત્યાં આગળ દરયા કિનારે જામનગર વસાવી ત્યાં રાજય ધ્યાની સ્થાપી અને આસપાસનો મુલક કબજે કર્યો. પછી તેઓ જાડેજા ( જામ ) ના નામથી ઓળખાવા લાગ્યા. અહીંયાં આઠ દેરાસર છે. જાત્રા કરવા લાયક અહીંયાં એક દેરાસર રાયસીશાહ શેઠનું બંધાવેલું છે. તેમાં ભાભા પાર્શ્વનાથજી મુલનાયક છે સંવત ૧૬૪૨ માં કરાવેલા માંડેલું ૧૬૭૮ માં પુરૂ થયું હતું. સંભવનાથજીના ચોમુખ ઘણા સારા છે. શહેરમાં ફણા પાર્શ્વનાથનો ગભારો કહેવાય છે, તેમાં સહસ્ત્રફણા પાર્શ્વનાથની પ્રતિમા ચમત્કારીક છે, પાસે ગોખલામાં રત્નની પ્રતિમા એક ફુટ ઉચી જાત્રા કરવા લાયક છે. દેરાસર બાવન જીનાલયનું મોટુ વિશાળ બનાવ્યું છે.

બીજી દેરાસર વર્ધમાનશાહનું બંધાવેલું છે, તે શાંતિનાથજીનું છે. પ્રતિમાઓ પણ બહુ જુની છે. દેરાસર બાવન જીનાલયનું છે ૧૬૪૨ માં બાંધવા માંડેલું. તે પણ ૧૬૭૮ માં પ્રતિષ્ટા થઈ.

આદેશ્વરજીનું દેરાસર શેઠનું કહેવાય છે તેમાં પણ દેરાસરો ભેગાં છે હમણાંજ જીર્ણોદ્ધાર થયો છે.

નેમનાથજીના દેરાસરમાં શ્યામ પ્રતિમા સંપ્રતિ રાજાની ભરાવેલી તે બસો વરસ ઉપર જ્યારે જામનગરથી

વહાણ ગયેલાં તે દરિયામાં થંભાણાં તે વખતે તે પ્રતિમા, ગડા, અંબિકા દેવીની મુર્ત્તિ, અને આસન દરીયામાંથી તરીને ઉપર આવ્યાં, તે સર્વને વહાણમાં લીધાં, તે પ્રતિમા આ દેરાસરમાં પધરાવવામાં આવ્યાં.

ચંદ્ર પ્રભુનું તથા આદિશ્વરનું દેરાસર શેઠ આણંદજી તથા એબજીએ કરાવેલું છે, તેમાં પ્રતિમાઓ લગભગ ૧૩૦ છે.

વાસુપૂજ્યસ્વામીનું દેરાસર સંઘનું કરાવેલું છે, તેમજ ધર્મનાથજી મંદિર પણ સંઘનું કરાવેલું છે.

તે સિવાય વંડામાં હરજીવન શાહનું કરાવેલું દેરાસર છે, મોટું રમણીયં મકાન બાંધ્યું છે. સંવત ૧૯૪૪ તે સિવાય બીજાં પણ દેરાસરો તથા અપાસરા છે. ખરતર ગચ્છને વંડે દાદાસાહેબનાં પગલાં તથા દેરી છે.

---

# વંથલી (વામનસ્થલી).

૩૯

જુનાગઢથી ત્રણ ગાઉ વંથલી સ્ટેશન છે, આ ઐતિહાસિક ને પુરાણું શહેર છે. આ શહેર અસલ સોરઠ રાજ્યધાની તરીકે ગણાતું હતું. શાસ્ત્રમાં તેને વામનસ્થલી

કહે છે. જુનાગઢ અને વામનસ્થલી એ બે શહેરોમાં પ્રથમ રા. ની રાજ્યધાની રહેતી, પછી છેવટે જુનાગઢ ગાદી કયારે આવી, તે કાઠીયાવાડી ઇતીહાસીક સાહિત્યમાંથી જોઈ લેવું. એક પદ્મપ્રભુનું સંવત ૧૯૬૦માં તથા બીજું શાંતિનાથજીનું દેરાસર ૧૯૧૮ માં કરાવેલું છે, તે સિવાય હમણાં શેઠ દેવકરણ મુલજીએ નવીન દેરાસર થોડા વરસ ઉપર બંધાવ્યું છે.

---

## દ્વારિકા.

૪૦

આ શહેર કાઠીયાવાડમાં દરિયા કીનારે આવેલું છે, અસલ દ્વારિકા કે જે છેલ્લા મહાભૂજવિષ્ણુની રાજ્યધાની તરીકે આજથી લગભગ છયાસી હજાર વર્ષ પહેલાં હયાત હતી, જે નગરી ઇંદ્રના આદેશથી કુબેર દેવતાની બનાવેલી હતી. તે વખતે તે અનેક જૈનમંદિરોથી સુશોભીત હતી. તે દ્વારિકા મહાભૂજ વિષ્ણુના છેલ્લા દિવસોમાંજ દૈવકોપથી છ માસ પર્યંત બલી અને મહાબલવંત એવા શ્રી વિષ્ણુ તેમજ બળભદ્ર એ બે સિવાય કોઈ તેમાંથી બચી શકયું નહી, એવી રીતે છ માસ પર્યંત દેવતાના કોપથી દ્વારિકા બળી પછી તેની ઉપર

લવણસમુદ્રનાં પાણી ફરી વળ્યાં. તેનાજ નામે કરીને આ દ્વારિકા પણ છે પણ તે કઈ સાલમાં વસ્યું તે કોઈ ઐતિહાસીક પુરાવાથી જોઇ લેવું. હાલની દ્વારિકા પણ સમુદ્ર કિનારે આવેલી છે અને તે બરોડાધીશ નામદાર ગાયકવાડ સરકારની હકુમતમાં છે.

---

# બરડાનો ડુંગર.

૪૧

*સોરઠમાં બરડાના ડુંગર ઉપર આઠમા વાસુદેવ* લક્ષ્મણ અને રામચંદ્રના સમયમાં રાણી કૈકેયી હર્ષથી પતિની આજ્ઞાથી બાલ અવસ્થાવાળા રામ આદિ પુત્રોને લઇને ત્યાં ડુંગર ઉપર આવી હતી. બરડાના ડુંગર ઉપર બરડા રાક્ષસે બંધાવેલું ભાવી તીર્થંકર શ્રી નેમીનાથનું મંદિર હતું, ભક્તિપૂર્વક ત્યાં મહોત્સવ કરી માગણોને દાન આપ્યાં, ચૈત્ય જીર્ણ થયેલું હોવાથી કૈકેયીએ તેનો ઉદ્ધાર કર્યો, અને નેમીનાથની પુનઃ સ્થાપના કરી.

પ્રખ્યાત બરડાના ડુંગર ઉપર આવેલા ધુમલી શહેરમાં જેઠવા વંશમાં હલામણ જેઠવો નામે રાજા થઈ ગયો છે, જેના કાકા શીયારાણાએ તેને દેશવટો આપ્યો હતો સોનકુમારી તેમાં નિમિત્ત કારણ હતી. છેવટે

હલામણુ સોનરાણીને પરણીને ધુમલીનું રાજ્ય પાછું મેળવે છે. વિશેષ હકીકત માટે જુઓ કાઠીયાવાડી ઇતિહાસીક સાહિત્ય ! સોરઠમાં બરડાનો ડુંગર પોરબંદરની નજીક આવેલો છે, હાલમાં પણ પહાડ ઉપર ધુમલી ગામ આવેલું છે.

બરડાના નામે પાર્શ્વનાથનું નામ પણ જોવાય છે અને તેથી 'બરડા પાર્શ્વનાથ'નું દેરાસર અસલ બરડાના ડુંગર ઉપર હોવું જોઇએ. શ્રી ધીરવિમલ કવિના શિષ્ય નયવિજય કવિએ પાર્શ્વ જીન સ્તવનમાં ૧૩૫ નામ ભગવાનનાં જણાવ્યાં છે તેમના 'બરડા પાર્શ્વનાથ' પણ નામ બતાવ્યું છે.

બરટ નામનો રાક્ષસ પૂર્વે રાક્ષસી વિદ્યા સાધીને કુરકર્મ કરતો અનેક રાક્ષસોનો અધિપતિ એવો તે મહા હિંસાળુ છતો પાપ કાર્યમાં તત્પર થકો બરડાના ડુંગરમાં રહેલો હતો. તેને ભરત ચક્રવર્તીના સેનાપતિ સુષેણુ સ્વામીની આજ્ઞાથી (બરટને) વશ કર્યો. પછી તેણે શ્રી રૂષભદેવ ને નેમીનાથના પ્રાસાદ પોતાના નામવાળા બરડાના ડુંગર ઉપર કરાવ્યા હતા. ને સમકિતવંત એવો હમેશ તે જીનેશ્વરની ભક્તિ કરતો હતો.

# ભદ્રેશ્વર. (કચ્છ)

૪૨

ભદ્રેસરમાં મહાવીરસ્વામીનું પ્રાચીન દેરાસર બાવન જીનાલયવાળું છે, ધર્મશાલા છે, કચ્છમાં આ તીર્થરૂપ ગણાય છે. મહાવીરસ્વામીના નિર્વાણ પછી ૨૩ વર્ષે દેવચંદ્ર શ્રાવકે બાવન જીનાલયનું દેરાસર બંધાવી અહીંયાં પાર્શ્વનાથ મૂલનાયક તરીકે સ્થાપ્યા હતા. પણ પાછળથી મહાવીરસ્વામી મૂળનાયક થયા, જુઓ ભદ્રેસર પાર્શ્વનાથ ! તેરમા સૈકામાં ભદ્રેસર કચ્છ દેશની રાજ્યધાનીનું શહેર હતું, વીરધવલ રાજાએ કચ્છપતિ ભીમસીંહને જીત્યો હતો, તેની રાજ્યધાની ભદ્રેસર હતી. કચ્છમાં લાખો ફુલાણી વગેરે ઇતિહાસ પ્રસિદ્ધ ઘણા પુરૂષો થયા છે.

---

# માંડવી બંદર.

૪૩

માંડવી એ કચ્છમાં મુખ્ય બંદર છે અને શહેર પણ સારૂં છે. બંદર ઉપર શ્રી ધર્મનાથજીનું દેરાસર

વેલું છે. તેમજ અહીંયાં શીતલનાથજી, પાર્શ્વનાથનું તથા શાંતિનાથજીનું મળીને એમ કુલ ચાર દેરાસર આવેલાં છે.

---

## ભેડડા.

૪૪

૨ ગોડી પાર્શ્વનાથજીનું જાત્રા કરવા લાયક છે.

---

## સુથરી.

૪૫

ઘૃતકલોલ પાર્શ્વનાથની પ્રતિમા ઉદેશી શાહને અહીંયાં મલી હતી. જેથી ઘૃતકલોલ પાર્શ્વનાથનું દેરાસર પણ અહીંયાંજ આવેલું છે. વિશેષ હકીકત માટે જુઓ ઘૃતકલોલ પાર્શ્વનાથ ! હાલમાં અહીં ત્રણ ચાર દેરાસર છે. કચ્છમાં આ મોટું તીર્થસ્થળ ગણાય છે.

---

## રાપર.

૪૬

આ શહેર કચ્છ દેશમાં આવેલું છે, દેરાસર એક શીખરબંધી નાનું છે. ચીંતામણી પાર્શ્વનાથનું દેરાસર પૂર્વે હતું. તે પ્રતિમા રૌલીની પાસેથી મળેલી હતી. જુઓ પાર્શ્વનાથના ચમત્કારોમાં ચીંતામણી પાર્શ્વનાથ !

---

## નારાયણપુર.

૪૭

માંડવીથી ૧૦ ગાઉ થાય છે. દેરાસર એક શ્રી પાર્શ્વનાથનું તેમની પ્રતિષ્ઠા સંવત૧૯૨૨ ના વૈશાખ સુદી ૧૩ની થઈ છે. ધર્મશાળા એક છે, ભાટીયાઓની બે છે.

---

## ભુજનગર.

૪૮

માંડવીથી ૧૭ ગાઉ થાય છે, દેરાસર ત્રણ આવેલાં ચીંતામણીજી, શાંતિનાથજી તથા આદેશ્વર ભગવાનનું;

કચ્છમાં તે મોટું નગર કહેવાય છે, હાલમાં તે રાજ્યધાનીનું શહેર ગણાય છે.

---

## મુંદ્રા.

૪૯

મોટું બંદર ગણાય છે, શીતલનાથજીનું દેરાસર તીર્થ સ્વરૂપ છે, બીજાં બે પણ સંઘનાંજ બંધાવેલાં દેરાસર છે, મહાવીરસ્વામીનું તેમજ સહેસફેણા પાર્શ્વનાથનું દેરાસર જાત્રા કરવા લાયક છે.

---

## (ગુજરાત) સેરીસા.

૫૦

અમદાવાદથી કલોલ સ્ટેશને ઉતરી ત્યાંથી લગભગ અઢી ગાઉ થાય છે. ગાડા વગેરેમાં જવાય છે. સેરીસા એ જુનું પુરાણું શહેર હતું પણ હાલમાં તો નાનું ગામડું છે. સેરીસા માટે કવિ લાવણ્યસમયે એક સ્તવન બનાવેલું છે. જેમાં જણાવેલું છે કે આ શહેર બાર જોજનનું હતું. તે વખતે તેનું નામ પ્રજ્ઞાપુર હતું, તેમાં એક સાંકડી

શેરીનો ભાગ હતો. ત્યાં આ દેરાસર હતું. આજે તેનાથી આઠ નવ ગાઉ દૂર કડી નામે શહેર છે સમયના પ્રભાવે કરીને આજે તેના બે વિભાગ પડી ગયા હોયતો બનવા જોગ છે. સેરીસામાં પાર્શ્વનાથને લોઢણ પાર્શ્વનાથ પણ કહેવાય છે. સેરીસા પાર્શ્વનાથ પણ તેને કહે છે. સેરીસા ગામની પૂર્વ દિશાએ ૧૧ વીઘાનો નંબર પૂર્વે આ તમામ દેરાસરનો ભાગ હતો અને તે જમીન સરકારથી ગૌચરમાં ગણવામાં આવેલી હતી. ત્યાં ખેતરમાં ખોદકામ કરતાં ત્રણ પ્રતિમાજી પાર્શ્વનાથજીની ઘણી મોટી સર્પની ફણાની ધરનારી ખારા પાષાણની ૪ા ફુટ પહોળી, ૩ાા ફુટ ઉંચાઈમાં, ફણા સહીત ફુટ ૫ નીકળી.

બે કાઉસ્સગીયા પણ ખારા પાષાણના મોટા પહોળા ફુટ ૨, ઉંચા ફુટ ૬ાા–૭, રૂષભદેવ ભગવાનની પ્રતિમા આરસની સંપ્રતિ રાજાની ભરાવેલી જણાય છે. અંબિકા દેવીની મુર્ત્તિ એક છે. એવી રીતે ખોદકામ કરતાં પ્રગટ થઈ હોય તેમ જણાય છે. વિશેષ હકિકત માટે જુઓ પાછળ સેરીસા પાર્શ્વનાથ !

હાલમાં પ્રગટ થયેલી પ્રતિમાઓને લેપ કરવાથી તેની શોભામાં ઘણો વધારો થયો છે.

કલોલ, ભોયણી, પાણસર, સેરીસા અને વામજ એ હમણાં પંચતીર્થ જેવું થયું છે.

# પાણુસર.

૫૧

પાણુસર એ કલોલ તાબાનું ગામ છે, અને કલોલથી મહેસાણે જતાં વચમાં આવે છે. પાણુસર પૂર્વ કાલમાં પાનાપુર નામે શહેર ઓળખાતું હતું, હાલમાં તે ૭૦૦ ઘરનું નાનું ગામડું છે. જૈન શ્રાવકનાં ઘર થોડાંજ છે. શ્રીમહાવીરસ્વામીની પ્રતિમા રાવળીયાના વાસમાંથી પ્રગટ થઈ છે, પાણુસરમાં ઉગમણી દિશાએ રાવળીયાનો વાસ છે ત્યાં સંવત ૧૯૬૬ ના શ્રાવણ સુદિ ૮ ને શનિવારે દિવસના નાયક શંકર દલસુખની સ્ત્રી રેવા રાવળ જલા તેજાના ઘર આગળથી જતી હશે તે વખતે તેના માટીના ઘરના બારણાના આગલા ભેડામાં આરસના પત્થરનો દેખાવ જોઈ જલાની સ્ત્રી સંતોક પાસે ખલ કરવાને તે પત્થરની માગણી કરી, તેવારે સંતોકે કહ્યું કે કાલે આવજે, પછી શ્રાવણ સુદિ ૯ ને રવિવારના સવારના સાત વાગે રેવા સંતોકને ઘેર આવી, તેવારે સંતોકે દાતરડાથી ખોતરવા માંડયો તો પ્રતિમાજી જેવો આકાર જણાયો. ત્યારે તેમણે બે જણે વિચાર્યું કે આ તો કોઇ દેવની મુર્ત્તિ છે, પછી તેમણે ધીમે ધીમે કોરતાં કેશર વિલેપન સહીત ભગવાનની મુર્ત્તી જણાઈ. પછી જલાને બોલાવી પ્રતિમાજી બહાર કાઢયાં. જલાએ ચૌટામાં આવી ઘેરઘેર

વધામણી આપી કે મારે ઘેર ભગવાન પ્રગટ થયા છે, જેથી ગામના આગેવાનો તથા જૈનો વગેરે રાવળીઆને ઘેર ગયા. પછી સર્વ ભાઇઓ બોલ્યા કે આ જૈનની પ્રતિમાજી છે. તો આપણે જૈન દેરાસરમાં લઈ જઇએ, પણ પ્રતિમાજી ઉપડે નહીં, વીશ પચ્ચીશ જણે ઉપાડયા, પણ ભગવંત ઉપડે નહી તેથી વિચાર કર્યો કે ભગવાન કેમ પધારતા નથી ? તપાસ કરતાં માલમ પડયું કે જે જગાથી પ્રતિમા કાઢેલ તે જગા તો ઘણી સાંકડી છે ને પ્રતિમાજી મોટાં છે. જમીન બરાબર પલાંઠી છે ને બીજો ભાગ ઉપરનો ભેડાના ચણતરમાં છે, વલી ઘર સંવત ૧૯૫૫ ની સાલમાં નવીન કરેલું છે. તે ઘર કરનાર ઠાકરડો પણ હયાત છે. પ્રભુની ઇચ્છા રાવલીયાને કાંઈ અપાવાની ( પ્રસન્ન કરવાની ) જણાય છે, એમ વિચારી શ્રાવકોએ ચાલીશ રૂપૈયા રાવલીયાને આપવાના નક્કી કરી ભગવાનને ત્યાંથી ખાટલામાં પધરાવી વાજતે ગાજતે પૂર્વ દિશાએથી બજાર વચ્ચે થઇને જૈન દેરાસરમાં પધરાવ્યા. ગામના લોકો પાસેથી દૂધ મંગાવી પખાલ કરાવી રૂ. ૫૧ માં પહેલી પૂજા થઈ, આરતી મંગલ દીવાના રૂ. ૨૫) થયા, પછી ત્યાંના શ્રાવકોએ આજુબાજુના ત્રણ ચાર ગામમાં માણસો મોકલી ભગવાન પ્રગટ થયાની હકીકત જણાવી; પ્રથમ વડુના શ્રાવકભાઈઓ ભગવાનનાં દર્શન

કરવાને ઝટ આવ્યા. તેમણે સેવા પૂજા કરી ભગવાનનું નામ જાણવાને બરાબર નિહાલીને જોયું પણ કાંઇ ખબર પડી નહી. ત્યારે દુરબીન મંગાવી તપાસ કરી તો લંછન કેશરીસિંહનું જણાયું, જેથી આતો ખૂદ માહાવીર ભગવાન ચોવીસમા તીર્થંકર છે. એમ બોલી જયજયકાર કર્યો.

ભગવાન પ્રગટ થયા તે વખતે થયેલા ચમત્કાર.

૧ ભગવાનની પ્રતિમા ભીંતના ચણતરમાંથી પ્રગટ થઈ.

૨ પાણસરમાં તે અરસામાં ઢોરોમાં રોગ ચાલતો હતો પરન્તુ ભગવાનના નીકલવાથી રોગ શાંત થઈ ગયો.

હાલમાં મોટુ દેરાસર શિખરબંધી બંધાઈ પ્રતિષ્ઠા સંવત ૧૯૭૪ ના વૈશાક સુદી ૬ ને દીવસે થઇ છે.

ધર્મશાળાઓ પાંચ છ બંધાઈ ગઇ છે. ઉપાશ્રય પણ છે, હવા પાણી વગેરેની સગવડ સારી છે. ત્યાં કારખાના તરફથી વાસણ ગોદડાં વગેરેની વ્યવસ્થા છે.

---

# વામજ

૫૨

વામજ એ કલોલથી ચાર ગાઉ થાય છે ત્યાંના

દંડક નામના સન્યાસીને દશબાર દીવસથી સ્વપ્નુ આવતું કે ગામના પટેલ વગેરેની મદદ લઇ પડતર જમીન કે જે જગોએ લોકો દેવનું સ્થાનક માનતા હતા અને ધોળી મુચ્છોવાળો નાગ હમેશાં ઘણીવાર દેખાતો હતો ત્યાંથી "તમે ખોદ કામ કરી શાંતિનાથની પ્રતિમા પ્રગટ કરો." એમ વારંવાર સ્વપ્નુ આવવાથી તે જગાએ ખોદ કામ કરાવતાં પ્રતિમા દેખાઇ, શાંતિનાથની પ્રતિમા તેમજ ચાર કાઉસગ્ગીયા, બે ઇંદ્રાણી દેવીની મુર્ત્તિ તેમજ બે ખંડિત ઇંદ્રની મુર્ત્તિ નીકળેલાં છે, વૃદ્ધ પુરૂષો પરંપરાથી સાંભળેલી એવી એક કિંવદંતિ ( દંતકથા ) કહે છે કે " આ જગાએ પ્રથમ મૂલ દેરાસર હતું. તેમજ શેરીસા સુધીનું ત્યાં ભોંયરૂ હતું આ બે કાઉસગ્ગીયાના ઉપરનો પરઘર કોઇ બ્રાહ્મણે મહાદેવનું દેવલ કરાવતાં ત્યાં ચોડેલો દેખાય છે તેમજ બીજા કેટલાક પત્થર ત્યાં ચોડેલા છે. જે માણસ આ પરઘર પત્થર તેમજ ખંડિત પ્રતિમાઓ લઇ ગયેલો તે એવા પાપથી આંધળો થયો અને તેનો નિર્વંશ ગયો."

પ્રતિમાજી સંવત ૧૯૭૯ ના માગસર વદી ૫ ને શનીવારે પ્રગટ થઇ. પ્રગટ થતાં પહેલાં સામેના ઘરવાળાને કેટલાક ચમત્કાર માલૂમ પડેલા. જેવા કે વાદિંત્રના અવાજો, ઘંટના રણકારો સંભળાતા, પછી જ્યારે પ્રતિમાજી બહાર પ્રગટ કરી તેવારે તેમના શરીરના દરેક ભાગો

ઉપર કાળાશ આવવા માંડી, જેથી ત્યાં મળેલા લોકોમાં ગભરાટ ફેલાણો કે નક્કી કાંઈ ઉપદ્રવ થશે, પછી ગામ-વાલાઓએ પ્રાર્થના કરવા માંડી, ત્યારે પાછી પ્રતિમા મૂલ સ્થીતિમાં દેખાવા લાગી.

આ પ્રતિમાજી આગળ દીવો અખંડ બળતો હતો, પણ જ્યારે તેમાં ઘી થઈ રહ્યું. ત્યારે રાતના ઓચિંતી આરતી વગેરે થવા લાગી. સામેના ઘરવાળાઓ સાંભળાને ઉઠયા અને જોયું તો દીવામાં ઘી ન હતું પછી ઘી પુર્યું.

ભગવાનને તલાવ આગળ ધર્મશાળામાં બેસાડવામાં આવ્યા, ત્યારે અમી બહુ ઝરતી હતી. જ્યારે ગાડામાં બેસાડયા ત્યારે કેટલાક માણસો ગાડામાં બેઠેલા છતાં બે માણસો ગાડુ ખેંચીને ફુલની માફક ગામમાં લાવ્યા, ત્યાં એક જગોએ ધર્મશાલામાં જ્યારે સીમેંટ વગેરે કરીને પરોણા તરીકે બેસાડેલા ત્યારે પોતાની મેળે સ્વભાવિક બે આંગલ પાછા ખસેલા દેખાયા.

પ્રતિમા શ્રી શાંતિનાથની સંપ્રતિ રાજાના વખતની જણાય છે. ચાર ફુટ ઉંચી છે! સાથે ચાર કાઉસગ્ગીયા નીકળેલા છે. ત્રીભોવન કણબીના ઘર પાસેથી ખોદતાં માગસર વદી પાંચમે નીકળેલી છે. અણખોલ સ્ટેશનથી પણ જવાય છે.

# વીશનગર

## ૫૩

અમદાવાદથી મહેસાણા લાઇન તે મહેસાના જંક્સનથી રાજપુતાના તરફ ચાલી જાય છે. અને અહીં મહેસાણાથી વીશનગર તરફ નાની રેલવે ઠેઠ તારંગાહીલ સુધી જાય છે. આ ગામ નામદાર ગાયકવાડ સરકારની હદમાં આવેલું છે. ગુર્જરાધિપ ભોળાભીમના માનીતા મહા સામંત (મહા સામંત અથવા મહામંડલેશ્વર) લવણપ્રસાદના કુમાર વીર વીરધવલે ધવલક્કપુરમાં રાજ્યધાની સ્થાપી; વિક્રમ સંવત તેરમી સદીના પાછલા વરસોમાં એટલે મધ્યાન્હ સદી પછી તેમના વસ્તુપાળ ને તેજપાળ મંત્રીઓ હતા, જેમના પ્રભાવથી વીરધવલે રાજ્યની હદ વધારી મુકી હતી, ગુજરાત, કાઠીયાવાડ, કચ્છ વગેરેમાં જેમણે વીરહાક વગાડી હતી. તે પછી સં. ૧૨૯૮ માં વીશલદેવ (વીરધવલનો પુત્ર)ગાદીએ આવ્યો, તેમણે વીશનગર વસાવ્યું છે. પછી ચાહે તો તેરમી સદીના અંતકાલમાં હોય કે ચૌદમી સદીની શરૂઆતનો કાલ હોય.

હાલમાં પણ વીશનગરની જાહોજલાલી ઠીક ઠીક છે, જૈનોની વસ્તી પણ સારી છે. દેરાસરો પણ ભવ્ય અને દર્શનીય છે, ત્યાં કલ્યાણ પાર્શ્વનાથનું મુખ્ય અને

ભવ્ય દેરાસર છે, તે માટે વિશેષ હકીકત જુઓ પાછલ કલ્યાણ પાર્શ્વનાથ ? ધર્મશાળાઓ ઉપાશ્રયો વગેરેથી તેમજ વેપાર રોજગારથી શહેર ઠીક ઠીક છે. ત્યાં ભવ્ય અને રમણીય જાત્રા કરવા લાયક સાત દેરાસરો છે.

---

## વડનગર

૫૪

આ શહેરને શાસ્ત્રમાં આણંદપુર કહે છે. પ્રથમ ભરત મહારાજાના વખતમાં અહીંયાં સિદ્ધાચલજીની તલાટી ગણાતી. નેમનાથની ચોરી તથા જુનાં ખંડેર જોવા લાયક છે. દેરાસરો આઠ છે. તેમાં એક દેરાસર તો સંપ્રતિ રાજાનું બંધાવેલું છે તેમાં ભોંયરૂ પણ છે. અહીંયાંથી તારંગા તરફ જવાય છે. શહેરમાં દેરાસરો જાત્રા કરવા લાયક છે.

---

## તારંગાજી હીલ.

૫૫

તારંગાની તલાટી ટીંબામાં છે. દેરાસર, ધર્મશાળા ત્યાં ટીંબાગામમાં પણ આવેલાં છે. ત્યાંથી મૈલ એક ઉપર

તારંગાજીના પહાડનો ચડાવ છે, ને એક ગાઉ ચડવું પડે છે. ઉપર કારખાનું તથા ભંડાર છે. ડુંગર ઉપર અજીતનાથ ભગવાનનું દેરાસર ઘણું મોટું ઉંચું અને કેગર (લાકડાની જાત) ના લાકડાનું બાંધેલું છે. ઉંચાઈમાં આજે આ દેરાસર જેવું બીજું એક પણ નથી. તેની ઉંચાઈ લગભગ ચોરાસી ગજ જેટલી છે. અજીતનાથ સ્વામીની પ્રતિમા પણ બહુ ઉંચી છે. માણસ ઉભો રહી ઉંચો હાથ કરે તોપણ કપાલે તિલક થતું નથી. નીસરણીનાં બે ચાર પગથીઆં ચડે ત્યારે પૂજા (તીલક) થાય છે. તારંગાજીને શાસ્ત્રમાં તારગઢ અથવા તારાગિરિ પણ કહે છે. હાલમાંનું દેરાસર વિશાળ અને ભવ્ય તે ગુર્જરાધિપ મહારાજા કુમારપાલે (ગુજરાતના નાથે) તેરમી સદીની શરૂઆતના કાલમાં બંધાવેલું છે. તેમજ બીજાં પણ ચાર દેરાસર છે. અહીંયાં રાત રહી શકાય છે. પાણીને માટે તલાવ, વાવ ને કુંડ છે. ધર્મશાલાઓની સગવડ પણ સારી છે, અજીતનાથ ભગવાનના દેરાસરને બત્રીશ માળ છે. પ્રાયઃ ત્રણ ચાર માળપર્યંત જઈ શકાય છે.

ભગવાનના દેરાસરની ઉત્તર અને દક્ષિણ દિશાએ બે મોટાં ડુંગરનાં શિખરો આવેલાં છે. દરેકની ઉંચાઈ લગભગ અર્ધો મૈલ જેટલી હશે, જેમાં એક સિદ્ધ શિલા

અને બીજુ કોટી શિલા એ નામે ઓળખાય છે. આ બન્ને શિખરો ઉપર આપણી દેરીયો આવેલી છે. ત્યાં પગલાં અને મુર્ત્તિઓ સ્થાપેલી છે. સિદ્ધ શિલોના પહાડની નજીક યોગી લોકોનો પહાડ છે. ત્યાં એક મોટી જબરી ગુફા છે, પાસે બીજી ગુફા પણ છે. પરન્તુ બન્ને ગુફામાં જવાનું કામ વિકટ અને ભય ભરેલું છે, કોટી શિલાના ડુંગર ઉપરનો ચડાવ મુશ્કેલ હોવાથી ત્યાં આગળ પોણોસો આશરે પગથીયાં બાંધેલાં છે.

તારંગા માટે એમ સંભળાય છે કે પહેલા બીજા અને ત્રીજા આરામાં શત્રુંજય અને તારંગા એક થઇ ગયેલા હતા. ભરત મહારાજાની વખતમાં વડનગર (આણંદપુર) તેની (શત્રુંજય) તલાટી તરીકે ગણાતું હતું. અનુમાન થાય છે કે તારંગા શત્રુંજયનો જુદો એક ભાગ હશે. વળી શત્રુંજયના ૧૦૮ નામમાં તારગિરિ નામ પણ કહેલું છે. અને તે આ તારંગાજ હશે. કોટી શિલાઉપર ક્રોડ મુનિવરો મોક્ષે ગયેલા છે અને સિદ્ધ શિલા ઉપર સંખ્યાબંધ મુનિવરો મોક્ષ ગયેલા છે.

મુખ્ય દેરાસરની સામી બાજુએ પૂર્વ દિશામાં અર્ધા મૈલને અંતરે થોડેક ઉંચી મોક્ષ બારીની ટુંક આવેલી છે. જ્યાં ચડાવ મુશ્કેલી ભર્યો છે. અહીંયાં પણ દેરી છે. મોટા દેરાસરની વાવ્ય દિશાએ એક મૈલદૂર

તારણદેવી અને પદ્માવતી દેવીનું મંદિર આવેલું છે. ટીંઆના ઠાકોર સંઘનો ચોકી પહેરાનો બંદોબસ્ત રાખે છે.

મહેસાણાથી ટીંબા સુધી રેલવે જાય છે અને ટીંઆથી તારંગાજી ચડાય છે.

## મહેસાણા

૫૬

અહીંયાં મનરંજન પાર્શ્વનાથનું મુખ્ય દેરાસર છે. તે સિવાય બીજાં પણ દેરાસરો તથા ઉપાશ્રયો વગેરેની સગવડ સારી છે. યશોવિજયજી પાઠશાલા અહીંયાં સારી ચાલે છે, ધર્મશાલા છે, શ્રાવકોની વસ્તી સારી છે, સ્ટેશન જંકશન છે. વિશેષ હકીકત માટે જુઓ મનરંજન પાર્શ્વનાથ ?

## પાટણ.

૫૭

પાટણ એને અણહીલપુર પટ્ટન કહે છે. સંવત ૮૦૨ માં જયશીખરના કુમાર વનરાજ ચાવડાએ વસાવી

ત્યાં પોતાની રાજ્યગાદી સ્થાપી હતી. તે પછી અનુક્રમે તે શહેરની જાહોજલાલી વધતીજ ગઇ. પાટણ પ્રથમ બાર ગાઉ ફરતું હતું, ચોર્યાસી ચોક હતા ને ચોર્યાસી બજાર હતાં વેપાર સારો હતો, નિત્ય એક લાખ ટકા જકાત આવતી હતી, જૈનોની વસ્તી પણ ત્યાં અસલથીજ ચાલી આવે છે. ગુજરાતના રાજ્યમાં જૈનો પણ આગેવાની ભર્યો આગળ પડતે ભાગ લેતા આવ્યા છે. વનરાજ, મૂળરાજ, ભીમ, સીદ્ધરાજ કુમારપાળ વગેરે જેમ રાજાઓ સમર્થ થયા છે, તેમજ જૈનો પણ કાંઈ તેમનાથી ઉતરે એવા નહતા. વનરાજની વખત ચાંપો વણીક હતો જે મહા સમર્થ હતો તેણે નવમા સૈકામાં પાવાગઢની તળેટીમાં પોતાના નામથી ચાંપાનેર વસાવ્યું હતું. બાણાવળી ભીમની વખતમાં વિમળ મંત્રી જેમણે લડાઇઓમાંથી જીત મેળવી શત્રુઓને વશ કરી ભીમદેવના રાજ્યની હદ વધારી આપી હતી. મુંજાલમંત્રી, સજ્જનમેતા, ઉદય મંત્રી, વાહડ અને અંબડ એ કરણ, સિદ્ધરાજ અને કુમારપાળના મંત્રીઓ જૈન હોવા છતાં લડાઇઓમાં વિજય મેળવી તેમણે દુનિયાને અજાયબ કીધા છે, દયા ધર્મ પાળનારા જૈનોની દ્વેષથી નિંદા કરનારનાં મુખો તેમણે શ્યામ કર્યાં છે. પાટણના સામ્રાજ્ય કાળમાં આવા સમર્થ યુદ્ધ કુશળ જૈન યોદ્ધાઓએ ગુજરાતની આબાદીમાં પોતાનો ફાળો આપ્યા

છતાં જૈનેતર ઇતિહાસ કારો અને લેખકો તે હકીકત નહિ જણાવતાં સત્ય બાબત છુપાવી ઉલટુ આવા સમર્થ પુરૂષોને ખરા સ્વરૂપમાં નહી ચીતરી તેમને કલંકીત બનાવીને હૃદયની દ્વેષમય લાગણી બતાવી તેમણે પોતાની વિદ્વતાઓ જણાવેલી છે. એ હવે પ્રત્યક્ષ જોવાયું છે. ખરે ! જેવો જેમનો સ્વભાવ ? પણ ઇતિહાસ કહે છે કે કુમારપાળ પછી ભોળાભીમના વખતમાં પાટણની કાંઇક પડતી શરૂ થઈ. તે તેનાં પોતાનાંજ અવિચારી કૃત્યોથી થયેલુ પરિણામ હતું. પણ તેણે રાજ્ય ગુમાવ્યું હતું, પાછળથી તેણે ગાદી મેળવી હતી; તેના પછી ચૌલુક્ય વંશ પછી વાઘેલા વંશમાં ગાદી આવી, તેવારે ફરીથી પાછુ ગુજરાત આબાદી ભર્યું થયું હતું. ને ફરી પાટણની જાહોજલાલી પણ ઠીક ઠીક થઈ હતી. તેનો મૂળ પુરૂષ ભોળાભીમનો મહા સામંત લવણપ્રસાદ ને તેનો પુત્ર વીરધવલ હતો, અને તેના મુખ્ય મંત્રીઓ વસ્તુપાળ ને તેજપાળ હતા, કેમકે પાટણનુ ગૌરવ મુસલમાન સરદાર કુતુબુદ્દિને તેરમી સદીના લગભગ મધ્યકાળમાં ભોળા ભીમ પાસેથી લુંટી લીધુ હતું, ને ગુજરાતને ઝાંખપ લગાડી હતી, તે પછી વાઘેલ વંશના પ્રધાન દયાધર્મના પાળનાર વસ્તુપાળ તેજપાળ જૈન હતા છતાં યુદ્ધમાં પરાક્રમ બતાવીને તે જમાનામાં ગુજરાતને શોભાવ્યું હતું. શણગાર્યું

હતું. વીરધવલનું રાજ્ય તેમણેજ વધાર્યું હતું. સમજો કે ગુજરાતની પડતી પહેલાંની તેમણે આ છેલ્લી જાહેરજલાલી ઝળકાવી હતી. ન્યાય અને નીતિનાં તેમણે રાજ્યતંત્ર સ્થાપ્યાં હતાં છતાં જૈન દ્વેષી લેખકો સત્ય હકીકત ગોપવી દ્વેષનો ઉભરો બહાર કાઢવાને ભૂલતા નથી, જગતમાં એવો નિયમ છે કે બીજાની ખોટી ભૂલો કાઢનારા માણસો પોતાની મોટી ભૂલો પણ છુપાવે છે.

વાઘેલાવંશમાં પાટણની ગાદીએ વીરધવલ પછી વીશલદેવ, અર્જુનદેવ ને સારંગદેવ ગુજરાતના રાજા થયાછે, તે પછી છેલ્લો કરણ વાઘેલો થયો. આ રાજા છેલ્લોજ ગુર્જરાધિપ હતો. તેના માધવ નામના બ્રાહ્મણ પ્રધાને નજીવા કારણની ખાતર ગુજરાતને ત્યારથી હમેશને માટે પરાધિન બનાવ્યું. લાખો રજપુતો અને નિર્દોષોનું તેના નિમિત્તે લોહી રેડાયું. હમેશને માટે આ બ્રાહ્મણે ગુજરાતનું કલંક વહોર્યું ને તેમના શ્રાપોમાં તે પોતે હોમાયો. માધવપ્રધાનની શીખામણથી દીલ્હીપતિ મહાન અલ્લાઉદ્દાન બાદશાહે ઇ. સ. ૧૨૯૭ અને સં. ૧૩૫૩ માં ગુજરાત ઉપર ચડાઇ કરવાને મોટુ લશ્કર મોકલ્યું. સરદાર આલફખાન મોટુ લશ્કર લઇ પાટણ આવ્યો, કરણ બહાદૂરીથી લડયો પણ બાદશાહી સેના આગળ તેનું રજપુત લશ્કર નાશ પામ્યું અને પોતાને નાશી જવું પડયું. તે રાજા જંગલમાં રખડી

રખડીને મુવો, ને પાટણુનો નાશ થયો. ગુજરાતને પરાધિનતામાં નંખાવનાર અને તેની જાહોજલાલીનો, સ્વતંત્રતાનો નાશ કરનાર કોઈપણ પુરૂષ હોય તો આ માધવ બ્રાહ્મણજ હતો. પાટણુના નાશમાં કોઇપણ નિમિત્ત કારણ હોય તો તે આ બ્રાહ્મણ પોતેજ હતો.

ત્યાર પછી ગુજરાતમાં મુસલમાની સુબાઓ રહેતા. તે પછી નવું પાટણ વસ્યું ને કાલાંતરે આજે પાટણ શ્રીમંત ગાયકવાડ સરકારનું નામીચુ શહેર ગણાય છે. જૈનોની વસ્તી આજે પણું સારી છે, દેરાસરો સંખ્યાબંધ છે. મુખ્ય દેરાસર પંચાસરા પાર્શ્વનાથનું વનરાજનું ગણાય છે, તેની પાસે અષ્ટાપદ તેમજ થંભણ પાર્શ્વનાથ, કોકાને પાડે કોકા પાર્શ્વનાથ, શામળીયા પાર્શ્વનાથ વગેરે અનેક દેવાલયો પાટણ શહેરમાં આવેલાં છે. શહેર પણ આબાદીવાળું છે. અનેક પ્રકારે ચડતી પડતી પાટણ ઉપર આવી ગઇ છતાં આજે તે પોતાની શોભામાં ભવ્ય વધારો કરી રહ્યું છે. જૈનો માટે પાટણ ખાસ જાત્રા કરવા લાયક, ઐતિહાસીક ને પુરાણુ શહેર છે. અહી લગભગ ૧૧૯ દેરાસરો છે. પંચાસરા પાર્શ્વનાથની પ્રતિમા સંપ્રતિ રાજાની ભરાવેલી છે, નવું પાટણ સં. ૧૪૨૫ માં ફરીને વસ્યું છે. પાટણમાં સઘરામ સોની મહા ધનાઢય થઇ ગયા છે. જેમણે શત્રુંજય ઉપર સઘરામ સોનીની ટુંક બંધાવેલી છે, તેમણે ભગવતી સૂત્ર સાંભળી છત્રીસ હજાર ઉદ્દેશે એકેક મોહોર

ચડાવી હતી. તેમજ સોનેરી સાહીથી કલ્પસુત્ર લખાવ્યાં હતાં. જેમાંની હાલમાં ઘણી પ્રતો જોવામાં આવે છે. પાટણમાં પણ જેમણે દેરાસર બંધાવ્યું છે. મહાસમર્થ હેમચંદ્રાચાર્ય પણ કુમારપાલ મહારાજાના વખતમાં આજ શાહેરમાં થયા હતા. તેમનો અપાસરો જુના પાટણમાં છે. જ્યાં રોજ ૫૦૦ લહીયા બેસીને ગ્રંથો લખતા હતા. પુસ્તક લખવાની સાહીના કુંડ હાલ પણ છે. અહીંયાં પુસ્તક ભંડાર ઘણા સંભવે છે. ધર્મશાળાઓ પણ કોટાવાળાની અષ્ટાપદજીની વગેરે છે. અષ્ટાપદ કરતાં જાત્રાળુને કોટાવાલાની ધર્મશાળામાં ઠીક સગવડ રહે છે.

જયશીખરને હરાવનાર ભૂવડ રાજાએ પોતાની દીકરી 'મહણલ્લ'ને દાયજામાં ગુજરાત આપ્યુ હતું. પાછળથી તે મરીને વ્યંતર દેવી થઇ છે, તે ગુજરાતની અધિષ્ઠાત્રી તરીકે તેજ નામે હાલ પણ વિદ્યમાન છે, તે દેવીએ કુમારપાલને સ્વપ્નામાં આવી ગુજરાતનું તાજ પહેરાવ્યું હતું, વીરધવલને પણ સ્વપ્નામાં ગુજરાત બક્ષ્યુ હતું, ને તે પ્રમાણે થયું હતું. 'માહણદેવી'ના નામે હાલ તે ઓળખાય છે.

---

## ચારૂપ.

૫૮

એ શામળા પાર્શ્વનાથ અથવા ચારૂપમંડન પાર્શ્વ-

નાથનું તીર્થ ગણાય છે, પાટણથી આગળ બે ત્રણ મૈલ લગભગ થાય છે, ત્યાં રેલવે જાય છે, સ્ટેશનથી ગામ લગભગ એક મૈલ થાય છે, ચારૂપ હાલમાં નાનું ગામડુ છે, પણ પહેલાં તે શહેર હશે એમ તેનાં ખંડેરો ઉપરથી લાગે છે. વિશેષ હકીકત માટે જુઓ ચારૂપમંડન પાર્શ્વનાથ?

---

# મેત્રાણા.

૫૯

પાટણથી લગભગ આઠ નવ ગાઉ થાય છે, ને સીદ્ધપુરથી પાંચ ગાઉ થાય છે, પાટણથી રેલવે લાઇનમાં મેત્રાણા જવાય છે, મેત્રાણાથી આગળ રેલવે હાલમાં જતી નથી. સ્ટેશનથી મેત્રાણા લગભગ બે મૈલ જેટલું થાય છે, મેત્રાણા નાનું ગામ છે, છતાં ઝાડીને લીધે રળીયામણું લાગે છે, દેરાસર પણ મોટુ ભવ્ય અને વિશાળ છે. ઋષભદેવ સ્વામીની મહા પ્રભાવિક પ્રતિમા છે. મુળનાયકજી પણ રૂષભદેવજ છે. લુહારની કોડમાંથી આ પ્રતિમા ૫૭ સત્તાવન વર્ષ પહેલાં નીકળી હતી, તે વખતે મલ્લીનાથજી જેવું ધામ અને ઉપજ પણ તેવીજ હતી, તેથી દેરાસર પણ મોટુ બાંધેલું ને ધર્મશાળા પણ સારી બંધાવેલી છે,

વાસણ ગોદડાં વગેરેની સગવડ સારી છે, મોટુ તીર્થસ્થળ ગણાય છે, દેખરેખ હાલમાં સિદ્ધપુરવાળા રાખે છે.

---

## સંખેશ્વર.

૬૦

મહેસાણેથી હારીજ રેલવે જાય છે, ત્યાંથી પગરસ્તે સંખેશ્વર જવાય છે. વાહન ઉંટ, ગાડાં, વગેરે મલી શકે છે. હારીજથી લગભગ દશ ગાઉ થાય છે, રસ્તામાં મુજપુર વગેરે ગામ આવે છે; અહીંયાં સંખેશ્વર પાર્શ્વનાથનું મોટુ તીર્થસ્થળ ગણાય છે, જાત્રા કરવા યોગ્ય છે. પ્રતિમા કૃષ્ણજીના વખતની છે, લેપ કરાવેલો લાગે છે. વિશેષ હકીકત માટે પાછળ જુઓ સંખેશ્વર પાર્શ્વનાથ! આ તીર્થ વઢીઆર દેશમાં આવેલું છે.

---

## પાલ્હણપુર

૬૧

પલ્લવીયા પાર્શ્વનાથનું આ તીર્થ સ્થળ ગણાય છે. પાલનપુરના નવાબ સાહેબને દીલ્હીપતિ મહાન શહેનશાહ અકબર બાદશાહે ઈ. સ. ૧૫૯૭ માં દિવાનનો

બેતાબ આપેલો છે, પ્રખ્યાત હીરવિજય સૂરિનો જન્મ અહીંયાં થયો હતો. તેમના મકાનની જગાએ હાલમાં સાધ્વીજીનો ઉપાશ્રય છે. મહાન સિદ્ધરાજનો જન્મ પણ અહીયાં થયો હતો. આબુના પરમાર રાજા પાલ્હણે પાલનપુર વસાવેલું છે. વિશેષ હકીકત માટે જુઓ પલ્લવીયા પાર્શ્વનાથ !

---

## ખરેરી ( રાજપુતાના )

૬૨

ખરેરીને આબુરોડ પણ કહે છે, ત્યાં રાય બુદ્ધિસિંહજી બાબુની ધર્મશાલા છે, તથા એક સંઘની ધર્મશાળા છે. તેમજ રાય બુદ્ધિસિંગજીનું બનાવેલું દેરાસર છે. ધર્મશાળામાં રહેવાની સગવડ સારી છે. ત્યાંથી આબુજી જવાય છે. માઉન્ટ આબુજીનું ચડાણ લગભગ ૧૯ મૈલ છે. સડક બાંધેલી છે. મૉટર ગાડાં, ઘોડા ગાડીઓ વગેરે જઇ શકે છે. ઉપર કાંપથી બે મૈલ ચાલીને જવું પડે છે. કુંભારીયા પણ અહીંથી જવાય છે.

---

# આબુજી

૬૩

આબુજીના તીર્થને દેલવાડા કહે છે, ત્યાં શેઠાણી હરકુંવર બાઇની ધર્મશાળા તથા બીજી પણ ધર્મશાળાઓ છે. ત્યાં આબુજી તીર્થનું કારખાનું છે. આબુ ઉપર વીમલ મંત્રીનું કરાવેલું દેરાસર છે. તે દેરાસર સંવત ૧૦૮૮ માં કરાવેલુ જેમાં મૂલ નાયકજી શ્રી રૂષભદેવ સ્વામીની પ્રતિષ્ઠા સં. ૧૦૮૮ માં પોતે કરાવેલી છે. દેરાસરમાં કરોડો રૂપૈયા ખર્ચ થયેલો છે. દેરાસરની સામે વીમલમંત્રી હાથી ઉપર બેઠેલા છે, બધા મલીને ૧૦ હાથી છે. દેરાસરમાં બધા મલીને ૮૭૨ બીંબ છે.

બીજુ વસ્તુપાલ તેજપાલ જે ગુર્જરાધિપ વીરધવલના મંત્રી હતા, તેમણે ૧૨૯૨ માં સફેદ આરસના પત્થરનું દેરાસર બંધાવેલું છે. જેમાં કોરણીનું કામ અદ્વિતીય કરેલું છે, સમસ્ત ભારતમાં આ કોરણી અતિ અદ્દભૂત છે. ત્યાં દેરાણી જેઠાણીના બે ગોખલા છે. જેમાં અઢાર લાખ અર્ચાયા છે. તે સિવાય આ દેરાસરજીમાં ક્રોડો રૂપૈયા ખર્ચાયા છે. તેમના દેરાસરમાં નેમીનાથ મૂલ નાયકજી છે. બાર ક્રોડ તેપન લાખ અહીયાં ખર્ચાયા છે, સંવત ૧૨૯૭માં તેમણે વસ્તુપાલ તેજપાલે સંઘ કાઢેલો જણાય છે, તેમજ

સંવત ૧૨૮૬ થી ૧૨૯૨ સુધીમાં તેમણે તીર્થ નિમિત્તે સારૂ ખર્ચ કરેલું છે. બન્ને ભાઇઓએ કુલ ત્રણ અબજ તેર કોડ બોતેર લાખ અઢાર હજાર ને આઠસે પુણ્ય કાર્યમાં ખર્ચ્યા છે. તીર્થ યાત્રામાં તેમની સાથે સાત લાખ માણસ હતું.

છત્રીસ હજાર જ્ઞાન ભંડારમાં

અઢાર ક્રોડ છન્નુ લાખ શત્રુંજ્ય ઉપર

અઢાર ક્રોડ ત્યાસી લાખ ગીરનારજી ઉપર

બાર ક્રોડ ત્રેપન લાખ આબુજી ઉપર

બાકીના બીજાં કાર્યોમાં જેવાં કે ઔષધશાલા, ધર્મશાલા, જીર્ણોદ્ધાર, પરબો વગેરે લૌકીક કાર્યોમાં જગતના ઉપકારને માટે ખરચેલા છે. સંવત ૧૨૯૮ માં વસ્તુપાળ અહીયાંથી ચવીને મહાવિદેહમાં ઉત્પન્ન થયા. જ્યાં સીમંધર પ્રભુ હાલ વીચરે છે, ને સંવત ૧૩૦૮ માં તેજપાલ મનુષ્ય ભવ પુર્ણ કરી પ્રથમ દેવલોકે ગયા.

ભેંસાશાહ નામે મહા પ્રતાપી શ્રાવક થયા છે. તેમણે આબુજી ઉપર એક નાનુ દેરાસર બંધાવેલું છે તે સિવાય બીજાં પણ બે ત્રણ દેરાસર છે.

આબુ ઉપર તેજપાલ મંત્રીએ સંવત ૧૨૮૯ માં પ્રારંભ કરી ૧૨૯૨ ના ફાગણ માસમાં શ્રી નેમીશ્વરજીની પ્રતિષ્ઠા કરેલી છે.

# અવચળગઢ.

૬૪

દેલવાડાથી ત્રણ ગાઉ થાય છે. ત્યાં પણ કારખાનું છે. ધર્મશાળાઓ પણ છે. રસ્તામાં એક શાંતિનાથનું દેરાસર માંડુના શાહુકારે બંધાવેલું છે. જે હાલ જુનું છે. અચલેશ્વર મહાદેવના મંદિર પાસે પાડા તથા ભીમની મોઈ જોવા લાયક છે, એ દેરાસર મુકી આગળ ચાલતાં અચળગઢનો કીલ્લો નજીકમાંજ આવે છે. અવચળગઢજીના મોટા દેરાસરમાં એકલમલ ધાતુનીજ મુત્તિઓના ચૌમુખ છે. તે સોનામય ૧૪૪૪ મણના ભરાવેલા છે. બીજી ધાતુની ૧૦ પ્રતિમાઓ સોનામય છે. આવી મુત્તિઓ કોઈક જગાએ હશે, મૂળનાયકજી આદેશ્વરજી છે.

અહીંથી ત્રણ ગાઉ ઉપર દત્તાત્રયીનો ચઢાવ કહેવાય છે, ત્યાં આદેશ્વર ભગવાનનાં પગલાં છે. અહીંયાં તપસ્વીઓ તપ કરવા બેઠેલા હોય તેવી નિશાનીઓ જણાય છે, રસ્તામાં પહાડમાં ખોદેલી ગુફાઓ છે.

ચિતોડના રાણાઓને ત્યાં રહ્યાં થકાં અવચલગઢનાં દર્શન હમેશ થતાં હતાં.

# કુંભારીયા.

૬૫

કુંભારીયામાં કોઇ કહે છે કે કુંભારાણાનાં બંધાવેલાં પાંચ દેરાસર છે, ને ત્યાં 'કુંભલમેર' નગર હતું. પણ વીમલમંત્રીએ પાંચ દેરાસર ૧૦૮૮ લગભગમાં કરાવેલા છે. ત્યાં આગળ ધર્મશાળા છે, કુંભારીયામાં નેમીશ્વરના દેરાસરમાં સંવત ૧૩૦૫ નો લેખ છે. કુમારપાળના પ્રધાન પુત્ર ભીમદેવે દેવલ બંધાવ્યું, તેમજ પાદપરા ગામમાં ઉંદર મરી ગયો તે નિમિત્તે (તેના રૂપૈયા લેવાથી) ઉંદર વસાઇકા નામનું દેવલ કુમારપાળે બંધાવ્યું એમ પ્રબંધ ચિંતામણીમાં કહ્યું છે. કુંભારીયાજીનું બીજુ નામ આરાસન છે. ગીરનારજીનો ભાવ બતાવવાને વીમલ મંત્રીએ દેરાસર કરાવેલું છે. વિમલશાહ ગુર્જરપતિ ભીમ બાણાવલીના સેનાપતિ હતા. કુંભારીયાજીમાં મુખ્ય મંદિરમાં આબુજી સુધીનું ભોંયરૂ છે. પણ હાલમાં બંધ છે. તે વિમલ મંત્રીનું બનાવેલું સંભવે છે. તે દાંતાના રાજ્યમાં આવેલું છે. ત્યાં આરાસુરનો મોટો પહાડ આવેલો છે. પાંચ દેરાસરોમાં નેમીનાથનું દેરાસર મુખ્ય છે. મહાવીર સ્વામીનું, ગોડીપાર્શ્વનાથનું, શાંતિનાથનું, સંભવનાથનું એવી રીતે પાંચ દેરાસર જીર્ણ સ્થીતિમાં છે. ખરેડી સ્ટેશનથી

કુંભારીયાજી ૧૩ ગાઉ થાય છે. દાંતાના રાજ્યમાં દાંતાજ રાજ્યધાનીનું શહેર છે. હાલમાં છેલ્લો જીર્ણોદ્ધાર થયાનો લેખ સંવત ૧૬૭૫ નો છે. ને વિજયદેવસૂરિના શિષ્ય પંડિત કુશલ સાગરે ત્યાં પ્રતિષ્ટાઓ કરેલી છે. બીંબ સંપ્રતિના વખતનાં જણાય છે. મુખ્ય મંદિર નેમિનાથનું છે, તેમની અધિષ્ઠાયિકા અંબિકાદેવીની . સ્થાપના પણ ત્યાં છે. જે અંબિકા આજે હિંદુઓનું મોટુ તીર્થ મનાય છે. અને પુજાય છે. તે નેમનાથની અધિષ્ટાયિકા અંબિકા દેવી હોય તેમ જણાય છે. પણ આજે તે હિંદુઓના તાબામાં છે. ત્યાં અંબિકા નદી છે. તેમજ કુંભારીયાજી નજીક આરસની મોટી ખાણ છે. નજીક (ગબ્બર) " કોટેશ્વર " ' સરસ્વતીનું મંદિર ' વગેરે પણ ત્યાં છે.

---

# સાદરી.

૬૬

રાણી સ્ટેશનથી જવાય છે. દેરાસર એક મોટુ છે, જતીના ઉપાશ્રયમાં એક દેરી છે. દરવાજા બહાર રૂષભદેવ સ્વામીનું દેરાસર છે, કુલ ત્રણ દેરાસર છે. ઉપાશ્રયોની સગવડ સારી છે. તેમજ ધર્મશાળા પણ બે છે. તે સંઘ

તરફથી બંધાવેલી છે. સાદરીમાં ચીંતામણિ પાર્શ્વનાથજીનું દેરાસર બાવન જીનાલયનું છે. ઘણી પ્રતિમાઓવાળુ તે છે, શિખર બંધ છે. રાણેકપુરનું કારખાનું અહીં સાદરીમાં છે.

# રાણેકપુર.

૬૭

સાદરીથી ત્રણ ગાઉ થાય છે, ફાલના સ્ટેશનથી પણ જવાય છે. ત્યાં ધન્ના પોરવાડે દેરાસરજી એક ૧૪૪૪ થાંભલાવાળુ અને ૯૯ ભોંયરાવાળુ નવાણુ ક્રોડ રૂપીઆ ખરચી બંધાવેલું ત્રણ માળનું છે, આ દેરાસરજીનો આબેહુબ ચિતાર અમદાવાદ ડોશીવાડાની પોળના મંદિર સ્વામીના દેરાસરજીમાં ચીતરેલો નલિનીગુલ્મ વિમાનને આકારે મહા મનોહર છે. અહીંના ૧૪૪૪ થાંભલા કોઈ ગણી શકતું નથી. મૂલનાયકજી રીખવદેવ સ્વામી છે. થાંભલાની કોરણી અદ્ભૂત છે. આ બધા થાંભલાઓમાં એક થાંભલો ઉદયપુરના રાણાએ કરાવા માંડેલો તેમાં સવા લાખ રૂપીઆ ખર્ચ્યા છતાં અધુરો રહ્યો, અને ગામનું નામ પણ રાણેકપુર રાણાના નામ ઉપરથી પડયું છે, બીજાં પણ બે દેરાસર છે, તેમાં પાંચ ભોંયરાં છે. એક દેરાસર નેમીનાથ ભગવાનનું અને બીજું પાર્શ્વનાથ

ભગવાનનું છે. આદેશ્વર ભગવાનનું દેરાસર ઘણું પુરાણું છે. રાણેકપુર જનારે રાણી સ્ટેશનથી જવું સુગમ પડે છે. ધન્ના પોરવાડના ભાઈ રતનશાહ દીલ્હીના પાદશાહ પાસે ત્રણ વરસ રહી ઘણુ ધન મેળવી સાદરી આવ્યા, ને કુંભારાણાની આજ્ઞા મેળવી રાણેકપુરમાં મોટુ દેરાસર કરાવી સંવત ૧૪૯૬ માં સોમ સુંદર સૂરિ પાસે પ્રતિષ્ઠા કરાવી હતી. ગોલવાડ પ્રગણુ પ્રથમ મેવાડી ગણાતું પણ જોધપુર દીકરી પરણાવી રાજાએ આ પરગણુ દાયજામાં આપ્યુ ત્યારથી તે પ્રગણું જોધપુર તાબે ગયું. અહીંયાં પાર્શ્વનાથના દેરાસરમાં ભગવાન કાઉસગ્ગ ધ્યાને છે. કમઠ ઉપસર્ગ કરી વરસાદ વરસાવે છે ને નાગેંદ્રે છત્ર ધારણ કરેલું છે એવી અદ્ભુત પ્રતિમા છે.

---

# ધાનેરાવ

૬૮

સાદરીથી ત્રણ ગાઉ થાય છે. અહીંયાં ધાનેરાવમાં દશ દેરાસરો આવેલાં છે, જીરાવલા પાર્શ્વનાથનું, ગોડી પાર્શ્વનાથનું, આદેશ્વર ભગવાનનાં પાંચ, કુંથુનાથજીનું, ધર્મનાથજીનું, અભિનંદન સ્વામીનું કુલે દશ જીનમંદિરો

છે. ધર્મશાળાઓ બે આવેલી છે. જેમાં હજારો જાત્રાળુઓ ઉતરે છે. ધાનેરાવથી ગાઉ ૧ દૂરે જંગલમાં મુચ્છાળા મહાવીરનું દેરાસર છે, તે ઘણુ ચમત્કારીક છે.

---

# મુચ્છાળા મહાવીર.

૬૯

આ તીર્થ ધાનેરાથી દોઢ ગાઉ હાલમાં જંગલમાં આવેલું છે. ત્યાં નંદીવર્દ્ધન રાજાની મહાવીરસ્વામીના જીવતાં ઘણીજ ચમત્કારી એવી આ પ્રતિમા તે રાજાએ (મહાવીરના મોટા બાંધવે) ભરાવેલી હતી.

# નાડુલાઇ.

૭૦

નાડુલાઇમાં ( નાડલી ) સંપ્રતી રાજાના વખતમાં ખેમ અને કુશલ નામના બે કારભારી અહીંનો વહીવટ કરતા હતા. તેમાં એકને રોજ સિદ્ધાચળની જાત્રા કરવાનો નિયમ હતો, અને બીજાને રોજ ગીરનારજીની જાત્રા કરવાનો નિયમ હતો. તેઓ મંત્રના બલે કરીને

રોજ જાત્રા કરતા હતા. પછી શાસનદેવીએ તેમને કહ્યું કે "આ ગામમાં બે ઉંચી ટેકરીઓ છે, તેના ઉપર તમે ખોદાવો, જેથી એકમાંથી રૂષભદેવ અને બીજીમાંથી નેમીશ્વર એમ બે પ્રતિમાઓ નીકલશે." પછી તે બન્ને ભાઈ ખેમ અને કુશલ તેમણે તે પ્રમાણે ખોદાવતાં બન્નેમાં બે મુર્ત્તિઓ નીકળી. પછી સફેદ રૂષભદેવની પ્રતિમા સિદ્ધાચલજીની જાત્રા કરવાવાળાએ સિદ્ધાચલજીમાં સ્થાપના કરી, અને બીજી નેમીનાથજીની પ્રતિમા ગીરનારજીની જાત્રા કરવાવાળાએ ગીરનારજીમાં સ્થાપન કરી. તેઓ ત્યાં રોજ સેવા ભક્તિ કરવા લાગ્યા. બન્ને ટેકરીઓ વચ્ચે તલાટીમાં નવ દેરાસર છે. એક દેરાસર રાણેકપુર વાલા ધન્નાએ બંધાવેલું છે. પૂર્વે નાંડોલ નાડુલાઇ ભેગાં હતાં, પણ અત્યારે ત્રણ ગાઉનું અંતર પડી ગયું છે. પ્રથમ તેનો કર વગેરે વેરાના લાખ રૂપૈયા ધનાશાએ રાજાને આપ્યા, તે ન લેતાં રાજાએ ત્યાં દેરાસર બંધાવ્યું. એક જતી તથા જોગીને વાદ થતાં ખેરગઢથી જતીજી સંવત ૧૯૬૪ માં યશોભદ્રસૂરિ બાવનજીનાલયનું આદિશ્વરજીનું દેરાસર મંત્રથી આકર્ષીને લાવ્યા. તે ગામ બહાર પર્વત નીચે રહ્યું, ને જોગી મહાદેવનું મંદીર ઉપાડીને લાવ્યા તે ગામમાં પર્વત ઉપર પધરાવ્યું. દેરાસરમાં મંત્રં લખેલો છે પણ તે વંચાતો નથી.

સમયસુંદરજીની તીર્થમાલાના સ્તવનમાં જણાવે છે. "નાડુલાઇ જાદવો ગોડી સ્તવોરે" એ પ્રમાણે નાડુલાઈના જાદવ નેમીનાથ અને ગોડીપાર્શ્વનાથની સ્તુતિ કરી છે. નાડુલાઇમાં ૧૧ દેરાસરજી છે. સોગટીયા પાર્શ્વનાથનું દેરાસર સંવત ૧૫૦૦ થી પહેલાંનું બંધાવેલું છે, દેરાસર શીખરબંધ છે. ગોડી પાર્શ્વનાથનું પણ દેરાસર છે.

## નાડોલ.

૭૧

નાંદોલ નાદલાઇથી ત્રણ ગાઉ થાય છે. નાંદોલનું દેરાસર સંપ્રતિ રાજાનું કરાવેલું છે. નાંદોલમાં ૪ દેરાસરજી છે.

અહીં નાંદોલમાં શ્રીમાન્ માનદેવસૂરિએ સંઘનો ઉપદ્રવ નિવારણ કરવાને અર્થે શ્રી શાંતિ ( લઘુશાંતિ ) રચી છે.

અહીંયાંના દેરાસરો કુમારપાલનાં કરાવેલાં છે. ધર્મશાલા પણ મોટી છે.

તક્ષશીલાના સંઘમાં મરકીનો ઉપદ્રવ ચાલવાથી ત્યાંના સંઘની વિનતિથી વીક્રમની ત્રીજી સદીમાં શ્રીમાન્

માનદેવસૂરિએ લઘુ 'શાંતિ' રચી હતી. જેના પ્રભાવથી મરકીનો ઉપદ્રવ શાંત થયો હતો, પણ શાસનદેવીની પ્રેરણાથી શ્રાવકો ત્યાંથી પોતાને જ્યાં ફાવ્યું ત્યાં ચાલ્યા ગયા, ને ત્રીજે વરસે તુરૂક લોકોએ તક્ષશીલા નગરી ભાગી, શ્રીમાન માનદેવસૂરિને લક્ષ્મી અને સરસ્વતી તેમની દાસી હતી. તેમજ જયા વિજયા પ્રમુખ ચાર દેવીઓ તેમની અહોનિશ સેવા કરતી હતી, તે મુનિ મોટા પ્રભાવવાળા હતા.

---

# વરકાણા.

૭૨

રાણી સ્ટેશનથી બે ગાઉ થાય છે. ત્રેવીશમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથજીનું મોટું દેરાસરજી છે. પાછળ જુઓ વરકાણા પાર્શ્વનાથ ? રાણેકપુર, ઘાનેરાવ, નાડુલાઈ, નાડોલ ને વરકાણા આ પંચતીર્થી ગણાય છે.

---

# ફલોધી પાર્શ્વનાથ. (મેડતારોડ.)

૭૩

પાર્શ્વનાથજીનું દેરાસર મહા ચમત્કારીક છે, ધર્મશાલા છે, પાછળ જુઓ ફલોધી પાર્શ્વનાથ ?

સંવત ૧૨૨૧ માં દેરાસર કરાવી ધર્મઘોષસૂરિ પાસે પ્રતિષ્ઠા કરાવી છે. શ્યામલેપવાળી અઢી હાથ ઉંચી છે. પુત્ર પૌત્રરૂપ ફલને વધારવાથી ફલવર્ધી પાર્શ્વનાથ કહેવાયા. પ્રતિમાજી વેલુની છે.

આ ફલોધીને મેડતા ફલોધી પણ કહે છે. અહીં પાંચ કલ્યાણકોની સ્થાપના બીજા દેરાસરજીમાં છે. સ્ટે- મેડતારોડ કહેવાય છે.

---

## પીંડવાડા.

૭૪

અહીંયા દેરાસર બે છે, અને ધર્મશાળાઓ પણ ત્રણ છે સ્ટેશનથી એક ગાઉ ગામ થાય છે.

---

## ચીપાડ રોડ.

૭૫

અહીંયાં બે દેરાસર છે. એક શાંતિનાથજીનું તથા બીજું ગોડી પાર્શ્વનાથનું, પાર્શ્વનાથનાં ૧૦૮ સ્થાનકોમાં ચીપાડ પણ ગણેલું છે.

---

# બામણુવાડા.

૭૬

બામણવાડાનું તીર્થ ઘણું મોટું ચમત્કારી ને પ્રભાવીક છે. ધર્મશાળા પણ છે, ચોવીશમા તીર્થંકર શ્રી મહાવીરસ્વામીની વેલુની પ્રતિમા લેપમય છે. દર વરસે એક મોટો મેળો ભરાય છે. અહિં પાહાડની પાસે ઝાડ નીચે દેવડીમાં શ્રીમહાવીરસ્વામીનાં પગલાંછે. આ જગ્યાએ પૂર્વે શ્રી મહાવીરસ્વાંમીને કાનમાંથી ખીલા કહાડ્યા હતા જેથી ભગવાને રાડ પાડી હતી તે વખતે પર્વત ફાટયો હતો તેની હાલ નિશાની છે.

# શીરોહી.

૭૭

બામણવાડેથી શીરોહી છ કોશ થાય છે, અહિંયાં દેરાસરો વગેરે ઘણાં સારાં છે. શ્રાવકોની વસ્તી સારી છે. શીરોહી રાજ્યધાનીનું હાલમાં શહેર ગણાય છે, આબુજી ઉપરનો મુંડકાવેરો શીરોહીના દરબાર લેછે. આબુજી ઉપરનો ચોકી પહેરો પણ શીરોહી દરબાર લે છે.

# કોરટા.

૭૮

અરણુપુરની છાવણીથી ચાર ગાઉ થાયછે. અહીંયાં રત્નપ્રભસૂરિએ મહાવીરથી સીતેર વર્ષે પ્રથમ રજપુતમાંથી ઓશવાલ વંશની સ્થાપના કરી હતી. તેજ વરસે દેરાસરજીમાં મહાવીરસ્વામીની સ્થાપના પણ કરી છે. તે દેરાસરજીમાં શ્રી મહાવીરસ્વામીનું સિંહાસન જોવા લાયક છે. બીજું રીખવદેવજીનુ દેરાસર છે. તેની પ્રતિમા સિદ્ધાચલજીના જેવડી છે. કાઉસગીયા બે છે, જાત્રા કરવા લાયક છે. પારસનાથનું મંદિર સંવત ૧૨૧૫ માં શીખરબંધી બંધાવેલું છે. પાર્શ્વનાથનું એકસો ને આઠ સ્થાનકોમાંનું એક છે.

---

# ચિત્રકુટ ( ચિતોડ. )

૭૯

અસલ ચિતોડ એ મેવાડના સૂર્યવંશી સીસોદીયાઓની રાજ્યધાની ગણાતું, મોગલ સમ્રાટોના આક્રમણને લીધે તથા અલાઉદ્દીન બાદશાહના આઘાતને લીધે તેની

ઉપર પણ અનેક ચડતી પડતીઓ આવી ગઈ. સીસોદીયાઓના મૂળ પુરૂષ બાપ્પારાવલે આઠમા સૈકાની શરૂઆતમાં ઇડરથી આવી ચિતોડમાં ગાદી સ્થાપેલી સંભળાય છે. તેની પાસે ચિત્રકોટ પહાડ છે, ત્યાં મોટો સીસોદીયાઓનો કીલ્લો છે. ડુંગર ઉપર જૈન મંદિરો પણ છે. અહીંયાં સીદ્ધસેન દિવાકર સૂરિ વિક્રમ રાજાની વખતમાં આવેલા છે, તેમણે એક સ્થંભનું પોતાની શક્તિથી ઉપરનું ઢાંકણુ ઉઘાડયું, તો એક પુસ્તક નજરે પડયું તેમાંથી બે વિદ્યાઓ વાંચી યાદ કરી લીધી, આગળ વાંચવા જતાં દેવતાએ પુસ્તક પડાવી લીધુ અને થંભનું ઢાંકણું બંધ થઈ ગયું.

વૃદ્ધગચ્છાધિપતિ શ્રીમદ્ જગચ્ચંદ્રસૂરિ હમેશા આંબેલનો તપ કરતા હતા જેથી તેઓને ચિતોડમાંજ ત્યાંના રાજાએ સંવત ૧૨૮૫ માં તપાગચ્છનું બિરૂદ આપ્યું. બાર વર્ષ પર્યંત તેમણે આંબેલનું તપ કર્યું હતું. ત્યારથી વડગચ્છનું નામ તપાગચ્છ પડયું. દીગંબરીયોને વાદમાં પરાજય કરવાથી જગચ્ચંદ્રસૂરિને ત્યાંના રાજાએ 'હીરલા' એવું બિરૂદ આપ્યું હતું.

## ડુંગરપુર.

૮૦

અહીયાં દેરાસર છે. પાર્શ્વનાથનાં ૧૦૮ સ્થાનકોમાં ડુંગરપુર પણ કહેલું છે આ ગામ કેશરીયાજીની આસપાસ આવેલું છે.

---

## જીરાવલા.

૮૧

અહીંયાં જીરાવલા પાર્શ્વનાથનું બાવન જીનાલયનું સંપ્રતિ રાજાનું બંધાવેલું દેરાસર વિશેષ હકીકત માટે જુઓ જીરાવલા પાર્શ્વનાથ!

સમયસુંદરજી પોતાના સ્તવનમાં લાવ્યા છે કે જીરાવલો જગનાથ, તીરથ તે નમુંરે.

---

## કાપેડા.

૮૨

પીપાડથી ચાર ગાઉ થાય છે, તે કાપેડા પાર્શ્વ-

નાથનું ( સ્વયંભુ પાર્શ્વનાથનું ) તીર્થ સ્થળ છે. વિશેષ હકીકત માટે પાછળ જુઓ સ્વયંભુ પાર્શ્વનાથ ? આ તીર્થ જોધપુર રાજ્યમાં આવેલું છે.

## નાહના.

૮૩

દેરાસર એક મુલનાયકજી મહાવીર સ્વામીની પ્રતિમા છે, આ દેરાસર મહાવીર સ્વામીજીના વડીલભાઈ નંદીવર્ધન રાજાએ બંધાવેલું છે. જીવીત સ્વામીની પ્રતિમા પધરાવેલી છે.

## બહેડા.

૮૪

દેરાસરજી એક છે. જાત્રા કરવા લાયક બાવન જીનાલયનું છે. પાર્શ્વનાથનાં ૧૦૮ જાત્રાના સ્થાનકોમાંનું એક છે. અહીં અમીજરા પાર્શ્વનાથનું દેરાસર છે. પાર્શ્વનાથનું દેરાસર સંવત ૧૪૩૦ માં શિખર બંધી હતું. રગનાથપુરા સ્ટેશનથી ત્રણ માઈલ છે.

## લોટાણા.

૮૫

અહીંઆં લોટાણા પાર્શ્વનાથજીનું દેરાસર છે. મંદિર જંગલમાં આવેલું છે. પ્રતિમાજી સાત છે. સ્થળ તીર્થમય છે. પાર્શ્વનાથનાં ૧૦૮ ની નામાવલીમાં લોટાણાજી પણ એક છે.

## નાંદીયા

૮૬

દેરાસરજી બે છે. મુલનાયકજી શ્રી મહાવીર સ્વામી એક દેરાસરજીમાં છે. તે દેરાસર તેમના ભાઈ નંદીવર્ધન રાજાનું બંધાવેલું છે. જે ઠેકાણે ભગવાનને ચંડકોશીયો નાગ ડસ્યો છે, તેજ ઠેકાણે બંધાવેલું છે.

## સોજત.

૮૭

પાલીથી ૧૦ ગાઉ થાય છે દેરાસર ૮ છે. જેરી-

મોરા રત્નની પ્રતિમા ૧ાા ફુટ ઉંચી છે. ગોડી પાર્શ્વ-નાથનું દેરાસર ઘણું જુનું જાત્રા કરવા લાયક છે. મહા-વીર સ્વામીનું દેરાસર પણ સારૂ છે. પાર્શ્વનાથના ૧૦૮ તીર્થ સ્થાનકમાં સોજત પણ બનાવેલું છે.

---

## મારવાડ.

૮૮

અહીંથી ગાઉ એક વીઠોરા ગામ છે. જ્યાં પગ રસ્તે જવાય છે, ધર્મશાલા છે, ભગવાનનું મંદિર છે, અહીંયાંથી રેલવે જોધપુર થઇને વીકાનેર ગઇ છે. તેમાં બેસી પાલી જવું.

---

## પામેરા

૮૯

પાર્શ્વનાથજીનું દેરાસર એક ઘણું જુનું પુરાણું છે.

---

# પાલી.

૯૦

શહેરમાં અને શહેર બહાર પાહાડ ઉપર પણ દેરાસરજી છે. મારવાડમાં પાલી શહેર જાત્રા કરવા લાયક તીર્થ સ્થળ છે. ધર્મશાળા પણ અહીયાં છે. નવલખાપાર્શ્વનાથનું દેરાસર છે તે માટે જુઓ નવલખાપાર્શ્વનાથ.

# દાંતરાઇ.

૯૧

શામલીયા પાર્શ્વનાથજીનું દેરાસર સંવત ૧૭૦૨ માં બંધાવેલું છે, ધર્મશાલા એક છે.

# જોધપુર

૯૨

મારવાડ દેશની રાજ્યધાનીનું મુખ્ય શહેર છે. અહીંયાં પણ ઘણા સમર્થ રાજાઓ થઇ ગયા છે. શહેર

સુંદર અને જોવા લાયક છે. અહીયાં આપણાં શ્વેતાંબરી આઠ દેરાસરો જાત્રા કરવા લાયક છે.

# પુષ્કરજી

૯૩

અહીયાં ચંદ્રપ્રદ્યોતન રાજાના વખતમાં મોટું જૈન તીર્થ હતું.

# ઓશીયા નગરી

૯૪

જોધપુરથી ૧૬ ગાઉ ઓશીયા નગરી આવેલી છે. જ્યાં ધર્મશાળા તથા ભગવાનનું પ્રાચિન મંદિરછે. અહીયાં આચાર્યશ્રી રત્ન પ્રભસુરીએ રાજા તથા પ્રજાને ઉપદેશ આપી જૈન બનાવ્યા હતા, ને ઓશવાલ શ્રાવક કર્યાં હતા. ત્યાં ઓશવાલ વંશની સ્થાપના કરી ઓશીયા દેવીને ઓશવાલ વંશની અધિષ્ઠાયિકા દેવી તરીકે સ્થાપન કરેલી છે. મંદિર ઘણું પુરાણું છે. તેને હમણાં સુધરાવ્યું છે. શ્રી વર્ધમાન સ્વામીનું દેરાસર બે હજાર

વર્ષ પહેલાંનું છે, જીર્ણોદ્ધારનું કામ સંવત ૧૯૩૬ માં મુનિમહારાજ શ્રીમોહનલાલજીના ઉપદેશથી થયું છે. અહીંયાં ફાગણ સુદી ૨ નો મેળો ભરાય છે. શ્રીમદ્ રત્નપ્રભસુરી મહાવીરથી સીત્તેર વરસે અને પાર્શ્વનાથજીના સંતાનોમાં છઠ્ઠી પાટે થયા છે. તે બાવનમેં વર્ષ ઓશીયા નગરીમાં આવ્યા છે. તેમણે રજપુતોને જૈન બનાવી ઓશવાલ વંશની સ્થાપના કરી છે, અને શ્રીમાલ નગરમાં શ્રીમાલીની સ્થાપના કરી છે.

# નીંબાજ.

૯૫

મારવાડમાં જોધપુર રાજ્યમાં આવેલું છે. પાર્શ્વનાથનાં ૧૦૮ નામના જાત્રાનાં સ્થાનમાં નીંબાજ પણ એક છે. અહીયાં પણ પાર્શ્વનાથનું દેરાસર છે.

# કોટડા.

૯૬

એરણપુરથી આઠ ગાઉ આશરે છે. અહી દેરાસર મોટું

અને નવીન છે. તેમાં પ્રતિમાઓ ઘણી ભવ્ય વિશાળ અને જાત્રા કરવા લાયક છે. અહીંથીજ કોટી ગચ્છની શાખા કલ્પ સુત્રમાં કહેલી છે, તે નીકળ્યા પહેલાં આ નગરીને કનકાવતી નગરી કહેતા હતા. આની જોડમાં ધોલાગીરી નામે આરસનો પહાડ છે. તે પાહાડની પાસે બીજું દેરાસર છે.

## વાંકલી.

૯૭

એરણપુર નજીક પાર્શ્વનાથજીનું દેરાસર સંવત ૧૩૬૩ માં બંધાવેલું છે. પાર્શ્વનાથનાં ૧૦૮ સ્થાનકો-માંનું એક છે.

## મેડતા રોડ.

૯૮

મેડતા રોડ સ્ટેશનથી પગ રસ્તે ૪ કોશ મેડતા શહેર છે. અહીંયાં પણ દેરાસરો ઘણાં છે. ધર્મશાળા પણ છે. માનભદ્રજીની સ્થાપના પણ આં છે. હીંચપ્રથમ

અહીંયાં ઘણી વસ્તી હતી, જોધપુરના રાજા માનસિંહજી ના હુકમથી એક દિવસે બાવન લખપતિ અજમેર જઈ વસ્યા. ઉપાશ્રય પણ ઘણા છે. દેરાસર બધાં મળીને ચૌદ લગભગ હશે.

## પોકરણ ફલોધી.

૯૯

આ શહેર જોધપુરની પાસે આવેલું છે. ત્યાં આગલ પાંચ દેરાસર રહેલાં છે. રીખવદેવસ્વામીનું સંવત ૧૫૦૯ માં બંધાવેલું. શીતલનાથનું સંવત ૧૮૯૨ માં બંધાવેલું. શાંતિનાથજીનું સંવત ૧૯૦૨ માં બંધાવેલું. ગોડી પાર્શ્વનાથજીનો સંવત ૧૯૦૪ માં જીર્ણોદ્ધાર થયો. અને ચિંતામણી પાર્શ્વનાથજીનું સંવત ૧૯૪૨ માં બંધાવેલું છે. અહીયાં ધર્મશાળા શ્રાવકોની છે, ઉપાશ્રયની પણ સગવડ છે બીજા લોકોની પણ ધર્મશાળા છે.

## તીવરી

૧૦૦

કોઈ વૃદ્ધ મુનિરાજ વિહાર કરવાને અશક્ત હોવાથી

તેઓ પોતાના એક ચેલા સાથે એક ગામમાં ગોચરીએ ગયા, ત્યાં ત્રણ હજાર શ્રાવકોનાં ઘર છતાં ગોચરી મલી નહી. પછી વિનયવંત એવો તે ચેલો જંગલમાંથી કાષ્ટની ભારી લાવી તેના પૈસાથી ખાવાનું મંગાવી ગુરૂને આપવા લાગ્યો એમ કરતાં કેટલાક દિવસો વહી ગયા તેવારે શીષ્યના મસ્તકે તાલ પડેલી જોઇ ગુરૂએ તેનું સ્વરૂપ જાણ્યું, જેથી રૂની પુણીનો સર્પ બનાવી ધર્મનો ઉદ્યોત કરવા સારૂ તેને સુચના કરી, પછી તે સાપ રાજાના કુમારને ડસ્યો, તેના ઝેરની અસરથી કુમાર મુર્છિત ગયો, વિષ ઉતારવાના અનેક ઉપાય કર્યા પણ વ્યર્થ ગયા પછી તેને બાળવા લઈ ગયા, તેવારે ચેલાએ ઠાકોરને કહ્યું કે અમારા ગુરૂ મહા સમર્થ છે તે એનું વિષ ઉતારશે, પછી રાજા વગેરે સર્વ કુમારને ગુરૂ પાસે લાવી ગુરૂને વિનંતિ કરવા લાગ્યા. જેથી ગુરૂએ કુમારનું વિષ ઉતાર્યું. એટલે રાજા વગેરે સર્વ કોઇ પ્રસન્ન થયા. ગુરૂ મહારાજે તેમને ઉપદેશ આપી જૈન બનાવ્યા. જેથી રાજા તેમજ રઇયત પ્રતિબોધપામી જૈન થઇને શ્રાવકોનાં વ્રત પાળવા લાગી. પછી કાલેકરીને ધુળનો વરસાદ થવાથી તે નગર દટાઈ ગયું. ત્યાં હાલ ધુળના ઢગલા દેખાય છે, તીવરીમાં જુનાં દેરાસરો છે. ત્યાં પ્રથમ પાર્શ્વનાથનું પણ દેરાસર હતું. પાર્શ્વનાથનાં ૧૦૮ નામનાં તે પણ જાત્રાનું ઠેકાણું હતું. એક દેરાસર જીનાં દશથી પંદર પગથીયાં ધુળથી જમીનમાં દટાઇ ગયાં

છે. ત્યાંથી બે કાઉસગીયા જમીનમાંથી નીકળ્યા છે. બે દેરાસર છે, અને ત્રીજું દેરાસર જમીન ખોદતાં જુનું નીકળેલું છે.

—⁂—

## નાગોર.

૧૦૧

અહીંયાં દેરાસરજી એક મોટું વિશાળછે, નાગોરમાં સુવર્ણની પ્રતિમા એક હાથ ઉંચી જાત્રા કરવા લાયક છે. એને ક્વચિત્ નાગપુર પણ કહે છે. અહિંયા હેમાચાર્ય મહારાજે ચોમાસું પણ કર્યું છે. જે વખતે કુમારપાળ રાજાએ પાટણમાં ત્રીભોવનવિહારનામનું જીનાલય કરાવ્યું. તેની પ્રતિષ્ટા કરવા આચાર્યને તેડવા અહીંયાં નાગોરમાં આવવું પડયું હતું.

—⁂—

## વીકાનેર.

૧૦૨

મારવાડમાં વીકાનેર પણ મોટું શહેર ગણાય છે. સમય સુંદર ગણિ લાવ્યા છે કે "વીકાનેરજ વંદીયે ચીર

નંદીયેરે, અરિહંતનાં દેરાં આઠ, તીર્થ તે નમુંરે." અહીંયાં આઠ તો પ્રખ્યાત દેરાસરો છે. તેમજ ઉપાશ્રય વગેરે ઘણા છે. ગામ (શહેર)ની જાહોજલાલી સારી પાયા ઉપર છે.

| | |
|---|---|
| ૧ મંદીરસ્વામીનું | ૫ ચીંતામણીજીનું |
| ૨ નેમીનાથજીનું | ૬ રીખવદેવસ્વામીનું |
| ૩ પાર્શ્વનાથજીનું | ૭ કુંથુંનાથજીનું |
| ૪ મહાવીરસ્વામીનું | ૮ સુમતિનાથજીનું |

એવી રીતે મુખ્ય દેરાસરો આવેલાંછે. જેમાં પ્રતિમાઓ ઘણી છે. જાત્રા કરવાલાયક છે. ધર્મશાળાની પણ સગવડ છે.

## જેસલમીર.

૧૦૩

હાલમાં જેસલમેરથી થોડેક દૂર મોટો કીલ્લો છે, ત્યાં ચઢવાનો રસ્તો દશ મીનીટનોછે. અહીંયાં શ્રાવકોની વસ્તી સારી છે. દેરાસર આઠ છે, પ્રતિમા આસરે ૬૦૮ છે. ત્યાં પાર્શ્વનાથની પ્રતિમા મહા પ્રભાવિક અને ચમત્કારીક છે. એક દેરાસર ખેતરવા દૂર છે. દેરાસરજીની

બાંધણી ઘણી સુંદર અને ચમત્કારીક છે. અહિં ૭૦૦થી ૨૦૦૦ વર્ષ સુધીની જુની પ્રતિમાઓ છે. ત્યાંના ભોંયરામાં ઘણા થાંભલા છે. ત્યાંના લોકો કહે છે કે ત્યાં પુસ્તક ભંડાર છે, તેમાં તાડપત્ર ઉપર લખેલા ગ્રંથો છે.

સંવત ૧૪૬૧ ની સાલમાં જીનરાજસૂરિની પાટે જીનવર્ધનસૂરિ થયા, તેઓએ જેસલમેરમાં મુળનાયક ચીંતામણીની બરાબર ક્ષેત્રપાળની મૂર્ત્તિ બેસાડેલી જોઇ વિચાર થયો કે ક્ષેત્રપાળ જીનરાજનો સેવક છે. જેથી તે મૂર્ત્તિ ત્યાંથી ઉઠાવી દરવાજા આગળ પધરાવી, તેથી ક્ષેત્ર પાલ કોપ કરી જ્યાં ત્યાં આચાર્યની હેલના કરવા લાગ્યો, લોકોને તેઓ વ્યભીચારી છે તેવું બતાવવા લાગ્યો. આચાર્ય ચિતોડ ગયા ત્યાં પણ તેમ કરવાથી લોકોની આચાર્ય ઉપરથી શ્રદ્ધા ઉતરી ગઇ, થોડા વખત પછી આચાર્ય ગાંડા થઈ ગયા. જેથી પીપલગામે તેમના કેટલાક શિષ્યો સાથે રહ્યા. પછી સાગરચંદ્ર આચાર્ય આવી બીજા ક્ષેત્રપાળને આરાધી સર્વ સંઘની અનુમતી મંગાવી નવા આચાર્ય સ્થાપન કર્યા.

જીનભદ્રસૂરિના ઉપદેશથી સંવત ૧૪૯૭માં સંભવ નાથના દેરાસરની પ્રતિષ્ઠા થઇ હતી, ચીંતામણીજીની પ્રતિષ્ઠા સંવત ૧૨૨૦ માં થઈ છે.

સમયસુંદરગણિ પણ જેસલમેરની સ્તુતિ કરતા કહે

છે કે " જેસલમેર જુહારીએ દુઃખ વારીયેરે, અરિહંતનાં બીંબ અનેક, તીરથને નમુંરે."

## સાચોર.

૧૦૪

શાસ્ત્રમાં એને સત્યપુરી કહે છે. અહીંયાં મહાવીર સ્વામીનું તીર્થ સ્થળ કહેવાયછે. શ્રી ગૌતમસ્વામી જગચિંતામણી ચૈત્યવંદનમાં સ્તુતિ કરતા જણાવે છે કે– 'जयउ वीर सच्चउरी मंडण' સત્યપુરી (સાચોર)ના આભુષણરૂપ શ્રી મહાવીરસ્વામી જય પામો !

## નાકોડાજી.

૧૦૫

બાલોતરાથી ત્રણ ગાઉ નાકોડાજી તીર્થ છે, ત્યાં ૨૩ મા પાર્શ્વનાથજીનું મોટુ દેરાસર છે, ધર્મશાળા પણ છે, પાર્શ્વનાથજીનાં ૧૦૮ નામનાં જાત્રાના ઠેકાણામાં નાકોડાજી એક છે. પ્રથમ અહયાં વીરમપુર નામે મોટુ નગર હતું. પંદરમા સૈકામાં અહીં પંદરસો શ્રાવકનાં ઘર હતાં,

ચારે બાજુએ કોટ હતો, અને એક તળાવ હતું તે ખુટી ગયું છે. અહીયા ત્રણ મંદીર છે, પારસનાથની પ્રતિમા જમીનમાં દટાયેલી તે એક શ્રાવકને ખોદતાં મળી, તો કોઇ કહે છે કે નદીની પાસેના મકાનમાંથી પ્રગટ થઇ, પણ તે વીરમપુરમાં સં. ૧૫૦૦ માં પધરાવી; આ પ્રતિમા સંપ્રતિ રાજાની ભરાવેલી છે. વિશેષ હકીકત માટે જુઓ નાકોડા પાર્શ્વનાથ !

## બાલોતરા.

૧૦૬

અહીંયાં ધર્મશાલા છે, દેરાસર એક છે, રેલવે સ્ટેશન છે.

## લોદ્રવાજી.

૧૦૭

લોદ્રવા પાર્શ્વનાથનું મોટુ દેરાસર જાત્રા કરવા લાયક છે. અહીથી બાલોતરા સ્ટેશને જવાય છે પાર્શ્વનાથનાં ૧૦૮ જાત્રામાંનું લોદ્રવાજી એક છે.

# કરહેડાજી.

૧૦૮

કરહેટકમાં કરહેડા પાર્શ્વનાથજીની શ્યામ પ્રતિમા છે. વિશેષ હકીકત માટે જુઓ પાછળ કરહેડા પાર્શ્વનાથ! સંવત ૧૩૪૦ માં દેરાસર ઝાંઝણ કુમારે તૈયાર કરાવી ધર્મઘોષ સૂરીની પાસે પ્રતિષ્ઠા કરાવી છે.

# પામેરા.

૧૦૯

પાર્શ્વનાથજીનું ભવ્ય દેરાસર છે. પણ ધર્મશાળાની જોગવાઇ નથી દેરાસર જુનુ ને પુરાણું છે.

# ઓશીયા નગરી.

૧૧૦

જોધપુરથી ૧૬ ગાઉ થાય છે. શ્રીમદ્ પાર્શ્વનાથની છઠ્ઠી માટે થયેલાં રત્નપ્રભસૂરિએ ઓશીયા આવી ચામુડા દેવીને પ્રતિબોધી ઓશીયાની ને જૈનધર્મની રક્ષક બનાવી ત્રણ લાખ ચોરાસી હજાર રાજપુતોને જૈન બનાવ્યા

( ઉકેશપટ્ટન ) ઓશીયા નગરીના નામથી ઓશવંશની સ્થાપના કરી તેમને ઓશવાલ બનાવ્યા પછી મંદીર બંધાવી પેલુની મુર્ત્તિ વીરભગવાનની બનાવી. વીર નિર્વાણ પછી સીત્તેર વર્ષે પ્રતિષ્ટા કરી માગસર સુદી ૫ ને ગુરૂવારે પ્રતિષ્ટા થઇ.

વીરથી ૧૪ મી પાટે કક્કસૂરિ થયા. તેમના વખતમાં કોઇ ધર્મ દ્વેષીએ આશાતના કરવાથી તે તેમણે દૂર કરી, મંદિરમાં શીલા લેખ છે. એક ઠેકાણે લેખ છે કે સંવત ૧૩૦૫ માં આૅસાડ સુદી ૧૦ ને આદિતવારે સ્વાતિ નક્ષત્રે યશોનાથની બેટીએ તોરણ બંધાવ્યું. ઓશીયાનું વર્ણન પહેલાં પણ આવેલું છે તે આની સાથે સમજી લેવું તેને આ ઓશીયા એકજ છે.

## અજમેર.

૧૧૧

અજમેર એ રાજપુતાનાના મધ્ય ભાગમાં આવેલું મોટુ શહેર છે. ત્યાં લાખેણી કોટડીમાં દેરાસરો છે તે સીવાય બીજાં પણ દેરાસરો ભવ્ય આવેલાં છે. ધર્મશાળા પણ છે. બગીચામાં મોટા દાદાજીનાં પગલાં છે. ગોડી

પાર્શ્વનાથજીનું, સંભવનાથજીનું, વગેરે ત્રણ દેરાસરો આવેલાં છે. અજમેરની આજુબાજુ પહાડ આવેલો છે. સ્ટેશન પાસે ધર્મશાળા છે. અહીયાં વૈષ્ણવોનું પુષ્કરનામનું તીર્થ છે. પ્રાચિન સમયમાં અજમેર મહેર લોકોએ વસાવેલું જણાયછે. ત્યાર પછી અનુક્રમે તે ચૌહાણ લોકોની રાજ્યધાની થઇ શાહબુદ્દિન ઘોરીએ ગિજનીથી આવીને પૃથ્વીરાજ પાસેથી દીલ્હી અને અજમેર જીતી લીધાં અજમેરનું બીજુ નામ 'સાંભર' પણ ઇતિહાસમાં જોવાય છે.

## ઉદયપુર.

૧૧૨

આ શહેર હાલમાં મેવાડની રાજ્યધાની તરીકે ગણાય છે. મહાન્ પ્રતાપસિંહના પિતા ઉદયસિંહે ઉદયપુર વસાવ્યું છે. હાલમાં ત્યાં ઘણાં દેરાસરો છે. અહીંથી કેશરીયાજી પગ રસ્તે જવાય છે. ઉદયપુરમાં હાથી દરવાજે પારસનાથનું દેરાસર ચમત્કારીક છે, અહીયાં મોટુ તલાવ છે. તલાવનો કીલ્લો અને ઉદયપુરથી ૫ થી ૬ ગાઉ પહાડ ઉપરનો કીલ્લો જોવા લાયક છે. શહેરની ચારે તરફ મોટા પહાડો આવેલા હોવાથી કીલ્લાની માફક ઉદયપુરનું રક્ષણ સારૂ થઇ શકે છે. અહીંઆં ૩૬ દેરાસરો છે. કેટલાક

દેરાસરોમાં તો મોટી મોટી પ્રતિમાઓ આવેલી છે. શહેરમાં શ્રાવકોની વસ્તી સારી હોવાથી જૈનપુરી જેવો ભાસ થાય છે. હાથી પોલને દરવાજે સગવડવાળી ધર્મશાળા છે.

## સમીનાજી

૧૧૩

ઉદયપુરથી બે મૈલ થાય છે. સમીના પાર્શ્વનાથનું તીર્થ સ્થળ છે, જાત્રા કરવા લાયક છે.

## કેશરીયાજી.

૧૧૪

ઉદયપુરથી ધુલેવાજી અથવા કેશરીયાજીનું તીર્થ ત્રીસ મૈલ થાય છે. રસ્તો પાહાડી છે. પણ ચોકી પહેરાનો બંદોબસ્ત સારોછે. ભવડાઓને રાજ્ય તરફથી લાગો બાંધી આપેલો છે. વસ્તી ભીલની પહાડમાં વસનારા પાહાડી લોકોની છે. ઉદયપુરથી સવારના ટાંગામાં નીકલીયે તો સાંજના પહોંચાડે છે, [illegible] એક ગામમાં દેરાસર તથા ધર્મશાળાછે,

કેશરીયાજીમાં સંઘને ઉતરવાને ધર્મશાળાઓ છે, ભંડારખતું છે. યાત્રાળુઓ હજારો રૂપૈયાનું કેશર ચઢાવે

છે, પૂજાનું ઘી બોલે છે, તે ઉપર ત્યાંના બ્રાહ્મણ પુજારીયોની આજીવિકા ચાલે છે.

કેશરીયા ભગવાનને અહીંના ઘણા હીંદુઓ પણ માને છે. પાહાડી ભીલ તેમને કાળીયા બાવાના નામથી ઓળખે છે, મેવાડમાં મોટામાં મોટુ આ તીર્થ છે.

કેશરીયાજી ઈડરને રસ્તેથી પણ જવાય છે. ઈડર સુધી રેલવે છે, પછી પગ રસ્તે વચમાં ડુંગરપુર ગામ આવે છે ત્યાંથી આગળ કેશરીયા જવાય છે.

કેશરીયાજી સંબંધી કિંવદંતિ (લોક વાયકા) એમ સંભળાય છે કે તે પ્રતિમા મહાભૂજ પ્રીતિ વિષ્ણુ રાવણના વખતમાં લંકામાં હતી, જ્યારે રામચંદ્રજી રાવણને જીતી અયોધ્યા આવ્યા તે વખતે કેશરીયાજીની પ્રતિમા સાથે લાવી ઉજ્જેનમાં સ્થાપન કરી, તેની પૂજા ભક્તિ કરવાથી મયણાસુંદરીના સ્વામી શ્રીપાળરાજાનો કોઢ રોગ મટયો, પછી ઉજ્જનથી કોઇ દેવ સાનિધ્યથી આ પ્રતિમાજી હાલ છે ત્યાં આવેલાં છે.

## રાજગઢ-રાજનગર

૧૧૫

આ ગામ કાંકરોલી પાસે છે, અહીંયાં બે દેરાસરજી છે, એક રૂષભદેવ ભગવાનનું બાવન જીનાલયનું

જેનો જીર્ણોદ્ધાર હમણાં થયો છે, તે જાત્રા કરવા લાયક છે. આ દેરાસર સંવત ૧૭૩૧ માં બંધાવેલું છે, તથા બીજું દેરાસર પણ છે.

## સાંવરાજી

૧૧૬

કેશરીયાજીથી કોશ પાંચ થાય છે, ત્યાં દેરાસરજી પહાડ ઉપર છે. જાત્રા કરવા લાયક છે, પાર્શ્વનાથનું દેરાસર તીર્થ રૂપ છે, તે સાંવરા પાર્શ્વનાથ તરીકે ઓળખાય છે.

## સામેરા.

૧૧૭

કેશરીયાજી પાસે નાગફણા પાર્શ્વનાથનું સામેરામાં દેરાસર હતું, હાલ જણાતું નથી.

## વીચ્છુંવાડા.

૧૧૮

પાર્શ્વનાથજીનું મોટુ દેરાસર છે. ૧૦૮ પાર્શ્વનાથનાં

જાત્રા કરવા લાયક સ્થાનકોમાંનું વીછીંવાડા પણ એક છે. કેશરીયાજીની આસપાસ આવેલું છે.

## પારાસલી તીર્થ.

૧૧૯

રતલામ પાસે આવેલું છે, તેમાં આદિશ્વર ભગવાનનું ભવ્ય દેરાસર છે.

## સાવલીયાજી તીર્થ.

૧૨૦

રતલામથી નીમલી સ્ટેશન આવે છે, ત્યાથી સાવલીયા પાર્શ્વનાથ બે ગાઉ થાય છે. ભાદરવા સુદી ૨ ના દીવસે દેરાસરના થાંભલાઓમાંથી અમી જરે છે. કોઈ મુસલમાને ભાલો માર્યાની નિશાની થાંભલામાં છે પ્રતિમા શ્યામ, મનોહર છે.

# સૈબલીયા

### ૧૨૧

રતલામથી ૫ કોશપર છે અને મલીના સ્ટેશનથી ૬ કોશ ઉપર છે. સોળમા શાંતિનાથજીનું દેરાસર તેમાં વેલુની પ્રતિમા છે. તે જુની ને ચમત્કારીક છે. આ દેરાસર પોરવાડોનું છે. આચાર્યજી આકાશ માર્ગેથી આકર્ષીને અહીંયાં લાવ્યા છે એમ કહેવાય છે. 'પ્રાગવાડ જ્ઞાતિ સાબાયમ' એમ લખ્યું છે. મુર્ત્તિના અંગમાંથી ભાદરવા સુદી ૨ ના દીવસે મહાવીર સ્વામીનો જન્મ વંચાયા પછી તેમજ દેરાસરના કેટલાક ભાગોમાથી અમીઝરે છે, દેરાસરજી જોડે ધર્મશાળા છે. ત્યાંના હાકેમ સૈબેલીયાના રાજાએ બગીચો, વાવડી તથા કેટલીક જમીન તપગચ્છના ગોરજીને દેરાસરના ખર્ચને માટે આપેલી છે.

# રતલામ.

### ૧૨૨

રતલામ એ મોટુ શહેર છે. સ્ટેશન ઉપર સરકારી ધર્મશાળા છે. અહીંયાં બાવા આગરજી ગોરજીને નામે

ઓળખાતું સંપ્રતિ રાજાના વખતનું શાંતિનાથજીનું બાવન જીનાલયનું તપાગચ્છી શ્વેતાંબરી મોટુ દેરાસર છે, તેનો જીર્ણોદ્ધાર અગરજી બાવા ગોરજીની મહેનતથી થયો છે. તે દેરાસરના ખર્ચ સારૂ રતલામ દરબારે બે ગામ આપેલાં છે. તેમજ અહીં કુલ એકંદરે દશ દેરાસરો આવેલાં છે. જાત્રા કરવા લાયક છે. શહેરમાં પણ ધર્મશાળા છે.

## મક્ષીજી.

૧૨૩

ઉજ્જેનથી રેલવે રસ્તે મક્ષીજીનું સ્ટેશન છે. અહીંનું દેરાસર પ્રાચિન છે, મુર્તિ વેલુની છે. અહીંયાં ગોડી પાર્શ્વનાથ સ્વપ્ન દેઇ પ્રગટ થયા હતા પણ ૧૧ દીવસ પછી પાછા અદ્દશ થઇ ગયા હતા. દેરાસર બાવન જીનાલયનું છે. આણંદજી કલ્યાણજીનું કારખાનું છે. વિશેષ હકીકત માટે જુઓ પાછળ મક્ષીજી પાર્શ્વનાથ !

## ઉજ્જન.

૧૨૪

અસલ માલવદેશની રાજ્યધાનીનું પાટનગર હતું,

પણ હાલમાં તેનો કેટલોક ભાગ દટાઈ નાશ પામ્યો છે. હાલની માલવાની રાજ્યધાની ગ્વાલીયર તેને તાબે છે, ઉજ્જનનું અપર નામ એવંતી નગરી પણ કહે છે. પૂર્વે વિક્રમ રાજાની રાજ્યધાનીનું આ શહેર હતું. તેમની હાકેમીમાં સિદ્ધસેન દ્દિવાકર સૂરિએ એવંતી પાર્શ્વનાથની પ્રતિમાને ઉજ્જેનમાં મહાકાલેશ્વરના મંદીરમાંથી શીવલીંગ ફાટીને પ્રગટ કરી હતી. અને રાજાને સૂરિએ જૈન બનાવ્યો હતો. અહીંયાં બીજાં પણ ૧૩ દેરાસરો જાત્રા કરવા લાયક છે. પટ્ટણા ( પાટલી પુત્ર ) ના રાજ્ય વંશજો એ ઉજ્જેનમાં ગાદી સ્થાપી છે.

## ઇંદોર.

૧૨૫

આ શહેર હોલ્કરની રાજ્યધાનીનું છે. માલવી અફીણની મોટી પેદાસ આ દેશમાં થાય છે. અહીંયાં પાંચ દેરાસર છે. તેમાં મેવાડા સાથનું પીપલી બજારનું આદેશ્વર ભગવાનનું દેરાસર ઘણું વિશાળ છે. પ્રતિમાજી જુનાં છે, બીજા દેરાસરોમાં પણ પ્રતિમાજી જુનાં અને જાત્રા કરવા લાયક છે. ઓશવાળોની ધર્મશાળા છે.

# ધારનો કીલ્લો

૧૨૬

પહેલાં આ ધારા નગરી માળવાની રાજ્યધાની ગણાતી હતી, અગીયારમા સૈકામાં સિંધુલ, મુંજ, ભોજ વગેરે પ્રખ્યાત રાજાઓ અહીંયાંજ રાજ્ય કરી ગયા છે. જુઓ 'ધારા નગરીનો મુંજ' ધર્મશાળા એક છે. રીખવદેવનું દેરાસર પણ છે, પ્રતિમા સંપ્રતિ રાજાની ભરાવેલી છે, મુર્ત્તિ મોટી છે. ધારાના કીલ્લાથી અમજરા પાંચ ગાઉ થાય છે. ઇન્દોરથી પગ રસ્તે ૪૦ કોશ ધારા નગરી ( ધારનો કીલ્લો ) આવેલો છે. ધારના કીલ્લાથી ૧૨ કોશ માંડવગઢ થાય છે.

# માંડવગઢ.

૧૨૭

માંડવગઢનો પહાડ ત્રણવલયના આકારે ખાઇ સમેત કીલ્લાની માફક ઘેરાયેલો છે. એ ખાઈમાં ચીતરાવેલ છે. ભાગ્યશાળી હોય તે દેખી શકે છે. પહાડ ઉપર વસ્તી છે, બજાર છે. ત્યાં ભેંસાસાહનું કરાવેલું

દેરાસર ઘુંમટબંધ ઘણા મોટા વિસ્તારવાળું છે. તેમાં મોટી સોનાની મુર્ત્તિ ૧૬ મા શાંતિનાથની છે.

ગુજરી ગામથી પાંચ ગાઉ પહાડ ઉપર તીર્થ આવેલું છે. પહાડની ચડાઈ અઢાઇ ગાઉની છે, પહાડ ઉપરનો જુનો કોટ છે, ત્યાં માંડવગઢ ગામ છે. ધારના રાજાને સ્વપ્નું આપીને સુપાર્શ્વનાથ ભગવાનની મુર્ત્તિ પ્રગટ થઈ. આ મુર્ત્તિ રામચંદ્રના વનવાસ વખતે સીતાએ રામચંદ્રને પૂજવા બનાવી હતી, તે છાણવેલુની મુર્ત્તિ સતીના પ્રભાવે વજ્રમય થઇ ગઈ. માંડવગઢની હાલની મુર્ત્તિ ધાતુમય છે. તે અકબર બાદશાહના પ્રધાન ટોડરમલે ભરાવી છે. માલવામાં માંડવગઢ તીર્થની જાહોજલાલી પ્રથમ સારી ગણાતી. ટોડરમલે સંવત ૧૫૪૭ માં મુર્ત્તિ ભરાવેલી, આ મુર્ત્તિની બાજુએ બન્ને તરફ પાર્શ્વનાથની મુર્ત્તિઓ છે.

સંવતની તેરમી અને ચૌદમી સદીમાં માંડવગઢ રાજ્યધાની તરીકે અને માલવાની લાવણ્યતાનું અપૂર્વ કેન્દ્રસ્થાન ગણાતું હતું. ત્યાં એકલાખ લાખોપતિ રહેતા હતા. તેમજ સાડા સાતસેં જૈન મંદિરો હતાં. સાતસેં મહાદેવનાં દેવાલય હતાં. શહેરનો વિસ્તાર લગભગ બાર કોશમાં ફેલાયલો હતો, અહીંયાં કોઈ ગરીબ શ્રાવક આવતો ત્યારે તેને એક લાખ લખપતિઓ એકેક રૂપૈયો

આપતા અને એક ઈંટ આપતા, જેથી આવનાર પણ લખોપતિ થતો અને ઇંટોથી હવેલી બનાવી તે પણ શાહુકાર બની જતો. ભેંસાસાહ, પેથડકુમાર તેમજ ઝાંઝણકુમાર માંડવગઢમાં મહા સમર્થ દાનવીર થયા છે.

હાલમાં તે ગામ ઉજ્જડ થઇ ગયું છે. ત્યાં એક વૈષ્ણવમંદિર ને એક મહાદેવનું મંદિર છે. બીજી મસ્જીદો તેમજ રાજમહેલો ખંડેર હાલતમાં હવા ખાય છે. આ શહેરને મંડપદુર્ગ પણ કહે છે.

## કંટાળી.

૧૨૮

પાર્શ્વનાથનાં ૧૦૮ તીર્થસ્થાનોમાં કંટાળી પણ એક છે, દેરાસર પાર્શ્વનાથનું હોય એમ જણાય છે.

## અંમજરા.

૧૨૯

સરદારની છાવણીથી ૪ ગાઉ થાય છે, ત્યાં અમીજરા પાર્શ્વનાથનું દેરાસર છે.

# ગોડીજી (મોરવાડા).

૧૩૦

થરપારકર દેશમાં ( કચ્છની આસપાસનો મુલક ) મેઘાશાહે આ પ્રતિમા પાટણથી લાવી ત્યાં નવીન નગર વસાવી પધરાવી હતી. પ્રથમ અહીંયાં ગોડીપુર ગામ હતું, ત્યાં નવીન ગામ તેમણે વસાવ્યું હતું, ત્યાં આગળ ભગવાન કેટલોક કાલે પૂજાયા પછી ત્યાંથી અદૃશ્ય થઈ ગયા. કાલે કરીને મોરવાડામાં તે પ્રગટ થયા. અહીંયાં મોરવાડામાં ગોડીજીની વરખડી કહેવાય છે, ગોડીજીના નામથી મોરવાડા પણ પ્રખ્યાત થયું છે.

# મુહરી (ટેંટોઇ)

૧૩૧

એ પ્રાચીન પાર્શ્વનાથનું ૧૦૮ તીર્થસ્થળોમાંનું અપૂર્વ તીર્થસ્થળ છે. શ્રીમદ્ ગૌતમસ્વામીએ અષ્ટાપદ પર્વત ઉપર કરેલા જગચિંતામણી ચૈત્યવંદનમાં મુહરી પાર્શ્વનાથની સ્તુતિ કરેલી છે, તે પ્રતિમા હાલ ટેંટોઇ ગામમાં છે. ટેંટોઈ ગામ ડુંગરપુર પાસે આવેલું છે.

ઇડરથી કેશરીયાજી જતાં માર્ગમાં ડુંગરપુર આવે છે. વિશેષ હકીકત માટે જુઓ પાછલ મુહરી પાર્શ્વનાથ? તે સંવત ૧૮૦૧ માં ટેંટોઇમાં પધરાવેલા છે, ધર્મશાલા અપાસરો એક એક છે.

## પોસાલીયા.

૧૩૨

એરણપુરની છાવણીથી ૧૨ ગાઉ થાય છે, ત્યાં પોસાલીયા પાર્શ્વનાથનું જુનું દેરાસર છે.

## પાવાગઢનો ડુંગર.

૧૩૩

અસલ પાવાગઢ તીર્થ સ્થળ તરીકે ગણાતું હતું, પાહાડ ઉપર તીર્થ હતું, પૂર્વે ચાંપાનેર શહેર ચાંપા વાણીયાએ વનરાજ ચાવડાના વખતમાં વસાવેલું છે, તે પાવાગઢની તળેટીમાં હતું ત્યાંના છેલ્લા પતઈ રાવળ રાજાના વખતમાં અમદાવાદના પ્રખ્યાત સુલતાન મહમદ બેગ-

ડાએ વિક્રમની પંદરમી સદીના મધ્યાન્હ સમયમાં રાજાને મારી ચાંપાનેરનો નાશ કર્યો.

અસલ પાવાગઢ પાહાડ ઉપર ભીડભંજન પાર્શ્વ-નાથનું પ્રાભાવિક તીર્થ હતું. પછી જૈન વસ્તી નહી રહેવાથી સંપ્રતિ રાજાની ભરાવેલી ભીંડભજન પાર્શ્વનાથ-જીની પ્રતિમા જે મુલનાયક તેને વડોદરામાં દાદા પાર્શ્વ-નાથના દેરાસરમાં પધરાવ્યા છે.

પાવાગઢ એ અન્યમતીનું લૌકિક તીર્થ પણ ગણાય છે, મહાકાળીદેવીનું સ્થાનક ત્યાં આગળ છે. કિંવદંતિ કહે છે કે મહાકાળીના કોપથી ચાંપાનેરને તેના છેલ્લા પતઇ રાવળ રાજાનો નાશ થયો. વાંચો ' ભદ્રકાલી અથવા પાવા-ગઢનો પ્રલય '

ચાંપો વણીક હતો છતાં મહા સમર્થ હતો, એક વખતે તેને રસ્તામાં વનરાજ મળ્યો, ત્યારે વનરાજે તેને અટકાવ્યો, જેથી ક્રોધ કરીને પોતાની પાસેનાં પાંચ બાણો માંથી બે બાણ ભાગી નાંખ્યાં, વનરાજે તેનું કારણ પુછતાં ચાંપાએ જણાવ્યું કે તમે ત્રણ જણ છો, જેથી બે વધા-રાનાં બાણ ભાગી નાખ્યાં હતાં કેમકે ત્રણ બાણે તમને ત્રણ જણને હું જરૂર મારીશ પછી વનરાજે તેને સમર્થ જાણી રાજ્ય પ્રાપ્ત થયા પછી પ્રધાન બનાવવા વચન આપ્યું હતું. તે મુજબ ચાંપો પાછળથી વનરાજનો

પ્રધાન થયો હતો, ચાંપાનું બીજુ નામ જાંબ હતું. તેણે ચાંપાનેર વસાવ્યું હતું. પાવાગઢ આજે પણ માહાકાળીના નામથી પ્રસિદ્ધ છે. ગામડાઓમાં મહાકાળીના રાસડા ગવાય છે "પાવાતેગઢથી ઉતર્યાં મહાકાલીરે" વગેરે વગેરે.

## દેલવાડા.

૧૩૪

ઉદેપુરની આસપાસ આવેલું છે. પાર્શ્વનાથનાં ૧૦૮ સ્થાનકોમાં દેલવાડા પણ કહેલું છે. હાલમાં અહીંયાં ત્રણ દેરાસર છે. રૂખભદેવનું, મહાવીર સ્વામીનું, ત્રીજુ બાવન જીનાળુ તે પણ આદેશ્વરનું છે, તેના ભોંયરામાંથી પ્રતિમાજી નીકળેલાં હતાં. દેરાસર સંવત ૧૯૪૧માં બાંધેલું હતું.

## પલાણા.

૧૩૫

પાર્શ્વનાથનું દેરાસર શિખરબંધી છે, જાત્રા કરવા લાયક છે પ્રાચિન ઘણા કાળનું છે.

# ઇડર.

૧૩૬

આ શહેર દરબારીને જોવા લાયક છે, તથા પાંચ મ્હોટાં દેરાસર છે, શીતલનાથજી, રૂખભદેવજી, ચીંતામણીજી, ગોડી પાર્શ્વનાથજી, ખડતરગચ્છીય ગોડી પાર્શ્વનાથજીનું એ પાંચે જુનાં પુરાણાં ને પ્રાચીન છે. જાત્રા કરવા લાયક છે, ગઢ ઉપર સંપ્રતી રાજાનું બંધાવેલું દેરાસર છે, ગઢનો ચડાવ એક મૈલનો છે, ધર્મ શાલાઓ ત્રણ છે, બીજા લોકોની પાંચ ધર્મશાલા છે. ઈડરને 'ઇલાદુર્ગ' પણ અપર નામે કહે છે.

શાંતિનાથનું દેરાસર સંપ્રતીરાજાનું બંધાવેલું છે, આ સંપ્રતીરાજા શ્રી મહાવીર પછી ૨૮૫ વર્ષે થયા છે. ત્યારપછી તેનો જીર્ણોદ્ધાર પહેલો વચ્છરાજે કર્યો, બીજો કુમારપાલે, ત્રીજો ગોવીંદરાજ ઓશવાળે અને ચોથો ઉદ્ધાર ચંપકશાહે કર્યો. અહીંયાં પ્રથમ મુળનાયકજી પાર્શ્વનાથ હતા, હાલમાં શાંતિનાથ છે.

કુમારપાલે રૂષભદેવ ભગવાનનું દેરાસર બંધાવી શ્રી રૂષભદેવ ભગવાનની સ્થાપના તેરમી સદીમાં કરી છે.

ઇડરમાં સાતમા સૈકામાં હર્ષવર્ધન રાજા હતો. તેનું રાજ્ય નાનું હતું. આ રાજ્યની સ્થાપના ઈ. સ. ના છઠ્ઠા

સૈકાની મધ્યમાં વલ્લભીપુરના શિલાદિત્ય રાજાના વંશજ ગુહાદિત્યે કરી હતી, તેના વંશજો ગેહલોટ કહેવાણા, અને તેમણે પાછળથી મેવાડમાં ગાદી સ્થાપી સીસોદીયા નામ ધારણ કર્યું છે, જે આજ સુધી તેઓ સીસોદીયા કહેવાય છે. આ રાજ્યનો પાયો આઠમા સૈકામાં બાપ્પા રાવલના મુબારક હસ્તે ચીતોડમાં નંખાયો છે, તેઓ ઇડરથી આવેલા છે.

ગોવિંદ શેઠે તારંગામાં અજીતનાથની પ્રતિમા તૈયાર કરવા માટે આરાસુર જઈ અંબીકાદેવીનું આરાધન કરી તેમને પ્રસન્ન કરી તેમની પાસે મુર્ત્તિ માટે પત્થર માગ્યો, તે દેવીએ આપ્યો તેને ખાણમાંથી કઢાવી તારંગે લાવી ગોવિંદશેઠે અજીતનાથની મનોહર પ્રતિમા ઘડાવી સોમસુંદરસૂરિ પાસે અંજનશલાકા કરાવી.

## વડાલી.

૧૩૭

દેરાસર ૩ છે, એક શીખરબંધ સંપ્રતીરાજાનું, બીજું ૧૯૪૪ ફાગણ સુદી ૨ ની પ્રતિષ્ઠા થઇ. તેમજ અમીજરા પાર્શ્વનાથનું દેરાસર છે, જાત્રા કરવા લાયક

છે. પાર્શ્વનાથનાં ૧૦૮ જાત્રા લાયક સ્થળોમાં વડાલી એક છે.

## અહમદનગર.

૧૩૮

ઈડરથી દક્ષિણ પશ્ચિમે અઢાર મૈલ દૂર હાથમતી નદીના કાંઠે અહમદનગરનો કીલ્લો (હીમતનગર) આવેલો છે, તે અમદાવાદના સુલતાન અહમદશાહ બાદશાહે ઈ. સ. ૧૪૨૭–૨૮ માં બંધાવેલો છે. અહમદશાહ બાદશાહને ઈડરનો રાજા રાવ શ્રીપુંજ વારંવાર હેરાન કરતો ને બાદશાહ વારંવાર લશ્કર લઈને જતો હતો ત્યારે પર્વતોની ખીણમાં ચોરની માફક ભરાઈ હાથમાં ન આવતો, જેથી તેના બંદોબસ્તને સારૂ બાદશાહે અહમદનગર વસાવ્યું. અહમદશાહ ઈ. સ. ૧૪૪૪ માં મરણ પામ્યો.

અહીંયાં હાલમાં પાંચ દેરાસર છે. ૧ મહાવીરસ્વામીનું, ૨ શાંતિનાથજીનું, ૩ શાંતિનાથજીનું, ૪ રૂષભદેવનું, ૫ ધર્મનાથજીનું વિગેરે દર્શન કરવા લાયક છે.

## પોસીના.

૧૩૯

ઈડરથી સાત ગાઉ થાય છે. પોસીના પાર્શ્વનાથજીનું જાત્રા કરવા લાયક દેરાસર છે, ધર્મશાળા. શ્રાવકોની ૩ છે, જુઓ પોસીના પાર્શ્વનાથ ?

— ❀ —

## જયપુર.

૧૪૦

જયપુર એ રાજ્યધાનીનું શહેર જોવા લાયક છે. વેપાર રોજગારનું મથક છે, જેપુરમાં સાંગાનેરનો દરવાજો સ્ટેશનથી ૩ મૈલ દૂર છે, ત્યાં ધર્મશાળા છે શહેરમાં ઘોઈવાડાની ગલીમાં ચાર દેરાસર જાત્રા કરવા યોગ્ય છે. તેમજ બગીચામાં દેરાસર તથા દાદાજીનાં પગલાં છે. જયપુરથી આમેર ત્રણ કોશ થાય છે, જ્યાં પ્રથમ જયપુરની રાજ્યધાની હતી ત્યાં પણ દેરાસર એક છે, ધર્મશાળા છે, રાજમહેલ જોવા લાયક છે. સાંગાનેરમાં પણ દેરાસર જાત્રા કરવા લાયક છે.

જયપુરમાં કેશરીયાજી તેમજ રીખવદેવનું, સુમતિનાથનું, સુપાર્શ્વનાથનું અને પાર્શ્વનાથનું એમ પાંચ દેરા-

સર છે, તેમજ સ્ટેશન ઉપર ધર્મશાળામાં કેશરીયાજીનું દેરાસર છે.

—❋—

## સાગાંનેર.

૧૪૧

જયપુરથી ૪ ગાઉ થાય છે, ત્યાં ચંદ્રપ્રભુને મહાવીર સ્વામીનાં બે દેરાસર છે.

—❋—

## આગ્રા ( હિંદુસ્થાન. )

૧૪૨

અહીં શહેરમાં આઠ દેરાસર છે, ને એક દેરાસર શેઠના બગીચે છે. ત્યાં પાંચ દેરાસર મોતીકટરામાં, બે રોશન મોહોલ્લામાં ને એક નોનમંદીમાં છે, ચીંતામણી પાર્શ્વનાથનું તથા શ્રીમંદર સ્વામીનુ, રોશન મોહોલ્લામાં શાંતિનાથજીનું નોનમંદીમાં, તેમજ બીજાં મોતીકટલામાં છે. શહેરથી એક કોશ દૂર દાદાજીના બગીચે માહાવીર સ્વામીનું દેરાસર છે.

અહીંયાં તાજમહાલ દુન્યામાં અજાયબ ગણુતી ચીજોમાંનો એક છે Wenders of the World. તે શાહજહાન બાદશાહનો બનાવેલો છે તેમજ આગ્રાનો કીલ્લો મજબુત અને જોવાલાયક છે.

—※—

## મથુરા.

૧૪૩

સ્ટેશનથી શહેર બે ગાઉ દૂર છે, મથુરા શહેરમાં ધર્મશાળા છે. અહીંયાં ધીયામંદીમાં પાર્શ્વનાથનું દેરાસર છે. પૂર્વે કલ્પદ્રુમ પાર્શ્વનાથનું મથુરા તીર્થ સ્થળ તરીકે ગણાતું હતું. આજે પણ પાર્શ્વનાથનું દેરાસર છે. પં. સૌભાગ્ય વિજયજીએ આ તીર્થને મહાવીર સ્વામીના તીર્થ તરીકે ગણ્યું છે, ત્યારે પં. શીલવિજયજીએ જમના નદીના કાંઠે આ શહેર બતાવી નેમીનાથનું તીર્થ કહ્યું છે. કંસની રાજ્યધાની અહીંયાં હતી, જ્યાં તેને વિશ્નુએ માર્યો હતો. યાદવવંશી ઉગ્રસેનનો કંસ પુત્ર હતો અને પ્રતિવિશ્નુ જરા સંઘનો તે જમાઇ હતો. યાદવોની રાજ્યધાની મથુરાને સોરીપુર એ બન્ને ગણાતી હતી.

—※—

# અલવર.

૧૪૪

રાજપુતાના લાઇન જયપુર થઇ બાંદીકુઈથી દીલ્હી જાય છે. રસ્તામાં અલવર આવે છે, અહીંયાં રાવણ પાર્શ્વનાથની પ્રતિમા જાત્રા કરવા લાયક છે. વિશેષ હકીકત માટે જુઓ રાવણ પાર્શ્વનાથ ?

# દીલ્હી.

૧૪૫

દીલ્હી એ મોટું મોગલ સમ્રાટોની રાજ્યધાનીનું પાયતખ્ત શહેર છે. અહીં ત્રણ ચાર દેરાસરો આવેલાં છે. ધર્મશાળા પણ નવઘરા, ચેલાપુરીમાં આવેલી છે, ત્યાં પણ દેરાસર છે, વેપાર, ઉદ્યોગ, હુન્નર, જરીકામ અને ભરતકામનો સારો વેપાર ચાલે છે. ત્રણ દેરાસરો શીખરબંધી છે ૧ સુમતિનાથનું નવગરામાં, ૨ સંભવનાથનું ચેલપુરીમાં, ૩ પાર્શ્વનાથનું ચીરાખાનામાં છે. બે ઘર દેરાસર છે. સુમતિનાથના દેરાસરની ભીંતોમાં ચીત્રકામ સારૂ છે, સ્ટેશન ઉપર ધર્મશાળા છે. દીલ્હી શહેર ઘણું પ્રાચીન છે, તે ઘણી વખત ફરી વસેલું છે, કુતુબ મિનારો,

દીલ્હીનો કીલ્લો, શાહજહાનનું પાયતખ્ત વગેરે બાદશાહી મકાનો જોવા લાયક છે, મુખ્ય બજારને ચાંદની ચોક કહે છે.

# હસ્તીનાપુર (મીરત).

## ૧૪૬

મીરતની છાવણીથી પગરસ્તે ૧૬ કોશ હસ્તીનાપુર થાય છે, જંગલને રસ્તે છે. બેલગાડીઓ મલે છે, રસ્તામાં ગામડાંઓ આવે છે. અહીંયાં એક મોટી ધર્મશાળા છે, તેમાં પણ દેરાસર છે. તેમાં શાંતિનાથ ભગવાન મૂળ નાયકજી તથા એક બાજુએ કુંથુનાથ ભગવાન, તથા બીજી બાજુએ શાંતિ, કુંથુ, અરનાથ અને વીર ભગવાનના ચરણની સ્થાપના ખુણામાં છે. અહીંઆં સોળમા, સત્તરમા, અને અઢારમા ભગવાનનાં દરેકનાં ચ્યવન, જન્મ, દીક્ષા અને કેવળ એ ચાર ચાર કલ્યાણકો થયાં છે. ત્રણે તીર્થંકરો તેજ ભવમાં ચક્રવર્તીની પદવી પણ પામેલા હતા. ધર્મશાળાથી ગાઉ દૂર રૂષભદેવની દેરી છે. ત્યાં ભગવાનનાં પગલાં છે. રૂષભદેવનો કુરૂ નામનો પુત્ર હતો જેના નામથી કુરૂક્ષેત્ર કહેવાય છે તેને હસ્તિ નામનો પુત્ર થયો, જેમના નામથી હસ્તીનાપુર કહેવાય છે.

# કંપીલા નગરી

૧૪૭

કંપીલા નગરીમાં તેરમા વિમલનાથસ્વામીનાં ૧ ચ્યવન, ૨ જન્મ, ૩ દીક્ષા ૪ અને કેવલ એ ચાર કલ્યાણક થયાં છે, ધર્મશાલા તથા દેરાસર છે, કાયમગંજ રેલવે સ્ટેશન છે. અહીંથી ત્રણ કોશ કંપીલા નગરી થાય છે. વિમલનાથનો આ નગરીમાં જન્મ થયો હતો. પંડિત જય વિજય અહીંયાં 'વિમલ વિહાર' અને વિમલનાથનાં પગલાં હોવાનું જણાવે છે.

# સૌરીપુરી (વિચ્છેદ)

૧૪૮

શીકોહાબાદથી સૌરીપુરી ૧૪ મૈલ થાય છે. હાલ તીર્થ વીચ્છેદ હોવાથી સોરીપુરીને કોઇ ઓળખતુ નથી. પણ સૌરીપુરથી એક મૈલ વટેશ્વર વૈશ્ણવોનું ધામ હોવાથી વૈશ્ણવો ઘણા જાય છે. શીકોહાબાદથી વટેશ્વર તેર મૈલ થાય છે, અને વટેશ્વરથી સૌરીપુરી એક મૈલ થાય છે. રસ્તામાં રેતી ઘણી હોવાથી ચાલવું મુશ્કેલી ભરેલું

છે, પ્રથમ સૌરીપુરી મોટી નગરી હતી. નેમીનાથનાં બે કલ્યાણક ચ્યવન અને જન્મ અહીંયાં થયાં છે, અહીંયાં સમુદ્રવિજય નેમીનાથના પીતાજી રાજા હતા. કૃષ્ણ અને બળભદ્ર આ નગરીમાંજ ઉત્પન્ન થયા હતા. અહીંથીજ રાજા સમુદ્રવિજય મહાભૂજ કૃષ્ણ અને બળભદ્ર સાથે સર્વ યાદવો સહીત સમુદ્રના કિનારે આવ્યા હતા, ત્યાં શ્રીકૃષ્ણે દેવાધિષ્ઠિત દ્વારીકા બનાવરાવી રાજ્યગાદી સ્થાપી. ત્યારથી સૌરીપુરીની પડતી આવી હોય એમ જણાય છે. હાલમાં સૌરીપુરીમાં એક નાનુ મંદિર છે, ત્યાં નેમનાથ ભગવાનના ચરણની સ્થાપના છે, તથા એક ખંડિત પ્રતિમા છે. અને નગરીને ઠેકાણે હાલ જંગલ છે. તે જમના (યમુના) નદીના તટ ઉપર આવેલું છે. પ્રસિદ્ધ હીરવિજયસૂરિ અહીંયાં આવ્યા હતા. તેમના સમયમાં અહીંનો ઉદ્ધાર થયેલો; પરન્તુ તે પછી થયો હોય તેમ જણાતું નથી. અહી હાલ એક પાહાડ ઉપર પાંચ મંદિર છે, જેમાં ચાર ખાલી છે ને એકમાં નેમનાથનાં પગલાં છે. સૌરીપુર કુશાર્ત્ત દેશની રાજ્યધાની હતી. સમુદ્રવિજયના પૂર્વજ ' શૌર ' રાજાએ મથુરાનું રાજ્ય પોતાના નાના ભાઇને આપી પોતે આ દેશમાં આવી શોરીપુર નગર વસાવ્યું, તેમના વંશમાં સમુદ્રવિજય અનુક્રમે રાજા થયા.

# કાનપુર

૧૪૯

સ્ટેશન સામે મુસાફરખાનું (સરાય) છે. આ શહેરમાં એકજ દેરાસર છે, તે ચાવલપટ્ટીમાં પીલીકોઠીમાં છે. આ દેરાસર ભંડારીના દેરાસર તરીકે ઓળખાય છે. દેરાસરમાં ધર્મનાથ સ્વામી મૂળ નાયકજી છે. દેરાસર ઘણુંજ સુંદર અને તદ્દન કાચનું બનાવેલું છે. આ દેરાસરનું બાંધકામ અને ચીત્રકામ જોતાં ઇંદ્રની અલકાપુરી પણ ભૂલી જવાય તો નવાઈ નથી. અહીંયાં ગરમ કાપડ સારૂ બને છે. વેપાર રોજગાર સારો ચાલે છે.

# લખનૌ.

૧૫૦

સ્ટેશનથી શહેર ત્રણ ગાઉ દૂર થાય છે. અહીંયાં ધર્મશાળાઓ નથી, પણ મકાન ઉતરવાને ભાડેથી મળે છે. શહેરથી એક મૈલ દૂર દાદાંવાડી છે. ત્યાં એક હજાર માણસ રહે તેવડી ધર્મશાળા છે. અહીં ચૌદ શિખરબંધી દેરાસરો અને ચાર ઘર દેરાસરો મળી અઢાર દેરાસરો

છે. જે ચુડીવાળી ગલી, સોની ટોળાં, સીધી ટોળાં, ફુલ વાળી ગલી, શાહાદતગંજ તેમજ દાદાવાડી વગેરે ઠેકાણે આવેલાં છે.

## રત્નપુરી.

૧૫૧

રત્નપુરી અથવા નવરોહી આઉધ એન્ડ રોહીલખંડ રેલવેના સોહાવલ સ્ટેસનથી દોઢ બે મૈલ દૂર આ તીર્થ આવેલું છે. અહીયાં પંદરમા ધર્મનાથનાં ચ્યવન, જન્મ દીક્ષા અને કેવળ એ ચાર કલ્યાણક થયાં છે, પંડિત જય વિજયે અહીયાં બે મંદિર તેમાં પગલાં અને ત્રણ પ્રતિમાઓ બતાવી છે, જીનપ્રભસૂરિના સમયમાં આ ગામને 'રત્નવાહ' કહેતા હોય એમ કલ્પ ઉપરથી જણાય છે, જીન પ્રભસૂરીના વખતમાં અહીયાં ધર્મનાથનું મંદિર અને તેમાં નાગમુર્ત્તિ સહીત ધર્મનાથની પ્રતિમા હોવાનું જણાવે છે. અત્યારે અહીયાં બે મંદિર છે. પાર્શ્વનાથનું અને રૂષભદેવસ્વામીનું અત્યારે આ ગામને 'રૂનાઇ' અથવા તો રોઇનાઈ કહે છે.

# અહીછત્રા.

૧૫૨

આ તીર્થ સંબંધમાં અહીછત્તાનગરી આગરાથી ઈશાનકોણમાં કુરૂ જંગલના પ્રદેશમાં હોવાનું પં. શૌભાગ્ય વિજયજીએ જણાવ્યું છે. જ્યારે પં. શીલવિજયજીએ અહીછત્તાને મેવાડ દેશમાં હોવાનું બતાવી પાર્શ્વનાથના તીર્થ તરીકે ગણેલું છે. અહિછત્તા બરેલી જીલ્લામાં એસોનલા ગામ છે, તેની ઉત્તરે આઠ મૈલ ઉપર રામનગર નામનું ગામ છે. આ રામનગરની દક્ષીણમાં સાડાત્રણ મૈલના ઘેરાવામાં કેટલાંક હાલ ખંડીયરો છે. આનેજ અહીછત્તા કહેવામાં આવે છે. જીનપ્રભસૂરિએ તીર્થ કલ્પમાં અહિછત્તા કલ્પ લખેલો છે, તેમાં તેની ઉત્પત્તિ બતાવેલી છે. જુઓ અહીછત્તાંપાર્શ્વનાથ ! અત્યારે સ્મરણમાં માત્ર ખંડીયરોજ છે. હાલમાં જૈનોના બે પ્રાચિન સ્તુપો જાહેરમાં આવ્યાછે, તેમાં એક અહીંનો સ્તુપ છે અને બીજો મથુરાનો.

# અયોધ્યા ( વિનિતા )

૧૫૩

આ શહેર ઘણું પ્રાચિન કાલનું સંભળાય છે, પૂર્વે

પ્રથમ જીનેશ્વર શ્રી રૂષભદેવ પ્રભુની રાજ્યધાની ગણાતી ત્યારે તેનું વિનિતા એવું નામ દેવેંદ્રે આપ્યું હતું. કારણ કે રાજ્યાભિષેક વખતે યુગલીયાઓનો જલાભિષેકનો વિનય જોઈને તેમણે આ નગરીનું વિનિતા એવું નામ આપ્યું હતું. અહીઆં રૂષભદેવ ભગવાનનાં ત્રણ કલ્યાણક ચ્યવન, જન્મ અને દીક્ષા તેમંજ બીજા અજીતનાથ, ચોથા અભિનંદન, પાંચમા સુમતિનાથ અને ચૌદમા અનંતનાથ એ ચાર ભગવાનનાં પ્રત્યેકનાં ચાર ચાર મલીને સોલ કલ્યાણક અને ત્રણ પહેલાંનાં એકંદરે ઓગણીશ કલ્યાણકો થયેલાં છે.

આઠમા વીષ્ણુ મહાભૂજ નારાયણ ( લક્ષ્મણ ) અને રામચંદ્રજી બળદેવ સુપ્રસિદ્ધ અહીયાંજ ઉત્પન્ન થયા હતા. વૈક્ષવોનાં પણ લગભગ નાના મોટાં મલી સાડાચાર હજાર મંદિરો છે

સુંદર સરયુ નદીના કાંઠા ઉપર અયોધ્યા આવેલું છે. સુંદર વિનિતા અને આજનું અયોધ્યા એમાં કેટલુંય પરિવર્તન થઇ ગયું છે. કંઈવાર તેમાં ભાગ ફોડ પણ થઈ ગઈ હશે.

સ્ટેશનથી શહેર એક કોશ દૂર છે. ત્યાં કતરા મહોલ્લામાં દેરાસર તથા ધર્મશાળા છે, સ્ટેશન ઉપર પણ ધર્મશાળા છે.

અયોધ્યા, અવધ્યા, કોશલા, વિનીતા, સાકેત, ઈક્ષ્વાકુભૂમિ, રામપુરી અને ઉત્તર કોશલા એ આઠ નામ અયોધ્યાનાં છે. આજે જેને સ્વર્ગ દ્વાર કહેવામાં આવે છે. ત્યાં પૂર્વે મરૂદેવીમાતાનું નિર્વાણ થયેલું એમ કહેવાય છે. નગરમાં હાલ મહાવીરસ્વામીની મુર્ત્તિ છે.

## ફૈજાબાદ

૧૫૪

ફૈજાબાદ રેલવે સ્ટેશન છે. અજોધ્યાથી પગરસ્તે પણ ફૈજાબાદ જવાય છે. અહીંયાં ધર્મશાળા એક છે. તેમજ દેરાસર શાંતિનાથનું હમણાંજ જીર્ણોદ્ધાર થયેલો છે. અહીંયાંથી સાવત્થીનયરી કોશ ત્રીશ થાય છે. અથવા તો મૈલ ૪૫ થાય છે. વાહનની સગવડ મલે તો અહીંયાંથી સાવથ્થી નગરી જવું

## સાવત્થી (વિચ્છેદ)

૧૫૫

સાવત્થી ને હાલ ખેટમેન્ટનો કીલ્લો કહે છે,

તે બલરામપુરની રાજ્યધાનીમાં હતું. તે બલરામપુર અયોધ્યાની ઉત્તરમાં આવેલું છે. ત્યાંથી અર્થાત્ બલરામપુર સ્ટેશનથી ૧૨ મૈલ થાય છે. અને 'કોના' નામે ગામડાથી પાંચ માઇલ થાય છે. ત્યાં બેટમેન્ટ અથવા 'સોત મહેત' નો કીલ્લો છે. એનેજ આજે સાવત્થી તીર્થ માનવામાં આવે છે. આ કીલ્લામાં સંભવનાથ ભગવાનનું એક ખાલી મંદિર છે. જીનપ્રભસૂરિના સમયમાં પણ આ સહેત મહેત નેજ સાવત્થી તીર્થ માનવામાં આવતું હતું. એમ એમના સાવત્થી કલ્પના શબ્દો ઉપરથી માલૂમ પડે છે. પંડિત સૌભાગ્યવિજય કહે છે કે સુપ્રસિદ્ધ સાવત્થી નગરી એ અત્યારનું અકોના ( કોના ) નામનું ગામડું છે, અને મંદિરમાં પ્રતિમા અને પગલાં હોવાનું જણાવી આ વનખંડને દંડકદેશની સીમા તરીકે જણાવે છે. અહીંયાં ત્રીજા ભગવાન સંભવનાથનાં ચાર કલ્યાણક ચ્યવન, જન્મ, દીક્ષા અને કેવળ એ પ્રમાણે થયાં છે

પ્રથમ અહીંયા મુર્ત્તિઓ હતી, તે મુર્ત્તિઓનો આકાર ચુનામાં બેસાડેલો હતો, ત્યાં કોઈ પાદરી આવ્યો તેણે જગ્યા રમણીક જોઈને દ્રવ્યની લાલચે ખોદાવ્યું પણ દ્રવ્ય નીકળ્યું નહી ને મુર્ત્તિઓ ખંડિત કરી. તીર્થ હાલમાં તો વિચ્છેદ ગયું છે માત્ર ક્ષેત્ર ફર્સના છે. હાલ પણ ત્યાં મીઠા પાણીનો કુવો બાંધેલો છે.

અહીંયાં મહાવીર ભગવાને એક ચોમાસુ કર્યું હતું. ફૈજાબાદથી, પગ રસ્તે ત્રીશ કોશ ઉપર આવેલી છે.

---

# કાશી ( બનારસ )

## ૧૫૬

અહીંયાં પહેલુ સ્ટેશન બનારસ ને પછી રાજઘાટ આવે છે, સ્ટેશન ઉપર નજીકમાં એક મોટી ધર્મશાળા છે. કાશી એ હીંદુસ્થાનમાં વિદ્યા મેળવવાનું મોટુ ધામ છે. તેમજ વૈષ્ણવોનું પણ યાત્રાનું સ્થળ ગણાય છે. પ્રખ્યાત ગંગાનદીના તટ ઉપર કાશી નગર આવેલું છે. શ્રી પાર્શ્વનાથ ભગવાનની જન્મભૂમિ આ કાશી નગરમાં હતી. તેમનાં ચાર કલ્યાણકો તથા સુપાર્શ્વનાથનાં મોક્ષ સિવાયનાં ચાર કલ્યાણકો અહીંયાં થયેલાં છે. થોડાં વર્ષ ઉપર શ્રીમદ્ વિજયધર્મસૂરિજીએ અહીંયાં પાઠશાલા સ્થાપી હતી, જેને શ્રીમદ્ 'યશોવિજયજી જૈન પાઠશાલા' એ નામ આપવામાં આવ્યું હતું. પૂર્વે યશોવિજયજી સાધુ વેશનો ત્યાગ કરી બ્રાહ્મણપણું અંગીકાર કરી વિદ્યા મેલવવાને આ પ્રખ્યાત કાશી નગરમાં આવ્યા હતા. પછી જેમણે વ્યાકરણ સાહિત્ય ન્યાય વગેરેમાં નિપુણતા મેળવી ત્યાં

ધર્મનો દિગ્વિજય કર્યો હતો. અને ત્યાર પછી ક્રિયા ઉદ્ધાર પણ કરાવવામાં આવ્યો હતો.

કાશીનગરમાં ગંગા નદીના કિનારા ઉપર ત્રણ મંદિર હોવાનું પં. વિજયસાગરે જણાવ્યું છે. ત્યારે પં. હંસસોમે મંદિર સંબંધી ઉલ્લેખ નહિ કરતાં પાર્શ્વનાથ અને સુપાર્શ્વનાથના અતિ રમ્ય સ્તુપોની વંદના કેરી એમ જણાવે છે. વળી નવી કાશી અને જુની કાશીના ભેદ બતાવી જુની કાશીમાં બન્ને સ્તુપો હોવાનું જણાવ્યું છે. પં. જયવિજયજી અહીંયાં બે મંદિર હોવાનું જણાવે છે, જેમાં પાર્શ્વનાથના મંદિરમાં ચોમુખજી અને પગલાં બતાવે છે, ત્યારે પં. સૌભાગ્યવિજયજી અને પં. શીલવિજયજી ઉપરનાં મંદિરમાંનુ એક હોવાનું જણાવે છે, અને પં. સૌભાગ્યવિજય ભેલુપુરમાં ભાટોનાં ઘર હોવાનું કહે છે. અત્યારે પણ ભેલુપુરમાં પાર્શ્વનાથનું મંદિર અને ભાટોનાં એક બે ઘર છે.

શ્રીજીનપ્રભસૂરી કાશીના ચાર વિભાગ કરતાં જણાવે છે કે તે દેવવાણારસીના પ્રખ્યાત વિશ્વનાથના મંદિરમાં ચોવીશ તીર્થંકરનો એક પાષાણનો પટ્ટ તેમના સમય સુધી વિદ્યમાન હોવાનું જણાવે છે. તેઓ એક સ્થળે એમ પણ કહે છે કે પ્રખ્યાત વિશ્વેશ્વરના મંદિરમાં ચંદ્ર પ્રભુની પણ મુર્ત્તિ હશે, વળી તેઓ પાર્શ્વનાથનો પરિચય

આપતાં જણાવે છે કે ભેલુપુરની નજીક સઘન વન હતું. પણ અત્યારે તો ત્યાં મકાનો બની ગયાં છે. ભેલુપુર ને ભદૈનો સિવાય શહેરમાં પણ બીજાં આઠ મંદિર છે.

કાશી પણ હિંદુ ક્ષત્રીય રાજ્યધાનીનું શહેર હતું, પરન્તુ હાલમાં તે બ્રીટીશ સત્તાને સ્વાધીન છે અને કાશીથી બે મૈલ લગભગ દૂર ગંગા નદીને સામે કીનારે રામનગર નામે ગામ છે ત્યાં રાજા પોતાનો કીલ્લો બાંધીને રહે છે, તેનો રાજ્ય મહાલય વગેરે જોવા લાયક છે. આવક સારી છે.

કાશીમાં આઠ કલ્યાણકો અને સીંહપુરીને ચંદ્રાવતીનાં આઠ કલ્યાણકો મળી કુલે સોળ કલ્યાણકો અહીંયાં ગણાય છે.

## સીંહપુરી

૧૫૭

સિંહપુરીમાં અગીયારમા શ્રેયાંસનાથનાં મોક્ષ સિવાય ચાર કલ્યાણકો થયાં છે. હાલમાં ગામથી છેટે દૂર જંગલમાં શ્વેતાંબરોનું મંદિર છે, ધર્મશાળા પણ છે, ચારે તરફ જંગલ આવેલું હોવાથી સ્થળ રમણીય છે. અહિં

નજીક સારનાથમાં પ્રાચિન બૌધ્ધોનો એક સ્તુપ છે. જે ૯૦ ફુટ ઉંચો અને ૩૦૦ ફુટના ઘેરાવાવાળોછે. અહિંની જમીનનું ખોદકામ કરતાં પ્રાચિન બૌદ્ધ મૂર્ત્તિઓ અને બીજી કેટલીક જુની વસ્તુઓ જમીનમાંથી નીકળી છે. આ નીકળેલી વસ્તુઓમાંથી એક મોટો ચતુર્મુખ પત્થરનો સિંહ જે પત્થરના થાંભલા ઉપર છે જે જોનારનું ચિત્ત આકર્ષે છે.

---

## ચંદ્રાવતી.

૧૫૮

સીંહપુરીથી ચાર ગાઉ અને બનારસથી સાત ગાઉ થાય છે. શ્રીમતી ગંગાજીના તટ ઉપર આ તીર્થ ચંદ્રપ્રભુનું ઉદ્યાનમાં આવેલું છે. આઠમાં ચંદ્રપ્રભુસ્વામીનાં મોક્ષ સિવાયનાં ચાર કલ્યાણક અહિંયાં થયાંછે. પંડિત સૌભાગ્યવિજયે આ તીર્થને ચંદ્રમાધવ નામ આપ્યું. છે. દેરાસરમાં મૂળનાયકજી શાંતિનાથજી છે. અને ચંદ્રપ્રભુનાં પગલાં છે. એક સુંદર વાવ છે. તેમજ ત્યાં ધર્મશાળા છે.

# પ્રયાગ (અલ્હાબાદ) (વિચ્છેદ)

૧૫૯

મોગલસરાયથી મીરજાપુર થઇને રેલવે અલ્હાબાદ જાય છે. જેનું અપર નામ પ્રયાગ તીર્થ તરીકે ઓળખાય છે. શાસ્ત્રમાં તેને પુરિમતાલ તરીકે ઓળખાવેલ છે. પંડિત હંસસોમે અહિંયાં અક્ષય વડની નીચે જીનેશ્વરનાં પગલાંની યાત્રા કરવાનું જણાવ્યું છે. કેટલાક કવિઓએ પગલાંની સ્થાપનામાં શિવલિંગ જોયું છે. અહિં જિન પાદુકાની સ્થાપનામાં શિવલિંગની સ્થાપના કોણે અને ક્યારે થઈ તે સંબંધમાં પં૦ વિજયસાગર જણાવેછે કે, " સંવત ૧૬૪૮ માં જૈનોનો દ્વેષીં રાયકલ્યાણ જે લાડ વાણીયો હતો, તેણે પગલાંને ઠેકાણે શિવલિંગ સ્થાપન કરેલું હતું. આ શિવલિંગનો પાછળથી શહેનશાહ ઔરંગ જેબે નાશ કર્યો હતો. આ વાતને પં૦ સોભાગ્યવિજય પણ ટેકો આપે છે.

પ્રયાગમાં (પુરિમતાલ) વડ વક્ષની નીચે આદિનાથ ભગવાનને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું હતું. તેથી જૈનોમાં પુરીમતાલ તીર્થ તરીકે મનાય છે. અને તેથીજ અક્ષય વડની નીચે ભગવાનનાં પગલાંની સ્થાપના કરેલી છે. હાલમાં કીલ્લામાં વડનું થડ રહેલું છે, તેની નીચે ચરણ

છે. પણ કાંઈ નામ નિશાન નથી કે કોનાં પગલાં છે, છતાં પુજારી લોકો જૈનોને દર્શન કરાવે છે. અહિયાં ઘણી ધર્મશાળાઓ છે. અત્યારે માત્ર ક્ષેત્ર ફરસના છે. પ્રથમ પુરિમતાલ નગર તરીકે તે ઓળખાતું હતું. શહેરથી ત્રણેક કોશ ઉપર મુંઠીગંજ છે, ત્યાં દેરાસર બંધાવેલું છે પણ પ્રતિષ્ઠા થઇ નથી.

અગ્નિકાપુત્ર આચાર્યને ગંગાનદી ઉતરતાં કેવલજ્ઞાન ઉત્પન્ન થયું જેથી પ્રયાગ તીર્થ તરીકે પ્રસિદ્ધ થયું. અલ્હાબાદથી બે ગાઉ દૂર પુરિમતાલ તીર્થ ( કીલ્લો છે તેને કહેછે ) આવેલું છે.

---

## કોશાંબી ( વિચ્છેદ. )

૧૯૦.

અલ્હાબાદથી ૧૮ કોશ ઉપર પપોસા ગામ છે, જૈન શાસ્ત્રમાં તેને કોસંબી નગરી કહે છે. યમુનાનદીને કાંઠે હાલમાં 'કોસમઈ' નામે અને 'કોસમખીરાજ' નામે બે ગામ છે, તે પ્રયાગથી લગભગ ૨૦ ગાઉ થાય છે. આ બન્ને ગામો નજીક નજીક સંભવે છે, આ ગામની પાસેજ પપોસા નામે ગામ છે જ્યાં પ્રાચિન કિલ્લો પણ

છે, તેમ તે ગામ પણ યમુના નદીના કિનારે આવેલું છે. પં૦ વિજયસાગરે જુની કોસંબી અહિંયાં હોવાનું જણાવ્યું છે.

માહાવીર ભગવાનના સમયમાં કોસાંબીનો રાજા ઉદયન તેને ઉજ્જનનો રાજા ચંદ્રપ્રદ્યોત પકડી ગયેલો હતો, તે ચંદ્રપ્રદ્યોતને વાસવદત્તા નામે પુત્રી હતી, તેને સંગીત શીખવવા માટે ઉદયન.કુમારની મિમણુક કરવામાં આવી, પણ એક બીજાનું મોંઢુ ન જોઇ શકે તે માટે ચંદ્રપ્રદ્યોત રાજાએ અંતરપટ ( પડદો ) રાખ્યો હતો. અને બન્નેને ઉલટુ સમજાવ્યું હતું. એટલે ઉદયનને કહેચું કે કુંવરી કાણી છે માટે તારે તેને જોવી નહી અને કુંવરીને કહ્યું કે એ કોઢીયો છે માટે તારે તેને જોવો નહી, એમ કરતાં કેટલેક કાળે એક બીજાનો તે સંદેહ દૂર થયો, અને પડદો દૂર કરી એક બીજાનું દર્શન થતાં સ્નેહ મીલન થયું. તેવા સમયમાં ઉદયનનો પ્રધાન પણ કુમારને છોડવવાને તે નગરમાં આવેલો હતો. અહીયાં કુંવરી પણ સંકેત કરી ઉદયન સાથે હાથણી ઉપર સ્વાર થઈ કોસંબી ભણી રવાને થઈ, પાછળથી ચંદ્રપ્રદ્યોતને ખબર પડતાં તેને પકડવાને લશ્કર મોકલ્યું, પણ તેઓ કોસંબીમાં પહોચી ગયાં હતાં. પછી ચંદ્રપ્રદ્યોતે મંત્રીઓની સલાહથી રાજી ખુશીથી વાસવદત્તાનું લગ્ન ઉદયન સાથે કરી આપ્યું હતું.

અહીંના શતાનિક રાજાની રાણી મૃગાવતીને કોસાંબીમાં કેવળજ્ઞાન ઉત્પન્ન થયું હતું. તે વખતે પણ કોસાંબી મોટી નગરી હતી, ત્યારે હાલમાં એક સ્થાન માત્ર છે, અને એક જીર્ણ મંદીર હોય એમ જણાયછે. જીનપ્રભસૂરિના સમયમાં અહીં એક પદ્મ પ્રભુનું મંદિર હતું. અને તેમાં મહાવીરસ્વામીને પારણું કરાવતી હોય એવા ભાવને બતાવતી ચંદનબાળાની મુર્ત્તિ છે.

અહીંયાં શ્રી છઠ્ઠા પદ્મ પ્રભુના મોક્ષ સિવાયનાં ચાર કલ્યાણક થયાં છે. હાલ માત્ર ક્ષેત્ર ફરસના છે. તીર્થ પ્રભાવથી કોઇ કોઈ વાર ધોળા કેશર જેવા છાંટાનો વરસાદ થાય છે.

અહીંયાં મહાવીરસ્વામીએ અડદના બાકુળાનો કઠણ અભિગ્રહ લીધો હતો, જે લગભગ છ મહીને (કંઈન્યુન ) ચંદન બાલાથી તે અભિગ્રહ પૂરો થયો હતો.

પ્રભુ મહાવીરના સમયમાં ચંદ્રપ્રદ્યોત રાજા માળવાથી કોશંબી ઉપર ચઢી આવ્યો. તે વારેં શતાનિક રાજા વિસુચિકાના રોગથી મરી ગયો અને રાણી મૃગાવતીએ પોતાના બાળ પુત્ર ઉદયનને બચાવવા અને પોતાની રક્ષા માટે નગરીના દરવાજા બંધ કેરાવ્યા. ચંદ્રપ્રદ્યોત ઘેરો ઘાલીને પડયો તે અવસરે ભગવાન સમોસર્યા ને મૃગાવતીએ તેમની પાસે દીક્ષા ગ્રહણ કરી. ઉદ-

યન મોટો થયો ને સંગીતકળામાં અતિ કુશળ નિવડયો. તેજ ઉદયન ચંદ્રપ્રદ્યોતની કુંવરી વાસવદત્તાને પરણ્યો.

# ગયાજી ભદ્દીલપુર તીર્થ (વિચ્છેદ)

૧૬૧

બાંકીપુર જંકસન સ્ટેશને ઉતરીને બીજી રેલવેમાં બેસીને ગયાજી જવું, ત્યાં ધર્મશાળા છે ત્યાંના લોકો તેને સરાય કહે છે. અહીંથી ભદ્દીલપુર પંદર સોળ ગાઉ થાય છે. ત્યાં ગાડીઓ જાય છે. જ્યાં ગાડીઓ જવાનો રસ્તો નથી. ત્યાં ફક્ત પગદંડી છે.

ગયાજીલ્લામાં હટવરીયા નામે ગામ છે. તેને ભદ્દીલપુર ગણેલું છે. પં. સૌભાગ્યવિજય જેને દુતારા કહે છે. તે ગામ હટવરીયાથી દક્ષિણમાં ચાર પાંચ માઇલ દૂર છે તેમના સમયમાં આ દુતારા (દંતારા,) ને ભદ્દીલપુર માનતા હતા. અહીં કેટલીક પ્રાચિન મુર્ત્તિઓ તથા ખંડીયરો છે. એજ એની પ્રાચિનતાનાં સ્મરણ ચિન્હો છે. આની પાંસે એક પહાડ છે. આ પહાડજ ખરૂ ભદ્દીલપુર તીર્થ કહેવાય છે. અહીંયાં દશમા શીતલનાથ ભગવાનનાં મોક્ષ સીવાયના ચાર કલ્યાણક થયાં છે. પંડિત

સૌભાગ્યવિજયના કથન પ્રમાણે ભદ્દીલપુરનો પર્વત કહેવાય છે, જ્યાં પર્વત ઉપર પાર્શ્વનાથજીનાં પગલાં છે, અને એક ગુફામાં સપ્તફણા પાર્શ્વનાથની મુર્ત્તિ છે. પાસે એક સરોવર છે, પર્વતની પાસેજ દંતારા (દુતારા) ગામ છે, જેને ભદ્દીલપુર નગર કહે છે. ત્યાં શીતલનાથનાં ચાર કલ્યાણક થયાં છે. હાલમાં તો ફક્ત ક્ષેત્ર ફરસના છે.

કોઇ સાહેબ નં ધણીયાતું સ્થાનક જાણીને પ્રથમ મુર્ત્તિ હતી તે ઉપાડી ગયા. ત્યાં પત્થરમાં પાલી ભાષામાં લેખ છે પણ તે સમજાતો નથી પહાડની નીચે દેવીનું મંદિર છે.

## પાટલી પુત્ર

૧૬૨

આ ઇતિહાસ પ્રસિદ્ધ નગર છે, શ્રેણીક રાજાના પુત્ર કોણીકે ચંપાનગરી વસાવી ત્યાં રાજ્યધાની સ્થાપી, અને તે પછી તેના પુત્ર ઉદાયી રાજાએ પાટલી પુત્ર નગરી વસાવી તેને પોતાની રાજ્યધાની બનાવી. પં. શૌભાગ્યવિજયે પં. જયવિજયે પં. વિજયસાગરે પોતાની તીર્થમાળાઓમાં અહીંની ઐતિહાસિક ઘટનાનું વર્ણન આબેહુબ કરેલું છે, અહીં એ દેરાસર ગામમાં અને એક બેગ-

મપુરામાં એમ ત્રણ દેરાસર હતાં. આ પાટલીપુત્રને પ્રથમ કુસુમપુર પણ કહેતા. જેને હાલ પટણા કહે છે.

અહીંથી બે કોશ ઉપર સુદર્શન શેઠનું સ્થાનક છે. કે જ્યાં એક વખત સુદર્શન શેઠને સૂળીએ ચડાવ્યા હતા, ને શુળી શિયલના પ્રભાવથી સીંહાસન થયુ હતું, જેને હાલ વલદ્રહ કહે છે. ને કોશ એક ઉપરે બગીચામાં દાદાજીનાં પગલાં છે. મહાન સંપ્રતિ રાજા આજ નગરમાં થયા હતા.

નવમા નંદના વખતમાં થુલીભદ્રજી અહીયાંજ થયેલા હતા. જે નવમા નંદના પ્રધાન શકડાલ મંત્રીના પુત્ર હતા. કોશ્યા વેશ્યાના ત્યાં બાર વરસ ગુજાર્યા પછી સાધુ થયા હતા. ને છેલ્લા ચૌદ પૂર્વધર હતા. જેઓ ભદ્રબાહુ સ્વામી પાસેથી પૂર્વશ્રુતનો અભ્યાસ શીખ્યા હતા. પ્રથમ બાર વર્ષ સુધી કોશ્યા વેશ્યાને ત્યાં રહ્યા હતા, ને સાધુ થયા પછી કોશ્યા વેશ્યાની ચિત્રશાળામાં ચોમાસુ કરી તેને પ્રતિબોધ આપી બાર વ્રત ધારી શ્રાવિકા બનાવી હતી.

પટણા સ્ટેશનથી ગામ એક ગાઉ આશરે છે. ત્યાં ચોક બજારવાડામાં ધર્મશાળા અને દેરાસર છે. સ્ટેશન ઉપર પણ એક નાની ધર્મશાળા છે. અહીંથી એક ગાઉ દૂર કમળદેમાં શ્રી સ્થુલીભદ્રનાં પગલાં છે.

# બીહાર (વિશાલાનગરી)

૧૬૩

પટણાથી બીહાર જવાય છે. રસ્તામાં બખતીયારપુર જંકસન આવે છે. ત્યાં ત્રેન બદલવી પડે છે. ત્યાંથી બીહાર જવાય છે. રેલવે સ્ટેશનથી શહેર એક માઈલ દૂર છે, અહીંયાં શહેરમાં ધર્મશાળા છે, ત્યાં એક દેરાસર છે. અહીયાં એકંદરે ચાર દેરાસર છે. સુબે બિહારને શાસ્ત્રમાં વિશાળા નગરી કહી છે. પં. વિજયસાગર અને પં. જયવિજયે અહીંયાં ત્રણ મંદિર હોવાનું જણાવ્યું છે. તે કવીયો જણાવે છે કે પ્રાચિન જેને તુંગીયા નગરી કહેતા, તેજ આ બિહાર છે, કેમકે આ બિહારથી બે ગાઉ 'તુંગી' નામનું ગામ આવેલું છે.

અહીંયાં લાલબાગમાં એક દેરાસર છે. ત્યાં દાદાજીનાં પગલાં છે, બીજાં દેરાસર બજારમાં છે, માહાવીર સ્વામીના વખતમાં વિશાળા નગરીમાં તેમના મામા ચેડા મહારાજ પરમ શ્રાવક રાજા હતા. તેમને તેમની પુત્રી ચેલણાના પુત્ર કોણિક રાજાએ જીતીને વિશાલા નગરીનો નાશ કર્યો.

વિશાળા નગરીમાં વીર ભગવાને બાર ચોમાસાં કર્યાં હતાં. અહીયાં મુનિ સુવ્રત સ્વામીનો સ્તુપ મહા પ્રભાવવાળો હતો, જેનો એક કુલવાલુક નામના યતીના હાથે

કોણીકે નાશ કરાવી વિશાલા નગરીનો નાશ કર્યો. તે માટે જુઓ જૈન સાહિત્યમાં ?

## પાવાપુરી.

૧૬૪

બીહારથી દક્ષિણમાં ત્રણ ગાઉ ઉપર મહાવીરસ્વામીના નિર્વાણથી પવિત્ર બનેલું આ સ્થળ આવેલું છે. જો કે આ ગામનું નામ તો પુરીજ છે, પણ આની પાસેજ એક પાવા નામે બીજુ ગામ હોવાથી અત્યારે પાવાપુરીથી તે પ્રસિદ્ધ છે.

પાવાપુરીમાં પ્રતિ વર્ષે દિવાળીએ મોટો મેળો ભરાય છે. ૪ થી ૫ દિવસ તલક આ મેળો રહે છે. અહીયાં ધર્મશાળામાં એક, તળાવને કીનારે બે અને તળાવના મધ્ય ભાગમાં એક મંદિર મળીને ચાર મંદિર છે. તળાવમાં રહેલા મંદિરને જળ મંદિર કહે છે. આ નગરીથી ૬ કોશ દૂર આવેલા મહાસેન વનમાં મહાવીર ભગવંતે પધારી ગૌતમ આદિ અગીયાર ગણધરોની સ્થાપના કરી હતી, તેમજ અહીં હસ્તીપાળરાજાની દાનશાળામાં આસો વદી ૦)) ની રાત્રે છઠ્ઠ ઉપવાસે સોળ પહોર પર્યંત દેશના દેતા વીર ભગવંત મુક્તિ મંદિરમાં પધાર્યા હતા. અને

ગૌતમ ગણધરને નજીકના ગામમાં દેવશર્મા બ્રાહ્મણને પ્રતિબોધવા મોકલ્યા હતા, ત્યાંથી પાછા ફરતાં ભગવાનનું નિર્વાણ જાણી વૈરાગ્યવંત થયા થકા કારતક સુદી ૧ ના દિવસે પ્રભાતમાં ગૌતમસ્વામીને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હતું, ધર્મદેશના સાંભળવા આવેલા ચેટક પ્રમુખ અઢાર રાજાઓએ આ નગરીનું મૂળ નામ જે અપાપાપુરી હતું, તે ફેરવીને ભગવંત નિર્વાણની દીલગીરીને લીધે પાપાપુરી (પાવાપુરી) રાખ્યું. અને ભાવ દિપક જવાથી દ્રવ્ય દિપક કરી દિવાળીનો માંગલિક દિવસ પ્રવર્તાવ્યો હતો.

એક દેરાસર તળાવના મધ્ય ભાગમાં ભગવાનના નિર્વાણની જગ્યાએ જ્યાં ભગવાનના દેહને ઇંદ્રોએ અગ્નિ સંસ્કાર કર્યો હતો, ત્યાં હાલ એક મંદિર છે. તેને જલ મંદિર કહે છે, ત્યાં ભગવાનના ચરણની સ્થાપના છે. જેની પ્રતિષ્ઠા અસલ તેમના વડીલ ભાઈ નંદીવર્દ્ધને કરેલી છે. જેથી આ મંદિર ચોવીસસો વર્ષ પહેલાનું હોય એમ સમજાય છે. વખતો વખત ઉદ્ધાર થતા આવ્યા છે. ત્યાં ગૌતમસ્વામી, સુધર્માસ્વામી, તથા દાદાજીનાં પગલાં છે. બહાર સોળ સતીનાં પગલાં છે, જળમંદિરમાં જવાને એક બાજુએ પગથી બાંધેલી છે. જળમંદિરનો દેખાવ ઘણોજ રમણીય છે.

અહીયાં બે મોટી ધર્મશાળાઓ આવેલી છે. જે પંદસોથી વધારે માણસો રહી શકે તેવી વિશાળ છે, કહે

છે કે ભગવાનને શરીરે અગ્નિ સંસ્કાર કર્યો ત્યાંથી દેવતાઓએ રાખ લેતાં એવડો મોટો ખાડો પડી ગયો કે ત્યાં કાળાંતરે ત્યાં તળાવ થયું. પછી તેની વચમાં જળમંદિર બંધાવેલું છે. તીર્થ જાત્રા કરવા લાયક છે.

ભગવાને છેલ્લુ ચોમાસુ અપાપાપુરીમાં હસ્તીપાળ રાજાની દાનશાળામાં કર્યું હતું.

## ગુણાયાજી

૧૬૫

અહીંથી પગ રસ્તે ગુણાયાજી જવું, શાસ્ત્રમાં એને ગુણશીલ ચૈત્ય પણ કહે છે. આ તરફ રાજગૃહથી સાત કોશ થાય છે. અહીંયાં વિશાળ મોટી ધર્મશાળા છે. ગુણીયાજીને ગુણાવા પણ કહે છે. અહીંયાં વીર ભગવાન સમોસર્યા હતા. તેમનું અહીં તળાવમાં એક દેરાસર છે. જેમાં મૂળ નાયકજી મહાવીર સ્વામી છે. ત્યાં જવાને વચમાં પુલ બાંધેલો છે. ગૌતમ સ્વામીનાં પગલાં તેમજ અગીયાર ગણધરનાં, આદિશ્વર, નેમનાથ, વાસુપૂજ્ય તેમજ મહાવીર સ્વામીને શેષ વીશ તીર્થંકરનાં પગલાં બહાર ભમતીમાં આવેલાં છે. અહીથી એક મૈલ દૂર નવાડા સ્ટેશનનું ગામ છે,

# રાજગ્રહી

૧૬૬

મગધ દેશમાં આ શહેર અસલ મહાવીર સ્વામીના સમયમાં રાજ્યધાનીનું શહેર હતું. ભગવંતના શિષ્ય શ્રેણિક મહારાજ તે વખતે મગધ દેશના હાકેમ ( રાજા ) હતા. રાજગ્રહી ઐતિહાસિક તેમજ ધાર્મીક દૃષ્ટિએ પણ તીર્થ રૂપ છે. અત્યારે આ ગામને રાજગીર કહે છે, બિહારથી લગભગ દક્ષિણમાં ૧૩ થી ૧૪ મૈલ ઉપર આ ગામ છે. તેની આસપાસ પાંચ પાહાડ આવેલા છે. વૈભારગિરિ, વિપુલગિરિ, ઉદયગિરિ, સુવર્ણગિરિ, અને રત્નગિરિ આ પહાડો ઉપર પૂર્વે અનેક જીન મંદિરો હતાં.

૧ વૈભારગિરિ ઉપર ચોવીશ દેરાસરો, અને તેમાં સાતસો જિન બિંબો, અગીયાર ગણધરનાં પગલાં, રોહણીયાની ગુફા અને ધન્નાશાલિભદ્રના કાઉસગીયા, તેમજ ચિંતામણી પાર્શ્વનાથનું મંદીર છે.

૨. વિપુલગિરિ ઉપર છ, મંદિર છે. મુનિસુવ્રતસ્વામીનાં ચાર કલ્યાણક થયાં છે, તેમજ ૧૧ ગણધર અહીંયાં મોક્ષે ગયા છે.

૩. ઉદયગિરિ ઉપર ચોમુખજી છે. પારસનાથ છે.

૪–૫. સુવર્ણગિરિ અને રત્નગિરિ ઉપર કાંઈ જણાવ્યું

નથી. તેમજ ઘરેણાંનો કુવો અને વીર પોશાલનું સ્થાન વગેરે કવિ હંસ સોમે સંવત ૧૬૬૫ માં તીર્થમાળા બનાવી છે, જેમાં ઉપર પ્રમાણે બતાવ્યું છે.

અત્યારે ગામમાં ત્રણ દેરાસર છે. પાર્શ્વનાથ, આદેશ્વર અને મુનિસુવ્રતસ્વામીનનું. પં. સૌભાગ્યવિમલે અહીં પાંચ પહાડના ૮૦ અને ગામનું એક મલી ૮૧ મંદીર બતાવ્યાં છે. વળી પહાડો ઉપર જે મંદીરો બતાવ્યાં છે, તેમાં આજે કંઇ પરિવર્ત્તન થઇ ગયું છે. આજે તો વૈભારગિરિ ઉપર ૭ ઉદયગિરિ ઉપર ૨ વિપુલગિરિ ઉપર ૬ સુવર્ણગિરિ ઉપર ૨ અને રત્નગિરિ ઉપર ૨ મંદિરો છે. આ ઉપરાંત મંદિરનાં ખંડેરો પહાડ ઉપર ઘણાં જ જોવાય છે.

રાજગ્રહી નગરીનાં અપર નામો પણ જોવાય છે, જેવાં કે ક્ષિતિપ્રતિષ્ઠ, ચણકપુર, ઋષભપુર, કુશાગ્રપુર અને રાજગ્રહ ઇત્યાદિ નામો પણ સાંભળવામાં આવે છે મહાવીરસ્વામીનાં ચૌદ ચોમાસાંથી પ્રસિદ્ધ પામેલ ' નાલંદાનો પાડો ' પણ હાલ રાજગ્રહીની નજીકછે. આ નાલંદાના પાડાને કવિઓ વડગામ કહે છે. વડગામમાં (નાલંદા પાડા) કવિ હંસસોમ પોતાના સમયમાં સંવત ૧૫૬૫ માં સોળ મંદિર હોવાનું જણાવે છે. અહીંયાં મુળનાયક પાર્શ્વનાથની પ્રતિમા ૧૮૦૦ વરસ પહેલાંની છે.

પં. વિજયસાગર બે મંદિર અહીંયાં હોવાનું જણાવે છે, ત્યારે પં. જયવિજયજી અહીં સાત મંદિર હોવાનું જણાવે છે.

વીશમા મુનિસુવ્રતસ્વામીનાં કેવળ સિવાય ચાર કલ્યાણકો અહીંયાં થયાં છે. તેમજ વિપુલાચળ ઉપર ૧૧ ગણધર મુક્તિએ ગયા છે.

અભયકુમાર, મેઘકુમાર, ધન્નાશાલિભદ્ર પણ આજ નગરીમાં થઇ ગયા છે. ગોભદ્ર દેવલોકમાંથી પુત્ર સ્નેહને લઇને તેના પુણ્યથી આકર્ષાઈ રોજની નવાણું પેટી અહીંયાં મોકલતા હતા. શ્રેણીકનો સોવન ભંડાર તેમજ શાલી-ભદ્રની નિર્માલ્ય કુઈની નિશાની હજી પણ નજરે પડે છે.

અહીંયાં ધર્મશાળા છે. ત્યાંથી અર્ધગાઉ છેટે ડુંગરાની તળેટી આવે છે. ત્યાં સત્તર ઉંના અને પાંચ ઠંડા એવા બાવીશ કુંડ છે. ત્યાંથી પાંચ પહાડ ઉપર જવાય છે. ત્રણ પહાડનો એક, અને બે પહાડનો એક રસ્તો છે. તેમજ એક ઉપરથી પણ પાંચે પહાડ ઉપર જણાય છે. બીજા, ત્રીજા, અને પાંચમાનો રસ્તો કઠણછે. પાંચમાનો ચઢાવ દોઢ ગાઉનો છે. અને બાકીના ચારનો ચઢાવ એક ગાઉનો છે.

વડગામમાં શ્રી ગૌતમસ્વામીનો જન્મ થયો હતો.

રૂષભદેવ ભગવાને પોતાના પુત્ર મગધને આ દેશનું રાજ્ય આપવાથી તેમના નામ ઉપરથી આ દેશનું મગધ એવું નામ પડયું. ભરત ચક્રવર્તી અહીંયાં આવ્યા ત્યારે મગધનો પુત્ર 'માગધ' રાજા હતો. મગધદેશની રાજ્યધાની રાજગ્રહ નગરી જણાયછે. વીશમા તીર્થંકર મુનિસુવ્રતસ્વામી આ નગરીમાંજ જન્મ્યા હતા, તેમજ છેલ્લો પ્રતિ વિષ્ણુ મહાભૂજ 'જરાસંધ' મગધ દેશમાં રાજગ્રહ નગરનો રાજા ત્રિખંડાધિપ પ્રતિ વાસુદેવ હતો. ત્યારપછી મહાવીર સ્વામીના સમયમાં મગધની રાજગ્રહીની ગાદી ઉપર શ્રેણીક રાજા હતા.

# કુંડલપુર.

૧૬૭

રાજગ્રહીથી ચાર કોશ ઉપર કુંડલપુર આવેલું છે, તેમજ પાવાપુરીથી સાત ગાઉ ઉપર અને બિહારથી પાંચ ઉપર આવેલું છે. કુંડલપુરનું બીજુ નામ વડગામ છે. અને ધનવર ગોબર પણ કહે છે. અહીંયાં નાની ધર્મ-શાળા છે. તેમાં સાત આઠ ઓરડીઓ છે, અને છુટી પડાળી છે. ધર્મશાળામાં દેરાસર છે. અહીંયાં ગૌતમ સ્વામીનો જન્મ થયો હતો. મંદિરમાં મૂલનાયક શ્રીઆ-

દેશ્વરની શ્યામ પ્રતિમા છે. મહાવીર સ્વામીએ અહીંયાં પણ સમવસરી ધર્મ દેશના દીધેલી છે.

# ક્ષત્રીકુંડ

૧૯૮

શ્રી મહાવીર ભગવાનની જન્મભૂમિ તરીકે પ્રસિદ્ધ છે. પં. હંસસોમ જે આમલીના વૃક્ષ નીચે પ્રભુએ આમલ ક્રીડા કરી હતી તે આમલીનું વૃક્ષ જોવાનું લખે છે, તેમજ સિદ્ધારથ રાજાના ઘરનું સ્થાનક બતાવી ત્યાંથી બે ગાઉ બ્રાહ્મણકુંડ ગામ છે તેમ જણાવે છે. પં. વિજયસાગર કહે છે કે ક્ષત્રીય કુંડની તળેટીમાં બે દેરાસર છે. વળી સીદ્ધારથ રાજાનું ઘર પર્વત ઉપર હતું. ત્યાં હાલ એક જીન બિંબ છે. અહીંથી બે કોશ બ્રાહ્મણ કુંડ ગામ છે. પર્વતની નીચે ઉતરી કુમારિય ગામ જવાય છે. જ્યાં ભગવાનને પહેલો પરિષહ થયો હતો. અહીં એક ચોતરા ઉપર ભગવાનનાં પગલાં છે.

પં. સૌભાગ્ય વિજયના સમયમાં પર્વતની તળેટીમાં મથુરાપુર નામનું ગામ હતું, ત્યાંથી તેમના સમયમાં પર્વત ઉપર ચઢતા હતા, ત્યાંથી બે કોશ દૂર બ્રાહ્મણ કુંડ ગામ હતું, જે ઋષભદત્ત બ્રાહ્મણનું ગામ હતું. હાલમાં

તો ત્યાં નદી વહે છે. ગામનું નામ પણ નથી. માત્ર બે જીર્ણ દેરાસરો છે. પર્વત ઉપર એક દેરાસર છે. જેમાં વીર ભગવાનની મુર્ત્તિ છે. અહીંથી બેકોશ ઉપર ક્ષત્રીય કુંડ ગામ છે. પરંતુ ત્યાં કોઇ જતું નથી. સર્વ કોઇ અહીંથી દર્શન કરીને પાછા વળે છે. પર્વત ઉપરથી ઉતરતાં 'કોરાઈ' ગામ આવે છે. અહીં વડ નીચે ભગવાનને પ્રથમ પરિષહ થયો હતો. કવિ વિજય સાગરે કુમારિય ગામ જેને કહ્યું છે તેને કવિ સૌભાગ્ય વિજયજીએ કોરાઈ ગામ કહ્યું છે.

આ ક્ષત્રિય કુંડને અત્યારે 'લછવાડ' કહે છે. મહાવીર સ્વામીનું જ્યાં દીક્ષા કલ્યાણ થયું હતું. તે 'જ્ઞાત વન ખંડ' આ પર્વત–જંગલ છે એમ કહેવાય છે. અત્યારે પણ આ પહાડની તળેટીમાં બે મંદિરો છે, અને ઉપર મહાવીર સ્વામીનું મંદિર છે. મહાવીર સ્વામીનાં ચ્યવન, જન્મ, અને દીક્ષા એ ત્રણ કલ્યાણક અહીં થયાં છે. તેમજ દાદાજીનાં પગલાં છે.

ક્ષત્રીયકુંડ અસલ સિદ્ધારથ રાજા (ભગવાનના પિતા) ની રાજ્યધાની ગણાતી હતી, તે વારે મોટુ શહેર હતું, પણ હાલમાં તો કોઇ વસ્તુ નથી. અહીંયાં સાત નાની નાની ડુંગરીયો મળીને એક પહાડ થયો છે. જે રાજગ્રહીના એક પહાડની બરાબર છે. અહીંયાં ધર્મશાળા વિશાળ છે.

# કાકંદી.

૧૬૯

ક્ષત્રીય કુંડથી ઉત્તર પૂર્વમાં ૧૦-૧૨ માઈલ ઉપર કાકંદી નયરી આવેલી છે. અહીંયાં એક દેરાસર છે ને નાની ધર્મશાળા છે. દેરાસર પાર્શ્વનાથજીનું સંવત ૧૫૦૪ માં સોળમી સદીમાં બંધાયેલું છે. નવમા તીર્થંકર સુવિધિનાથનાં મોક્ષ સિવાયનાં ચાર કલ્યાણકો થયાં છે. અસલ મોટુ નગર હતું, પણ હાલમાં આ નગરી નાનું ગામ છે, ત્યાં કાંઈ મળતું નથી.

# મિથિલા ( વિચ્છેદ )

૧૭૦

અત્યારે આ તીર્થ 'સીતામઢી'ના નામે ઓળખાય છે, આ ગામ મુજફરપુર જીલ્લામાં દરભંગા જંક્સનથી ૪૨ માઈલ પશ્ચિમોત્તરમાં આવેલું છે, અને તે લખણવઈ નદીના કાંઠે છે. અહીયાં મલ્લીનાથ અને નમિનાથનાં કેવળ સિવાય આઠ કલ્યાણકો થયાં છે. મીથીલા નગરીમાંથી મલ્લીનાથને નમીનાથની પ્રતિમાઓ લાવીને ભાગલપુરમાં શ્રી મહાવીર સ્વામીના દેરાસરમાં પધરાવી છે. હાલમાં

અહીંયાં દેરાસર કે પગલાં કાંઇજ નથી, માત્ર ક્ષેત્રફર્સના છે. સંવત ૧૮૦૦ સુધી તીર્થ હયાત હતું. કેમકે પહેલાં ગુમતી બાંધેલી જેમાં શ્યામ વર્ણનાં પગલાં પૂર્વનાં બીરાજમાન હતાં, જીર્ણ થવાથી સંવત ૧૮૦૦ માં જીર્ણોદ્ધાર થયો હતો. ત્યાર પછી અન્યમતિઓએ પગલાં ઉઠાવી ગુમતીમાં પોતાનું તીર્થ કરી લીધુ ને ચરણ ભંડારી દીધાં. પછી કોઈ શ્રાવક પાછળથી જાત્રાએ ગયેલ તેને ચરણનાં દર્શન થયાં નહી, પણ બ્રાહ્મણને લાલચ આપવાથી તેણે ચરણનાં દર્શન કરાવ્યાં, તેથી તે લઇને રાય ધનપતસિંગને સોંપ્યાં, ભાગલપુરમાં; જેમણે હાલ ત્યાં ભમતીમાં પધરાવ્યાં છે.

લખીસરાયથી મુકીમા સ્ટેશન થઇને ગંગાપાર જતાં સીતામઢીની રેલ છે, ત્યાંથી દરભંગા થઇને મિથિલા જવાય છે.

રૂષભ ભગવાને દ્રવિડ નામના પુત્રને આ દેશનું રાજ્ય આપેલું જે ઉપરથી આ મુલક દ્રાવિડ દેશ તરીકે પ્રગટ થયો જેની રાજ્યધાની અસલ મિથિલાનગરી હતી, દ્રવિડના પુત્ર દ્રાવિડ અને વાલખિલ્ય જૈનમાં પ્રસિદ્ધ છે જે શત્રુંજય ઉપર દશ કોટી મુનિઓ સાથે કાર્ત્તકી પુનેમે મુક્તિ વર્યા.

મુનિસુવ્રતસ્વામીના તીર્થમાં મિથિલાનગરીમાં જનક

રાજા થયા છે, ને તેમની પુત્રી સીતા આઠમા બળદેવ રામને વર્યા છે, તે પણ આજ મિથિલા નગરી સંભવે છે.

## ગીરડી

૧૭૧

લખીસરાયથી ગીરડી જવાય છે. ત્યાં રસ્તામાં મધુપુર (માધોપર) જંકસન આવે છે, ત્યાંથી ટ્રેન બદલવી પડે છે. અહીંયાં સ્ટેશનની સામે ધર્મશાલા છે, અને ધર્મશાલામાં શ્રી પાર્શ્વનાથ ભગવાનનું મંદિર છે. ગીરડી એક નાનું શહેર છે. અહીંથી શીખરજી જવાય છે. અત્રેથી મધુવન ૧૮ માઇલ દૂર છેઃ રસ્તો સારો છે, પણ ચઢાવમાં છે. શીખરજીનો પહાડ ગીરડીથી જ શરૂ થાય છે. ગેઇટી પણ તેને કહે છે.

## રિજુવાલુકા-જંભીગામ.

૧૭૨

ગેઈટી (ગીરડી)થી આઠ માઇલ ઉપર બ્રાકર નદી આવે છે તેને પૂર્વે રિજુવાલુકા નદી કહેતા હોય એમ સંભવે

છે. ચોવીશમા મહાવીરસ્વામીને અહીંયાં કેવળજ્ઞાન ઉત્પન્ન થયું હતું. જે નિમિત્તે અહીંયાં એક નાનું દેરાસર બાંધી ભગવાનના ચરણની સ્થાપના કરેલી છે, વળી તેમાં નેમનાથની એક પ્રતિમા છે. તથા ધર્મશાળા પણ છે. રિજુવાલુકાથી મધુવન લગભગ ૧૧ માઇલ થાય છે.

## મધુવન.

૧૭૩

અહીંયાં બે મોટી ધર્મશાળાઓ છે, ત્યાં ધર્મશાળા નજીક દશ મોટાં દેરાસરો પણ છે. પાર્શ્વનાથનાં ચાર મંદીર, શામળા પાર્શ્વનાથનાં બે, સુપાર્શ્વનાથનાં બે, ચંદ્રપ્રભુનું એક, શુભસ્વામી ગણધરનું એક એ પ્રમાણે શિખરબંધી દશ દેરાસરછે. આપણી ધર્મશાળાની બાજુમાં દીગમ્બરી ધર્મશાળા પણ છે. આ સ્થળ મધુવન અથવા તો પાર્શ્વનાથ પહાડના નામથી પ્રસિદ્ધ છે.

## સમેતશિખર.

૧૭૪

મધુવનની ધર્મશાળાના દરવાજેથી ચઢાયછે. ચઢાવ

કઠીણ છે. કેમકે ઠેઠ સુધી માટીની સડક બાંધેલી છે. એકંદરે ચોવીશ ટુંકોએ ફરી આવતાં નવ ગાઉનો ચઢાવ થાય છે, દોઢ ગાઉએ ગંધર્વનાળું આવે છે, તેને તલાટી કહે છે. ત્યાંથી એક સીતાનાળે રસ્તો જાય છે, અને બીજો મોટી પાર્શ્વનાથની ટુંકે રસ્તો જાય છે, ઉપર શામળા પાર્શ્વનાથજીની મોટી ટુંક છે, જેમાં શામળા પાર્શ્વનાથની પ્રાચિન મુર્ત્તિ બિરાજમાન છે. બીજી મુર્ત્તિઓ પણ શીતલનાથ, અભિનંદન, સહસ્રાફણા વગેરેની છે.

નંદિશ્વર જાત્રાનું જે ફળ કહ્યું છે, તે થકી હજાર ગણુ પુણ્ય આ તીર્થની જાત્રા કરવાથી થાય છે. આ પર્વત ઉપર વીશ તીર્થંકરો ૨૭૩૪૫ સાધુઓ સાથે સિદ્ધિ પદ વર્યા છે. સગર ચક્રવર્ત્તી છ ખંડની રાજ ઋદ્ધિ છોડીને સંખ્યા બંધ મુનિઓ સાથે આ સ્થળે મોક્ષ ગયા છે, તેમજ શાંતિનાથ ભગવાનના પુત્ર રાજ રીષીશ્વર પણ અનેક મુનિઓ સાથે અહીંઆં મોક્ષે ગયેલા છે.

આ સંબંધે કેટલીક હકીકત સમેતશિખર અથવા પારસનાથ પહાડમાં પાછળ જુઓ? કેમકે સમેતશિખરના પહાડને પાર્શ્વનાથ પહાડ પણ કહે છે.

# ભાગલપુર

૧૭૫

ગીરટીથી ભાગલપુર જવાય છે. ત્યાં માધોપુરથી ટ્રેન બદલવી પડે છે. તેમજ કીયુળ જંકસન થઇ લખી- સરાયથી ભાગલપુર અવાય છે, અહીં સ્ટેશનની પાસે ત્રણ ધર્મશાળા છે. અહી ધર્મશાળામાં વાસુપુજય સ્વામીનું દેરાસર છે. તેમજ જમણી બાજુએ મુલ્લિનાથને નમી- નાથ એ બે ભગવાનની પ્રતિમા છે. અહીંથી ચંપાપુરી ચાર માઇલ દૂર આવેલી છે.

# ચંપાપુરી

૧૭૬

આ નગરી ભાગલપુર પાસે ચાર મૈલ ઉપર આવેલી છે, તે હાલ ચંપાનાળાના નામથી ઓળખાય છે. ભાગલ- પુરથી ચંપાનાળા સુધીમાં બે મંદિરો છે. બન્નેમાં વાસુ- પૂજય સ્વામીની મુર્ત્તિઓ છે. ચંપાનાળાની પાસે શ્રીના- થ નગર છે. અહી:પણ રમણીય મંદિર છે. નાથનગરથી ચંપાનાળા દોઢ મૈલ થાય છે. નાથનગર સ્ટેશન છે. અ-

હીઆં બારમા વાસૂપૂજ્ય સ્વામીનાં પાંચ કલ્યાણક થયાં છે. ચંપાથી દક્ષિણમાં સોળ કોશ ઉપર મંદારગિરિ પર્વત છે. અહીઆં વાસૂપૂજ્ય સ્વામીનું નિર્વાણ થયું હતું. અહીઆં પ્રતિમા અને પગલાં હોવાનું મનાય છે પણ બહુ થોડા યાત્રાળુઓ જાય છે.

પં. વિજયસાગરે એક વાત ખાસ જાણવા જેવી કહેલી છે કે " દેવસી નામના એક દીવાનાએ શ્વેતાંબરના આ તીર્થને ઉત્થાપીને દિગંબર તીર્થ બનાવ્યું હતું. જેથી તેના કુળનો નાશ થયો. [ પુત્ર પ્રપૌત્ર કોઇ રહયો નહી જે માણસ તીર્થને ઉત્થાપે તેની આ દશા થાય "

અહીં વાસુપૂજ્ય સ્વામીના દેરાસરને ફરતો મોટો બગીચો છે, ને ધર્મશાળા પણ છે. પૂર્વે આ નગરીનો વિસ્તાર ૪૮ જોજન જેટલો હતો, પણ હાલ તો ફક્ત નાનુ ગામડુ છે. અહીંનું દેરાસર, બાગ, ધર્મશાળા ઘણાંજ મનોહર છે. અહીંયાંથી ભાગલપુર આવી અજીમગંજ જવું. અંગદેશની રાજ્યધાનીનું શહેર ચંપાનગરી હતું.

કોશંબી નગરીમાં ચરમ તીર્થંકર વીર ભગવાનને અડદના બાકુળા વહોરાવી અભિગ્રહ પૂરનારી ચંદનબાલા ચંપાનગરીના રાજા દધીવાહનની રાજકુમારીકા હતી, તે આજ ચંપાપુરી સંભવે છે, કે જે ચંપાનગરી ઉપર શતાનિક રાજાએ ચડાઈ કરી તેને ભાગી હતી.

# અજીમગંજ ( મુર્શીદાબાદ )

૧૭૭

ભાગલપુરથી અજીમગંજ જતાં નલહટ્ટી જંકસને રેલવે બદલવી પડે છે તે નલહટ્ટીથી અજીમગંજ બીજી રેલવે જાય છે. અહીયાં ત્રણ ધર્મશાળાઓ છે. અજીમગંજ સ્ટેશનની પાસે જ ધર્મશાળા છે. અહીઆં નવ શિખર બંધ અને એક ઘર દેરાસરૂ મલી કુલ દશ દેરાસર છે. શામીલીયા પાર્શ્વનાથ, ગોડી પાર્શ્વનાથ ચિંતામણી પાર્શ્વનાથ, શાંતિનાથ, પદ્મપ્રભુ વગેરેનાં મળીને દશ દેરાસર સિવાય નદી પાસે બીજા દેરાસર પણ છે.

કીર્તિબાગ–નદીને સામે કિનારે ઉતરી એક માઈલ દૂર બગીચો આવેલો છે. અહીયાં શામળા પાર્શ્વનાથ, અને વાસુપૂજ્ય સ્વામીની કસોટીના બે પ્રતિમાઓ મૂળ નાયકજી તરીકે છે.

બાલુચર—અજીમગંજથી વહાણમાં બેસીને જવાય છે. અહીં મોટો બજાર છે, ત્યાં માર કેટભરાય છે. અહીઆં નદીને કીનારે સંભવનાથનું તેમજ બીજાં ચાર મળીને પાંચ દેરાસર છે. તેમાં પાર્શ્વનાથના મંદિરમાં ગંભારો કાચનો છે અને મૂળ નાયકની રત્નની પ્રતિમા છે.

કટગોળા–લક્ષ્મીપતિ બાબુનું આ ગામ છે, અહીંઆં

એ દેરાસરજી છે. તેમજ જીનદત્તસૂરિ અને જીનકુશળ ગણીનાં પગલાં છે.

મહીમાપુરા—નદીને કિનારે કસોટીનું બાંધેલું એક મોટુ દેરાસર હતું. પરન્તુ તે નદીમાં પાછળથી તણાઇ ગયું છે, એ દેરાસર જગતશેઠે બંધાવેલું હતું. વિશેષ હકીકત માટે જુઓ મહીમાપુરા પાર્શ્વનાથ.

કાસમ બજાર—અજીમગંજથી વહાણમાં બેસીને જવાય છે. નદી ઉતરી એક માઈલ દૂર એક દેરાસર છે જેમાં નેમનાથની મુળનાયક તરીકે કસોટીના પત્થરની નાની પ્રતિમા છે.

અહીથી ચાર ગાઉ દૂર મુર્શીદાબાદ (હજારી બાગ) છે. જ્યાં છેલ્લા નવાબ સિરાજીદૌલાનો મહેલ અને બગીચો છે.

અહીંથી કલકત્તા જવાના બે રસ્તા છે, ઇસ્ટ ઇન્ડિયા રેલવેમાં નલહટ્ટી થઇ હાવરા જવું પડે છે, અને બંગાળ નાગપુર રેલવેમાં જીયાગંજથી જવું પડે છે.

—

## કલકત્તા.

૧૭૮

કલકત્તામાં સીયાલડા અને હાવરા એવાં બે સ્ટેશનો

આવેલાં છે. અહીઆં ચાર શિખરબંધી અને છ ઘર દેરાસર મળીને કુળ દશ દેરાસર છે. તેમાં રાયબદ્રિદાસ બાબુના બગિચામાં દેરાસર તદ્દન કાચનું બનાવેલું છે. કાનપુરના કરતાં ઘણું મોટું અને કારીગરીમાં પણ પણ ચઢે તેવું આ દેરાસર, જેનો જોડો આખા હિંદસ્તાનમાં ભાગ્યેજ હશે, તેમજ બીજાં પણ દેરાસર દર્શન કરવા લાયક છે. કલકત્તા શહેર મોટુ અને વેપારનું પણ મથક ગણાય છે, સ્ટેશનથી બે માઇલ દૂર બદ્રિદાસનો બગિચો આવેલો છે.

## નાગપુર

૧૭૯

બેંગાલ નાગપુર રેલવેમાં લગભગ બેંગાલના નાકા ઉપરજ આ શહેર આવેલું છે. આ શહેર અસલ રાજ્યધાની હતી, શહેરમાં એક ધર્મશાળા છે અને બે દેરાસર છે, શ્રેયાંસનાથના દેરામાં રત્નની પ્રતિમા છે. બીજુ દેરાસર આદેશ્વરજીનું છે, તે જતિના દેરાસર તરીકે ઓળખાય છે. મૂળ નાયકજીની શ્યામ પ્રતિમા છે. ગંભારાની બહાર રંગમંડપના આરસમાં રૂપૈયા જડેલા છે. અસલ અહીં નાગપુરા પાર્શ્વનાથનું દેરાસર હતું.

# ભદ્રાવતી

૧૮૦

વર્ધાથી ટ્રેન બદલવી પડે છે, ત્યાંથી ભાંદક સ્ટેશને ઉતરીને એક મૈલ થાય છે, ત્યાં ભાંદક ગામ છે, તે સ્થળે પૂર્વે ભદ્રાવતી નગરી હતી, અહીં કેશરીયા પાર્શ્વનાથનું તીર્થ છે, જુઓ કેશરીયા પાર્શ્વનાથ ? અહીંયાં પણ અઠવાડીયામાં એક દિવસ બજાર ભરાય છે, ત્યારે વેપાર સારો ચાલે છે.

# આકોલા

૧૮૧

સ્ટેશનથી શહેર એક માઇલ દૂર થાય છે. શહેરમાં બજાર વચ્ચે દેરાસરને તેની સાથે ધર્મશાળા પણ છે. અહીથી અંતરીક્ષજી ( સીરપુર ) જવાય છે વરાડ પ્રદેશમાં આકોલા વેપારનું મથક સારૂ ગણાય છે. કપાસ અને અનાજનો વેપાર સારો ચાલે છે. અઠવાડીયામાં એક દીવસ બજાર ભરાય છે.

# સીરપુર ( અંતરીક્ષજી )

૧૮૨

આકોલાથી સીરપુર જવાય છે. રસ્તામાં પાતુર આવે છે, ત્યાં ધર્મશાળા છે. દેરાસર પણ છે. લગભગ ૨૫ થી ૩૦ મૈલ આકોલાથી સીરપુર થાય છે, અહીંયાં અંતરીક્ષજી પાર્શ્વનાથનું મોટુ પ્રાચિન તીર્થ છે, ધર્મશાળા પણ છે. ધર્મશાળામાં છુટી પડાળીઓ છે. અંતરીક્ષજી સંબંધી વિશેષહકીકત માટે વાંચો અંતરીક્ષ પાર્શ્વનાથ ? અહીં અઠવાડીયામાં એક દીવસ બજાર ભરાય છે

—※—

# બુરાનપુર.

૧૮૩

આકોલાથી બુરાનપુર જતાં ભૂશાવળમાં રેલવે બદલવી પડે છે, સ્ટેશનથી શહેર ત્રણ મૈલ દૂર છે. આ શહેરની જાહોજલાલી પૂર્વે સારી હતી. પ્રથમ કરતાં હાલમાં વસ્તી ઘટી ગઇ છે, પૂર્વે અહીયાં અઢાર દેરાસર હતાં. પણ હાલમાં નવ દેરાસર છે. ચીંતામણ પાર્શ્વનાથ તેમજ ગોડી પાર્શ્વનાથ એ બે શીતુશાહના મહોલ્લામાં, શ્રી ધર્મનાથને શાંતિનાથનાં બે ભેગાં લાખેરવા-

ડીમાં તેમાં એક રતનની તથા એક પાનાની પાર્શ્વનાથ-ની પ્રતિમા છે. ચોથું મંદીરસ્વામીનું લાખેરવાડીમાં, પાંચમુ વાસુપૂજ્ય ને ચંદ્રપ્રભુનું તેમજ છઠુ શાંતિનાથ ને સાતમુ આદેશ્વરનું ને આઠમુ નેમનાથનું બીજા ગભારામાં મક્ષી પાર્શ્વનાથ છે. તેમજ નવમુ શાંતિનાથનું મોટા રસ્તે એ પ્રમાણે નવ દેરાસર છે, અહીયાં સીહ્‌રીયો સારી વખણાય છે. મનમોહન પાર્શ્વનાથનું દેરાસર મોટું ગણાય છે. તેમાં સમેતસિખરનો પહાડ લાકડાનો બનાવેલો છે.

## પુના.

૧૮૪

મનમાર અને ધોન્ડ એ બે ઠેકાણે ટ્રેન બુરાનપુર-થી આવતાં બદલવી પડે છે. સ્ટેશનથી શહેર દોઢ મૈલ દૂર છે. અહીયાં બે ત્રણ ધર્મશાળા છે. એકંદરે દેરાસરો દશ છે, અહીં વૈતાળ પેંઠમાં ચાર દેરાસર છે. જગવલ્લભ પાર્શ્વનાથ, સખેશ્વર પાર્શ્વનાથ, ને ચીંતામણ પાર્શ્વનાથ વાળુ મોટુ દેરાસર છે. ન્હાવાની સગવડ છે, શનીવાર પેંઠ-માં એક દેરૂ છે. રવીવાર પેંઠમાં એક દેરૂ છે, તથા એક બીજુ દેરાસર દોઢ મૈલ દૂર છે. સોલાપુર બજારમાં એક, લશ્કરમાં એક, વાડીમાં એક, એ પ્રમાણે સાત શિખર-

બંધ અને ત્રણ ઘર દેરાસર મળી દસ દેરાસર છે. પુના અસલ પેશ્વાની રાજધાનીનું શહેર હતું, અહીંથી મુંબઈ જવાય છે.

## પાંચોરા.

૧૮૫

મુળ નાયકજી કલ્યાણ પાર્શ્વનાથજીનું દેરાસર રમણીય જાત્રા કરવા લાયક છે.

## સીરસાલા.

૧૮૬

ખાનદેશ જીલ્લે આમલનેર પાસે સીરસાલામાં સુરજમંડન પાર્શ્વનાથનું દેરાસર છે.

## રામનગર (પંજાબ)

૧૮૭

ચિંતામણી પાર્શ્વનાથનું પ્રસિદ્ધ મંદિર છે.

# હુંશીયાર પુર

૧૮૮

અહીયાં બે દેરાસર છે. વાસુપૂજ્યસ્વામી તથા પાર્શ્વનાથજીનું મળીને; હમણાં એક નવું થયું છે. જેની પ્રતિષ્ઠા વિજયાનંદસૂરિજીએ કરાવી છે.

# ભેરા.

૧૮૯

આનું અસલ નામ વીતભય પાટણ જણાય છે. જે પ્રથમ ઉદાયીરાજાની રાજ્યધાની હતી. તે વખતે ત્યાં જીવીતસ્વામીની મહા અદ્‌ભૂત પ્રતિમા હતી. તેને ચંદ્રપ્રદ્યોતે કપટથી પોતાની નગરીમાં આણી, તે સાથે ઉદાયી રાજાની દાસીને પણ લાવી પોતાની ઉપપત્ની બનાવી; આ કારણે ઉદાયી રાજાને ને ચંડપ્રદ્યોતને મોટી લડાઈ થઈ, તેમાં મહાભૂજ ઉદાયી રાજાએ ચંડપ્રદ્યોતને બાંધી લઇ પોતાની છાવણીમાં લઇ ગયો. પાછળથી સંવત્સરીને દીવસે તેણે (ચંડપ્રદ્યોતે) કપટથી ઉપવાસ કરવાથી રાજાએ પોતાનો સ્વામીભાઇ જાણી તેના કપાળમાં 'દાસીપતિ !' એવો લેખ લખી છોડી મુકયો, ને તેનું રાજ્ય તેને હવાલે કર્યું. ત્યાર પછી

કાલાંતરે ઉદાયી રાજાએ શ્રી વીરપ્રભુ પાસે દીક્ષા લીધી ને તે છેલ્લા રાજર્ષી થયા. તે પછી દેવકોપથી તે વિતભય નગરી ધુળનો વરસાદ થવાથી ડટાઈ ગઇ. ને પ્રતિમા તો ઉજનમાંજ રહી હતી. તેજ નગરીને થાનકે આ ભેરા ગામ વસ્યુ હોય એમ જણાય છે, મહા સમર્થ શ્રીમદ્ આત્મારામજી મહારાજશ્રીના સંસારીપણાનું એ ગામ છે.

# કાંગડાનો કીલ્લો.

૧૯૦

આ કીલ્લો તથા દેરાસર રાજા કહાનદાસનું બંધાવેલું હોય એમ કહેવાય છે. દેરાસરમાં આદેશ્વરની પ્રતિમા શ્યામવર્ણની છે, આ પ્રતિમાને કોઇ મહાવીરસ્વામી પણ કહે છે. અસલ આ મોટુ નગર હતું, જેને 'નગરકોટ કાંગરા' પણ કહે છે. આ કીલ્લામાં સમવસરણની રચના હતી. તેમાંનો કેટલોક ભાગ હુંશીયારપુર લાવ્યા છે. સમોવસરણમાં અરનાથ, કુંથુનાથ, અને શાંતિનાથ એ ત્રણ અને બીજી પણ પ્રતિમાઓ છે. ત્યાંથી કોઇ રાજાની વખતમાં લાવેલા છે. આ કીલ્લામાં અંબીકાજીનું મંદિર પત્થરનું બાંધેલું છે.

# કાંગરાવેલી

૧૯૧

અમૃતસરથી એક રેલ પેઢાનકોટ થઈને હીમાલયના પાહાડમાં જાય છે. પેઢાનકોટ થઇને પગરસ્તે પણ કાંગરાવેલી જવાય છે. ત્યાં કાંગરાનો મોટો કીલ્લો છે. ત્યાં કાંગરા મહાવીરની એક પ્રતિમા કીલ્લામાં છે. પાસે જુનુ કાંગરા શહેર છે. જૈનની વસ્તી નહી હોવાથી ભૈયા તેમજ પહાડી લોકો કોઈ ગોરખનાથ તો કોઈ પાર્શ્વનાથના નામથી ઓળખે છે. તેમજ દર્શન પણ કરે છે. તેલ સિંદુર વગેરે ચઢાવે છે. આ પ્રતિમા વિશે કહેવાય છે કે જ્યારે કીલ્લો બાંધ્યો ત્યારે સરકારે આ પ્રતિમાને ઉઠાડવામાંડી, તે વારે ત્યાં આગળ ભમરા છુટયા તેથી સર્વને નાશવું પડયું. એ પ્રમાણે તેનો ચમત્કાર જાણી હાલ પણ તેને ઉઠાડવાની કોઇની હીમત ચાલતી નથી. પ્રતિમા શ્યામ સ્વરૂપે છે. ત્યાંથી ૧૦૦ માઇલ દૂર પગરસ્તે 'કુલ્લુ' ગામ છે ત્યાં એક બાવાના મઠમાં સંપ્રતિ રાજાની ભરાવેલી પાર્શ્વનાથની પ્રતિમા છે.

# લુદીયાણા

૧૯૨

અહીંયાં બે દેરાસર આવેલાં છે. પ્રથમ દેરાસર

સુપાર્શ્વનાથજીનું છે, તે આશરે ૨૫ વરસ ઉપર બંધાવેલું છે. તેમજ બીજુ દેરાસર કલિકુંડ પાર્શ્વનાથનું છે

## હાલાકુંડી (સીંધ)

૧૯૩

એ સિંધ હૈદરાબાદમાં આવેલું છે. મૂળ નાયકજી ગોડી પાર્શ્વનાથજી મહારાજ છે. ધર્મશાળા પણ છે. તે ૧૮૨૦ ની સાલમાં બંધાવ્યું છે. અહીયાં એક દેરાસર પાર્શ્વનાથનું પૂર્વે સંવત ૧૪૩૦ માં બંધાયેલું છે. તેમજ અમરકોટમાં પણ સંવત ૧૫૧૯ માં પાર્શ્વનાથનું દેરાસર બંધાવેલું છે

## કરાંચી

૧૯૪

આ શહેર દરિયા કિનારે આવેલું છે. અહીંયાં દેરાસર શ્રી સેહસફણા પાર્શ્વનાથજીનું છે તે સંવત ૧૯૦૦ ની સાલમાં બંધાવેલું છે.

# પ્રતાપગઢ

૧૯૫

આ શહેર મંદુસર પાસે આવેલું છે. દેરાસરોની વિગત નીચે પ્રમાણે છે. પહેલું પાર્શ્વનાથનું જેની પ્રતિષ્ઠા ૧૭૪૨ માં થઈ છે. બીજુ ચંદ્રપ્રભુનું સંવત ૧૮૩૮ માં તેની પ્રતિષ્ઠા થઈ છે, ત્રીજુ ધરણેંદ્ર પદ્માવતી સહીત પાર્શ્વનાથનું છે. તેની પ્રતિષ્ઠા સંવત ૧૯૦૦ માં થઇ છે. ચોથુ ચંદ્રપ્રભુનું તેની ૧૮૬૨ માં પ્રતિષ્ઠા થઈ. પાંચમું શાંન્તીનાથજીનું તેની ૧૮૭૨ માં પ્રતિષ્ઠા થઇ. છઠુ, શાન્તિનાથનું તેની પ્રતિષ્ઠા પણ ૧૪૮૭ માં થઈ છે. સાતમુ રીખવદેવજીનું તેની પ્રતિષ્ઠા ૧૮૫૧ માં થઈ. આઠમુ રીખવદેવજીનું તેની પ્રાતષ્ઠા ૧૯૪૦ માં થઈ. નવમુ ચંદ્રપ્રભુનું તેની ૧૯૩૩ માં પ્રતિષ્ઠા થઇ. દશમુ સુમતીનાથનું પ્રતિષ્ઠા ૧૯૩૧ માં થઇ. અગીયારમું પાર્શ્વનાથનું એવી રીતે અગીયાર દેરાસરો આવેલાં છે.

# મરૂકોટ તીર્થ

૧૯૬

આ તીર્થ સીંધ દેશમાં આવેલું છે. શ્રી જયસાગર

ઉપાધ્યાયં જાત્રાએ ગયા હતા. સંવત ૧૪૮૩ માં ખીમા પુત્ર અક્ષયચંદ્રે સંઘ કાઢયો હતો.

## હોલીપટ્ટન ( દક્ષિણ મદ્રાસ તરફ )

૧૯૭

હુબલીથી નવ માઈલ થાય છે. હોલીપટ્ટણમાં સંપ્રતિ રાજાના વખતમાં ૧૦૧ દેરાસર હતાં. તે બીલકુલ નાશ થઇ ગયાં છે, પણ કેટલીક નિશાનીઓ મોજુદ છે. કેટલાંક મંદિરોનાં ખંડેરો પણ જણાય છે. આ તીર્થ હાલમાં જીર્ણ થઇ ગયું છે.

## સંગમનેર

૧૯૮

નાશીકથી ૨૦ ગાઉ થાય છે, ચીંતામણી પાર્શ્વનાથનું દેરાસર સંવત ૧૮૨૮ માં પ્રતિષ્ઠા થયેલી છે.

## નાશક

૧૯૯

અહીઆં ચિંતામણી પાર્શ્વનાથજીનું દેરાસર તેની

પ્રતિષ્ઠા સંવત ૧૯૧૮ માં થઈ છે. ધર્મશાળા શ્રાવકોની છે. વૈશ્નવોનું મોટું ધામ છે.

## નીઝામ હૈદ્રાબાદ

૨૦૦

દક્ષીણના નવાબ નિઝામ સરકારની રાજ્યધાનીનું આ શહેર છે. તેને ભાગાનગર પણ કહે છે. અહીયાં કારવાનમાં બે દેરાસર છે. એક દેરાસર બેગમ બજારમાં છે, એક દેરાસર રેસીડેન્સી પાસે બજારમાં છે, અને એક દેરાસર લશ્કરમાં છે. ભાગા નામની કોઇ સ્ત્રીએ વસાવેલું જેથી તે ભાગાનગર પણ કહેવાય છે. તેને હાલ નીઝામ હૈદરાબાદ કહે છે. ચંદુલાલનું હૈદ્રાબાદ પણ કોઈ કહે છે.

## કુલપાકજી

૨૧

નિઝામ હૈદરાબાદથી ને આલેર સ્ટેશનથી ત્રણ કોશ ઉપર કુલપાકજી તીર્થ આવે છે. ત્યાં બે હજાર વર્ષ ઉપર બંધાયલું માણેકસ્વામી અથવા આદેશ્વરનું દેરાસર જાત્રા

જોવા લાયક છે, અગાઉ આ દેરાસર વિશાળ હતું. આદેશ્વરની પ્રતિમા કેશરીયાજીની પ્રતિમાના બરાબર હોય તેમ લાગે છે.

ત્યાંથી પગ રસ્તે ત્રણ ગાઉ ઉપર મહાવીર સ્વામીના પગમાં ખીર રાંધી, તેની પહાડ ઉપર સ્થાપના છે. ત્યાંથી ત્રણ કોશ દૂર પદ્માવતીનું મંદિર જોવા લાયક છે. ત્યાં કુલપાકજી તીર્થની સ્થાપના કરીને થયેલી સંભવે છે, તેનો લેખ નીચે મુજબ છે.

સંવત ૧૭૬૭ વરસે ચૈત્ર સુદી ૧૦ પુષ્યાર્ક દિને વિજયમુહુર્ત્તે શ્રી માણેકસ્વામી નામ આદેશ્વર બીંબ પ્રતિષ્ઠિતમ્, આદેશ્વર ઔરંગજેબ બાદશાહ પુત્ર બહાદુરશાહ બીજરાજ સુબેદાર નવાબ મહમદ ઉસફખાં, બાદશાહ વખતે તપગચ્છ ભટ્ટારક શ્રી વિજયસૂર શિષ્ય ભટ્ટારક શ્રી વિજયરત્નસૂરિ, પંડિત ધર્મકુશલગણિ શિષ્ય પંડિત કેશર કુશલગણિ ઉદ્ધારમ્, ભાગાનગર દિવાનાત્ પ્રાકૃત શાકે ૧૬૩૩ એ રીતે વંચાય છે.

## સેસલી.

૨૦૨

શીખરબંધી સેસલી પાર્શ્વનાથનું દેરાસર સંવત ૧૨૫૨ માં બંધાવેલું હતું.

## ઇલોરા

૨૦૩

ઔરંગાબાદથી આઠ નવ ગાઉ દૌલતાબાદછે, જેને દેવગિરિ પણ કહે છે. ત્યાંથી આઠ દશ માઇલ ઇલોરાની ગુફાઓ આવે છે. ૩૪ થી ૩૬ ગુફામાં દેવતાનાં મંદિર આવેલાં છે. તેમાં ૧૨ બૌધનાં, ૧૭ હિંદુનાં, ૬ જૈનોનાં પણ છે. મોટી વિશાળ મૂર્ત્તિઓ છે. કેટલીક પદ્માસને અને કેટલીક કાઉસગ્ગધ્યાને છે. ત્યાં રહેલી શ્રી પાર્શ્વનાથની મૂર્ત્તિને મેઘવિજય કવિ ઉપાધ્યાયે ત્રિવેણી મેઘદૂત કાવ્યમાં વંદના કરીછે. ત્યાંથી જરા આગળ અણુકોટલી પહાડ છે. ત્યાં પારસનાથ ભગવાન વીચરતા વીચરતા આવેલા છે. વળી ત્યાં માંગીટુંગીના પહાડ ઉપર શ્રી બાવીશમા તીર્થંકર નેમિનાથ ભગવાનને વંદના કરવી, મેઘવિજય કવિ વિનયવિજય ઉપાધ્યના વખતમાં થયેલા છે.

## નગર કોટ.

૨૦૪

ઉત્તર દિશાએ તિગર્ત્ત નામે દેશમાં સુસુરમપુર નામે નગરમાં આદિનાથભગવાનનું મંદિર હતું. મ્લેચ્છોના

આવાગમથી બીજા તીર્થોની માફક આ તીર્થ નષ્ટ થયું નથી, એવું એક મુસાફરે જયસાગરસૂરિને કહેવાથી તેમણે ફરીદકોટમાં 'હાલા' નામના શ્રાવકને ઉપદેશ કર્યો. અને સંઘ કાઢવા તે તૈયાર થયો. પછી સંઘ પીપાસા નદી કીનારે જાલંધર ને હરીયાલા થઈ નગર કોટ આવ્યો. નગર કોટનું બીજું નામ સુસરમપુર છે. ત્યાં શેઠ ખીમસીંહના કરાવેલા શાંતિનાથના દેરાની યાત્રા કરી સંવત ૧૪૮૪ ના જેઠ સુદ ૫, પછી રૂપચંદના કરાવેલાં મહાવીરસ્વામીના મંદિરની જાત્રા કરી વળી પુહાડ વગેરે દેહેરાંનાં દર્શન કરી સંઘ પાછો પોતાને સ્થાનકે આવ્યો. આ તીર્થ નેમનાથનાં વખતમાં સ્થાપન થયું હોય એમ કિંવદન્તિ છે.

## રીંગણોદ.

૨૦૫

જાવરાથી ત્રણ કોશ દૂર રીંગણોદ ગામ છે. ત્યાં પાંચ પ્રતિમાઓ ને એક અંબિકાની મૂર્ત્તિ જ્યારે પ્રગટ થઈ હતી. ત્યારે દેવાસના રાજાના ભાઈ ખાસેરાવ સહકુટુંબ દર્શનાર્થે પધાર્યા હતા. અહીં સમેરીયા પાર્શ્વનાથનું દેરાસર તીર્થસ્થળ જેવું હતું.

# તક્ષસીલા.

૨૦૬

આ શહેર હિંદુસ્તાનની બહાર કિનારા ઉપર આવેલું છે. તક્ષસીલા એ અસલ બહુલી દેશની રાજ્યધાનીનું શહેર ગણાતું, પ્રથમ તીર્થંકર શ્રી રૂષભદેવના પુત્ર બાહુબલી મહા સમર્થ અક્ષય વીર્યવાન પુરૂષ તે મહાભૂજ અહીંના રાજા હતા. છદ્મસ્થાવસ્થામાં રૂષભદેવ ભગવાન વિહાર કરતા તક્ષસીલાની બહારના ઉધાનમાં એકદા કાઉસગ્ગ ધ્યાને રહ્યા હતા. જ્યારે બાહુબલીજીને ખબર પડી કે ભગવાન કાઉસગ્ગ ધ્યાને નગરની બહાર રહેલા છે, તો પ્રભાતમાં હું વંદના કરીશ એમ વિચારી નગરીને શણગારી, પણ પ્રભાત થતાં ભગવાન તો વિહારાંકરી ગયા, ને રાજા ત્યાં આડંબરથી વંદન કરવા આવ્યા ત્યારે ભગવાનને વિહાર કરી ગયેલા જાણી મહાભૂજ બાહુબલીજી એક નાના બાળકની માફક શોકથી રડી પડયા, ઘણીવારે હૃદય ખાલી થયે છતે મંત્રીઓએ તેમને સમજાવી શાંત કર્યા, પછી ભગવાનના જ્યાં બે ચરણની સ્થાપના હતી. ત્યાં મોટો પ્રાસાદ કરાવ્યો અને તે બેચરણની સ્થાપના કરી તેની ઉપર ધર્મચક્ર મુકયું. તે સિવાય તક્ષસીલામાં પૂર્વે બીજાં પણ અનેક દેરાસરો શોભી રહ્યાં હતાં. મહાસમર્થ એવા ચક્રવર્તી ભરત મહારાજા પણ લડાઈમાં મહાભૂજ બાહુ-

બલીને જીતી શકયા નથી. કેમકે બાહુબલી ત્રણ જગતને જીતવાને પણ સુમર્થ એવા અક્ષય વીર્યવાન પુરૂષ હતા. અનંત શક્તિવાન તીર્થંકરથીજ માત્ર તેમનું બળ ઉતરતું હોય છે. લડાઈમાં મહાસમર્થ એવા ચક્રવર્ત્તીને પણ જીતી લઇ પછી તરતજ તેમણે વૈરાગ્યથી દીક્ષા ગ્રહણ કરી અંતરંગ શત્રુઓને પણ ( ક્રોધાદીકને ) જીત્યા, વળી બાહુબલી કાઉસગ્ગ ધ્યાને એકજ જગ્યાએ વરસ દીવસ સુધી સ્થીર રહ્યા. પછી ભગવંતે મોકલેલાં બ્રાહ્મીસુંદરીના ઉપદેશથી વરસ દીવસના અંતે તેમણે કૈવલ સંપાદન કરી મુક્તિને પોતાને આધીન અહીં કરી. તક્ષશીલામાં બાહુબલીજીની ગાદી ઉપર ભરત મહારાજાએ તેમના પુત્ર સોમયશાનો રાજ્યાભિષેક કર્યો. જેમણે પ્રભાસપાટણ (ચંદ્રપ્રભાસ) માં ભરત મહારાજા સંઘ લઈ આવ્યા ત્યારે ત્યાં ભાવી તીર્થંકર ચંદ્રપ્રભુનું દેશાસર (પ્રાસાદ) કરાવ્યો હતો, અને ત્યાં નગર વસાવ્યું હતું. સોમયશા (ચંદ્રયશા) થી ચંદ્રવંશની જગતમાં શરૂઆત થઈ છે. જેમાંથી ત્યારપછીઅનેક શાખાઓ નીકળેલી છે અને ભરતના પુત્ર સૂર્યયશાથી સૂર્યવંશ પ્રવર્ત્યો છે. રૂષભદેવ ભગવાનથી ઈક્ષ્વાકુવંશ ચાલ્યો છે. જે વંશ ભગવાન જ્યારે બાલ્યાવસ્થામાં નાભીરાજાના ખોળામાં રમતા હતા. તેવારે ઇંદ્ર ઈક્ષુ (શેરડી) લઇને ભગવાનને વંદન કરવા આંવ્યા, તે વખતે ભગવાને શેરડી લેવાને હાથ લંબાવ્યો, જેથી ઇંદ્રે ઈક્ષુ આપવાથી

ઈક્ષ્વાકુ વંશ સ્થાપન કર્યો. ભરતના પુત્ર સૂર્યયશાને મહાયશા પ્રમુખ સવાલાખ પુત્રો હતા, ને બાહુબલીના પુત્ર સોમયશા ( ચંદ્રયશા ) ને શ્રેયાંસ પ્રમુખ બહોતેર હજાર પુત્રો હતા.

પાંચમા આરામાં શત્રુંજયનો ઉદ્ધાર કરનાર જાવડ શાહ ચક્રેશ્વરીના કહેવાથી તક્ષશીલાથી શ્રી આદિનાથ પ્રભુની પ્રતિમા વિક્રમ પછી ૧૦૮ વર્ષે લાવ્યા હતા, અને તેજ પ્રતિમા શ્રી શત્રુંજય ઉપર પધરાવી હતી. તક્ષસીલાને હાલ 'ગિજની' કહે છે. વિક્રમની ત્રીજી સદીમાં માનદેવસૂરિ થયા છે. માનદેવસૂરિના વખતમાં પણ તક્ષશીલામાં પાંચસો જૈન મંદિરો હતાં. તેમજ જૈનોની વસ્તી પણ સારી હતી. ત્યાં એકદા રોગનો ઉપદ્રવ થયો તે નિવારવાને માનદેવસૂરિએ નાંદોલમાં રહીને ત્યાંના સંઘની આજ્ઞાથી લઘુશાંતિ રચી. તે ગણવાથી રોગની શાંતિ થઇ, પણ ત્યારપછી ત્રણ વરસે તે નગરનો તુરૂષ્ક લોકોએ નાશ કર્યો. ત્યાં પછી ગિજની તેમણે વસાવ્યું હોય અથવા તો તેનુંજ ગિજની નામ રાખ્યું હોય તેમ સંભવે છે. મહમદ, શાહબુદ્દિન વગેરે સુલતાનો આજ શહેરમાં થઈ ગયા છે. પૂર્વે ગિજની અફગાનીસ્તાનની રાજ્યધાની હતી. પણ હાલમાં કાબુલ છે.

## કુંડલપુર.

૨૦૭

મધ્ય હિંદુસ્તાનમાં ડામોહ સ્ટેશનથી સાત કોશના કુસલેપર આ તીર્થ આવેલું છે. અહીંયાં આ તીર્થ પહાડની નજીક છે, પહાડ ઉપર પણ પચ્ચાસ મંદિર હતાં, નીચે આવતાં તલાવની પ્રાર ઉપર પણ મંદિર હતાં, આ બધાં મંદિરો બે માઈલના વિસ્તારમાં પથરાઇ રહેલાં હતાં, પહાડ ઉપર મહાવીરસ્વામીની ચાર ગજ ઉંચી ત્રણ પ્રતિમાઓ છે. અહીં અગાઉ ફાગણ માસમાં મેળો ભરાતો તે પણ હાલ ત્રીસ વરસથી બંધ હતો, પણ વળી પાછો ચાલુ થયો છે, ત્યાં હમણાં જીર્ણોદ્ધાર થયો છે.

કુંડલપુર મોટું શહેર હતું, અહીંયાં પાર્શ્વનાથનું પણ મોટું મંદિર હતું. જુઓ કુંડલપુર પાર્શ્વનાથ ? શ્રીપાલરાજાએ પણ આ શહેરમાં આવી વીણા વગાડીને અહીંની રાજ્યકુંવરીને જીતી હતી.

## માહેંદ્રપર્વત.

૨૦૮

અહીંયાં પદ્મપ્રભુનું તથા છાયા પાર્શ્વનાથજીનું પૂર્વે તીર્થ હતું, હાલમાં પત્તો નથી.

# ત્રિકુટગિરિ.

૨૦૯

અહીંયાં શાંતિનાથ ભગવાનનું તીર્થ હતું, હાલ જ-ણાતું નથી.

# શ્રીપર્વત.

૨૧૦

મલ્લીનાથજીનું તીર્થ હાલમાં વિચ્છેદ થયું છે.

# પ્રતિષ્ઠાનપુર.

૨૧૧

દક્ષીણમાં આ શહેર આવેલું છે. અહીંયાં મુનિસુવ્રત-સ્વામીનું. તીર્થ પ્રથમ આવેલું હતું, તેમજ હેમ સરોવર તથા માનસરોવર જૈન તીર્થ હતાં, પણ હાલ નજરે પ-ડતાં નથી. ભદ્રબાહુસ્વામી અહીંયાં થયા હતા, વરાહ મિહિર નામનો તેમને ભાઈ હતો તે દીક્ષા છોડી જયોતિ-ષ્યનો ધંધો કરતો હતો, ભદ્રબાહુ પાંચમા શ્રુતકેવલી થયા છે. છેવટે વરાહ મરીને વ્યંતરદેવતા થયો ને સંઘમાં

ઉપદ્રવ કરવા લાગ્યો, તેવારે ભદ્રબાહુએ અહીંયાં ' ઉપસર્ગહર ' સ્તોત્રની રચના આ શહેરમાં કરી છે, જેના પ્રભાવથી વ્યંતર ઉપદ્રવ કરી શકતો નહીં. વીર પછી ૧૭૦ વર્ષે ભદ્રબાહુ સ્વર્ગે ગયા, વિક્રમ સંવત ૩૦ માં સિદ્ધસેનદિવાકર અહીંયાંથી સ્વર્ગે ગયા.

## સોપારાપુર.

૨૧૨

સોપારાપુર પટ્ટણમાં શ્રીપાળ મહારાજ ગયા હતા, અહીં રૂષભદેવ પ્રભુનું તીર્થ હતું. પાર્શ્વનાથનાં એકસોને આઠ યાત્રા સ્થાનકની નામાવલીમાં સોપારા પણ કહેલું છે. શ્રી યુગાદીશ પ્રભુને નમવાને વસ્તુપાળ તેજપાળ પણ સોપારકપુરે આવ્યા હતા. શ્રી યુગાદીશની પ્રતિષ્ઠા પૂર્વે યુગ પ્રધાન શ્રી નાગેંદ્ર પ્રમુખ આચાર્યોએ કરી છે.

## અષ્ટાપદ પર્વત (અદ્રશ્ય).

૨૧૩

ભરતક્ષેત્રની ઉત્તર દિશાએ આ તીર્થ આવેલું છે. હાલમાં તો આ તીર્થ અદ્રશ્ય છે. દેવતાની મદદ વગર

કે લબ્ધી વગર ત્યાંની જાત્રા થતી નથી. એ પર્વતની ચારે બાજુએ બીજા સગરચક્રીના પુત્રો ખાઇ ખોદીને લાવેલા એવી ગંગા નદી આવેલી છે. અને વચમાં અષ્ટાપદજીનો પહાડ આવેલો છે. એક એક જોજને એક પગથીયું એવાં આઠ જોજને આઠ પગથીયાં ભરત મહારાજાએ બનાવેલાં એવાં આ પર્વતને આવેલાં છે. આઠ પગથીયાં ઉપરથી અષ્ટાપદ એવું નામ પડેલું છે. ઉપર મધ્યમાં સોનાનું શિખરબંધી દેરાસર છે, તેમાં જે જે કાળે અરિહંતોનાં જેવાં શરીર હતાં, તેના પ્રમાણે ૨૪ ભગવંતોની ૨૪ પ્રતિમાઓ તેટલાજ પ્રમાણવાળી, અને તેમના જેવા શારીરિક વર્ણવાળી બિરાજમાન છે. અહીંયાં પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથ પ્રભુનું મોક્ષ કલ્યાણક છે. આ તીર્થ ભરત મહારાજાએ સ્થાપન કરેલું છે. છેલ્લાં વીર ભગવંતના મુખ્ય ગણધર શ્રી ગૌતમ સ્વામીયે લબ્ધીએ કરીને અષ્ટાપદની યાત્રા કરેલી છે. જ્યાં તેમને પંદરસે ત્રણ તાપસ શિષ્યોનો લાભ થયો હતો, જેમને પોતે પોતાના પાત્રમાં વ્હોરી લાવેલી ક્ષીરથી પંદરસેને ત્રણને પણ લબ્ધિના પ્રભાવથી પારણું કરાવ્યું હતું. ગૌતમસ્વામી સૂર્યનાં કિરણોનું અવલંબન લઇને અષ્ટાપદ ઉપર ચઢયા હતા.

# કોટી શિલ્લા ( અદ્રશ્ય )

૨૧૫

આ કોટી શિલ્લા મગધ દેશમાં આવેલી છે. જ્યારે જગતમાં પ્રતિ વિશ્નુનુ બલ હરવા માટે વિષ્ણુ ઉત્પન્ન થાય છે. ત્યારે આ કોટીશીલ્લા પાસે તેમને આવવું પડે છે. ત્યાં તેમની કસોટી થાય છે, દરેક વાસુદેવ ( વિષ્ણુ ) ને કોટીશિલ્લા ઉપાડવી પડે છે, વાસુદેવ (નારાયણુ) સિવાય કોટીશિલ્લા ઉપાડવાની કોઈ મનુષ્યમાં શક્તિ હોતી નથી. આ ચોવીસીમાં નવ વિશ્નુ ઉત્પન્ન થયા છે, તેમણે દરેકે આ કોટી શિલ્લા ઉપાડેલી છે. આજે તે અદ્રશ્ય છે. તે કોટીશીલ્લા પાસે પૂર્વે તીર્થ હતું. હાલ જણાતું નથી. છેલ્લા વિશ્નુ મહાભૂજ શ્રી કૃષ્ણે જમીનથી ચાર આંગુલ કોટીશીલ્લા ઉંચી કરી હતી. જ્યારે આઠમા વિશ્નુ મહાભૂજ લક્ષ્મણે જાનુ સુધી ઉપાડી હતી.

# દંડકારણ્ય

૨૧૬

અહીંઆં પૂર્વ દંડકારણ્યમાં એક તીર્થ હતુ હાલમાં પત્તા નથી. આઠમા વાસુદેવ નારાયણ અને રામ-

ચંદ્ર વનમાં નિકલ્યા ત્યારે અહીં આવ્યા હતા. તેમણે દંડકારણ્યનો ઇતિહાસ સાંભલ્યો હતો. દંડકારણ્ય કેવી રીતે થયું તે માટે જુઓ જૈન રામાયણ

## દેવાધિદેવ.

૨૧૭

ભોપાળમાં દેવાધિદેવ તીર્થ હાલ નાબૂત થયું છે.

## અઢીદ્વીપ.

૨૧૮

અઢી દ્વીપમાં શાશ્વતાં ચૈત્યો ઘણાં છે, તે શાસ્ત્રો થકી સમજી લેવાં, જેવાં કે જંબુન રત્નમય જંબુ વૃક્ષ ઉપર, રૌપ્યમય વૈતાઢય પર્વત ઉપર, સુવર્ણમય મેરૂ પર્વત ઉપર, એવી રીતે અઢીદ્વીપમાં શાશ્વતાં અશાંશ્વતાં ઘણાં ચૈત્ય ( મંદિરો ) આવેલાં છે. દરેક શાશ્વતા ચૈત્યે ૧૨૦ પ્રતિમા છે. આપણે રહીએ છીએ તે જંબુદ્વીપ થાળી સરખો છે. તે પછીના દ્વીપ અને સમુદ્રો વલયાકારેછે. એવા અસંખ્યાતા દ્વીપ અને સમુદ્રો તિર્ચ્છા લોકમાં રહેલા છે. પણ મનુષ્ય ફક્ત અઢીદ્વીપમાં રહે છે તેની

બહાર મનુષ્યનું જન્મ મરણ થતું નથી. જંબુદ્વીપ લાખ જોજનનો છે તે પછીના દ્વીપ સમુદ્ર એક બીજાથી બમણા છે.

## માનુષ્યોત્તર પર્વત

૨૧૯

આ પર્વત જંબુદ્વિપ, ધાતકી ખંડ અને પુષ્કરવરાર્ધ એ અઢી દ્વીપને વીંટીને રહેલો છે. આ પર્વત બેઠેલા સિંહના આકારે છે. ત્યાં શાશ્વત ૪ ચૈત્યો આવેલાં છે. દરેક ચૈત્યે ૧૨૦ પ્રતિમા છે

## નંદીશ્વરદ્વીપ

૨૨૦

આ દ્વીપ જંબુદ્વીપથી આઠમો ગણાય છે. અહીંયાં શાશ્વતાં પર દેરાસરો છે. જ્યાં દેવતાઓ વારંવાર અઠ્ઠાઈ મહોત્સવથી સેવા ભક્તિ વગેરે કરે છે. જે ચૈત્યો ૧૦૦ જોજન લાંબા ને ૫૦ જોજન પહોળાં અને ૭૨ જોજન ઉચાં હોય છે. દરેક ચૈત્યમાં ૧૨૪ જીન પ્રતિમા છે.

# રૂચક ને કુંડલ

૨૨૧

આ અગીયારમા અને તેરમા દ્વીપમાં ચાર ચાર શાશ્વત જીન ચૈત્યો આવેલાં છે. જે સો જોજન લાંબાં ૫૦ પહોળા અને ૭૨ જોજન ઉંચાં આવેલાં છે. તે સિવાય બીજા અસંખ્યાતાદ્વીપ સમુદ્ર એક બીજાને વીંટીને રહેલાં છે, છેલ્લાં સ્વયંભુ રમણુ સમુદ્ર અર્ધ રાજલોક પ્રમાણુ રહેલો છે. રૂચક અને કુંડલના આઠ ચૈત્યના પ્રત્યેક ચૈત્યે ૧૨૪ જીન પ્રતિમા છે. તિર્ચ્છા લોકનું પ્રમાણુ ઉચું નીચું સામાન્ય રીતે ૧૮૦૦ જોજન કહેલું છે. અને શાશ્વતાં ચૈત્યો ૩૨૫૯ શાસ્ત્રમાં કહેલાં છે. તેમજ ૩૯૧૩૨૦ એટલી પ્રતિમા બતાવેલી છે. વ્યંતર દેવતાઓ તિર્ચ્છા લોકમાં પણુ રહે છે.

# ભુવનપતિ દેવલોક

૨૨૨

આ નિકાય (સ્થાનક) ના દશ ભેદ છે. દરેક નિકાયમાં પોત પોતાનાં ભુવને આવેલાં છે. પહેલી અસુરકુમારમાં ૬૪ લાખ દેવભુવન છે, બીજી નાગકુમાર નિકા-

ચમાં ૮૪ લાખ દેવ ભુવન છે, ત્રીજીમાં ૭૨ લાખ દેવ ભુવન છે, ચોથીમાં ૭૬ લાખ, પાંચમીમાં ૭૬ લાખ છઠ્ઠીમાં ૭૬ લાખ, સાતમીમાં ૭૬, આઠમીમાં પણ તેટ-લાંજ, નવમીમાં ૯૬ લાખ અને દશમીમાં ૯૬ લાખ એમ કુલ દશે ભુવનપતિ નિકાયનાં ૭૭૨ લાખ દેવભુવન રહેલાં છે. દરેક ભુવને એક એક ચૈત્ય આવેલું છે. એવી રીતે ભુવનપતિ નિકાયમાં સાત ક્રોડને બહોત્તર લાખ શાશ્વતાં જીન ચૈત્ય છે. દરેક ચૈત્યમાં ૧૮૦ પ્રતિમા છે. એકંદરે ૧૩૮૯૬૦૦૦૦૦૦ પ્રતિમા છે. અસુકુમાર નિકાયનાં ચૈત્યો ૫૦ જોજન લાંબા ૨૫ જોજન પહોળાં અને ૩૬ જોજન ઉચાં છે, ને બાકીની નવ નિકાયમાં ૨૫ જોજન લાંબા ૧૨॥ જોજન પહોળાં અને ૧૮ જોજન ઉચાં છે. દરેક ચૈત્યમાં પ્રતિમા સાત હાથની છે. પ્રમાણાંગુલે કરી એક હજાર જોજન નીચે અહીંથી જઇએ, તે વારે ભુવનપતિ દેવલોક પહેલી નરકના બાર આંતરામાંના દશ આંતરામાં રહેલું છે. ભુવન એટલે દેવતાઓને રહેવાનું સ્થાનક; તે દેવતાઓ સાત હાથના શરીરવાળાં અને દશ હજાર વરસથી માંડીને કંઇક સાધિક એક સાગરોપમ ( કાલનું માપ ) ના આયુષ્યવાળા, મહા સમર્થ સમકિતી અને મિથ્યાત્વી બે પ્રકારના હોય છે. ભુવનપતિના ૨૦ ઈંદ્રો કહ્યા છે.

# વ્યંતર દેવલોક

૨૨૩

આ દેવલોકના પણ બે ભેદ છે. વ્યંતર ને વાણુ વ્યંતર, દરેકના આઠ આઠ ભેદ છે તેમનાં અસંખ્યાતાં નગરો દેવતાઓને રહેવા યોગ્ય મહા રમણીય આવેલાંછે. જેટલાં નગરો તેટલાંજ જીન ચૈત્ય શાશ્વતાં હોય છે. દરેક ચૈત્યમાં ૧૮૦ પ્રતિમાજી છે, દરેક ચૈત્ય ૧૨ાા જોજન લાંબા ૬ા જોજન પહોળાં અને ૯ જોજન ઉંચાં છે. મેરૂ પર્વતની સમભૂતળા પૃથ્વીથી નીચે ૧૦૦૦ જોજનના મધ્યના આઠસો જોજનમાં વ્યંતરનાં નગરો આવેલાં છે. અને ઉપરના સો જોજનમાંના મધ્યનાં ૮૦ જોજનમાં વાણુવ્યંતરનાં અસંખ્યાત નગરો આવેલાં છે. વ્યતંર દેવલોકમાં મોટામાં મોટાં નગરો અસંખ્યાતા કોડાકોડી જોજન, મધ્યમ સંખ્યાતા કોટી જોજન અને નાનાં જંબુદ્વીપ જેવડાં છે. ત્યારે વાણુવ્યંતરનાં નગરો મોટાં જંબુદ્વીપ જેવડાં મધ્યમ મહા વિદેહ ક્ષેત્ર જેવડાં અને નાનાં ભરતક્ષેત્ર પ્રમાણે આવેલાં છે. સાત હાથના શરીરવાળા જૈન અને જૈનેતર એવા મહાસમર્થ દશ હજાર વર્ષથી લઇને એક-પલ્યોપમના આયુષ્યવાળા દેવતાઓ હોય છે. દરેક નિકા-

યના ઉત્તર અને દક્ષિણ મળી બે બે ઇંદ્ર ( રાજા ) હોય છે. તે સમકિતી ( જૈન ) હોય છે. વ્યંતરના કુલે ૩૨ ઈંદ્રો કહ્યા છે.

—※—

# જ્યોતિષી દેવલોક.

૨૨૪

મેરૂ પર્વતની સમભૂતલા પૃથ્વીથી સાતસો નેવું જોજન ઉપર જઈએ ત્યારે જ્યોતિષીનાં વિમાનો ૧૧૦ જોજનની અંદર રહેલાં છે. જેથી તે તિર્ચ્છો લોકમાં કહેવાય, કારણ કે મેરૂની સમભૂતલા પૃથ્વીથી ૯૦૦ જોજન નીચે અને ૯૦૦ જોજન ઉપર એવી રીતે તિર્ચ્છો લોકની હદ ( મર્યાદા ) છે. ત્યાં પણ જ્યોતિષીનાં અસંખ્યાત વિમાનો આવેલાં, તેટલાંજ અસંખ્યાત જીન ચૈત્ય છે. તે દરેક ચૈત્ય ૧૨॥ જોજન લાંબા ૬॥ જોજન પહોળા અને ૯ જોજન ઉચાં છે. દરેક ચૈત્ય પ્રતિમા ૧૮૦ છે, જ્યોતિષી દેવો પાંચ પ્રકારના છે. ચંદ્ર, સુર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારા, તેમાં ચંદ્ર અને સુર્ય બેને ઇંદ્રની પદવી છે. વિશેષ સ્વરૂપ જૈન તત્વથી જાણવું. તે સાત હાથના શરીરવાળા મહા સમર્થ જૈન અને જૈનેતર એવા દશ હજાર વરસથી લઈને એક પલ્યોપમ (કાળનું પ્રમાણ સાગરોપમથી નાનું) ને એક લાખ વરસના આયુષ્યવાળા હોય છે. અસંખ્યાતા વર્ષે એક પલ્યોપમ થાય છે.

# બાર દેવલોક

## ૨૨૫

મેરૂ પર્વતની સમ ભુતલા પૃથ્વીથી એક રાજ લોક ( એક જાતનુ મોટામાં મોટુ માપ ) પ્રમાણે અથવા તેથી વધારે ઉચાં જઈએ ત્યારે પહેલું અને બીજુ દેવ-લોક જોડાજોડ વલયના આકારે આવેલું છે. જેમાં દક્ષીણ ભાગ સુધર્મેંદ્ર અને ઉત્તર ભાગ ઇશાનેંદ્રને તાબે છે. પહેલાં દેવલોકમાં બત્રીસ લાખ વિમાનોને ત્યાં દરેક વિમાન દીઠ એક એક ચૈત્ય છે. તેમજ બીજા ઈશાન દેવ-લોકનાં ૨૮ લાખ વિમાનોને તેટલાંજ શાશ્વતાં ચૈત્ય આવેલાં છે, તેટલાજ વલી ઉંચા ઉપર જઇએ ત્યારે ત્રીજુ અને ચોથુ દેવલોક પણ વલય આકારે આવેલું છે, જેમાં અર્ધું ત્રીજુ અને અર્ધું ચોથુ ગણાય છે, ત્રીજામાં બાર લાખ અને ચોથામાં આઠ લાખ વિમાનોને તેટલાંજ શા-શ્વતાં ચૈત્ય છે, પછી પાંચમુ, છઠ્ઠુ, સાતમુ ને આઠમુ દેવલોક એક એકની ઉપર એક બીજાથી ઘણાં દૂર રહેલાં છે. તેનાં અનુક્રમે ચાર લાખ, પચ્ચાસ હજાર, ચાલીશ હજાર, છ હજાર વિમાનો અને તેટલાંજ શાશ્વતાં ચૈત્યો છે. તે પછી કેટલેક ઉપર ત્યાં નવમું અને દશમું દેવલોક વલયાકારે આવેલું છે. તે બેનાં ચારસો વિમાનો છે. ને તેટલાંજ ચૈત્ય સમજવાં, તેમજ ત્યાંથી કેટલેક દૂર અગી-

ચાર ને બારમું દેવલોક દેવલોક વલાયાકારે છે, તેનાં ત્ર-ણસે વિમાનો બન્નેનાં મલીને સમજવાં, ને તેટલાંજ જીન ચૈત્ય શાશ્વતાં સમજવાં. દરેક ચૈત્ય ૧૦૦ જોજન લાંબા ૫૦ જોજન પહોળાં અને ૭૨ જોજન ઉચાં છે. સભા સહિત્ય દરેક ચૈત્યની ૧૮૦ પ્રતિમાઓ છે. પ્રતિમા સાત હાથની હોય છે. દેવતાઓ સાત હાથથી લઇને ત્રણ હાથ પર્યંત શરીરવાળા જૈન અને જૈનેતર જેમ જેમ ઉચે જ-ઇએ તેમ તેમ મહા સમર્થ, ઘણી રૂદ્ધિવાળા, આયુષ્ય એક પલ્યોપમથી લઈને બાવીશ સાગરોપમ સુધીના આયુષ્ય વાળા હોય છે. તેમના દશ ઈંદ્રો હોય છે. દશ કોડાકોડી પલ્યોપમેં એક સાગરોપમ થાય છે.

# નવ ગ્રૈવેયક

૨૨૬

પ્રથમનાં ત્રણ ગ્રૈવેયકનાં ૧૧૧ વિમાન, મધ્યમ ત્રણ ગ્રૈવેયકના ૧૦૭ વિમાન અને ઉપરનાં ત્રણ ગ્રૈવેયકનાં ૧૦૦ વિમાન મલી નવે ગ્રૈવેયકનાં ૩૧૮ વિમાન અને તેટલાંજ ચૈત્ય જાણવાં, તે સો જોજન લાંબા ૫૦ પહોળા અને ૭૨ ઉચાં સમજવાં. સભાગ્રહ નહી હોવાથી દરેક ચૈત્યે ૧૨૦ પ્રતિમા સમજવી. પ્રતિમાનું પ્રમાણ ૭ હાથનું જાણવું. અહીંના દેવતાઓ પોતાનું સ્થાન છોડી બીજે

જતા નથી. તેમજ સર્વ અહં ઇંદ્ર અર્થાત સરખી રૂદ્ધિવાળા તેમનું આયુષ્ય ૨૩ થી ૩૧ સાગરોપમ સુધીનું ક્રમે સમજવું, શરીર બે હાથનું વધારેમાં વધારે, પછી અનુક્રમે હીયમાન સમજવું. ઘણા સમકિતી દેવો હોય, ત્યાં નાના મોટાનો ભેદ નથી. ચૌદ રાજ લોક રૂપ પુરૂષની નાભિને સ્થાનકે મનુષ્ય લોક (તિર્યચ્છીલોક) સમજવો, ને તેના ગળા ને સ્થાનકે નવ ગ્રૈવેયક સમજવાં, વચમાં બાર દેવલોક આવેલાં છે. તિર્થંકરના કલ્યાણકો વખતે પણ આ દેવતાઓ પોતાના ભુવનમાં રહ્યા થકાજ નમસ્કાર કરે છે. પણ અહીં અગર બીજે કયાંય જતા નથી. પોતાના ભુવનમાં ઘણાજ સુખવાળા એવા અને જતા કાળને પણ તેઓ જાણતા નથી.

# પાંચ અનુત્તર વિમાનો

૨૨૭

અહીંઆં પાંચ અનુત્તર વિમાનનાં પાંચજ ચૈત્ય છે. ચૈત્યનો વિસ્તાર તેમજ પ્રતિમાજીનો વિસ્તાર વગેરે ઉપર પ્રમાણે સમજવો. દેવતાનું આયુષ્ય ૩૧ થી ૩૩ સાગરોપમનું સમજવું. અહીંના દરેક દેવતાઓ શુદ્ધ સમકિતવંત (જૈન) હોય છે. સર્વ અહમ્ઇંદ્રિ, સરખી ઋદ્ધિવાળા હોય છે. પોતાની ઉત્પાદ શય્યામાંથી બહારપણ નીકળતા નથી. એવા મહા પુણ્યવંત સુખ ભોગી છે. કાંઈ

શંકાદિકને કારણે ત્યાંથી જ મનોવર્ગણાનાં પુદ્‌ગલોદ્વારા પ્રશ્ન પૂછાવી ભગવાન પાસેથી તેની માર્ફતેજ ઉત્તર મેળવે છે. એક હાથના શરીરવાળા હોયછે. આ દેવતાઓ ઘણાજ અલ્પ ભવ કરવાવાળા હોય છે. તેઓ પ્રાયઃ બે ત્રણ ભવમાં મુક્તિ જવાના હોય છે અને પાંચમુ સર્વાર્થસિદ્ધ વિમાન તેના દેવતાઓ તો ત્યાંથી ચવીને મનુષ્ય થઈ મોક્ષેજ જાય છે.

બાર દેવલોક, નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તરનાં વિમાન એકંદરે ૮૪૯૭૦૨૩ છે અને તેટલાં જૈન ચૈત્યો આવેલાંછે, અને પ્રતિમાની સંખ્યા અનુક્રમે કરીને સર્વની કુલે ૧૫૨૯૪૪૪૭૬૦ જેટલી છે.

સર્વાર્થસિદ્ધ વિમાનથી સિદ્ધશિલા બાર જોજન ઉંચી છે.

# શાશ્વતાં મંદિર

૨૨૮

તિર્ચ્છાલોકમાં (મૃત્યલોકમાં) શાશ્વતાં ચૈત્ય ૩૨૫૯ છે અને શાશ્વતી પ્રતિમા ૩૯૧૩૨૦ રહેલી છે. ભુવન પતિ દેવલોકમાં દશે સ્થાનક ( નિકાય ) નાં મળીને ૭૭૨૦૦૦૦૦ શાશ્વત ચૈત્ય છે અને પ્રતિમા ૧૩૮૯૬૦૦૦૦૦ છે. બાર દેવલોક નવ ગ્રૈવેયક તેમજ અનુત્તર વિમાનમાં મલીને ૮૪૯૭૦૨૩ એટલાં જીન ચૈત્ય

હોય છે અને તેમાં શાશ્વતી પ્રતિમા ૧૫૨૯૪૪૪૭૬૦ છે. તો પછી તે સિવાય વ્યંતર લોક અને જ્યોતિષી લોકમાં અસંખ્યાતાં જીન ચૈત્ય કહેલાં છે તો પછી પ્રતિમાઓ પણ તેની અસંખ્યાતીજ હોય છે. એકંદરે ૮૫૭૦૦૨૮૨ એટલાં શાશ્વતાં ચૈત્ય ત્રિભુવનમાં (ચૌદ રાજલોકમાં) રહેલાં છે, વ્યંતર અને જ્યોતિષી સિવાયનાં તે સમજવાં, તેમજ અશાશ્વતાં પણ જુદા સમજવાં, ને શાશ્વત જીન ચૈત્યની પ્રતિમા ૧૫૪૨૫ ૮૩૬૦૮૦ સમજવી.

## ચૌદ રાજલોક

૨૨૯

સામાન્ય રીતે એક પુરૂષ બની શકે તેવી રીતે બે પગ પહોળા કરીને, અને બે હાથ કમ્મરે મુકીને ઉભો રહે તે પ્રમાણે ચૌદ રાજલોક, સમજવો, તેમાં એક એક રાજલોકનું પ્રમાણ અસંખ્યાતા કોટાકોટી જોજન પ્રમાણથી પણ વધારે હોયછે. ચૌદ રાજલોક રૂપ પુરૂષના મધ્ય ભાગે અર્થાત નાભિને સ્થાનકે મનુષ્ય લોક ( તિર્ચ્છાલોક ) આવેલો છે. તે ઉચો નીચો ૧૮૦૦ જોજન અને વિસ્તારૂમાં એક રાજ પ્રમાણ છે, અહીંથી સાત રાજ ઉંચા અને સાત રાજ નીચા મલી ચૌદ રાજલોક થાય છે, નીચેના

સાત રાજલોકમાં એકેક રાજલોકે એકેક નરક પૃથ્વી, એમ સાતે રાજલોકે સાત નરક પથ્વી રહેલી છે, જેમ જેમ નીચે જઈએ તેમ તેમ તેનું પહોળપણું પણ સમજવું, સાતમા રાજલોકમાં સાતમી નરક પૃથ્વી રહેલી છે. તેમજ પહોલપણું પણ સાત રાજલોક જેટલું સમજવું, ઉંધુ પાડેલું સરાવડું ( કોડીયું ) તેના સરખા નીચેના સાત રાજ જાણવા. હવે ઉપરના સાત રજમાં બાર દેવલોક, નવ ગ્રૈવેયક, પાંચ અનુત્તરવિમાન અને સિદ્ધશીલા અનુક્રમે એક બીજાની ઉપર રહેલાં છે. ઉપરના સાત રાજ સીધુ સરાવડુ અને તેની ઉપર ઢાંકેલું ઉંધું સરાવડું તે સરખા સમજવા અર્થાત પાંચમા બ્રહ્મ દેવલોક સુધી અનુક્રમે પહોળપણું છે. અને તે થકી ઉપર અનુ પ્રમાણ અનુ ક્રમે સંકોચપણું છે. ચૌદ રાજરૂપ પુરૂષના લલાટ સ્થાનકે સિદ્ધશિલ્લા પીસ્તાલીશ લાખ જોજનના વિસ્તારવાળી કહેલી છે.

## સિદ્ધશિલ્લા.

૨૩૦

આને મુક્તિ પણ કહેલછે, સિદ્ધ થયેલા આત્માઓ આ જગોએ રહી શકે છે. જે જગાનું પ્રમાણ ૪૫ લાખ જોજન છે.તેમાં પણ સમશ્રેણિએ છેલ્લા એક જોજનના છેલ્લા ભાગમાં

લોકાન્તે સિદ્ધ રહેછે. સંસારમાં જન્મ મરણ કરનારા જીવો સર્વથા જ્યારે કર્મથી મુક્ત થાય છે, ત્યારેજ તે આત્મા મુક્તિમાં ગમન કરે છે. અહીંયાં શરીર તથા તત્સંબંધી ધર્મો હોતા નથી. આયુષ્ય નથી. કારણ કે ત્યાં ગયેલા જીવો અનંતકાલ જવા છતાં પણ ત્યાંથી અન્યત્ર જતા નથી. એક સિદ્ધમાં અનંતાસિદ્ધ રહેલા છે, છતાં તેમને અન્યોઅન્ય બાધા (પીડા) થતી નથી. અહીંનુ કેટલુંક સ્વરૂપ એવું છે કે એશઆરામમાં મુગ્ધ થયેલા સંસારી જીવોથી આ બાબત સમજાતી નથી. સંસારી મૂઢમતિ જીવોને મુક્તિનું સ્વરૂપ સમજવું કઠીણ હોય છે, બાકી તો સિદ્ધના જીવો ત્યાં રહ્યા થકા ચૌદરાજ જોઇ શકે છે, ત્રિકાળ જાણી શકે છે, તેઓને આવરણ કરનારૂં. અંતરાય કરનારૂં, કોઈપણ કર્મ નહી હોવાથી લોકા લોકમાં થતી ક્રિયાઓ વિકારરહીતપણે તેઓ જોઈ શકેછે, જાણી શકે છે. જેથી સંસારમાં ચૌદરાજ લોકના જીવો જે સુખ ભોગવી શકેછે, તે સમગ્ર સુખ (અનંતુસુખ) એક સિદ્ધનો જીવ એકજ સમયમાં ભોગવી શકે છે. અને દુઃખ તો તેમને હોતુંજ નથી. સંસારમાં જે આત્માનું લક્ષ્યબિંદુ મુક્તિ તરફ ઢળેલું હોયછે, તે ક્રમે ક્રમે સંસારની ઉપાધીઓથી મુક્ત થઈ અંતરંગ શત્રુઓનો ક્ષય કરવા સિદ્ધનુંજ ધ્યાન ધરે છે. ઈયળ જેમ ભમરીનું ધ્યાન ધરતી

તદ્રુપ થઈ જાયછે. તેમ મનુષ્ય પણ સિદ્ધનું ધ્યાન ધરતાં તે પણ સિદ્ધ થાય છે. જીવોની ૮૪૦૦૦૦૦ યોનીમાંથી ફક્ત મનુષ્ય માત્રજ સિદ્ધ થઈ શકેછે. તત્સંબંધી વિશેષ સ્વરૂપ જૈન તત્વ થકી અથવા તો જૈન નિર્ગ્રંન્થ થકી જીજ્ઞાસુ એ સમજી લેવું.

જગત્માં શાશ્વતાં અને અશાશ્વતાં ચૈત્યમાં જે જીન પ્રતિમાઓ જૈન શ્રાવક મનુષ્ય હો વા દેવ કે વિદ્યાધર હો પણ તેઓનાથી જે જીનેશ્વરોની પ્રતિમાઓ ત્રિભુવનમાં પુજાય છે ; તે સર્વ જીનેશ્વરો સિદ્ધ થયેલા હોય છે અથવા ચોક્કસપણે થવાના હોય છે, તે સિવાય દરેક તિર્થંકર ભગવાનના શાસનમાં ઘણા જીવો કેવલજ્ઞાન પામીને પણ સિદ્ધ થાય છે. પુજનારની છેલ્લી આશા પણ સિદ્ધ થવાની મુક્તિમાં જવાની હોય છે.

આત્મા જ્યારે કામ, ક્રોધ, લોભ, મોહ, માયા, મમત્વ, રાગ, દ્વેષ, વગેરે અઢારે પાપ સ્થાનકથી પ્રથમ રહીત થાયછે અને પછી આઠ કર્મનો નાશ કરી મુક્તિની ગેરંટીરૂપ કેવલજ્ઞાન અને કેવલદર્શન પ્રાપ્ત કરેછે, ત્યારેજ તે મુક્તિમાં જઈ શકે છે.